فَسْـئَلُوْٓا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ (۲۱/۷)

"જો તમે જાણતા ન હો તો
અહલે ઝીકરને પુછી જુઓ."

અલ-કુરઆન ૨૧ : ૭

# સો સવાલ

## ભાગ : ૧ થી ૪

લેખક :
અલ્લામા નસિરૂદ્દીન નસીર હુંઝાઇ

પ્રકાશક .
ખાનાએ હીકમત/ઇદારા-એ-'આરીફ'
૧૭-બી, નુરવીલા ૨૬૯ ગાર્ડન વેસ્ટ,
કરાચી-૩. પાકિસ્તાન

# સો સવાલ

## ભાગ ૧લો

લેખક :
અલ્લામા નસીરૂદ્દીન નસીર હુંઝાઇ

ગુજરાતી ભાષાંતકાર :
અકબ્બર હબીબ રાજન

Institute for Spiritual Wisdom Luminous Science
Knowledge for a united humanity

પ્રકાશક :
ખાનાએ હીકમત—ઇદારાએ આરીફ
૧૭ બી, નુર વીલા.
૨૬૯ ગાર્ડન વેસ્ટ,
કરાંચી ૩, પાકિસ્તાન.

# સો સવાલ – ભાગ પહેલો

## અનુક્રમણિકા


| સવાલ નંબર | વિષય | પાનું નંબર |
|---|---|---|
| — | આરંભ ... ... | ૧ |
| ૧. | જ્ઞાનનો અંત ... ... | ૪ |
| ૨. | રૂહનું પાછું આવવું ... ... | ૭ |
| ૩. | કુરઆન અને હદીસ ... ... | ૮ |
| ૪. | ઉલીલ અમ્ર ... ... | ૯ |
| ૫. | ધર્મ અને વિજ્ઞાન ... ... | ૧૦ |
| ૬. | સુરહે યાસીન ... ... | ૧૧ |
| ૭. | શુન્ય અને શરૂઆત ... ... | ૧૨ |
| ૮. | ઇમામે મુસ્તવદી (વણસ્થપાએલ ઇમામ) ... | ૧૫ |
| ૯. | કબર અને કયામત ... ... | ૧૮ |
| ૧૦. | હાઝર ઇમામનો દરજ્જો ... ... | ૧૯ |
| ૧૧. | ખુદાતા'લા ... ... | ૨૧ |
| ૧૨. | નુરન અલા નુર ... ... | ૨૫ |
| ૧૩. | સલ્વાત ... ... | ૨૭ |
| ૧૪. | ઝીકર અને બંદગી ... ... | ૨૮ |
| ૧૫. | હઝરત ઇસા (અ.સ.) અને હઝરત મુહમ્મદ (સ.અ.) | ૨૮ |
| ૧૬. | નુર કયાંથી આવ્યું ? ... ... | ૩૧ |
| ૧૭. | જીન ... ... | ૩૩ |
| ૧૮. | ઊડતી રકાબીઓ ... ... | ૩૪ |
| ૧૯. | કયામત ... ... | ૩૫ |
| ૨૦. | જગતમાં શા માટે આવી ગયા ? ... | ૩૭ |
| ૨૧. | બહેશ્ત અને દોઝખ ... ... | ૩૮ |
| ૨૨. | હીદાયતનો કારભાર ... ... | ૪૧ |
| ૨૩. | ઇબાદતની રીત ... ... | ૪૪ |
| ૨૪. | બચ્ચાના જન્મનો કાયદો ... ... | ૪૪ |
| ૨૫. | હઝરત ઇસા (અ.સ.) ... ... | ૪૫ |


ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science knowledge for a united humanity

બિસ્મીલ્લાહિર્રહમાનિર્રહીમ

# આરંભ

મારા પરવરદિગાર ! તારા ઊંચા નામ અને તારા પવિત્ર ઝિકરના ઉજ્જવળ ચમત્કારો અને મહાન ઉપકારો પર કુરબાન થઇ જાઉં, અય ખુદાવન્દ બરહક ! અય બાદશાહોના બાદશાહ ! તારી કુદરત અને રહેમતનું જાહેરીપણું કેટલું અજાયબી અને આશ્ચર્ય ભરપુર છે, તારી મદદ અને તારું હાથ ઝાલવું નબળાઓ અને આધારવિહોણાઓને કયાંથી કયાં પહોંચાડી આપે છે, અને તારા સાથ અને મિત્રતા અશક્તોનાં કેવાં કામ કરી આપે છે.

અલહમ્દોલિલ્લાહ કે ખાના–એ–હિકમતના માનવંતા મેમ્બરો પોતાની માનવંત સંસ્થાની સેવાઓ અને પ્રગતિથી જે ૧૯૭૭ અને ૧૯૭૮ના થોડાંક મહિનાઓમાં નસીબ થઇ છે, ઘણાજ ખુશ, આનંદી અને સંતોષી છે. તેઓ પોતાના ખુદાવંદે કુદુસની બેહદ રહેમતો અને મહેરબાનીઓના પરિણામે હૃદયપુર્વક આભારી થવા ઇચ્છે છે કે આ અલ્પ સમયમાં જેટલી ઇલ્મી સેવાઓ અપાણી છે તે ઘણી અસરકારક, ઘણી ફાયદામંદ ઘણી ફળદાયી, ખુબ આગળ પહોંચાડનાર અને અત્યંત સહાયક સેવા છે.

એ કારણે "સો સવાલો"નું પુસ્તક જે ચાર ભાગો પર આધારિત છે, તે આજ સેવાની પરંપરાની એક કડી છે જેમાં સો સવાલોની ચર્ચા કરવામાં આવી છે અને તેની યોગ્ય દલીલો સહિત જવાબો અપાયા છે અને આ પુસ્તક લખવાનું કારણ એ છે કે પાછલા વર્ષ (સને ૧૯૭૭માં) હીઝ હાઇનેસ ધી આગાખાન શીઆ ઇમામી ઇસ્માઇલીઆ એસોસીએશન ફોર કેનેડાની "ઇસ્ટર્ન કેનેડા રીજનલ કમિટી"એ મને

ત્યાંની નેકનામ જમાતમાં પ્રવાસ માટે બોલાવ્યો હતો. આ આમંત્રણ અમારા પ્રિય મિત્ર જનાબ ડોક્ટર ફકીરમહમદ હુંઝાઇ મારફતે પણ અને ઓનરરી સેક્રેટરી જનાબ ડોક્ટર શીરાઝ ઇસમાઇલ મારફત પણ મળેલ હતું. જેને લીધે હું આ મુબારક આમંત્રણ પ્રમાણે તા. ૭મી ડીસેમ્બર ૧૯૭૭ના કેનેડાના મહાન દેશમાં પહોંચી ગયો, અને ત્યાં, ખુદાવંદે બરહકના ફઝલોકરમથી આ નાચીઝ બંદાને મઝહબી, ઇલ્મી અને રૂહાની સેવાઓ માટે જે અતિ સુંદર તક મળી તે હંમેશા હંમેશા શુક્રગુઝારી અને કદરદાની સહીત યાદ રહેશે.

આ ઇલમી સેવાના પ્રવાસ દરમ્યાન, પ્રવચનો, સેમીનારો અને નાની મોટી ચર્ચાઓ દ્વારા જે જે સવાલો કરવામાં આવ્યા તે બધા મળીને લગભગ એક હજાર જેટલા હતા જેના જવાબો તેજ વેળાએ અપાયા હતા. પરંતુ આ સિવાય હું એ પણ ઇચ્છતો હતો કે આમાંથી ચુંટી કાઢેલા સવાલોના જવાબોને પુસ્તકાકારે રજુ કરવામાં આવે, જે કારણસર, આ ઇચ્છા પ્રમાણે પચ્ચીસ (૨૫) પચ્ચીસ (૨૫)ના ચાર ભાગો પર આધારિત સો સવાલોનું પુસ્તક સંપુર્ણ કરવામાં આવ્યું અને ઇન્શાઅલ્લાહતઆલા આના ભાગો ક્રમ મુજબ પ્રગટ થઇ રહયા છે.

હું પુર્વ કેનેડાની મજકુર રીજનલ કમિટી અને સઘળી જમાતોનો આભારી છું કે તેમણે મને ન ફકત આવી અનુપમ જમાતી સેવાની તક અપાવી પરંતુ એની સાથેસાથે તેઓએ મારાથી બની શકતો સહકાર પણ કર્યો. હું તેમના દરેક ઓધ્ધેદારોની નમ્રતા, સચ્ચાઇ અને મહોબ્બતને કયારેય વિસારી નહિં શકું.

મારે તે પ્રિય અને નેકનામ જમાતની દરેક વ્યકિતના હકમાં હંમેશા દિલોજાનથી દુઆ માગવી જોઇએ જેઓએ મઝહબ અને ઇલ્મની વાતો માટે વધુને વધુ વિશ્વાસ સહિત મારા તરફ લક્ષ આપ્યું અને ન ફકત મારી, પણ પુરી જમાતની ખાસ દુઆઓ તે બરકતવાળા ઘરો

માટે હજો જેમની ઊંચામાં ઊંચી રહેણાંકી અને દફતરી સગવડો અને બેનમુન સેવાઓ વગર મારૂં અને મારા પ્રિય સાથીઓનું ઇલ્મને લગતું કોઇ પણ કાર્ય પુર્ણ નહોતું થઇ શકતું, કદાચ હું સંપુર્ણપણે એ વર્ણન કરવા શક્તિમાન હોત કે તે ઘરોના સભ્યો કેવી કેવી કક્ષાના દીનદાર અને ઇમામે બરહકના કેવા ફિદાઇઓ છે અને તેઓનું ઇમાન કેટલી હદે સંપુર્ણ અને કાયમ છે.

આ તકે મારા પ્રિય મિત્ર જનાબ ફકીર મહમદ હુંઝાઇના સુંદર સાથ વિષે કંઇ કહયા વિના મારી વાતોનો કોઇ અર્થ નહિં રહે. મારા મિત્રો અને પ્રીય સાથીઓમાં ઘણાને આ હકીકતની જાણ છે કે હું મજકુર ભાઇને મારા કાજે રહેમતનો ફરિસ્તો સમજું છું જેના અગર એક બે કારણો હોત તો તરત જણાવી દેત પણ તે તો ઘણાબધાં છે. તેમને લીધેજ મારો પશ્ચિમનો પ્રવાસ સરળ અને સફળ રહયો અને તેમણેજ ઉત્તર અમેરિકા જેવા પ્રગતિશાળી દેશમાં મારા પ્રવાસને સફળ બનાવ્યો અને ફરીવાર કહું છું કે મારા ઉપર તેમના ઘણા વધારે ઉપકારો છે.

આ પ્રસ્તાવનાના અંતમાં અમારી એ નમ્ર દુઆ છે કે પરવરદીગારે આલમ સઘળી જમાતોને જ્ઞાન અને અમલના ક્ષેત્રે આગળ અને આગળ વધવાની અને દીન અને દુનિયાના નેક કાર્યોમાં પ્રગતિમાન થવાની ઉમદા તૌફીક અને હિંમતની નવાઝીશ કરે ! આમીન. યા રબ્બલઆલમીન ! !

માત્ર જમાતનો એક ઇલ્મી સેવક

**અલ્લામા નસીરૂદ્દીન નસીર હુંઝાઇ**

તા. ૨૯-૫-૭૮

# બિસ્મિલ્લાહિર્રહેમાનિર્રહીમ

## જ્ઞાનનો અંત :

સવાલ : ૧ તમોએ તમારા પ્રવચનમાં જણાવ્યું હતું કે જ્ઞાન એક સ્થાન ઉપર જઇને અંતાઇ જાય છે. આ કેવી રીતે શકય છે?

જવાબ : કુરાને પાક ૧૬:૭૦ અને ૨૨:૫ ને એક ધ્યાન અને વિચારથી વાંચો તો જણાઇ આવશે કે બન્દો, મોમન, રૂહાની આલમમાં, જ્ઞાનની વૃધ્ધાવસ્થાના છેડે પહોંચીને નકામો બની જાય છે એટલે કે તે એ વેળાએ જ્ઞાનના અથાગ સમુદ્રમાંથી પસાર થઇને એક એવા સ્થાન પર પહોંચી જાય છે કે જ્યાં તેની સામે જાણવા માટે એટલે કે નવીન જ્ઞાનના વાદવિવાદ કે ચર્ચાને માટે કંઇ પણ નથી બચતું કારણ કે તેણે પોતાની રૂહાની ઉમરના લાંબા કાળમાં સર્વ કાંઇ જાણી લીધું છે જેથી ફરીને હવે તેના માટે જ્ઞાન કે જે એક બુધ્ધિ પર આધારિત અને વિચારમય રસ્તો હતો તે પુર્ણ અને અંતિમ થઇ ચુકયો છે.

આ બારામાં બીજો મુદ્દો એ છે કે "ખુદાની ઝાત સિવાય જે કંઇ પણ છે તે નાશ એટલે કે અંત પામે છે" (૨૮:૮૮) અહીં એ સત્ય સારૂં તરી આવે છે કે જ્ઞાન પણ અંત પામે છે. પરંતુ એ વાત જુદી છે કે ખુદાતઆલા દરેક વસ્તુને વારંવાર પેદા કરે છે, જેમકે દિવસ અને રાત્રી, બીજી દરેક વસ્તુઓની જેમ અંત પામી જાય છે, પરંતુ ખુદા તેને વારંવાર પેદા કરે છે જેને કારણે દિવસ–રાત અને ઝમાના (કાળ)ની પરંપરા અનંત થઇ જાય છે.


જ્ઞાન, વસ્તુઓને જાણવાનું નામ છે, જેથી જ્યાં સુધી કાયનાત કાયમ છે ત્યાં સુધી વસ્તુઓ બાકી છે અને જ્ઞાનની પરંપરા ચાલુ છે.

જ્યારે ઉપર જણાવેલ આયાત મુજબ કાયનાત અંત પામશે અને કોઇ વસ્તુ બાકી નહિ રહે તો આ જ્ઞાન પણ નહિં રહેશે કે જે વસ્તુઓની જાણકારી અને શોધ કરવાથી મળતું રહયું હતું, કારણ કે જ્ઞાન એ જ્ઞાનીનો ગુણ છે અને તે આ જગત એટલે કે કાયનાતને જાણવાથી પ્રાપ્ત થાય છે. આ દરેક વાતોનો ખુલાસો એ થયો કે જ્ઞાન (ઇલ્મ), કાયનાત (આલમ) અને જ્ઞાની (આલીમ) વારંવાર અંત પામે છે અને વારંવાર પેદા થઇ જાય છે. આનો અર્થ એ થયો કે દરેક રીતે જોતાં જ્ઞાન અંત પામવાનું છે અને વારંવારની આ પરંપરા થકી તે ક્યારેય અંત પામવાનું નથી.

કુરાનની સુરહ ૧૩ આયત ૮માં ઇરશાદ ફરમાવેલ છે કે "દરેક વસ્તુ ખુદાતઆલા પાસે એક ખાસ પ્રમાણમાં છે." આનો ઇશારો એમ થાય છે કે જોકે અત્યારે ઇન્સાનને અજ્ઞાનતાને લીધે અમુક વસ્તુઓ હદ વિનાની (અનંત) હોય એમ લાગે છે, પરંતુ જ્યારે તે રૂહાનીયતની ઊંચાઇએ પહોંચીને નુરે ઇલાહીના પ્રકાશવડે જોવા માંડશે—ત્યારે એૈનુલ યકીન થકી (ખાતરીપુર્વક) જોશે અને સત્ય વસ્તુસ્થિતિ તેની આગળ છતી થઇ જશે કે જાહેરી અને બાતુની દરેક દરેક વસ્તુઓ એક ખાસ પ્રમાણસર (અને) મર્યાદિત છે અને આ રીતે કાયનાતનું વય પણ અને એ અમલી ઇલ્મ પણ મર્યાદિત છે જેનો આધાર આ જાહેરી દુનિયા ઉપર છે. (૧૧ : ૧૦૭) દરેક વસ્તુના ફના થઇ જવાનો, અને હવેલીરૂપી દુનિયાની વયમર્યાદા એટલે કે દુનિયા ટકી રહેવાના સમયનો અંત આવવાનો આ ખુલાસો છે.

એ સારી રીતે સમજવું જોઇએ કે હકીકતની જે બાજુએથી ખુદાની વસ્તુઓ ક્યારેય અંત નથી પામતી તે (બાજુ) એ છે કે એ (વસ્તુઓ) અંત પામવા છતાંય નિરંતર રીતે અથવા થોડા થોડા સમય પછી ફરીવાર સર્જવામાં આવે છે, જેવી રીતે ગરમી અને શરદીની ઋતુઓનું આપસમાં બદલાવી બદલાવીને આવવું વગેરે.

હઝરત આદમ અલૈહિસ્સલ્લમ આ જગતમાં ક્યાંથી આવ્યા? ક્યાંથી પધાર્યા? આલમે અમર (બહેશ્ત)થી, રૂહાની જગતમાંથી, જન્નતમાંથી, કેવા તબકકાની જન્નતમાંથી? છેલ્લા તબકકાની જન્નતમાંથી શું આ ઊતરાણમાં હઝરત આદમ એકલા હતા કે એમની સાથે બીજી પણ કોઇ વ્યકિત હતી? તેમની સાથે બીબી હવ્વા સિવાય અન્ય ઘણા લોકો હતા. આ શું એ સત્ય છે કે આદમ અને તેમના સાથીઓના આયુષ્ય જન્નતમાં એ હદ સુધી પહોંચી ગયા હતા કે તેમનું જગતમાં આવવું જરૂરી થઇ ગયું હતું? હા, આ વાત તદ્દન સત્ય છે. અગર અલ્લાહતઆલાની રીત, આદત અને કુદરતનો કાયદો હંમેશા એક છે અને તેમાં કોઇ ફેરફાર નથી થતો, તો શું આપણે એમ કહી શકીએ છીએ કે આદમ અને તેના ઘણાય સાથીદારોની જેમ નિપુણ (કામિલ) રૂહો ઉચ્ચતમ જગતથી આ દુનિયાની તરફ આવતી રહે છે? જી હાં, એ સત્ય છે.




"વ કુલ્લુ ફી ફલકીંય્ય સબ્હુન"

"અને દરેક વસ્તુ એક વર્તુળમાં ફરતી રહે છે." (૩૬/૪૦)

## રૂહનું પાછું આવવું :

સવાલ નં. ૨ : આપે સેમીનારમાં કહેલું કે રૂહ દુનિયામાં વારંવાર આવતી રહે છે. પરાજિત રીતે પણ અને સફળતાના સ્વરૂપમાં પણ અને સફળતા પછી ઇન્સાન આ દુનિયામાં એ માટે આવે છે કે આઠમી જન્નતના છેલ્લા તબકકામાં ગયા પછી ઇલમી ન્યામતોની પરંપરા તેની પરાકાષ્ટાએ પહોંચી જાય છે માટે મોમિન બંદા ઇલમ અને અમલને ફરી તાજા કરવા માટે દુનિયામાં આવે છે, પરંતુ અમારો સવાલ છે કે આ કેવી રીતે થઇ શકે છે કે જન્નતની હંમેશાની (અનંત) મુક્તિ અને કાયમી રાહત જે ખુદાતઆલા તરફથી મોમનને પ્રાપ્ત થાય છે તે ફરી એક મુદ્દત પછી અંત પામે અને મોમનની રૂહ તેની શોધમાં ફરીવાર દુનિયામાં આવે ?

જવાબ : દર અસલ આ સવાલ પણ એજ છે જેનો જવાબ ઊપર આપવામાં આવેલ છે, છતાં વધુ ખુલાસો કરીએ છીએ, કે જ્યારે ઇન્સાન મારેફતના દરજાએ કમાલ (ઉચ્ચતમ તબકકા) પર પહોંચી જાય છે ત્યારે તેને એ હકીકતની પુરેપુરી ખાત્રી થઇ જાય છે કે તેની "અના" એટલે કે ખુદી બે તબકકામાં છે. તે ઊચ્ચ દરજજા ઉપર એક સત્ય છે (એક હકીકત છે – **MONOREALISM**) અને નીચા દરજજા ઉપર ઇન્સાન, તે સુર્યની જેમ હંમેશા એક સ્થિતિ ઉપર ટકી પણ રહેલ છે અને ચંદ્રની જેમ ઘટતાં વધતાં વારંવાર આવે જાય પણ છે કારણ કે એમાંજ ડહાપણ અને ભલાઇ સમાયલી છે.

સુરહે યાસીનની ૬૮મી આયાતમાં જેમ ફરમાવવામાં આવ્યું છે, તેનો અર્થ એ છે કે રૂહાની આલમમાં જેને મોટામાં મોટી આવરદા આપવામાં આવે છે તેને આ જગતમાં કોઇ મહાન કાર્ય કરવા માટે મોકલવામાં આવે છે. મજકુર મુબારક આયતનો અનુવાદ આ મુજબ છે.

"અને જેને અમે લાંબુ આયુષ્ય આપીએ છીએ તેનું રૂપ આલમે અમર (બહેશ્ત)થી આલમે ખલ્ક (દુન્યા) તરફ કરી દઇએ છીએ શું તેઓ નથી જાણતા ?" ૩૬-૬૮

એ જાણવું જોઇએ કે અલ્લાહતઆલાએ જે આયુષ્યને લાંબુ આયુષ્ય બતાવ્યું છે તે ખુદાનાજ ધોરણ પ્રમાણે લાંબુ છે, પરંતુ તે આ જગતના હિસાબે તો અમર્યાદિત છે અને ("સરનીગુહ") "લજજાવંત" શબ્દની (હીકમત) માહિતી એ છે કે દાખલા તરીકે આલમે અમર (રૂહાની દુનિયા) અને આલમે ખલ્ક (જીસમાની દુનિયા) એક બીજાથી મળીને એક સંપુર્ણ વર્તુળ (ચક્ર)ની કલ્પના રજુ કરે છે જેમાં ઉપરનો અર્ધો ભાગ આલમે અમર છે અને નીચેનો અર્ધો ભાગ આલમે ખલ્ક છે. આ દ્રષ્ટાંતમાં જે શખ્સ જાહેરી દુનિયાથી બાતુની દુનિયાની અતીશય ઊંચાઇ સુધી જાય તેનું મસ્તક ઉપર તરફ (ઊંચે) હશે અને જયારે તે ત્યાંથી જગત તરફ આવે ત્યારે નીચે માથે (ઊંધો) થઇને આવશે.

## કુર્આન અને હદીસ :

સવાલ ૩ : કુર્આન અને હદીસની વચ્ચે શું સંબંધ છે ? શું એ સત્ય છે કે પયગમ્બર સાહેબે ફરમાવ્યું છે કે :

"અગર મુસલમાન દશ ટકા હદીસ તરફ આંખમિંચામણા કરે તો (દીની રીતથી) તેઓ નાશ પામશે, અને એક એવો વખત આવનાર છે કે જેમાં દશ ટકાથી વધુ હદીસો પર અમલ નહીં થશે ?

જવાબ : કુર્આન અને હદીસનો સંબંધ એ છે કે હદીસ કુર્આનની સ્પષ્ટતા અને ખુલાસો છે કારણ કે તે કુર્આન શીખવનારના વચનો છે, પણ શરત એ છે કે તે હદીસ ખરી હોય, અનુમાન કરેલી ન હોય એટલે કે એવી ન હોય, કે તેને લોકોએ પોતાના મતલબને માટે બનાવી

હોય, તે એ સ્થિતિમાં જ્યારે કે હદીસ ખરી હોય કુર્આન પછી દીનમાં તેનેજ મહત્વતા રહેશે કારણ કે ખુદાના કલામ પછી રસુલ (સ. અ.)ના કલામ માનને લાયક અને અમલ કરવા યોગ્ય છે, પણ એ શી રીતે શક્ય થઇ શકે કે હદીસે સકલૈનના હુકમ પછી મુસલમાનોને ફક્ત હદીસો ઉપર છોડી દેવામાં આવે, જ્યારે આં હઝરત (સ.અ.)એ વાત સારી રીતે જાણતા હતા કે લોકો માટે આ કામ ખુબજ મુશ્કેલ છે કે તેઓ ખરી હોય અને ખરી ન હોય એવી હદીસો વચ્ચેનો તફાવત સમજે (ઓળખે). એજ રીતે એ વાતથી પણ આશ્ચર્ય થશે કે હદીસો કે જેનો વધુમાં વધુ સંબંધ રસુલ (સ. અ.)ના વખત સાથે છે, ચાલુ જમાનાના કાયદાઓનો ઉકેલ લાવી શકે છે.

અમારા હિસાબે ખુદા અને રસુલ (સ. અ.) અને ઉલીલ અમ્ર (હુકમના માલિક)ની તાબેદારીનો એ અર્થ છે કે ઇમામે ઝમાન અલૈહીસલ્લમને અલ્લાહુતઆલા અને તેના પયગમ્બરે બરહકના પ્રતિનીધી અને ખલીફા માનીએ, તેના હુકમ અને ફરમાનને આધારે કુર્આન અને હદીસના જાહેર અને બાતુનને સમજીએ અને આચરણમાં લાવીએ તેમાંજ ખુદાએ પાક અને મહાન પયગમ્બરો સલ્લી અલા અલૈહી વઆલેહી વ સલ્લમનો રાજીપો છે.

## ઉલીલ અમ્ર :

સવાલ નં. ૪ : અન્ય મુસલમાનો "ઉલીલ અમ્ર મીનકુમ"નો શું અર્થ કાઢે છે અથવા કેટલી હદે આ સિધ્ધાંતને કબુલ કરે છે ?

જવાબ : ઇમામને માનનારાઓના વર્ગ સિવાયનાઓ ચોકકસપણે રાજ્યકર્તાઓને (શાસન કરનારાઓને) ઉલીલ અમ્ર માને છે, જો કે આ માન્યતા બરાબર નથી કારણ કે માનવંતા ઇમામો અલૈહીમુસ્સલામ સિવાય અન્ય કોઇ ઉલીલ અમ્ર નથી થઇ શકતા. કારણ કે ખુદાવંદી

હુકમના માલિક થવા માટે ઉત્તમોત્તમ ગુણો જોઇએ. સૌથી પ્રથમ એ કે તે ખુદા અને રસુલ (સ. અ.) તરફથી નીયુકત થયેલ હોય જેથી નુરે હીદાયત લઇ આવી શકે, તે મહંમદ અને અલી (સલ્વાતુલ્લા અલેહી)થી આલે ઇબ્રાહીમ હોઇ, તેનો ક્રમ વંશપરંપરા ચાલ્યો આવ્યો હોય જેથી ખબર હોય કે ખુદાઇ નુરનો ચમત્કાર તેમનીજ સાથે છે, હકીકતમાં આવાજ વંશપરંપરાગત લોકો એટલે કે પાક ઇમામો અલેહીમુસ્સલામજ ઉલીલ અમ્ર છે.

આ સિધ્ધાંતથી વિરૂદ્ધ અગર માની લઇએ કે સમયનો રાજ્યકર્તા ઉલીલ અમ્રની પદવી પર છે તો એ માન્યતા હેઠળ ઇસ્લામમાં એકીવખતે એવા ઘણા ઉલીલ અમ્ર મળશે જેઓ એકબીજાની વિરૂદ્ધ છે જેઓ ઘણી વખતે એકબીજાથી લડાઇ કરે છે અને તે લડાઇ ઇસ્લામના માટે નથી હોતી પરંતુ તે અંગત અથવા દેશના ફાયદા માટે હોય છે. તો પછી એ કેવી રીતે શકય છે કે ખુદા અને પયગમ્બર (અ. સ.)નો ઉત્તરાધિકારી અને હુકમનો માલિક એક એવો માણસ હોય કે જે ઇસ્લામી અને નીતીશાસ્ત્રના કાયદા વગર મુસલમાનોનું લોહી વહાવતો હોય.

## ધર્મ અને વિજ્ઞાન :

સવાલ નં. ૫ : ધર્મ અને વિજ્ઞાનનો એકબીજાથી શું સંબંધ છે ?

જવાબ : એ જાણી લેવું જોઇએ કે સત્ય મઝહબ છે તે હકીકી ઇસ્લામ છે અને જે વિજ્ઞાન અસત્ય ન હોય અને તદ્દન બરાબર હોય તે કુદરતનો કાનુન છે. અને જ્ઞાનીઓ જાણે છે કે ઇસ્લામ કુદરતી મઝહબ છે. (કુદરતના કાનુનથી જરાય વિરૂધ્ધ નથી પરંતુ તેના મુજબ છે) જેનો અર્થ એ થયો કે હકીકી ઇસ્લામ અને (વ્યાજબી) સંપુર્ણ વિજ્ઞાન એકજ વસ્તુ છે, જેવી રીતે કે એક નદી ક્યારેક બે ફાંટા થઇને વહે છે અને કયારેક મળીને વહે છે પરંતુ તે દરેક સ્થિતિમાં એકજ છે.

આ સ્પષ્ટતાનો ખુલાસો એ છે કે હવે સમય નજીક આવી ગયો છે કે વિજ્ઞાન અને ધર્મ એકબીજામાં સંપુર્ણપણે મળી જાય જેના પરિણામે જગતના ઘણાય લોકો ઉપર કયામત તુટી પડશે, તે એમ કે ધર્મની પીછાણ ન હોવાથી તેઓ એ વખતે નિરાશ થઇ જશે કારણ કે હદીસ શરીફમાં ફરમાવ્યું છે કેઃ 'ખરેખર ઇસ્લામ અજાયબીભર્યા અને નવાઇભર્યા તરીકાથી (રીત)થી શરૂ થયો છે અને છેવટમાં પણ તે આવીજ રીતે અજાયબી અને નવાઇભર્યો થઇ જશે." (સહી મુસ્લીમ, ગ્રંથ પહેલો પાનુ–૬૨, હદીસ નંબર ૨૮૧)

## સુરહે યાસીન :

સવાલ નં. ૬ : સુરહે યાસીનનો અર્થ અને તેની સમજુતી (તેનું અસલ) શું છે ?

જવાબ : મારા વહાલા મિત્ર ! હું સમજું છું કે તમે જે કંઇ પુછવા ધાર્યું છે તે દરઅસલ ટુંકાણમાં છે, પણ અહીં જે પ્રમાણે લખેલું છે તે ખુબજ લાંબી ચર્ચા છે, મતલબ કે કદાચ ફક્ત "યાસીન" ના નામનોજ હતો પરંતુ તમોએ પુરી સુરહે યાસીનને સવાલ તરીકે રજુ કરેલ છે, ચાલો હું યાસીનનાજ નામનો જવાબ હુરૂફે મુક્તઆત છેલ્લી લીપીના ભાગરૂપે કહેવાયેલ ટુંકો શબ્દ છે અને ઇસ્લામી જગતમાં આ સત્ય કોઇ પણ મતભેદ વિના કબુલ કરાયેલું છે કે યાસીન શબ્દ આં હઝરત સલ્લી અલ્લાહ અલેહી વ આલેહી વસલ્લમના પવિત્ર ઇલ્કાબો માંહેનો છે. જેવી રીતે "طه" (તાહા)ની ઉપમાં છે કે એ પણ આં હઝરત (સ. અ.)ના ખુબીઓથી ભરપુર નામોમાંથી છે.

જેમ અક્ષર 'ي' (યા)ના નંબર ૧૦ છે, જે નાતિક (વક્તા) એટલે હઝરત મહમદ રસુલુલ્લાહના માટે નીમેલો છે, જે રીતે એક [૧] મુસ્તજીબ કબુલ કરનાર માટે છે, બે [૨] માઝુને અસગર, ત્રણ [૩]

બાજુને અકબર, ચાર [૪] દાઇએ મકફુફ, પાંચ [૫] દાઇએ મુતલક, છ [૬] હુજ્જતે જઝીરા, સાત [૭] હુજ્જતે મુકર્રબ, આઠ [૮] ઇમામે ઝમાન, નવ [૯] અસાસ (અલી) અ.સ. અને દસ [૧૦] નાતિક એટલે રસુલે મુસ્તફાના માટે છે, જેમ કુરઆનનું કથન છે કે :

૨ : ૧૯૬ "આ દસ સંપુર્ણ છે" એટલે કે દસ [૧૦] શારીરિક મર્યાદાઓની છેલ્લી મર્યાદા જે નાતિક છે.

બીજી બાજુએ અક્ષર "س" "સીન"ને લઇએ જેનો નંબર ૬૦ છે. જેમાંથી પહેલા દસ હઝરત આદમ (અ.સ.) માટે છે, બીજા દસ હઝરત નુહ (અ.સ.) માટે, પછી હઝરત ઇબ્રાહીમ (અ.સ.), હઝરત મુસા (અ.સ.) હઝરત ઇસા (અ.સ.) અને હઝરત મહમદ (અ.સ.)ના માટે દસ દસ છે. આની સમજુતી એ થઇ અક્ષર "ی" "ય" પ્રમાણે આં હઝરત (અ.સ.) નાના વર્તુળના ક્રમમાં દસમા નંબર ઉપર છે અને મોટા વર્તુળમાં છઠ્ઠા નંબર પર.

## શુન્ય અને શરૂઆત (લા ઇબ્તીદા ઔર ઇબ્તીદા)

સવાલ નં. ૭ : કહે છે કે આપણે હઝરત આદમ (અ.સ.) અને હવ્વાથી છીએ, અને એ પણ કહેવાય છે કે અમે પહેલાં પથ્થર, વનસ્પતી વગેરે હતા. આમાં કયું દ્રષ્ટિકોણ સાચું છે ?

જવાબ : બન્ને વાતો બરાબર છે, કારણ કે આપણે આદમ (અ.સ.) અને હવ્વાથી છીએ અને તેઓ માટી વગેરેથી છે. અથવા એમ કહેવું જોઇએ કે આપણે આદમ અને હવ્વાના વંશથી છીએ તે સિવાય શરીરની પુર્ણતાના લીધે પથ્થર, વનસ્પતિ અને જનાવરોથી પણ છીએ, કારણ કે આપણા માવિત્રોનું અને આપણું ભોજન આજ વસ્તુઓથી તૈયાર થાય છે, જેનાથી આપણું શરીર બને છે.

અગર આ સવાલમાં ડાર્વિનની વિકાસક્રમની માન્યતા તરફ ઇશારો કરેલ હોય તો તે માન્યતા મારા હિસાબે વ્યાજબી નથી. કારણ કે તેની પશ્ચાદ ભુમિકામાં નાસ્તિકતાની કલ્પના રહેલી છે, એટલે કે તેમાં ખુદાની હસ્તીને નકારવાની અને તેની કુદરતનો અસ્વીકાર કરવાની કોશીષ કરવામાં આવી છે. જો કે એ માનવામાં આવે છે કે કાયનાત (જગત) પોતેજ એક અકસ્માતના પરિણામે ઉત્પન્ન થઇ છે અને ઇન્સાન પણ પોતે એક વસ્તુમાંથી બીજી વસ્તુમાં બદલાતો ગયો છે, એટલે સુધી કે તે વાંદરાના રૂપમાં બદલાણો અને પછી (ધીરે ધીરે) ક્રમે ક્રમે તે માણસ બન્યો.

ડાર્વિનથી આપણી કોઇ દુશ્મની (શત્રુતા) નથી પરંતુ અફસોસ છે કે તેણે (આલમે માફુક અલફિતરત) **Super-Nature** અને તેના માલિક (બાદશાહ)ના વિષે થોડુંક પણ વિચાર્યું નહિ અને આંખો બંધ કરીને ફકત કુદરતનાજ દરિયામાં છલાંગ લગાવી અને તેમાં ડુબતો ગયો. અગર તે આ સરહદથી આગળ નીકળી જતે, જ્યાંથી તેની માન્યતા શરૂ થઇ જાય છે, તો કદાચ તે આ સત્યને સમજવામાં સફળ થઇ જાત, કે કોઇ પણ ઉદય કે અંત વગર અનાદીકાળથી એક ખુબજ મહાન જીવંત શકિત મૌજુદ છે જેના હુકમ વગર કોઇ વસ્તુથી કોઇ પ્રકારનું હલનચલન અને કોઇ કાર્ય નથી થઇ શકતું.

ખરી રીતે મુળ આ સવાલ એમ હોવો જોઇતો હતો કે આપણે હસ્તી અને શુન્ય બંનેને માનીએ છીએ કે નહિ? અગર માનીએ છીએ તો એ પણ પુછવું પડશે કે હસ્તી અને શુન્ય એટલે હોવું અને ન હોવું તે પર ખુદા તઆલાની બાદશાહી અને શાષન છે કે નહિ ? અગર આનો જવાબ (સ્વીકારમાં) હકારમાં મળે છે તો પછી એ પુછવું જોઇએ કે ઝમીનોઆસમાનના પૈદા કરનારાએ હસ્તીને તો શુન્યમાંથી બનાવી અને શુન્યને કઇ વસ્તુથી બનાવી હતી? આ સવાલ એટલો કઠણ છે કે

દુનિયા આનો જવાબ નથી આપી શકતી, પણ ખુદાઇ મદદ મેળવતે નારાઓ પાસે આનો યોગ્ય જવાબ હાજર છે. તે એ છે કે જેવી રીત અલ્લાહતઆલાએ હસ્તીનો શુન્યમાંથી ઉદ્દ્ભવ કર્યો એવીજ રીત તે સર્વશકિતમાને શુન્યને હસ્તીમાંથી પેદા કર્યો, જેમ કે આપણે જોઇએ છીએ કે ઘણી વસ્તુઓ હોવા પછી નથી હોતી અને ઘણી વસ્તુઓ ન હોવા પછી થઇ જાય છે.

આથી કોઇ શંકા વગર, એ સત્ય જાહેર થાય છે કે જેવી રીત દિવસથી રાત અને રાતથી દિવસ થવાનો ક્રમ ચાલુ છે એવીજ રીત હસ્તીથી શુન્ય અને શુન્યથી સૃષ્ટિ ઉદ્દભવવાનો ક્રમ વણથંભ્યો ચાલીજ રહયો છે અને આ માન્યતા અન્ય કોઇની નહિં પણ કુરાને હકીમનીજ છે.

એ જાણવું જોઇએ કે ખુદાની બાદશાહીમાં શુન્ય બિલ્કુલ અશકય છે એટલે કે એવી શુન્યતા શકય નથી જેની દશા, (જેની સ્થિતિ જેનો ગુણ) કંઇ પણ ન હોય, બલ્કે એ તો કલ્પનાતીત છે અને તેની સ્પષ્ટ સાબીતી કુરઆનમાંથીજ મળી શકે છે, કે અલ્લાહ (જે શાનો શૌકતવાળો છે) ફરમાવ્યું છે કે :

"(તે દરેક ગુણોથી) પાક સાફ છે જેણે ધરતીથી ઉગનાર વસ્તુઓની અને પોતે તે લોકોની અને તે વસ્તુઓની જેનું તેમને જ્ઞાન નથી, દરેકની જોડી બનાવી." ૩૬/૩૬ હેતુ એ છે કે કોઇ વસ્તુ વગર જોડીની નથી, પછી તે વનસ્પતિ હોય, અથવા જનાવર હોય કે ઇન્સાન અથવા કોઇ એવી વસ્તુ જેનો સંબંધ બુધ્ધિ (અકકલ) અને જ્ઞાન સાથે છે. આ થકી હવે સાફ સાફ જાહેર થઇ જાય છે કે હસ્તી અને શુન્ય પણ આવી જોડીમાં છે જેમને ખુદાએ બનાવેલ છે, જેનો અર્થ એ થયો કે જેવી રીતે ખુદાએ હસ્તીને શુન્યમાંથી જાહેર કરી છે તેવીજ રીત તેણે શુન્યને હસ્તીથી મેળવીને છુપાવી રાખેલ છે અને બન્નેમાંથી કોઇ એક આગળ અને એક પાછળ કયારેય નથી પરંતુ જરાયે આગળ પાછળ થયા વગર બન્ને શુન્યના વર્તુળ ઉપર આવેલાં છે, તે છતાં અગર તમે ઇચ્છો તો આ શુન્યતાને કોઇ યોગ્યતા હેઠળ હસ્તી (સૃષ્ટી)

તરીકે રજુ કરી શકો છો તે એ છે કે હંમેશાં એ કહેતા રહો કે ખુદાવંદતઆલાએ હસ્તી (સૃષ્ટી) ને શુન્યમાંથી ઉત્પન્ન કરી. પછી શુન્ય (ના-હસ્તી) ઉપર જ્ઞાન અને ડહાપણનો પ્રકાશ ન નાખશો, તેની સત્યતા ઉપરથી પર્દો ઉપાડવાની કોશીષ ન કરજો. "ખલકલ મૌત વલ હૈયાત" ૬૭:૨ (તેણે મૌત (મરણ) અને હૈયાત જીવનને પેદા કર્યા)ની તપાસ ન કરજો (સંશોધન ન કરજો) કે ખુદાએ હૈયાત (જીવંત)નું તો સર્જન કર્યું અને (મૃત્યુ) મૌતનું શી રીતે સર્જન કર્યું ? શું આપણી આ નજીવી (નાનકડી) હૈયાતી અને મૌત આ મહાન કાયનાતના જીવંત રહેવા (સ્થિરતા) અને અંત પામવાની દલીલ હોઇ શકે છે? અર્થાત કે શું આપણે આપણી ઝીંદગી અને મૌતના રૂપમાં હૈયાતી અને નાબુદીની સત્યતા સમજી શકીએ છીએ કે નહીં ? એવા સવાલો નહિં કરે કે જેને કારણે વર્તમાન પરિસ્થિતિ ઉપરથી પરદો ઉપડી જાય (ભેદ ઉઘાડો થઇ જાય), તો આ એક (ભેદની) વાત થઇ યુક્તિની વાત થઇ જાહેર સત્ય-તાની નહિ, જે કદાચ એ કારણે કે જગત હજુ એ કક્ષાએ (દરજ્જા ઉપર) નથી પહોંચ્યું, નહિં તો એ છતું થઇ જાત કે જીવંત અને હૈયાત સર્જનની કોઇ હસ્તી છે તો તે નજીવી (નાનકડી) છે પરંતુ સંપુર્ણપણે જોવાથી જણાશે કે દરેક વસ્તુ એક વર્તુળ ઉપર ઊભેલી છે આ વર્તુળ શુન્ય અને સૃષ્ટીના ક્રમવાર [વારા પ્રમાણે] આવવા જવાના કારણે બન્યું છે, જેમ દિવસ-રાતના ક્રમ અને ચક્ર થકી, તેના આવવા જવાને લીધે શુન્ય અને સૃષ્ટી, અંત અને અનંતની સતત કલ્પના ઊભી થઇ જાય છે.

## વણસ્થપાયેલ ઇમામ :

સવાલ નં. ૮ હઝરત હસન [અ.સ.]ને ઘણા ખાતરીવાળા પુસ્તકોમાં ઇમામ ગણવામાં આવ્યા છે. આપણે તેને કેટલી હદે માનવું જોઇએ ?

જવાબ : હઝરત હસન અલૈહીસ્સલ્લમને ઇમામ માનવું તદ્દન

વ્યાજબી અને ખરૂં છે, જેથી આપણે તેમને ઇમામ માનીએ છીએ અને તમે પણ માનો. હઝરત હસન (અ.સ.)ને ઇમામ ન માનવાનું કોઇ કારણ નથી, આપ (ઇમામે મુસ્તવદા) વચ્ચસ્થપાએલ ઇમામ હતા. ઇસમાઇલી મઝહબના જેટલાં પણ ખાતરીવાળા પુસ્તકોમાં હઝરત હસન (અ.સ.) વિષે ઉલ્લેખ છે તે દરેકમાં તેમની ઇમામત માન્ય રાખેલી છે (સ્વીકારેલી છે.)

તમો જાણે છો કે એક ઇસમાઇલીને આ સવાલ કેવી રીતે ઉદ્દભવ્યો છે? કારણ કે ઝમાનાના ઇમામની વંશાવળીમાં ઇમામ હસન અલૈહીસ્સલ્લમનું નામ નથી, કારણ કે આ વંશાવળી ફક્ત ઇમામે ઝમાનના (બાપદાદાઓ) વડવાઓનીજ છે, ઇમામતના જુદા જુદા પાસાઓની નથી, અને આ બંને વાતોમાં તફાવત એટલો છે કે પ્રથમ દશામાં ફક્ત (મૌજુદ ઇમામ) હાઝર ઇમામનાજ વડવાઓની ઇમામતને સાબિત કરવાનું છે જ્યારે બીજી દશામાં ઇનામતના જુદાજુદા પાસાઓનું વર્ણન કરવાનું હોય છે. એ થકી અગર ઝમાનાના ઇમામની વંશાવળીને આગળ અને આગળ વધારવામાં આવે તો તે હઝરત ઇસમાઇલ (અ.સ.) અને હઝરત ઇબ્રાહીમ (અ.સ.)થી થઇને હઝરત આદમ (અ.સ.) તરફ પહોંચી જશે, અને તેમાં હઝરત ઇસ્હાક (અ.સ.) તથા આપના વંશજોની ઇમામતનો ઉલ્લેખ નહિં આવે. આનું સાફ કારણ એ છે કે ઝમાનાના ઇમામને ઇમામના પુત્રના પુત્રના પુત્ર સાબિત કરવા, જે એક જુદી બાબત છે અને નુરે ઇમામતની અલગ સ્પષ્ટતા અને તેની સ્થિતિઓની જુદી બાબત છે.

ઇસ્માઇલી મઝહબમાં ઇમામની ઓળખનો વિષય મુળભુત મહત્વતા ધરાવી રહયો છે, જેના વગર દીનના મેદાનમાં ડગલે ને પગલે મુશ્કેલીઓ સામે આવે છે, જેથી કરીને આ બાબત તરફ વધુ અને વધુ ધ્યાન આપવાની જરૂરત છે અને તે માટે અત્યંત જરૂરી બાબત એ છે કે સર્વ પ્રથમ

ઇમામોના ઇતિહાસનો ઊંડાણથી અભ્યાસ કરવો જોઇએ.

ઇમામત સાધારણ રીતે પિતા પછી પુત્રમાં આવે છે (બદલી થાય છે) એ વાતમાં કોઇ શંકા નથી. પરંતુ ખાસ સંજોગોમાં આની અન્ય શકયતાઓ પણ છે. જેવી રીતે મૌલાના હાબીલ (અ.સં.)ની ઇમામત મૌલાના શીશ (અ.સ.)ને મળી હતી. ભાઇથી ભાઇમાં ઇમામત બદલી થવાની આ એક સ્પષ્ટ દલીલ છે, અને આજ દ્રષ્ટાંત હઝરત હસન (અ.સ.)ની ઇમામત હઝરત હુસૈન (અ.સ.)માં આવી જવા બાબત પણ છે. અર્થાંત સમય આવ્યે (ઇમામે મુસ્તવદા) વણસ્થપાએલ ઇમામની શ્રેષ્ઠતા (ઉત્તમતા) સ્થાપાએલ ઇમામમાં એક થઇ જાય છે.

વૈજ્ઞાનિક ક્રાંતીના આ વખતમાં જયાં મઝહબી સિધ્ધાંતો વિષે પણ નીતનવા સવાલો પેદા થતા રહે છે ત્યાં એ પણ પુછી શકાય છે કે અત્યારના સંજોગોમાં અથવા આગળ જતાં આ કાયનાતના અન્ય ગ્રહો પર જયારે મનુષ્યો વસતા હશે, એવી સ્થિતિમાં એકી વખતે એકથી વધુ ઇમામ હોઇ શકે છે કે નહિ એ બતાવો, તો એના માટે એવો જવાબ હોવો જોઇએ કે જે દીનેહકમાં પહેલાથી મૌજુદ હોય, અને તે એ છે કે, એમ કહી શકાય કે "કેમ નહિ? કારણ કે જયારે એકી સમયે મહમ્મદ રસુલ (અ.સ.) નાતીક [બોલનાર સ્પષ્ટતા કરનાર] હતા. અલી [અ.સ.] મઝહબનો પાયો, આધાર [અસાંસ] હતા અને હસન [અ.સ.] અને હુસૈન [અ.સ.] ઇમામ હતા. માટે જો આ કાયનાતમાં કયારે પણ એક સાથે ઘણી વધુ દુનિયાઓ કે જેમાં વસ્તી [આબાદી] હોય તો તે દરેકમાં એક એક ઇમામનું હોવું [હુકમ મુજબ] જરૂરી છે, કારણ કોઇ પણ દુનિયાની સ્થિરતા, [હસ્તી] હાઝર ઇમામની મૌજુદગી પર છે, અને તેમ છતાં એકથી વધુ ઇમામો તો [એક નફ્સ] એક–શ્વાસ [જીવ]ની જેમ એક હોય છે. આ તાર્કિક [દલીલોવાળા] વર્ણનમાં હઝરત હસન અલૈહીસ્સલામની ઇમામતના ટેકારૂપે ઘણા દ્રષ્ટાંતો મળે છે.

## કબર અને કયામત :

સવાલ નં. ૯ : શું કયામતના દિવસે આપણા રૂહથી તેના આમાલ (કાર્યો)નો હિસાબ લેવામાં આવશે કે પછી કબરમાં પુછવામાં આવશે ? શું મરણ પછી કબરમાં રૂહ પાછી દાખલ થાય છે ?

જવાબ: આપણે ક્રમવાર અહીં સર્વ પ્રથમ કબર વિષે વાત કરશું. કબર ઝાહેરી અને બાતુની બે પ્રકારની હોય છે. ઝાહેરી કબરને તો સૌ કોઇ જાણે છે પણ બાતુની અથવા રૂહાની કબર વિષે જાણવું દરેક માટે કંઇ સહેલું નથી. જેથી એ બાબત જાણવી જોઇએ કે ઇન્સાની શરીરજ રૂહાની કબર છે. હઝરત રસુલ સલ્લી અલ્લા અલેહી વ આલેહી વસ્સલ્લમનું મુબારક કથન છે કે "મારી કબર અને મારા મીમ્બર (બિરાજવાના આસન)ની વચ્ચે બહેશ્તના બગીચાઓમાનો એક બગીચો છે." પીર નાસર ખુશરૂ પોતાના પ્રખ્યાત પુસ્તક "વજાહે દીન"માં લખે છે કે પયગમ્બર (સ.અ.)ની કબર અસાસ અર્થાત અલી (અ.સ.) છે અને મીમ્બર કાયમુલ કયામત (અ.સ.) છે.

જ્યારે આ સમજાણ (તાવીલ) ઇસમાઇલીયતના દ્રષ્ટિબિંદુથી ખરી અને વ્યાજબી છે કે મુહમ્મદ રસુલુલ્લાહ (સ.અ.)ની કબર આપના જાંનશીન (વારસદાર) અર્થાત અલી મુર્તઝા (અ.સ.) છે, તો તે થકી એ જણાય છે કે દરેક ઇન્સાનના રૂહને માટે એક જીવંત કબર હોય છે અર્થાંત એક જીવંત શરીર, પોતાનું હોય કે બીજાનું, સારૂં હોય કે ખુરૂં તેતો આમાલ પ્રમાણે હશે, ગમે તેમ હોય પણ કબર વિષે જેટલાં પણ દીની કથનો છે તેની સમજણ તપાસતાં તેનો સંબંધ આ જીવંત કબરથી છે, ન કે ચોકખી માટીની કબરથી, આનો અર્થ એ થયો કે મૌત પછી માનવીના રૂહને તરતજ કોઇ જીવંત શરીરમાં બદલી કરી દેવામાં આવે છે અને

ત્યાં તેને શુધ્ધિમાં અથવા બેશુધ્ધિની દશામાં કંઇક સવાલો પુછવામાં આવે છે, પછી જ્યારે કબરોમાંથી રૂહોનો ઉડી જવાનો સમય આવે છે અર્થાંત જયારે કોઇ બાતુની અને રૂહાની કયામત આવી જાય છે તો એવે વખતે લોકોના આમાલ (કાર્યો)નો હિસાબ લેવામાં આવે છે.

## હાજર ઇમામનો દરજ્જો :

સવાલ નં. ૧૦ : આપણે રૂહાનીયત અને નુરાયનીતના અર્થમાં ઇમામે ઝમાન અલૈહીસ્સલ્લમને અત્યંત મહાન માનીએ છીએ પરંતુ ઇમામની શારીરિક મહાનતા જ્યારે બિન-ઇસ્માઇલીઓ અને ખાસ કરીને ઇસાઇઓ આપણાથી સવાલ કરે છે ત્યારે ઇમામની શારીરિક મહાનતાની સમજણ કેવી રીતે રજુ કરાવાય ?

જવાબ (૧) હા, તમારૂં આ પુછવું વ્યાજબી છે, કે પયગમ્બર (સ.અ.) અને ઇમામ (અ.સ.)નું શારીરિકપણુંજ લોકો માટે સૌથી મોટો ફાયદો છે, પરંતુ લોકો પોતાના વિચારો મુજબ જે કંઇ સમજે છે તે સત્ય નથી, સત્યતા ખુદા અને રસુલ (સ.અ.) અને ઇમામો (અ.સ.)ની હિદાયત અને તેમનાં ફરમાનોના પ્રકાશમાં મળે છે, અને તે એ છે કે જે રીતે રૂહોમાં તફાવત છે તે રીતે શરીરોમાં પણ ફરક છે, કે રૂહો અને શરીરોમાં કંઇક તો પવિત્ર અને સારૂં છે અને કંઇક અપવિત્ર અને ગંદા છે, અને સર્વ પ્રથમ જાહેરી તથા બાતુની રીતે તે તે માનવંત હસ્તીઓ પાક અને પવિત્ર છે કે જેમને ખુદાતઆલાએ પાક અને પવિત્ર બનાવ્યા છે, એ માટે કે તેઓ અન્ય લોકોને પવિત્ર કરે અને દરેક જાતની અપવિત્રતા અને નાપાકીથી બચાવે, આનો અર્થ એમ થયો કે પયગમ્બર (સ.અ.) અને ઇમામો સલ્વાતુલ્લા અલૈહી પાક છે, પવિત્ર છે તેથીજ તેઓ પોતાના તાબેદારોને પવિત્રતાના પાઠ શીખવે છે અને તેમને દરેક રીતે પાક-પવિત્ર કરી દયે છે.

જેમ કે કુરઆને શરીફની ઘણી આયતોમાં હઝરત રસુલ (સ.અ.)ના આ કાર્યનો ઉલ્લેખ એમ કરવામાં આવ્યો છે કે આં હઝરત કેવી રીતે લોકોને પવિત્ર કરી દેતા હતા. અને સુરહ બકરહની આયત નંબર ૧૫૦ અને ૧૫૧માં ખુદાતઆલા ફરમાવે છે કે "ખુદાની ન્યામત (કૃપા) પુરી થઇ જશે (સંપુર્ણ થઇ જશે) અને આવનારા સમય માટે બાકી રહી જશે જેથી તમારી હીદાયત (દોરવણી)માં કોઇ કચાશ ન રહી જાય." વળી ફરમાવે છે કે "આ ન્યામત (કૃપા) એજ છે જેના થકી અમોએ તમારી વચ્ચે તમારામાંથીજ રસુલ પૈદા કર્યો જે તમોને અમારી આયતો (આફાક અને અન્ફુસથી) (ક્ષિતિજ જેટલું દુર અને શ્વાસ જેટલું નઝદિકથી) વાંચીને સંભળાવે છે અને તેની મારફત તમોને પવિત્ર કરી દયે છે. અને તમોને કીતાબ (કુરઆન) અને (હીકમત) જ્ઞાન શીખવે છે, જેનું પરિણામ એ છે કે, તમને એ જ્ઞાન શીખવે છે કે જે તમો નથી જાણતા."

મજકુર આયાતે કરીમાની અંદર પયગમ્બરે અકરમ (સ.અ.) તથા ઇમામે બરહક (અ.સ.)ના એ કાર્યનો ઉલ્લેખ છે કે જેનાથી તેઓ લોકોને પવિત્ર કરી દયે છે, એ હિસાબે એ વાત જાહેર છે કે રસુલે ખુદા અને ઇમામે ઝમાન (અ.સ.) પાક—પવિત્ર છે. જ્યારે એ વાત કબુલ થાય છે કે મજકુર મુબારક હસ્તીઓ પાક છે તો એ વાત આપોઆપ સત્ય સાબિત થઇ જાય છે કે તેઓના મનુષ્યપણાની સઘળી વસ્તુઓ પવિત્ર છે (પવિત્રતાની અંદર છે) અને આ રીતે પયગમ્બર અને ઇમામ ફક્ત રૂહ તથા નુર થકીજ નહિ પરંતુ શારીરિક રીતે પણ પણ અત્યંત પવિત્ર અને પાક છે માટેજ તેઓ નુરે ઇલાહીના જાહેરી રૂપ છે અને આએ ખુદાઇ નુરના જાહેરી સ્વરૂપને તમો જેટલું માનનીય લેખો, જેટલું ઉચ્ચ સમજો એટલું યોગ્યજ છે કારણ કે ખુદાની ઓળખનો દરજ્જો છે.

(૨) ઇસાઇઓના સિધ્ધાંતને તપાસવામાં આવે અથવા સીધેસીધું તેઓને પુછવામાં આવે કે તેઓ હઝરત ઇસા (અ.સ.)થી અગાઉના ઘણા પયગમ્બરોને માને છે કે નહિ? અગર તેઓ તેમને માન્ય રાખે છે તો તેમને માટે એ દલીલ આપી શકાય છે કે જે રીતે હઝરત ઇસા (અ.સ.)થી અગાઉ હીદાયતની પરંપરા ચાલુ હતી તેજ રીતે તેમના (હઝરત ઇસા) પછી પણ આ ક્રમ ચાલુ છે પણ તેમાં એ જરૂરી નથી કે તે હીદાયત કરનાર પયગમ્બર (સ. અ.) અને ઇમામ (અ.સ.) પહેલાની જેમ દરવેશ હોય. દાખલા તરીકે તમો એ વાતનો ખ્યાલ કરો કે હઝરત ઇસા (અ.સ.)એ ઝીંદગીભર કયારેય લગ્ન નહોતા કર્યા, અને અગર આ ગુણ દરેક વ્યક્તિના માટે જરૂરી અને હુકમ તરીકેનું (ફરમાન કરેલ કાર્ય) હોય તો હ. ઇસા (અ.સ.)ની સુન્નત લેખે સઘળા ઇસાઇઓ એ ઉપર અમલ કરી જુએ, જાહેર છે કે તેઓ આમ નહિ કરશે કારણ કે તેથી આવનાર નસલ (વંશ) ખતમ થઇ જાય છે, અને તે ઉપરાંત તેઓ હઝરત ઇસા (અ.સ.)ની જેમ એક દુરવેશની રીતે રહેવા તથા સંપુર્ણપણે દુન્યવી વ્યવહારથી અલગ થવા પણ નથી ચાહતા. આનો અર્થ એ થયો કે હઝરત ઇસા (અ.સ.) પોતાના વખતના પયગમ્બરે બરહક તો હતા જેમાં કોઇ શંકા નથી પરંતુ એ જરૂરી નથી કે સઘળા પયગમ્બરો તથા ઇમામોનું જન્મ લેવું. જીવન વિતાવવું અને મરણ પામવું એવુંજ હોય જેવું હ. ઇસા (અ.સ.)નું હતું.

## ખુદાતઆલા :

સવાલ ૧૧ (અ) કાયનાત અને હસ્તી ધરાવનાર વસ્તુઓના સર્જક કોઇ ખુદાના હોવાનું શું કારણ છે?

(બ) શું એ શકય છે કે છ દિવસોમાં એક કાયનાત બનાવી લેવાય?

(ક) આપણને ખુદા દેખાતો કેમ નથી ?

(ડ) જગતમાં એવા લોકો શા માટે છે જેઓ ખુદાની હસ્તીને કબુલ નથી કરતા (નાસ્તિક છે.)

જવાબ : અહીં ખુબ રસિક અને વિચિત્ર પ્રકારના ચાર સવાલો છે. આ સવાલો આપણી પુર્વસ્થિતિ તથા હાલની આજુબાજુની સ્થિતિનું પ્રતીબિંબ પાડે છે. હવે બતાવવું એ છે કે ખુદાતઆલાના હોવા વિષે તેની હસ્તી વિષે હજારો દલીલો અને હજારો કારણો છે, તેમ છતાં, અત્રે જે રીતે પુછાયું છે તેના પ્રમાણે ચર્ચા કરીશું.

(અ) પહેલા સવાલનો ઇશારો એમ છે કે આ કાયનાત, તેની જીવંત વસ્તુઓ વિગેરે સ્વયં હસ્તીમાં આવેલી છે અને તે સ્વતંત્ર રીતે પોતેજ અસ્તીત્વમાં છે અને ટકી રહેલ છે તો પછી ખુદા જેવી કોઇ હસ્તીની જરૂરત શી છે ? જો કે આ કલ્પનાજ સદંતર અસત્ય છે, પાયાવિનાની છે, કારણ કે જો ખુદા ન હોત અને આ કાયનાત સ્વયં અસ્તીત્વમાં આવી હોત તો તેના એજ મુળભુત સિધ્ધાંત હેઠળ દુનિયામાં દરેક વસ્તુ કોઇ પણ કારીગર વગર એટલે કે સ્વયંજ તૈયાર થઇ જાત પરંતુ આપણે જોઇએ છીએ કે કોઇ પણ વસ્તુ તેના બનાવનાર વગર, કારીગર વગર નથી બની રહી જેથી એ પુરવાર થાય છે કે સર્જનહાર વગર આ જગતના અસ્તીત્વમાં આવવા વિષેનું દ્રષ્ટિબિંદુ પાયા વગરનું, અસત્ય અને સદંતર ભુલ ભરેલું છે અને સત્યતા એ છે કે આ કાયનાતને પણ સર્જનહારે (ખુદાતઆલાએ) અસ્તીત્વ આપ્યું છે અને તેમાંની સઘળી વસ્તુઓને પણ તેણેજ પૈદા કરી છે.

આ શિસ્તબધ્ધ તથા સંપુર્ણ રચાયેલી કાયનાત સ્વયં અસ્તીત્વમાં આવી છે એમ કહેવું કે તેની કલ્પના કરવી એટલી હદે

પાયાવગરની અને મુર્ખાઇ ભરેલી છે કે મામુલી અકકલવાળો ઇન્સાન પણ તેને પસંદ ના કરે, કારણ કે ન તો આ કોઇ સફળ વૈજ્ઞાનિક સંશોધનની વાત છે અને નતો કોઇ યોગ્ય તર્કની પરંતુ આ તો ફકત અકક્લના આંધળાઓની વિચારેલી બાબતજ છે.

(બ) બીજા સવાલનો જવાબ એ છે કે જયારે ખુદાએ ફકત "કુન"નો હુકમ કર્યો અને આ સુંદર જગતને આંખના પલકારામાં સર્જી દીધું તો પછી છ દિવસમાં આ મહાન કાયનાતનું સર્જન કરવું એ કોઇ અશકય બાબત નથી, પણ આ છ દિવસનો મતલબ તો છે છ મોટા પયગમ્બરોના યુગ કે જે દરમ્યાન દીન (ધર્મ) રૂપી કાયનાતનું સર્જન સંપુર્ણ થયું અને તે પયગમ્બરો છે હઝરત આદમ (અ.સ.,) હઝરત નુહ (અ.સ.) અને હઝરત ઇબ્રાહીમ (અ.સ.), હઝરત મુસા (અ.સ.), હઝરત ઇસા (અ.સ.) અને હઝરત મહમદ રસુલ સલ્લી અલા અલૈહી વસ્સલ્લમ, આમ છ પયગમ્બરોના છ યુગ ખુદાના છ દિવસોની મુદ્દત સમાન છે કે જેમાં દીન સંપુર્ણ થયો. ખુદાના આ છ દિવસો રવીવારથી શરૂ થઇને જુમ્મા (શુક્રવાર) પર પુરા થયા અને શનીવાર અર્થાત હઝરત કાયમ ખુદાનો એ દિવસ છે કે જયારે ઇલમ અને મારફત રૂપી તખ્ત ઉપર ખુદા જાહેર થયા.

(ક) ત્રીજો સવાલ છે કે ખુદા આપણને દેખાતો કેમ નથી ?

આનો જવાબ છે કે યા તો તમે એ આંખો (જોવાની શક્તિ) પોતામાં પેદા કરો કે જેથી ખુદાનો દીદાર કરી શકાય અથવા એવા મોમીનોની વાત પર ભરોસો કરો કે જેઓ અકકલની આંખો વડે ખુદાને દરેક ઠેકાણે જુએ છે, જેવી રીતે કે વિજ્ઞાનના મામલામાં તમો યાતો કોઇ સિધ્ધાંતને પ્રયોગ કરી જાતે સંશોધન કરો છો અથવા તો અન્યના સિધ્ધાંતને માન્ય રાખો છો.

તમો આકાશ પરના આ સુર્યને કે જે તમારી સામે છે. જોઇ નથી શકતા અને તેથી તમો ઇચ્છો છો કે આ સુર્યને યા તો પાણીમાં જુઓ અથવા તો એવા ચશ્મા પહેરીને જુઓ કે જેના થકી તેનો અસહ્ય એવો પ્રકાશ થોડો નરમ થઇને તમને નજર આવી શકે. તમો તમારાથી અતીશય છેટે, ખુબજ ઊંચે જે સીતારાઓ છે તેને કોઇ શક્તિશાળી દુરબીનની મદદથી જોવાની ઇચ્છા રાખો છો એજ રીતે ખુદાને જોવા માટે પણ એક ખાસ આંખની જરૂરત છે. ઇન્સાન જે દિવસે જન્મે છે તે દિવસેજ તેની આ શારીરિક આંખો તો ખુલી જાય છે પણ તે સઘળું જોઇ શકવા છતાં તેને કશું સમજાતું નથી કારણ કે તે નાનું બાળક હોય છે અને કશું ઓળખી શકવા માટે તે જાનવરના બચ્ચાથી પણ નબળું હોય છે, જાનવરનું બચ્ચું ઇનસાનના બચ્ચા કરતાં વધુ સારી રીતે ઓળખ શક્તિ એ હિસાબે ધરાવતું હોય છે કે કુદરતી રીતે તેના જન્મવાની સાથેજ તેને તે શક્તિ આપવામાં આવેલી છે પણ તે મર્યાદિત હોય છે, ઇનસાનના બચ્ચામાં જ્ઞાન અને મારફતની એક એવી ખુબી, એવો ગુણ સમાએલો હોય છે કે જે ફક્ત શિક્ષણ અને સંસ્કાર દ્વારા ઉછેર પામીને અમર્યાદિત થઇ શકે છે, અને જો તેનો ઉછેર કરવામાં, તેના શિક્ષણ અને સંસ્કાર આપવામાં મઝહબની ઊણપ રહી જાય અથવા મઝહબી રીતે ઉછેર ન થાય તો પછી ઇન્સાન પહેલાંની જેમજ હેવાનથી પણ નબળો રહી જાય છે.

(૬) ચોથો સવાલ છે કે જગતમાં, ખુદાના અસ્તીત્વને કબુલ ન કરનારા (નાસ્તિક) લોકો શા માટે છે ? એનો જવાબ છે કે એવા લોકો કેમ ન હોય ? જગતમાં દરેક વસ્તુનો વિરોધી હોવો જરૂરી છે અને તે મુજબ જયારે ઇમાનના વિરોધમાં કાફર અને દિવસની સામે રાત્રિ છે ત્યારે નાસ્તિકનું હોવું એ માટે જરૂરી છે કે ખુદાને ઓળખનારની, (મારફતની) પરીક્ષા થઇ શકે.

જો તમારા ખ્યાલમાં એ દલીલ હોય કે કાફરના હોવાના કારણે ખુદા નથી રહી શકતો તો પછી આ જગતના સઘળા લોકો ખુદાની હસ્તીને નામંજુર રાખીને કાફર કેમ નથી થઇ જતા? કારણ કે જગતના મોટા ભાગના લોકો ખુદાને કબુલ કરે છે, માને છે. જો તમારા સવાલનો અર્થ એમ થતો હોય કે "ખુદાની હસ્તી હોત તો જગતમાંથી કાફર નામશેષ થઇ જાત અને સર્વ ઠેકાણે ઇમાન જ ઇમાનની અસર હોત" તો એ વસ્તુ પણ યોગ્ય નથી કારણ કે ઇન્સાનને એ અધિકાર આપવામાં આવ્યો છે કે તે એકની વરણી કરે, અને તેથીજ બે પક્ષો છે અર્થાત આ જગતમાં મોમીનો પણ છે અને કાફરો પણ છે.

## નુરન અલ્લાહુ નુર :

સવાલ ૧૨ : જયારે એક ઇમામ પછી બીજા ઇમામ આવે છે, તો શું એ આવનાર ઇમામમાં કોઇ અલગ રૂહ હોય છે કે પછી તે નુરે ઇમામતના એક ભાગ તરીકેજ હોય છે? અગર માની લેવામાં આવે કે આવનાર ઇમામ, ગુજરનાર ઇમામથી જુદા હોય છે. તો શું મૌજુદ ઇમામની રૂહનો નુરે ઇમામત સાથે કોઇ સંબંધ હોય છે કે પછી તેમની રૂહ એક મોમીનના રૂહની જેમજ હોય છે,

જવાબ: આ સવાલનો જવાબ સુરહ નુરની આયત ૩૫માં આપેલો છે, જેમાં તત્વજ્ઞાનની દ્રષ્ટિએ, (ડહાપણ ભરી રીતે) ફરમાવવામાં આવેલ છે કે નુરને જો બાતુની અને રૂહાની રીતે જોવામાં આવે તો તે સદાકાળ માટે એકજ છે, જે સમગ્ર કાયનાતના માટે પુરતું છે અને જો તેને શારીરિક રીતે અને જાહેરી દ્રષ્ટિએ જોવામાં આવે તો તે એક નુર ઉપર બીજું નુર હોય છે, જેનો અર્થ છે કે એક ઇમામ પછી બીજા ઇમામ જેવી રીતે એક દીવાથી બીજો દીવો પ્રકાશિત થાય છે, જેવી

રીતે સુર્યથી ચંદ્રને પ્રકાશ મળે છે અથવા તો માની લઇએ કે ચંદ્ર સંપુર્ણ થઇ જતાં સુર્ય બની જાય છે તેજ રીતે આવનારા ઇમામ ઉપર પણ હાજર ઇમામની રૂહ એટલે કે નુરનો પ્રકાશ પડતો રહે છે, જેવી રીતે કે કુરઆને પાક (૭૫:૯)માં સુર્ય અને ચંદ્રના એક થઇ જવા વિષેનો ઉલ્લેખ છે પણ આ જગતના સુર્ય અને ચંદ્ર એક નથી થઇ શકતા પણ ઇમામ તથા તેમના પછી આવનાર ઇમામ યાને તેમના વારસદાર એક થઇ જાય છે.

શરૂઆતમાં સઘળી રૂહો એક હતી અને અંતમાં પણ સઘળી રૂહો એક થઇ જશે જેમકે કુરઆન શરીફમાં (૩૧:૨૮) ફરમાન છે કે "તમારી શરૂઆતની ઉત્પત્તી અને તમારી છેવટની વિલીનતા એક જાનની માફક છે," જ્યારે સાધારણ રૂહોનું આ રીતે શરૂઆતમાં પણ હોવું અને છેવટમાં પણ એક થઇ જવાનું હોય તો પછી ઇમામ અને આવનાર ઇમામની રૂહો અલગ અલગ હોય એ કેમ શકય છે. આ ઉપરથી એ વાત છતી થાય છે કે ઇમામની રૂહોનો અર્થ નુર છે અને દરેક ઇમામોનું નુર એક છે.

આ જવાબથી સવાલનો અન્ય ભાગ વિલય પામી જાય છે કારણ કે તે ભાગમાં સવાલને ફરીથી મુકવામાં આવેલ છે, છતાં એ જણાવી દેવું ઉચિત છે કે ઇમામોના શરીરો અલગ અલગ હોય છે પણ તેમનું નુર એકજ છે, શરીર નુરનો ભાગ નથી છતાં અમુક વખતે નુરને કારણે શરીરને પણ નુર ગણાવવામાં આવ્યું છે અને "નુરન અલા નુર"માં પણ આજ વાત છે.

એક ઇમામનો બીજા ઇમામથી એ સંબંધ છે કે તેઓનું નુર એજ છે, ઇમામની રૂહ મોમીનની રૂહ જેવી નથી પરંતુ ખુબજ ઊંચી છે

હા ! મોમીનની રૂહ અત્યંત પ્રગતી સાધીને ઇમામના નુરમાં વાસલ થઇને (એક થઇને) ઇમામના રૂહ જેવી થઇ શકે છે.

સલ્વાત :

સવાલ ૧૩ : પયગમ્બર (સ.અ.) તથા ઇમમા (અ.સ.) અગર જો નુર છે તો સલ્વાતમાં તેઓના માટે રહેમત માંગવાનો શો અર્થ છે ?

જવાબ : આ સવાલ સલ્વાતના સાધારણ અર્થ ઉપરથી ઉદ્દભવ્યો છે, પણ સલ્વાતનો ખુલાસો (ભાવાર્થ) એમ નથી "વજાહે દીન" ભાગ બીજો કલામ નંબર ૫૧, "ફલસફાએ દુઆ" પાના નંબર ૬૧ થી ૬૯ અને "પંજ–મકાલા" ભાગ–૪ પાના નંબર ૨૭ થી ૨૯, આ પુસ્તકો અને તેના પાનાઓના લખાણને નજર સામે રાખી સલ્વાતના ખુલાસાને તપાસી શકો છો, જે મુજબ સલ્વાતનો હેતુ મહમદ (સ.અ.) તથા આલે મહમદ (અ.સ.)ની શાનમાં સલ્વાત પઢીને તેઓના મારફત પોતાના માટે રહેમત માંગવાનો છે, અને આ રીતે ખરા અર્થમાં આ મહાન અને પાક હસ્તીઓની પૈરવી કરવાનો એટલે કે તેમના પાછળ ચાલવાનો અથવા ફરમાનબરદારીનો હેતુ છે.

સલ્વાતના અર્થ તથા તેના ખુલાસાની ઘણી બાજુઓ છે, જેમ કે (અ) અલ્લાહતઆલાની સલ્વાત આં હઝરતના માટે ૩૩:૫૬ (બ) હુઝુર સ.અ.સ. ઉપર ફરીશ્તાઓની સલ્વાત ૩૩:૫૬ (ક) પયગમ્બરે અકરમ માટે મોમીનોના તરફથી સલ્વાત ૩૩:૫૬ (ડ) મોમીન ઉપર અલ્લાહ પાકની સલ્વાત ૨:૧૫૭, ૩૩:૪૩, (ય) મોમીનો ઉપર મલાયકો (ફરિશ્તાઓ)ની સલ્વાત ૨૩:૪૩ (વ) મોમીનો ઉપર રસુલે ખુદાની સલ્વાત ૯:૯૯, ૯:૧૦૩ આ રીતે સલ્વાતમાં કેટલીય ખુલાસાવાર તત્વજ્ઞાનની વાતો છુપાયેલી છે, ખૈર તમારા સવાલનો જવાબ આ વર્ણનમાં આવી ચુકયો છે.

## ઝીકર અને બંદગી :

સવાલ ૧૪: અલ્લામા સાહેબ, મહેરબાની કરીને ઝીકર અને બંદગીના વિષે કશુંક જણાવો દાખલા તરીકે તેની જરૂરત તથા ઉપયોગીતા, તેની રીત, ઝીકર ઉપર એક ધ્યાન થવું, ઝીકરની સાથે શ્વાસોચ્છવાસનું મળવું અને સાથેસાથે ખોરાક વિષે પણ કંઇક ઉલ્લેખ કરવામાં આવે તો હું આપનો ઘણો આભારી થઇશ.

જવાબ : આ તો તમોએ એક સવાલજ નથી કર્યો પરંતુ એક લાંબા ભાષણ કરવા માટેની ફરમાઇશ કરી નાખી, ખેર, આ માટે વ્યાજબી એ રહેશે કે મજકુર વિષયને સારી રીતે સમજવા માટે મારૂં એક પુસ્તક કે જે ઝીકર તથા ઇબાદત માટે માર્ગદર્શકરૂપ છે, જેનું નામ છે "ઝીકરે ઇલાહી" તે સામે રાખો, એ ઉપરાંત મારા કેનેડાના પ્રવાસ દરમ્યાનની કેસેટો સાંભળો અને મારા પુસ્તક "પંજ–મકાલા" ભાગ બીજામા સુરહ મુઝઝમિલનો અર્થ અને ખુલાસો આપેલો છે તે વાંચો.

મારા પુસ્તક "ઝીકરે ઇલાહી"નું મારા પ્રિય મિત્ર ફકીર મહમદ હુંઝાઇ તથા માનનીય ઝઇન રહીમ કાસમે અંગ્રેજીમાં ભાષાંતર કરેલ છે, માટે આ પુસ્તક હવે તમોને અંગ્રેજીમાં પણ મળી શકે છે.

## હઝરત ઇસા (અ.સ.) અને હઝરત મહમદ (સ.અ.સ.)

સવાલ ૧૫ : હઝરત મહમદ (સ.અ.સ.)ને જો પહેલાંથીજ પયગમ્બરી માટે ચુંટવામાં આવ્યા હતા તો પછી જીબ્રીલના (પયગમ્બરી માટેના) વહી લાવવાની વેળાએ તેઓ આટલા અચંબામાં કેમ પડી ગયા હતા ?

જેમ હઝરત ઇસાના જન્મ વેળાએ એક ચમકદાર–પ્રકાશિત સિતારો ઉદય પામ્યો હતો, તેમ, હઝરત મહમદ (સ.અ.)ના જન્મ વેળાએ આવું કશું કેમ ન થયું ?

વફાત પહેલા હઝરત મહમદ (સ.અ.સ.) તકલીફની અવસ્થાઓમાંથી શું કામ પસાર થયા હતા ?

જવાબ : તમારા આ ત્રણે સવાલો તર્ક વગરના અને સત્યથી વેગળા છે, અને ચોક્કસ રીતે અને આ ઇસાઇ મઝહબ ફેલાવનારાઓ તરફથી ઊભા કરેલા છે, છતાં આને સમજાવશું કારણ કે દરેક સવાલનું કંઇને કંઇ મુળ જરૂર હોય છે, જેથી કરીને આ સવાલોને છુટા પાડીને સમજાવીશું.

(૧) પહેલા સવાલ પ્રમાણે, અહીં હઝરત મહમદ (સ.અ.સ.) ઉપર વહીનું નાઝલ થવું તો કબુલ કરવામાં આવ્યું છે પણ તે વહીના ઉતરવા થકી તેમનાં નબી હોવા વિષે વાંધો ઊપાડવામાં આવ્યો છે, જો કે કોઇ હસ્તીને પયગમ્બર તરીકે કબુલ કર્યા પછી તે માટે વાંધો ઊપાડવો તેનો કંઇ અર્થ નથી. જીબ્રીલ વહી લાવ્યા એવી દલીલ પણ આપવી અને આં હઝરતની નબુવતના અસ્વીકારની કોશીશ કરવી એમાં પણ કોઇ તર્ક નથી કારણ કે હુઝુરે અકરમને નબી અને રસુલ માનવા પછી આવા સવાલો પોતેજ અંત પામે છે.

બીજી બાજુએ આ સવાલને એ રીતે તારવ્યો છે કે, (સવાલ કરનારના કથન મુજબ) જો હઝરત મહમદ (સ.અ.સ.)ને પોતાના પયગમ્બર ચુંટાવા વિષે પહેલાથી જાણ હોત તો વહી ઉતરી ત્યારે તેમને અચંબો ન થયો હોત. તો નબી સાહેબની નબુવતનો અસ્વીકાર કરવા માટેની આ તે કોઇ વ્યાજબી દલીલ છે ? કારણ કે આપણે જો કબુલ પણ કરીએ કે હઝરત મહમદ (સ.અ.સ.)ને અચંબો થયો હતો તો તેનું પરિણામ એજ આવી શકે કે આપણે કબુલ કરીએ છીએ કે હુઝુર (સ.અ.સ.)ને પહેલાંથી એ જાણ નહોતી કે અલ્લાહતઆલાએ તેમને નબુવત તથા રીસાલત માટે ચુંટયા છે.

અગર રૂહાની જ્ઞાન તથા મારફતના પ્રકાશમાં તપાસવામાં આવે તો આ બાબત તદ્દન માનવા જેવી નથી કે જીબ્રીલના વહી લાવવા ટાણે આં હઝરતને કોઇ અચંબો થયો હતો કારણ કે રૂહાનીયતનો માર્ગ એવો નથી કે અચાનક એક દિવસ એવો આવી જાય કે જયારે વહી મેળવવાના સ્થાન સુધી પહોંચી જવાય, તેમાં તો કેટલાંય અજાયબી પમાડે એવા રૂહાની અનુભવો થવા પછી એ સ્થાન મળે છે અને તે માટે ઘણી તૈયારીઓ હોય છે.

વહીની હકીકત સમજવા માટે જાહેરી તથા સાધારણ લોકવાયકાઓ કે વાતોનો આધાર લેવો એ મોટી નાદાની છે અને અહીં પુછાયેલ સવાલમાં એવીજ કોશીષ કરવામાં આવી છે. જે તદ્દન જુઠી અને રદ કરવા લાયક છે.

(૨) પ્રકાશિત સીતારાને દરેક પયગમ્બરના જન્મવાની નીશાની સમજીને આટલી મોટી મહત્વતા આપવી એ કંઇ મામુલી ભુલવાળી બાબત નથી. શું એ વાતની કોઇ સાબિતી છે કે હઝરત ઇસા (અ.સ.) પહેલાં પણ જેટલાં પયગમ્બરો પૈદા થયા ત્યારે દરેક વેળાએ એ પ્રકાશિત સીતારો ઉદય પામ્યો હતો. અથવા એ સાબિત થઇ શકે છે કે જયારે જયારે પ્રકાશિત સિતારાનો ઉદય થાય છે ત્યારે ત્યારે કોઇ પયગમ્બર જગતમાં આવ્યો છે એવો અર્થ થાય. વિદ્વાનો અને અકલમંદો માટે તો આવી વાતોનું કોઇ મહત્વ નથી કારણ કે આની પાછળ ન તો કોઇ ધાર્મિક ફિલ્સુફી છે ન તો કોઇ વૈજ્ઞાનિક તાજો ખુલાસો છે.

(૩) ઉપર પ્રમાણેનીજ મિસાલ આ સવાલની પણ છે જેમાં પુછવામાં આવ્યું છે કે હઝરત મહમદ (સ.અ.સ.) વફાતથી પહેલાં તકલીફ (દુઃખ)ની અવસ્થામાંથી શા માટે પસાર થયા (તેમને કષ્ટ શું કામ પડયો ?) આના જવાબમાં એટલું કહેવું પુરતું છે કે હઝરત મહમદ (સ.અ.સ.)એ એવી ઘણી તકલીફો ઉપાડી હતી અને તેનું કારણ એ

ISW
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

હતું કે પયગમ્બરોએ માનવતાનો નમુનો આપવાનો હોય છે, ઇન્સાની ઝીંદગી શું છે તે સમજાવવાનું હોય છે અને આજ કારણ છે કે ઘણે ભાગે પયગમ્બરોની ઝીંદગી તકલીફોથી ભરેલી રહી છે. અને હઝરત ઇસાનીજ ઝીંદગીને તપાસો તો જણાશે કે તેઓ કેવી દરવેશીથી જીવતા હતા, વળી તેમની શારીરિક મૌત પણ જેવી સમજવામાં આવે છે તેવી નહોતી બલ્કે એક સંપુર્ણ શહાદતની જેમ તેમની મૌત થઇ હતી. (ક્રોસ ઉપર ખીલાઓથી જડવામાં આવ્યા હતા.)

## નુર ક્યાંથી આવ્યું :

સવાલ ૧૬ : નુરની શરૂઆત કેવી રીતે થઇ ? નુર ક્યાંથી આવ્યું ?

જવાબ : દરેક વસ્તુને માટે એ જરૂરી નથી હોતું કે તેની કોઇ શરૂઆત હોય અને કોઇ નીયુક્ત સમયે તે પેદા થઇને પોતાનું કાર્ય શરૂ કરે. કારણ કે ઘણી વસ્તુઓ એવી પણ છે કે જેની કોઇ શરૂઆત નથી અને તે હંમેશાંથી રહેલી છે. માનવી જેવા વાતાવરણમાં ઉછર્યો છે અને આ જાહેરી દુનિયાના મર્યાદિત પ્રમાણ ધરાવતા સમય તથા સાધનો મુજબ જેવી આદતો ધરાવતો થયો છે તેવાજ સવાલો અને વિચારો તે ધરાવે છે. ધર્મની સાધારણ અને પ્રાથમિક રિવાયતો તથા તેની સમજુતી રૂપી બાબતોના જાહેરી પાસા મારફત તેણે એમ સમજ્યું છે કે સૌથી પહેલાં ખુદાતઆલા સિવાય કંઇ નહોતું, અને તે ફક્ત આ અવ્વલપણાને ખુદાવંદ બરહકનો સૌથી મોટો ગુણ બતાવે છે. જો આ બાબતને હકીકતમાં તપાસીએ તો જેમ કોઇ શખ્સનું કહેવું છે કે "સૌથી પહેલાં ખુદા હતો", એ રીતે ખુદવન્દતઆલાની પાક ઝાત અને તેની મહાન હસ્તીને આપણા જેવી કોઇ વસ્તુ તરીકે સમજીને, સમગ્ર જગતના પદાર્થ સમ સર્જાયેલી વસ્તુ જાણીને સામાન્ય ગુણો ધરાવનાર તરીકે તેનું વર્ણન કરીએ એતો તેનીમહાન શાનની વિરૂધ્ધની વાત છે. આ બાબતને જરા ગંભીરપણે તપાસીએ તો જણાય છે કે મજકુર

કલ્પનામાં ખુદાને અન્ય વસ્તુઓ તથા સર્જનની કલ્પના સાથે મેળવી દેવાઇ છે અને આ રીતે એક કોયડો બનાવી દીધેલ છે. અને એ કલ્પનાની મદદથી ખુદાતઆલાને સૌથી અવ્વલ હસ્તી કબુલ કરેલ છે. સામાન્ય માનવી, નાની નાની બાબતોને કેવી રીતે ખુદાના ગુણો સમજે છે તેનો આ એક દાખલો છે.

ઉપર પ્રમાણેના વર્ણન થકી એ જાણવું જરૂરી છે કે મુળભુત રીતે જગત બે વિભાગોમાં છે. એક નિર્માણ પામેલું અને એક અનાદી જગત (૭:૫૪) નિર્માણ પામેલું જગત નવું છે અને અનાદી જગત જુનું છે. નવું એટલે કે જે વસ્તુ હંમેશાથી ન હોય પરંતુ ઝમાનાની મર્યાદામાં રહીને ઉદ્‌ભવ થયું હોય અને જુનું એટલે કે જે હંમેશાથી મૌજુદ છે, અનાદી કાળથી છે, અને એ મુજબ નુર નવીન બાબત નથી પણ અનાદી છે અને જે અનાદી કાળથી હોય તેની શરૂઆત માટે સવાલ નથી ઉદ્‌ભવી શકતો, હવે સવાલ એ રહ્યો કે "નુર ક્યાંથી આવ્યું ?" તો એનો જવાબ એ છે કે નુર અનાદી જગતથી ચાલ્યું આવે છે, રૂહાની આલમથી આવેલું છે અને નુરનું બીજું નામ છે રૂહ. કે જે રૂહ હઝરત આદમ (અ.સ.)માં પણ ફુંકવામાં આવેલ હતી, કુરઆનના ફરમાન મુજબ તેનું મુળ આલમે અમર (રૂહાની આલમ) છે જે કહે છે કે "અને અય રસુલ (સ.અ.) આપથી રૂહના વિષે લોકો સવાલ કરે છે તો આપ તેમને કહી દો કે રૂહ (નિર્માણ પામેલ જગતની ઉત્પતી નથી બલ્કે) મારા પરવરદીગારના (આલમે અમર)થી છે અને તે વિષે તમને બહુજ થોડું જ્ઞાન આપવામાં આવેલ છે જેથી તમો રૂહની હકીકતને નથી સમજી શકતા (૧૭:૮૫)

કુરઆને પાકમાં આ વર્ણન સંપુર્ણ રૂહ એટલે કે એ પાક રૂહ વિષે છે કે જેના થકી હઝરત આદમ (અ.સ.)ને ફરીશ્તાઓએ સીજદો કર્યો હતો (૧૫:૨૯) આજ રૂહ હતી કે જે ખુદાની રૂહ કહેવાઇ, એજ રૂહને કારણે હ. ઇસા (અ.સ.)ને "રૂહુલ્લાહ"નો દરજ્જો મળ્યો (૪:૧૭૧)

અને એજ ખુદાવન્દી રૂહ હઝરત મહમદ મુસ્તફા સલ્લી અલ્લા અલેહી વ આલેહી વસ્સલ્લમની પાક પવિત્ર હસ્તીમાં રૂહે કુરઆન અને નુર યઝદાન તરીકે કામ કરતી હતી (૪૨:૫૨). આ રીતે રૂહ અને નુર એકજ હકીકત છે, જે અનાદી એટલે કે હંમેશથી છે, જેની નતો કોઇ શરૂઆત છે અને જેનો ન કોઇ અંત છે, તે તો અનાદી જગતથી છે. (આલમે અમર).

જીન્ન :

**સવાલ ૧૭ : તમોએ જીન્ન વિષે ઉલ્લેખ કર્યો છે, તો અગર જીન્નાતોની એક જુદી દુનિયા છે અને તેઓ તેમાં રહીને આપણી જેમ જીવન વિતાવે છે તો શું તમો તેના વિષે કંઇ સમજાવશો ?**

જવાબ : કુરઆને પાકના કોઇ અનુવાદને સામે રાખીને કોઇ ઉમદા અનુક્રમણિકાની મદદ વડે તમે તપાસો તો જીન્નાતના વિષે તમને ઘણી માહિતીઓ મળશે. તેના વિષયો આ મુજબ છે.

"જીન્ન ૭ વખત, અલ જીન્ન ૨૨ વખત, જીન્નત ૧૦ વખત, આ સિવાય પણ અમુક વાતો અહીં બતાવવામાં આવે છે. જીન્ન શબ્દનો અર્થ સંતાવું અથવા સંતાડવું એવો થાય છે, અને એ કારણે જીન્ન તે જાતિને (મખ્લુકને) કહે છે કે જે આપણી દ્રષ્ટિથી ઓઝલ રહે છે. આ પૃથ્વી ઉપર જે જીન્નાતો રહે છે તેઓ મનુષ્યોની સાથેજ છે, તેમની કોઇ જુદી દુનિયા નથી પણ ફકત એટલો ફેર છે કે તેઓ વધુ ભાગે નિર્જન સ્થાનો પર રહેવાનું પસંદ કરે છે જેમકે પર્વતો, જંગલો, રણ વગેરે અને આમ રહેવાનું કારણ કદાચ એ હોય કે તેઓને ખોરાક, સારૂ હવા અથવા ઇથર થકી મળતી હોય, અને તેમની અલગ દુનિયાઓ પણ છે. તેઓ એવા ગ્રહો ઉપર પણ વસે છે જ્યાં ઇન્સાનોની વસ્તી નથી જ્યારે આ પૃથ્વી ઉપર પણ મનુષ્યોની વસ્તી નહોતી

ત્યારે અહીં જીન્નાતો વધુમતીમાં હતા, આનું કારણ એ છે કે જગ્યા (વાસણ) ખાલી ન રહેવું જોઇએ એ કુદરતનો કાયદો છે, વાસણમાં જો દુધ નથી તો પાણી હોવું જોઇએ અને પાણી પણ ન હોય તો આપોઆપ તેમાં હવા ભરાઇ જાય છે. આ સમગ્ર કાયનાત વિશાળ અને મહાન રૂહાની દરિયામાં ડુબેલી છે જેથી આ બાબત શંકાને કે સવાલને સ્થાનજ નથી કે કોઇને કોઇ રૂપમાં અને સઘળા ગ્રહો અને ઉપગ્રહોમાં આટલી બધી જુદી જુદી મખ્લુક કેમ મોજુદ છે.

જીન્ન અને પરીનો અર્થ એકજ છે. જીન્ન અરબી અને પરી ફારસી ભાષાનો શબ્દ છે. જીન્નાત ચહેરે મહોરે માણસો જેવાજ છે, કારણ કે બન્નેની જાત એકજ છે અને તેઓ બંને એકજ વર્તુળમાં ફરે છે જે વર્તુળ બે-જહાનોની વચ્ચે આવેલું છે.

જે રીતે ઇન્સાનોમાં ભલા પણ હોય છે અને બુરા પણ હોય છે એજ રીતે જીન્નાતોમાં મોમીન પણ છે અને કાફર પણ છે. જીન્નાતને આગથી પૈદા કરવામાં આવ્યા છે જેનો અર્થ એ છે કે તેઓ સુક્ષ્મ શરીરમાં હોય છે જેને અવકાશી શરીર કહે છે.

## ઊડતી રકાબીઓ :

સવાલ ૧૮ : અવકાશી વહાણ અને ઊડતી રકાબીઓ વિષે ઘણા મતમતાંતર છે, શું આનો અર્થ એમ થઇ શકે છે કે બીજાં ગ્રહો ઉપર પણ કોઇ પ્રકારના લોકો રહે છે.

જવાબ : તમારો સવાલ જો કે બહુ મોટો છે (કારણ કે કે અગર વૈજ્ઞાનિકોને પોતાની અસંખ્ય પ્રગતીની સાથે સાથે એ પણ જણાઇ જાત કે આકાશથી કોણ આવી રહયું છે તો તેમને અવકાશમાં જવા કોઇ તકલીફ ન પડત) છતાં પણ દીને હકમાં આ સવાલ મુશ્કેલ

નથી, આ વિષે આપ મારા પુસ્તક "મીઝાનુલ હકાઇક"માં તપાસ કરો. એ સિવાય પણ અહીં ટુંકાણમાં ઉલ્લેખ કરીશું. સવાલ નંબર ૧૭માં જેમ જીન્નાત વિષેના ઉલ્લેખમાં એ જણાવવામાં આવ્યું કે કોઇ પણ ગ્રહ–ઉપગ્રહ મખ્લુકાતથી ખાલી નથી માટે એમ લાગે છે કે આ ઉડતી રકાબીઓ જે આવતી રહે છે તે કયાંથી અને કઇ મખ્લુકની છે તે ઓળખી શકાયું નથી છતાં એટલું છે કે તે અવકાશી શરીરવાળા માનવી છે અને તેઓ કોઇ એક અથવા વધારે ગ્રહો ઉપર રહે છે અને તેમની મઝહબી તથા વૈજ્ઞાનીક પ્રગતી ઘણી વધારે થઇ છે કારણ કે તેઓ સુક્ષ્મ શરીરના અણુઓને જુદી જુદી આકૃતીઓમાં જોડીને દરેક વસ્તુને રજુ કરી શકે છે જે જાહેર પણ થઇ શકે છે અને ગાયબ પણ થઇ શકે છે.

યુ.એફ.ઓઝ (અન આઇડન્ટીફાઇડ ફલાયીંગ ઓબ્જેકટસ) રૂહાની યુગની શરૂઆત થવાની નીશાનીઓ છે. આગળ ચાલતાં ઇન્સાન તે આસમાની શકિતઓથી ફાયદો ઉપાડનાર છે પણ ખુદાની ખુદાઇ તથા કુદરત વિષે કબુલાત કર્યા વગર આ રૂહાની શકિતઓ ઉપર કાબુ પામવું મુશ્કીલજ નહિં પરંતુ અશકય છે.

અગર સમય મળશે તો ઇન્શાઅલ્લાહ યુ.એફ.ઓઝ વિષે એક નાનકડું પુસ્તક અમે લખીશું, કે જેનો આધાર રૂહાની અનુભવો તથા કુરઆનના ફરમાનો પર હશે જેથી તે ન ફકત મઝહબી રીતેજ પ્રખ્યાત થાય પણ વિજ્ઞાનની દ્રષ્ટિએ પણ ફાયદામંદ રહે. આ વિષે સવાલ નંબર '૪૨'નો જવાબ જે "તબદીલે ઇજસામ" (શરીરોનું બદલી થવું)ના વિષયથી છે તેને પણ નજર સામે રાખજો.

**કયામત :**

સવાલ ૧૯ : મહેરબાની કરીને કયામતના વિષય ઉપર થોડો પ્રકાશ નાખો, શું કયામત માટે કોઇ ખાસ દિવસ નકકી કરેલો છે ?

જવાબ : જાણવાની બાબત એ છે કે કુરઆન અને ઇસ્લામમાં "ઇલમે કયામત" સૌથી વધુ છુપું જ્ઞાન છે અને ઇસમાઇલીયતમા પણ કાયમુલ કયામત તથા કયામત રૂહાનીયતના ભેદોમાંથી છે. જેના એ પ્રમાણે હોવામાં ખુદાતઆલાના મોટા ભેદ તથા તત્વજ્ઞાન સમાયેલાં છે, એજ કારણે કુરઆને શરીફમાં હઝરત આદમ (અ.સ.)થી પહેલાંના દીની બનાવો અને સ્થિતિઓને ગુપ્ત રાખેલ છે, કારણ કે આદમ સફીઉલ્લાહ તે વખતના (કાયમનાં) ખલીફા હતા જેથી અગર તેના પહેલાના ઝમાનાના કાયમ હોવા તથા કયામત વિષે ઉલ્લેખ કરવામાં આવે તો આવનાર ઝમાનાના કાયમ તથા કયામત વિષેના સઘળા ભેદો ખુલી જાય અને તે ભેદ—ગુપ્ત ન રહે. જેથી કરીને ખુદાતઆલાએ આદમ તથા તેથી પહેલાના બનાવોને મનુષ્યોના સામે આવવા દીધાજ નથી અથવા તેનો ઉલ્લેખ એ રીતે કરેલ છે કે તેને જ્ઞાનીઓજ સમજી શકે અને સામાન્ય લોકોથી તે છુપા રહે.

આનો અર્થ એમ થયો કે કયામત વિષેનું જ્ઞાન ભેદની વાતોમાંથી છે. અર્થાંત તેનો ખુલાસો મેળવવો જાહેરી બાબત દ્વારા શકય નથી અને આ રીતે ખુલાસો મેળવવા માટેનો રસ્તો એ છે કે કોઇ હકીકી મોમન પોતાના નફ્સને પવિત્ર કરીને રૂહાની પ્રગતી મારફત પોતાના બાતુનમાં થતી કયામતને અનુભવે અથવા જુએ અને કોઇ નસીબવંત માનવી જો આ હેતુમાં સફળ પણ થઇ જાય તો પછી પણ ડર છે કે તે બાબત બીજાને સમજાવી શકવાને શકિતમાન થઇ શકે કે નહિં.

ગમે તે હોય પણ બાતુની અને રૂહાની રીતે કયામત તો હંમેશા રહેલીજ છે અને એજ અર્થમાં કુરઆન શરીફ દરેક સમયના લોકોને કહેતું રહયું છે કે કયામત ખુબજ નઝદીક છે, (રૂહાનીયત રીતે પણ અને મૌતના કારણે પણ), હવે જો એક બાબત "મમ માત ફકદ કામતલકીયામહ" (જે મરણ પામે છે તેની કયામત થઇ જાય છે) ને

સિધ્ધાંતિક સ્વીકારવામાં આવે તો તેના પરિણામે કહેવું પડશે કે જીસમાની મૌત પહેલા જે પોતાના નફ્સને એટલે પંજભુને મારીને પોતાની બાતુનને પવિત્ર કરી લ્યે છે તેની પણ કયામત આવી જાય છે, અને જો કોઇ દેશ પર અથવા સમગ્ર જગત ઉપર મોટામાં મોટો ભય આવી પડે તો નફ્સાની રીતે તેઓની પણ મૌત થઇ જાય અને કયામતના દ્રશ્યો તેમની સામે ખડા થઇ જશે, આ સઘળી વાતોથી એ બાબત ચોકક્સ થાય છે કે કયામત હરઘડીએ, હરપળે છે અને કયામત તેના ખાસ નિયુક્ત કરેલા સમયે પણ છે. આની વધુ વિગત માટે મારૂં પુસ્તક "મીઝાનુલ હકાઇક" વાંચો એવી ભલામણ છે.

## જગતમાં શા માટે આવી ગયા ?

સવાલ ૨૦: આપણને કયા હેતુસર પૈદા કરવામાં આવ્યા છે ? અથવા આ જગતમાં આપણને શા માટે મોકલવામાં આવ્યા ?

જવાબ: જાણવું જોઇએ કે આપણને પૈદા કરવામાં અને જગતમાં મોકલી આપવામાં કોઇ એક હેતુ માત્ર નથી પણ ઘણા બધા હેતુઓ છે જેમાંના દરેક પોતાની જગ્યાએ એ બહુજ જરૂરી છે, તે છતાં તેમાંનો એક સર્વથી ઉચ્ચ હેતુ પણ છે કે જે સઘળાં દીની અને દુન્યવી હેતુઓ ઉપર છવાએલું અને વધુ અર્થસભર, વીંટળાએલું છે અને તે છે ઇબાદત અને મારફ્ત. ઇબાદતનો અર્થ અહીં એ દરેક નેક આમાલ છે કે જેના વગર એક મોમીનને દીન અને ઇમાનનો ઉચ્ચ-તમ તબક્કો (દરજ્જએ કમાલ) નથી મળી શકતો અને આ મારફ્તથી બહાર કોઇ માફ્રત નથી પરંતુ સઘળી મારફ્ત તેમાં સમાયેલી છે.

ઇલ્મ અને અમલ તેમજ ઇબાદત અને મારફ્ત આ જગતમાં આવવા થકીજ શકય છે અને તે વગર તે અશકય છે. આ જગત આખરત માટેની ખેતીવાડી છે જે એક હકીકત છે અને તેથીજ આ

દુનિયા ન હોય તો આખરત આબાદ નથી થઇ શકતી. જો દુનિયા વગર આખરત ચાલી શકતી હોત તો આપણે ક્યારેય દુનિયામાં નહિ આવતે, જેથી એ વાત માનવા યોગ્ય છે કે આપણને અહીં એટલા માટે મોકલવામાં આવ્યા કે જગતમાં આવવું જરૂરી છે.

## બહેશ્ત અને દોઝખ :

સવાલ નં. ૨૧ કુરઆનમાં બહેશ્ત અને દોઝખ વિષે જે ઉલ્લેખ છે તે બારામાં ઇસમાઇલીયતનું દ્રષ્ટિબિંદુ શું છે ?

જવાબ : કુરઆને પાકમાં બહેશ્ત અને દોઝખ વિષે જે કંઇ પણ ફરમાવેલું છે તે સત્ય છે, પરંતુ અમો વધુ અને વધુ તત્વજ્ઞાનની રીતે જોઇએ છીએ અને એ રીતે જોતાં બહેશ્તની હૈસીયત કાયનાત અને તેની અંદર મૌજુદ વસ્તુઓના બાતુનની છે, એટલે કે કુરઆનના કથન મુજબ તે આકાશ અને ધરતીની લંબાઇ અને પહોળાઇમાં રહેલી છે. આયાતે કરીમા ૫૦:૩૫ મુજબ (તેઓના કાજે આ (બહેશ્ત)માં સર્વ કાંઇ હશે જે તેઓ ઇચ્છે છે અને અમારી પાસે તેથી વધીને પણ કંઇ છે) બહેશ્તમાં સઘળી તે નેઅમતો હાજર છે જેની ઇન્સાન ઇચ્છા કરે છે એટલુંજ નહિં પણ જેના વિષે ઇન્સાનને કશી ઇચ્છા થઇજ નથી તેને ખબર નથી એ નેઅમતો પણ તેમાં છે દાખલા તરીકે દીદારે ઇલાહીની ઇચ્છા, અસલમાં વાસલ થવાની ઇચ્છા, શરૂથી અંત સુધીની અમર સલ્તનતની ઇચ્છા વિગેરે.

હવે જો જન્નતની સઘળી નેઅમતો, ઇચ્છા ઉપર આધારિત હોય તો પછી એ તપાસનું જોઇએ કે આપણી ઇચ્છાઓ કેટલા પ્રકારની છે. જો આપણી અંદર ઇશ્કે હકીકી મૌજુદ છે તો તે આપણી હસ્તીનું

સૌથી ઊચું અંગ છે (મુળ તત્વ છે) એટલે આપણી ઇચ્છાઓમાં ઇશ્કેહકીકીની ઇચ્છાઓ છે એમ કહેવું જોઇએ તે સિવાય બુધ્ધિની ઇચ્છાઓ, રૂહની ઇચ્છાઓ અને મન (નફસ)ની ઇચ્છાઓ આમ ચાર પ્રકારની ઇચ્છાઓ છે. તો આ મુજબ જન્નતની નેઅમતો સર્વ પ્રથમ દીદારે ખુદાવન્દીના રૂપમાં તે પછી બુધ્ધિ તથા જ્ઞાનના રૂપમાં, ત્રીજી નેઅમત રૂહાની લઝઝતની સ્થિતિમાં અને છેલ્લી નેઅમત નફસાની રૂપમાં છે પણ તેયે (આ પવિત્ર અંધકારમય નહિં પરંતુ સુંદર અને પ્રકાશમય) જીસમાની નહિ પણ રૂહાની.

આ બહેસ્ત (જન્નત) બાતુની તથા રૂહાની હોવાને લીધે તેમાં કોઇ મોમન મોત પછીજ દાખલ થઇ શકે એવું નથી પરંતુ આ ઝીંદગી દરમ્યાન પણ તે અમુક અંશે જન્નતનું અવલોકન કરી શકે છે, આ રીતે જોતાં ખાસ કરીને બંદગી મારફત જે મોમીનોએ રૂહાનીયતના ઉચ્ચ તબકકા સુધીની પ્રગતી સાધી છે તેઓ દીલની આંખો વડે બહેસ્તને નીરખી રહયા છે તે એક હકીકત વાત છે, અને જયારે તેઓ આ જગતથી નિવૃત થઇ જશે, વિદાય થઇ જશે ત્યારે સંપુર્ણપણે બહેસ્તને માણતા રહેશે. કુરઆનના ૨૯:૬૪ના ફરમાન મુજબ "આખરતનું ઘર જીવંત છે" અને જીવંત વસ્તુ ઇન્સાન તથા હેવાન છે, જેથી એ બાબત છતી થાય છે કે, બહેસ્તના જે અકકલ અને જાન ધરાવનારા મહેલો છે તે પયગમ્બરો, ઇમામ (અ.સ.) અને હકીકી મોમીનો છે, અને ખુદાઇ નુરના પ્રકાશ વડે આ મહેલોની અંદર જોવામાં આવે તો જણાશે કે તેમાં રૂહાનીયતની એજ બહેસ્ત મોજુદ છે કે જેનો ઉલ્લેખ ઉપર કરવામાં આવ્યો છે. અને હેવાનો છે તે દોઝખની સાંકડી જગા છે, અને તે ઉપરાંત કુરઆને શરીફના ૭:૧૭૯ મુજબના ફેસલા પ્રમાણે જનાવરોમાં ભળી ચુકયા છે તેઓ પણ જહન્નમના ઘેરામાંથી છે.

અત્રે જો હું મારા રૂહાની અનુભવો અને દ્રષ્ટિપાત વિષેની વાત કરૂં તો કદાચ અયોગ્ય નહિં હોય, અને તે એ છે કે ચીન દેશમાં જયારે હું રૂહાનીયતનો ભરપુર કોર્સ કરી રહયો હતો તે વેળાએ મેં મારા ઘરના દરવાજા સામે એક કુતરાને જોયો, જે ધીમેધીમે જાઇ રહયો હતો અને તેની સાથે અસંખ્ય રૂહો લાગેલી હતી, આ હલકી રૂહો તે કુતરાની પોતાની રૂહ સિવાયની હતી, આ સ્થિતિ જયારે હું સામેથી જોઇ રહયો હતો ત્યારે મારી જાહેરી આંખો અને બાતુની આંખો મળીને એક થઇ ગઇ હતી. બીજીવાર એક બિલાડીમાં મને આવુ દેખાણું કે અત્યંત ઝીણા ઝીણા અણુઓ ઉપર સવાર થયેલી રૂહો તે બિલાડીની અંદરથી બહાર આવી ફરી તેમાં દાખલ થઇ જતી હતી. જાણે કે તેઓ જહન્નમની સાંકડી જગાથી દુર થવાના નિષ્ફળ પ્રયાસો કરી રહી હતી પરંતુ કોઇ કુદરતી શક્તિ તેમને ફરીને પાછી લાવતી હતી, છેલ્લીવાર જયારે હું અટકાયતમાં હતો ત્યારે એક રાત્રે મેં દીલની આંખો વડે જોયું કે ત્યાં થોડે છેટે અથવા નજીકમાં કયાંક એક તબેલો હતો જેમાં કોઇ ઘોડો અથવા કઇક ઘોડાઓ હતા જેમાં આજ પ્રમાણે અસંખ્ય રૂહો આવ–જા કરતી નજરે પડતી હતી, જો કે હું તો જેલની ચાર દિવાલોમાં હતો અને સામેથી પ્રત્યક્ષ રીતે દેખાય તેવો કોઇ માર્ગ નહોતો.

એ યાદ રાખવાનું છે કે ઇન્સાનો અને જાનવરોમાં બે જાતની રૂહો રહેતી હોય છે. એક પ્રકારની રૂહો તે તેની પોતાની રૂહો છે, કે જે ઇન્સાન અને જાનવરોને જીવંત રાખે છે, અને બીજી રૂહો આ ઇન્સાનો તથા જાનવરોનો હંમેશ માટે અથવા હંગામી (કામ ચલાવ) ઘર તરીકે ઉપયોગ કરે છે. જયારે કોઇ નેક બંદો, ખુદા, રસુલ (સ.અ.) તથા સાહેબે અમ્ર એટલે ઇમામના ફરમાનો પ્રમાણેના કાર્યો અને વિચારો કરે છે, તે માટેની કોશીષ કરે છે તો તેના પરિણામરૂપે તેના અંદર સારી રૂહો આવે છે અને તેની પોતાની રૂહ પણ સુધરે છે, તે એ

રૂહોને જોઇ શકે છે અને તેજ તેની રૂહાનીયત છે. તેમાં ન ફક્ત ખુદાની મારફત છે પણ બહેશ્ત (જન્નત) તથા દોઝખ (જહન્નમ)નું અવલોકન (નીરખવું) પણ સમાયેલ છે.

## હિદાયતનો કારભાર :

સવાલ ૨૨ : કહેવાય છે કે ખુદાતઆલાના પયગમ્બરોએ દરેક જમાનામાં મનુષ્યને હીદાયત તથા માર્ગદર્શન આપ્યા છે, પરંતુ એક બાબત સમજમાં નથી આવતી કે દુનિયાના જુદા જુદા ખંડોને ખુદાઇ હીદાયતનો એકસરખો ફાયદો કેવી રીતે મળ્યો ?

જવાબ : આ એક અતી મહત્વનો સવાલ છે અને આના જવાબમાં ધર્મને જાણવા જેવી ઘણી ફાયદામંદ વાતો આવી શકે છે. હવે એ જાણી લ્યો કે મઝહબ અને વિજ્ઞાન એક દરિયા અથવા એક નદી સમાન શરૂઆતથી એક છે પરંતુ સમયાનુસાર આગળ વધતાં વધતાં કયારેક તેના બે ફાંટા પણ પડે છે, અર્થાત એક ફાંટો મઝહબના નામે અને બીજો વિજ્ઞાનના નામે. કયારેક મઝહબમાં વધુ જોર આવે છે તો કયારેક વિજ્ઞાનમાં, પરંતુ એક વાત સદા યાદ રાખવાની છે કે જયાં મઝહબ અને વિજ્ઞાન એક છે ત્યાં બાતુન અને જાહેર એક છે અને જયાં આ બન્ને અલગ અલગ છે તો તે સમયે મઝહબ ઇન્સાનનો બાતુની અને રૂહાની પાસો છે અને વિજ્ઞાન પ્રગતી માટેની જાહેરી તથા ભૌતિક બાજુ છે, આ દલીલ (તર્ક)નો અર્થ એમ થયો કે જે કાર્ય માનવી વિજ્ઞાનની ભૌતિકતા વડે સાધી શકે છે તે મઝહબની રૂહાનીયત વડે પણ સાધી શકાય છે. દાખલા તરીકે આજે વિજ્ઞાનની શકિત થકી માનવી હજારો માઇલ છેટેના માનવી સાથે વાતચિત કરી શકે છે તો રસુલુલ્લાહ (સ.અ.)ના નુર થકી દુનિયાના સઘળા દેશોમાં હીદાયત જતી હતી તે વાત પર આપણે કેમ વિશ્વાસ ન કરીએ ? કારણ કે એ વગર આપ

(સ.અ.) દરેક જહાન માટે રહેમત નહોતા થઇ શકતા, આં હઝરતના ૨૪ હુજ્જતો દુનિયાના ૧૨ ટાપુઓ ઉપર હતા અને આપની સેવામાં ચાર હતા, આ દરેકના નામો જાણવા જરૂરી નથી. જેવી રીતે ૧ લાખ ૨૪ હજાર પયગમ્બરોના નામ જરૂરી નથી સિવાય કે નબી અકરમ (સ.અ.સ.)ના હુજ્જતે આઝમ કે જેઓ અલી (અ.સ.) છે, પણ તેઓ દરેકના હોવા વિષે વિશ્વાસ જરૂર કરવાનો છે.

પયગમ્બરોની સંખ્યા જે એક લાખ ચોવીસ હઝાર બતાવવામાં આવી છે, તેનો એ અર્થ નથી કે તેઓ એક પછી બીજા એ રીતે દુનિયામાં આવ્યા હોય, પણ તે એ રીતે છે કે એક સમયે કોઇ એક પયગમ્બર હીદાયતના કેન્દ્રસ્થાને હોય અને બાકીના તેમના હુજ્જતો અને દાઇઓ તરીકે જગતના જુદા જુદા દેશોમાં ફેલાયેલા રહેતા હતા અને તે સત્યના કેન્દ્રસ્થાનેથી તેઓ જુદા જુદાઓને મઝહબની રૂહાની હીદાયત તેમના દરજ્જા પ્રમાણે મળતી રહેતી હતી.

સુન્નીઓ કહે છે કે મેઅરાજના વખતે આં હઝરત સાથે અલ્લાહ તઆલાએ જે વાતો કરી હતી તે હઝરત અબુબકરના અવાજમાં કરી હતી. શીયાઓ કહે છે કે ખુદાની એ સઘળી વાતચિત હઝરત અલીની ઝબાનથી હતી. આ વિષે હું મારા અંગત મત મુજબ જે કહેવા માંગુ છું તે ત્રણ તબકકામાં છે, અને તેમાંના બે તબકકાઓને સાચવી રાખીને હુ શરૂઆતના તબકકાની વાત કરૂં છું, જે મુજબ બંનેનું કહેવું ખરૂં છે, કારણ કે ખુદાના કાયદા પ્રમાણે જયારે પણ વહી આવતી તો કોઇ પયગમ્બર કે વલીની ઝબાન અને અવાજ દ્વારા આવતી, કારણ કે ખુદા અજોડ અને અનુપમ છે જેનો અર્થ એમ થયો કે દરેક મોટા પયગમ્બરને આસમાની હીદાયત તેના કોઇ વઝીરના અવાજમાં મળે છે.

દુનિયાના સઘળા મઝહબોનો એ વાત માટે એકમત છે કે શૈતાન ઇન્સાનના નફસે અમ્મારા (હુકમ ટરનારા મન)માં ખરાબ વાતો નાખે

છે, તો આપણે જો એમ માનીએ કે હાદીએ બરહક માનવીની અકલમાં સારી સારી વાતો નાખી શકે છે તો શું એ ખુદાના ઇન્સાફ અને સિધ્ધાંતની વિરૂધ્ધ છે? કારણ કે શૈતાનને અગર આવી શક્તિ પરવરદિગાર તરફથી આપેલી છે તો પયગમ્બર અને ઇમામને તો એનાથી કંઇક ગણી વધીને નેકીની શકિતઓ મળેલી હોવી જોઇએ, શૈતાન અગર દુનિયાના ખુણેખુણે જઇ શકે છે અને તે સિવાય દરેક જગ્યાએ શૈતાનનું લશ્કર પણ છે તો એ ખાત્રીપુર્વક માનજો કે ઝમાનાનો હાદી પણ દરેક જગ્યાએ પહોંચી શકે છે અને આસમાની શરીર ધરાવનારનું (ફરીશ્તાઓનું) લશ્કર તેની પાસે પણ છે કે જે હીદાયતના કાર્યો માટે નિમેલા છે અને તે દીનના સ્થંભો (હુદુદે દીન) છે.

આજકાલ ટેલીપેથીની કોશીષો કરવામાં આવી રહી છે અને તે એક દિવસ જરૂર સફળ થશે અને ત્યારે આ બાબત મઝહબ અને વિજ્ઞાનની દ્રષ્ટિએ સામાન્ય લેખાશે અને પછી જેઓ ચતુર છે તેઓ સમજી જશે કે અમ્બીયા અને ઓલીયાઓમાં આ વસ્તુ હંમેશથી સમાયેલી હતી.

તમારા સવાલનો આ ખુલાસાવાર જવાબ છે. તમોએ પુછ્યું હતું કે જુના જમાનામાં જ્યારે આજની જેમ સંદેશ વ્યવહાર માટેના જોડાણોની કોઇ સગવડો નહોતી ત્યારે કોઇ પયગમ્બર જે એક દેશમાં આવ્યા હોય ત્યાં રહીને તેની હીદાયત સમગ્ર જગતમાં કેવી રીતે જઇ શકતી હતી જેના જવાબમાં તમોને જણાવવામાં આવ્યું કે એ પયગમ્બર મારફત સઘળી દુનિયામાં હુદુદે દીનની જાળ બીછાવેલી રહેતી હતી કે જેઓ લોકોને તેમની સમજ પ્રમાણે હીદાયત આપતા હતા અને તે હુદુદે દીનને રૂહાની શિક્ષણ હીદાયતના કેન્દ્રસ્થાનેથી મળતું હતું વિગેરે. આ વર્ણનમાં હકીકી મોમીનોના માટે ઘણી બધી હિકમતો છે.

## ઇબાદતની રીત :

સવાલ નં. ૨૩ : અલ્લામા સાહેબને મારી વિનંતી છે કે ઇબાદતની રીતના વિષય ઉપર તેઓ અમને ભાષણ આપે.

જવાબ : આ માટે સવાલ નં. ૧૪ના જવાબને જુઓ.

## બચ્ચાના જન્મનો કોયડો :

સવાલ નં. ૨૪: દર મિનીટે અહીં હજારો બચ્ચાઓ જન્મી રહયા છે તો પછી આ દુનિયાનો અંત શી રીતે આવી શકે છે?

જવાબ : પ્રીય મિત્ર ! તમારી દલીલ વિચિત્ર તથા તમારો કોયડો સૌથી વધુ મનગમતો અને ધ્યાન ખેંચે તેવો છે, કોઇએ કહયું હશે કે જગત અંત પામવાનું છે અને તમને એ વિચાર આવ્યો કે મિનીટે મિનીટે હજારોની સંખ્યામાં જન્મ પામતાં આ નાના નાના બચ્ચાઓની શું હાલત થશે. મતલબ કે તમારા ખ્યાલમાં આ જગતનું હસ્તીમાં રહેવું, જગતની બકા આ બચ્ચાઓના જન્મ થકીજ છે એમજને ! !

મારા વહાલા દોસ્ત ! તમે કેટલા નેક અને ભોળા છો, તમારા ભોળપણ ઉપર વારી જાઉં, આ લ્યો તમારા સવાલ માટે પણ એક સાદો-સરળ જવાબ હાજર છે, છતાં વિચિત્ર બાબત એ છે કે તમારી આ સરળતામાં પણ જ્ઞાન મળે છે-શીખવાનું મળે છે- સુરહ હજ કે જે ૨૨ નંબરની સુરહ છે તેની આયત નંબર ૫૫ માં એ ઇશારો છે કે કયામત ચોકક્સપણે છુપાઇ છુપાઇને-રહસ્યમયી રીતે આવશે પણ આગળ ચાલીને તેના ઘણા પરિણામો જાહેર થશે-તેની ઘણી અસરો જાણમાં આવશે, જેમાં એક તો એ છે કે એક સમયે સઘળી સ્ત્રીઓ વાંઝણી થઇ જશે અને કોઇને ત્યાં બાળક નહિં થાય તે વખતને કુરઆને "યૌમુ-અકીમ" એટલે કે વાંઝણા પણાનો દિવસ કહયો છે. હવે શુખર

કેમ કે અગર દુનિયાનો અંત આવશે તો તે સમયે નાના નાના બચ્ચાઓ સામે નહિં હશે.

## હઝરત ઈસા (અ.સ.)

સવાલ ૨૫ : હઝરત ઇસાને શુળીએ ચઢાવવામાં આવ્યા હતા કે નહિં ? (કુરઆન મારફત સાબિતી જોઇએ) નુર કયાંથી આવ્યું છે ?

જવાબ : હઝરત ઇસા (અ.સ.) વિષે મારૂં એક વિવેચન છે જે "પંજ મકાલા" (પાંચ વિવેચનો) ભાગ બીજામાં છપાયેલું છે, અમારા સિધ્ધાંત મુજબ જો કોઇ સવાલનો જવાબ અમારી પાસે લખેલો હોય તો ફરીવાર તેનો જવાબ નથી લખતા પણ જરૂર પડતાં તેનો હવાલો આપીએ છીએ માટે તમો તેમાં જોઇ જુઓ, છતાં અહીં સારાંશરૂપે કંઇક મહત્વની બાબતો જણાવીએ છીએ. આ દુનિયામાં અમ્બીયા અને ઓલીયાઓ જેઓ ખુદાના દોસ્તો છે, તેમને દુનિયાની સખતમાં સખત મુસીબતોમાં દ્રઢ અને સહનશીલ રહીને કામ કરવાની તથા સચ્ચાઇ અને ખુદાના ખાતર પોતાને કુરબાન કરવાની હિંમત આપવાના ઠેકાણે જો ખુદા તેમને કસોટીના મેદાનોમાંથી છટકી જવાના સાધનો અર્પણ કરે તો પછી કુરબાનીની ભાવના અને શહીદ થવાનો જોશ રહેજ નહિં અને ખુદાના માર્ગમાં તકલીફ ઉપાડવા કોઇ શખ્સ રહેજ નહિ. આ દલીલ થકી એ વાત જણાઇ આવે છે કે હઝરત ઇસાનું મુબારક શરીર દીનના ખાતર કુરબાન થઇ ગયું હતું.

એ વાત જાણવી જોઇએ કે ખુદાના માર્ગમાં જેઓ માર્યા ગયા છે તેમને ખુદાએ જીવંત (અમર) કહ્યા છે, (૩:૧૬૯) અને કંઇક જાણ કે જેઓ જીવંત છે છતાં તેમને મરેલા ગણાવ્યા છે (૧૬:૨૧) શું આવા બનાવોની બે બાજુ નથી હોઇ શકતી ? શું એમ ન કહી શકાય કે શહીદ થયેલાઓ શારીરિક રીતે તો મરણ પામે છે પણ તેમની રૂહ જીવંત છે, અને જે લોકો જીવતા હોવા છતાં

ખુદાની નજરોમાં મરેલા છે તેઓ શારીરિક રીતે તો જીવંત છે પણ રૂહાનીયતમાં મરણ પામેલા છે. તો હઝરત ઇસા અલેહીસ્સલ્લમના માટે પણ એમજ સમજી શકાય કે શારીરિક રીતે તો તેમને શુળીએ ચઢાવીને શહીદ કરી દીધા હતાં પણ ખુદાની હુઝુરમાં રૂહાનીયતમાં તેઓ જીવંત હતા, કારણ કે તેઓ તો રૂહુલ્લાહ હતા. અને સઘળા અંબીયા તથા ઓલીયા એવાજ છે, વળી ખુદાની રૂહને કોઇ શું કરી શકે છે? હઝરત ઇસા (અ.સ.) વિષે કુરઆની આયાતોનો આજ ખુલાસો છે. તમો જો વધુ વિગતવાર જાણવા ચાહો તો આગળ જણાવ્યું તે મુજબના મારા વિવેચનમાંથી મેળવી શકો છો.

આ સવાલના છેવટમાં એ પણ પુછાયું હતું કે નુર કયાંથી આવ્યું? આ સવાલની પછવાડે એવી કલ્પના કરેલી છે કે અત્યારે નુર જે મુકામ ઉપર છે જાણે કે ત્યાં તે આથી પહેલાં નહોતું!! જો કે આ વસ્તુ યોગ્ય નથી કારણ કે નુર તો સદાકાળ એકજ શાનથી રહેલું છે, કુરઆન શરીફમાં જેમ ફરમાવે છે કે "અલ્લાતઆલા કાયનાત અને તેમાં રહેલ વસ્તુઓનું નુર છે." ૨૪:૩૫.

(૧) જો અલ્લાહતઆલા જમીન અને આસમાન (કાયનાત અને તેની વસ્તુઓ)નું નુર છે તો એનો અર્થ એમ થયો કે આજે આ સઘળી કાયનાત અને તેની સઘળી વસ્તુઓ જે હસ્તીમાં છે તે અનાદીથી પોતાના નુરાની ચહેરામાં તથા સ્વરૂપમાં ખુદાઇ નુરના સમુદ્રમાં ડુબેલી હતી જેને ખુદાએ ભૌતિક અને શારીરિક રૂપમાં જાહેર કરી.

(૨) આનો અર્થ એમ પણ છે કે સર્વવ્યાપક રૂહ એક એવો પ્રકાશ છે કે જે કાયનાત અને તેની વસ્તુઓના રૂહાની રીતે પરીપકવ થવાથી જાહેર થાય છે, અને મજકુર આયતના ખુલાસામાં તથા આ હકીકતમાં કાંઇ ફેર નથી.

★

# સો સવાલ

## ભાગ ૨જો

લેખક :
અલ્લામા નસીરૂદ્દીન નસીર હુંઝાઇ

ગુજરાતી ભાષાંતકાર :
અકબર હબીબ રાજન

ISW
LS
Institute for
Spiritual Wisdom
and
Luminous Science
Knowledge for a united humanity

પ્રકાશક :
ખાનાએ હીકમત–ઇદારાએ આરીફ
૧૭ બી, નુર વીલા.
૨૬૯ ગાર્ડન વેસ્ટ,
કરાંચી ૩, પાકિસ્તાન.

# સો સવાલ – ભાગ બીજો

## અનુક્રમણિકા


| સવાલ નંબર | વિષય | | | પાનું નંબર |
|---|---|---|---|---|
| – | શરૂઆતના શબ્દો (બે–બોલ) | | ... | ૧ |
| ૨૬. | રૂહના સ્વરૂપો (રૂહની જાહેર સ્થિતિ) | | ... | ૫ |
| ૨૭. | બની આદમ | ... | ... | ૭ |
| ૨૮. | હઝરત ખીઝર (અ.સ.) | ... | ... | ૮ |
| ૨૯. | નબુવ્વત અને ઇમામત | ... | ... | ૯ |
| ૩૦. | હઝરત હસન (અ.સ.) | ... | ... | ૧૧ |
| ૩૧. | રસુલ (સ.અ.)ના વારસ | ... | ... | ૧૧ |
| ૩૨. | ઇમામ ઇસમાઇલ (અ.સ.) | ... | ... | ૧૩ |
| ૩૩. | રૂહાની પ્રગતી | ... | ... | ૧૬ |
| ૩૪. | હઝરત આદમ (અ.સ.) | ... | ... | ૧૭ |
| ૩૫. | સુધારો વધારો | ... | ... | ૧૭ |
| ૩૬. | ઇબાદતની રીતો અને શરતો | ... | ... | ૧૯ |
| ૩૭. | નુરાનીયતનો વખત | ... | ... | ૨૦ |
| ૩૮. | તૌહીદ | ... | ... | ૨૧ |
| ૩૯. | તસ્વીર | ... | ... | ૨૩ |
| ૪૦. | તખ્લીક (ઉત્પત્તી)નો હેતુ | ... | ... | ૨૪ |
| ૪૧. | કયામત અને આખરત | ... | ... | ૨૫ |
| ૪૨. | જીસ્મો (શરીરો)નું બદલી થવું | ... | ... | ૨૭ |
| ૪૩. | કિતાબે નાતિક અને કિતાબે સામીત (બોલતું પુસ્તક અને ખામોશ પુસ્તક) | | ... | ૨૯ |
| ૪૪. | ઇસ્મે આઝમ અને નબુવ્વત | ... | ... | ૩૦ |
| ૪૫. | એ શા માટે? | ... | ... | ૩૪ |
| ૪૬. | દીની મજલીસો | ... | ... | ૩૫ |
| ૪૭. | ખુદી અથવા અના (સ્વજાત) | ... | ... | ૩૬ |
| ૪૮. | સત્તા અને નસીબ (મુકદ્દર) | ... | ... | ૩૬ |
| ૪૯. | સલ્વાત | ... | ... | ૩૮ |
| ૫૦. | હાઝર ઇમામ (અ.સ.) | ... | ... | ૩૯ |


ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

## બિસ્મિલ્લાહિર્રરહમાનિર્રરહીમ

# શરૂઆતના શબ્દો (બે બોલ)

(શરૂઆત) પરવરદીગારે આલમના તે બરકતવંતા અને અતી મહાન નામ વડે કે જે જીવંત અને બોલનારો (સદા રહેનારો) છે, જે જ્ઞાન અને હિકમત (ડહાપણ) તથા વિકાસ અને માર્ગદર્શન (હિદાયત)નું ઉદ્‌ભવસ્થાન અને શકિત તથા સહાયનું કારણ છે જેના જરાક જેટલાં સ્મરણ થકી પણ અંતરનું સુખ તથા રૂહાની શાંતિ મળે છે અને જેમાં આંખોથી જોઇને વિશ્વાસ કરી શકીએ અને હકીકતનાં અનુભવ વડે માની શકીએ એ નુર તથા એ દરજ્જો છુપાયેલો છે.

"સો સવાલ" ભાગ બીજાની પ્રસ્તાવના લખતાં, દીલમાં આનંદ અને ખુશી તથા આભારની અનેકાનેક લાગણીઓ ઉભરાઇ રહી છે, આ કદાચ એ કારણે છે કે અમારા જેવી નાચીઝ હસ્તી તરફથી જે પ્રયાસ કરાયો છે તે ન હોવાના બરાબર છે પરંતુ ખુદાવંદે બરહક્કના ઉપકારો તથા ઇનામો ઘણાજ મહાન છે.

અલ્લાહતઆલાના ફઝલો કરમ થકી "સો સવાલ"નું પુસ્તક ખુબજ મહત્વનું અને ફાયદામંદ સાબીત થશે કારણ કે આમાં કેનેડાની અમારી મહાન જમાતના ખાસ ખાસ સવાલોના સંતોષકારક જવાબો સમાયેલા છે. તમો એ બાબત જાણો છો કે વ્યકિતગત સવાલ સહેલો પણ હોઇ શકે છે અને અઘરો પણ, પરંતુ સામુહિક સવાલ દરેક રીતે અઘરોજ હોય છે કારણ કે તે મનન તથા વિચારોના ઘણા પગથિયાઓથી પસાર થઇને સામે આવે છે, તે છતાં ઇમામે બરહકના મારફત પરવરદિગારે આલમ તરફથી જે કૃપા તથા સહાય મળી છે તે ઘણી મોટી બાબત હોય છે.

અહીં સવાલ છે કે સવાલ કયારે અને કયા પ્રસંગે પેદા થાય છે? અથવા શી રીતે પેદા થાય છે? જયારે જ્ઞાન તથા ડહાપણના માર્ગે ચાલતા ચાલતા કોઇ આડખીલી સામે આવી જાય અથવા મઝહબ અને ઇમામની ઓળખ બાબત કોઇ શંકા ઉદ્દભવે અથવા કોઇ વાદવિવાદને પરિણામે સવાલ ઊઠે છે અથવા તેની જરૂરત જણાય છે. ગમે તેમ પણ જ્ઞાની, અકકલમંદ માણસ માટે સવાલનો જવાબ હોવો જરૂરી હોય છે અને તે સિવાય જ્ઞાન અને ચાતુર્યની કોઇ સાબિતી નથી મળતી કે ન તો જ્ઞાન વડે કોઇની મદદ થઇ શકે છે.

પોતાનાઓ અને બીજાઓને જ્ઞાન આપવાની ઘણી રીતો છે, પણ સૌથી યોગ્ય રીત એજ છે કે સવાલ અને જવાબના સિધ્ધાંત વડે કામ લેવામાં આવે, જેથી જ્ઞાનના જરૂરી પાસાઓની ચર્ચા થાય અને જોઇતી વાતો સહેલાઇથી મગજમાં બેસી જાય.

આ કેટલી સારી વાત છે કે આપણી જ્ઞાન વિષેની મુંઝવણો બાબત બીજાઓ આપણને સવાલો પુછે અને આપણે તેની ચર્ચામાં પડીએ તે કરતા આપણે જાતે અંદરો અંદર સવાલ જવાબ મારફત તેનો ઉકેલ મેળવીએ.

ઇન્શાઅલ્લાહતઆલા "સો સવાલ"નું પુસ્તક જે ચાર જુદા જુદા ભાગોમાં પ્રગટ થઇ રહયું છે, બહુજ ઉપયોગી અને ફાયદાવાળું સાબિત થશે, ખાસ કરીને ત્યારે કે જયારે તેના ભાષાંતર થશે.

આ તકે જો હું ખાનાએ હિકમતના સમજુ અમલદારો તથા ખંતીલા કાર્યકરોના પ્રસંશનીય ઉલ્લેખને (પાછળ રાખી દઉં) ભુલી જાઉં તો તે મારી અનઉપકારી તથા નાશુકરી વૃતિ લેખાશે, ઇલમને પુસ્તક સ્વરૂપે લોકો સમક્ષ લાવવાના બારામાં ઘણી મુશ્કેલીઓ સામે આવે છે જે સર્વમાન્ય વાત છે અને તેને કાબુ કરવા માટે એક એવા

શિસ્તબધ્ધ સમુહની જરૂરત હોય છે કે જેના દરેક સભ્યમાં ઘણીજ શકિતઓ અને જુદાજુદા પ્રકારની ખુબીઓ હોય. અલહમ્દોલિલ્લાહ ખાનાએ હિકમતના સભ્યોમાં એવા દરેક ગુણો મૌજુદ છે. સત્ય વાત તો એ છે કે અમારા મિત્રોનો આ સમુહ ઇલમને પ્રગટ કરવા કાજે ખુબજ મહેનત કરી રહયો છે અને તેનું પરિણામ સંતોષજનક છે અને ઇન્શાઅલ્લાહ આ નેક કામમાં વધુ પ્રગતિ થવાની આશા છે.

જયારે ઇલ્મી ખિદમતનો ઉલ્લેખ થાય ત્યાં જાને અઝીઝ (પરમ મિત્ર) ડાકટર ફકીર મહમદ હુંઝાઇનો રસિક ઉલ્લેખ જરૂર થવો જોઇએ, જેના વગર ન તો મને મજા આવે છે કે ન તો મારા મિત્રોને, જયારે હું મારા મજકુર પરમ મિત્રનું નામ લઉં છું ત્યારે મારો આશય ઇલમની એક એવી દુનિયાનો હોય છે કે જેમાં જ્ઞાન, ડહાપણની દરેક વસ્તુ ઉપરાંત પુર્વ અને પશ્ચિમના ઘણાય જ્ઞાની મિત્રો સમાયેલા હોય છે, જેથી હું મારા એ પરમ મિત્ર મારફત દરેક મિત્રોને યાદ કરૂં છું. અહીં હું તે સાહેબો, મિત્રો, શુભેચ્છકોને પણ યાદ કરૂં છું જેઓ પાકીસ્તાનના જુદા જુદા વિસ્તારોમાં રહે છે અને જેઓ ઉત્તર વિસ્તારમાં વસી રહયા છે, જેમને મારા પુસ્તકોમાં રસ છે, જેમના જ્ઞાન માટેના રસ અને શોખને જોતાં મને કાર્ય કરવાની પ્રેરણા મળે છે, જેઓ જ્ઞાન, મિત્રાચારી અને કદરદાની જેવા ગુણો ધરાવે છે અને જેઓ દીલોજાનથી ઇલમના પ્રકાશને ફેલાવવાની ઇચ્છા રાખે છે.

કદાચ હું ઉત્તમ શબ્દોમાં કેનેડાની નેકનામ જમાતનો જેવો હોવો જોઇએ તેવો આભાર પ્રદર્શિત કરી શકત કે તેમણે ઇમામની ઉચ્ચ-તમ હસ્તીના રૂહાની ઇલમ વિષે મુજ અદના પર વિશ્વાસ કરી, જરૂરી સવાલો કર્યા, નહિં તો "સો સવાલ" જેવું મહત્વનું પુસ્તક તેના આ સ્વરૂપમાં પ્રગટ ન થઇ શકત એટલુંજ નહિં પણ એ મહાન જમાત મારફત અમારી કાર્યશકિતનું વર્તુળ પુર્વથી લઇને પશ્ચિમ

સુધી ફેલાઇ ચુક્યું છે, જે માટે હું ખાસ કરીને કેનેડાના તે મિત્રો અને દોસ્તોનો આભારી અને કૃતજ્ઞ છું.

છેવટમાં નમ્રતા સહિત દુઆ છે કે ખુદાવંદે આલમ રૂહાની ખિદમત કરનારાઓ તથા આ ઇલમમાં દીલચસ્પી રાખનારાઓને બન્ને જહાનમાં સલામતી તથા સફળતા બક્ષે ! રબ્બુલ ઇઝઝત આ હિંમતવાન મોમીનો પર હંમેશા રાજી રહે કે જેઓ દીની ઇલમના ફેલાવા તથા પ્રગતીના માટે દરેક પ્રકારના ત્યાગ માટે હાજર હોય છે, આમીન, યા રબ્બલ આલમીન. !

નમ્ર સેવક

નસીરૂદ્દીન નસીર હુંઝાઇ

શુક્રવાર ૪—ઓગસ્ટ ૧૯૭૮

૨૮ શાબાન ૧૩૯૮.

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

## બિસ્મિલ્લાહિરંમાનિરંહીમ

## રૂહના સ્વરૂપો (રૂહની જાહેર સ્થિતિ) :

સવાલ ૨૬ : ઇસમાઇલીઓમાં રૂહના વારંવાર જગતમાં આવવા વિષે શું માન્યતા છે? રૂહ શું હંમેશા જુદા જુદા સ્વરૂપો (જાહેરી સ્થિતિઓ)માં આવતી રહે છે?

જવાબ : આ બારામાં સર્વ પ્રથમ એ સમજવું જરૂરી છે કે દીને ઇસ્લામ શરીયત, તરીકત, હકીકત અને મારફતનો સરવાળો છે જેને લીધે હઝરત રસુલ (સ.અ.)ના સમયથી તે કયામત સુધીનો જેટલો લાંબો જમાનો છે તે ઇસ્લામના આએ ચાર તબકકાઓમાં વહેંચાયેલો છે, માટે સૌ પ્રથમ શરીયત પર ભાર મુકવામાં આવે છે, તે પછી દરેક નહિં તો કંઇક લોકો તરીકતમાં પ્રવેશે છે, થોડાંક લોકો હકીકતમાં પણ પહોંચી જાય છે અને મારફત સુધી ઘણાજ ઓછા લોકો પહોંચે છે. આનો અર્થ એ થયો કે પહેલે ઇસ્લામની જાહેરી કેળવણી આવે છે અને બાતુની કેળવણી તે પછી આવે છે જેને જોતાં બાતુની (એટલે કે હકીકત અને મારફત) કેળવણી મુજબ રૂહ જગતમાં વારંવાર આવતો રહે છે, પરંતુ રૂહ વિષે આ સવાલ પુરતો નથી કારણ કે હજુ એ જાણવું બાકી છે કે રૂહ શું કામ આવે છે? કયારે આવે છે? કેવી રીતે આવે છે? નાસીપાસ હાલતમાં આવે છે? કે સફળ પરિસ્થિતિમાં અથવા તો બન્ને રીતે? અને તો પછી ફેર કયાં છે? વિગેરે વિગેરે.

૧. રૂહનું જગતમાં જાહેર થવું જો રહેમત (આશીર્વાદ) હોય તો તે આશીર્વાદ શા માટે વારંવાર ન આવે? ખુદાની રહેમત તો અનંત હોય છે.

૨. સઘળા પ્રાણીઓ (મખ્લુકાત)ની હસ્તી તથા તેનું બાકી રહેવું ખુદાવંદતઆલાએ એક વર્તુળસમ રાખેલ છે અને ફરમાવ્યું છે કે દરેક વસ્તુ એક વર્તુળ પર ફરી રહી છે.

૩. હઝરત પયગમ્બર સાહેબનું ફરમાન છે કે સઘળી કોમોના મોમીનો ભાઇ ભાઇ છે અને સઘળા અમ્બીયાઓ એક જાન સમાન છે, અગર સઘળા પયગમ્બરો એક જાન સમાન છે, તો પછી તે સર્વેનું જગતમાં આવવું જાણે કે એકજ પયગમ્બરનું વારંવાર સ્વરૂપ ધરવા બરાબર થયું– તો પછી સત્યતાની રૂએ એમ કેમ ન કહીએ કે દરેક પયગમ્બરો જો એક જાન સ્વરૂપે એકજ છે તો તેઓની એ સઘળી જાહેર સ્થિતિ, દરઅસલ નુરે મુહમ્મદી (અ.સ.)નીજ સ્થિતિ હતી અને ઇમામોના સ્વરૂપમાં પણ તેજ એક નુરની જુદી જુદી જાહેર શકલો છે. આ થકી એ જણાઇ આવે છે કે રૂહના જુદા જુદા સ્વરૂપો (જાહેર સ્થિતિઓ) હોય છે.

૪. આપણા દરેક કાયદાઓ કુરઆનિક તત્વજ્ઞાન થકી ઉકેલાય છે, તો આ તત્વજ્ઞાનમાં એમ ફરમાવેલું છે કે કાયનાતને પેદા કરવી એ (સૃષ્ટિનું નિર્માણ કરવું એ) ખુદાતઆલાનો સ્વભાવ છે અને ખુદાએ લોકોને એ સ્વભાવ મુજબ જ બનાવ્યા છે જેનો અર્થ એ થયો કે આ સૃષ્ટિનું અને તેમાં રહેલી દરેક વસ્તુઓનું સ્વરૂપ અને ગતિ એટલે ફરવાની રીત ગોલ છે અને આમાં કોઇ એવી વસ્તુ નથી કે જે પોતાના રૂપ અથવા હલનચલન થકી હંમેશાની ગતિને જાહેર ન કરતી હોય દા. ત. આકાશ, સુર્ય, ચંદ્ર, ગ્રહો, તારા, હવા, પાણી, ધરતી વિગેરે. એથી એ બાબત જાહેર થાય છે કે ઇન્સાન પણ આવતો જતો રહે છે પણ તે એમ કે જાણે ત્રણ કરોડ વર્ષમાં જવું છે અને ત્રણ કરોડ વર્ષમાં આવવું છે અને જાણે પુરા વર્તુળનું અંતર ૭ કરોડ વર્ષનું છે.

આ સિવાય સવાલ નં. ૧ અને ૨ ના જવાબો પણ વાંચો કે જેથી મતલબ બરાબર સમજાઇ જાય.

## બની આદમ :

સવાલ ૨૭ : દરેક મનુષ્ય શું આદમ અને હવ્વાથીજ છે કે પછી મૌલાના રૂમની કલ્પના મુજબ પત્થરમાંથી પ્રગતી કરતાં વનસ્પતિ અને વનસ્પતિથી જાનવર થયા અને પછી ઇન્સાન થયા, એવી કોઇ (ઉત્ક્રાંતિ) વિકાસનું પરિણામ છે?

જવાબ : આ સવાલમાં ડાર્વિન અને મૌલાના રૂમના બે જુદા જુદા દ્રષ્ટિબિંદુને ભેળવીને રજુ કર્યા છે, જો કે મૌલાના રૂમીનું દ્રષ્ટિબિંદુ ઇસ્લામનુંજ દ્રષ્ટિબિંદુ છે અને તેમાં જરાપણ તરાવત નથી. કહેવાનું એ છે કે મૌલાના રૂમીએ ક્યારે એમ કહયું છે કે મનુષ્યો હઝરત આદમની ઔલાદ નથી? તમો તેમના પુસ્તકોને સામે રાખી જુઓ તો આ બાબત જણાઇ આવશે.

રૂમીએ જે બાબત કહી છે અને જે રીતે કહી છે તેને સમજવાની જરૂર છે. મૌલાના રૂમીએ કુરઆને હકીમના પ્રકાશમાં મનુષ્યની ઉત્પતીના જુદા જુદા તબક્કાઓનો ઉલ્લેખ કર્યો છે, જેમકે કુરઆનમાં મનુષ્યને માટીમાંથી પેદા કરવામાં આવ્યાનો ઉલ્લેખ સ્થળે સ્થળે મોજુદ છે, અને માટી પથ્થરમાંથીજ છે, વળી ફરમાવ્યું છે કે "ખુદાએ તમોને જમીનમાંથી વનસ્પતિના રૂપમાં ઉગાડયા છે." ૭૧:૧૭ વળી કુરઆનમાં એ પણ છે કે મનુષ્ય હલાલ જાનવરોનું દુધ પીએ છે અને માંસ ખાય છે, જેનાથી એ જાહેર થાય છે કે માટી, વનસ્પતિ અને હેવાન થકી માનવીનું વ્યકિતત્વ બને છે અને હયવાની રૂહ બને છે; અને એજ અર્થમાં મૌલાના રૂમીએ પોતાના વિષે કહયું છે કે તે પહેલાં પત્થર હતો પછી વનસ્પતિ (ઝાડ) બન્યો તે પછી હયવાનમાં આવ્યો તે પછી ઇન્સાનમાં બદલાણો, ઇન્સાન જે અર્થમાં આદમની ઔલાદ છે તે મુજબ માનવી તથા માનવતાની રૂહ આદમ અને હવ્વાથી ચાલી આવી છે અને પંશપરંપરા તે ચાલતી રહી છે.

મનુષ્યની ઉત્પત્તી વિષે જુદા જુદા મંતવ્યો શા માટે છે?

એ માટે કે માનવ શરીર ઘણા બધા તત્વો વડે સંપુર્ણ થાય છે, બલ્કે એમ કહેવું જોઇએ કે મનુષ્ય પુરેપુરી દુનિયા અને કાયનાતનો ખુલાસો છે કારણ કે માનવી કેટલીય ઉત્પતિઓ પછી સંપુર્ણ થયો છે અને તેની અંદર દરેક વસ્તુઓ હાજર છે.

સવાલ (૭)ના જવાબને પણ સામે રાખીને મનન કરવાથી અર્થ જણાઇ આવશે.

## હઝરત ખીઝર (અ. સ.):

સવાલ ૨૮: હઝરત ખીઝર (અ.સ.) કોણ છે અને દુનિયામાં તેમના હંમેશા રહેવા વિષે જે કંઇ કહેવાય છે તે વિષે કેટલું તથ્ય છે?

જવાબ: હઝરત ખીઝર અલૈહિસ્સલામ પોતાના સમયના એક પયગમ્બર હતા, અને સમય પુરો થતાં દુનિયાથી રહેલત કરી ગયા, પણ કોઇને કોઇ રીતે આ એક રીવાયત બની ગઇ કે ખીઝર પયગમ્બરે અમૃત (આબે હયાત) પી લીધું હતું અને તેને લીધે તે હંમેશ માટે જીવંત છે. આ વિષે લોકોને એ ભરમ હતો કે જગતના કોઇ એક ખુણામાં ઝુલમાત (તારીકયાન) નામે એક જગ્યા છે જયાં આબેહયાતનું ઝરણું છે, જેના પાણીને અગર કોઇ માનવી પોતાની ઝીંદગીમાં એકવાર પી શકે તો તે પણ અમર થઇ જાય છે. બલ્કે હંમેશા હંમેશા માટે જીવંત રહે છે. કહેવાય છે કે સીકંદર (બાદશાહે) આબેહયાત મેળવવા માટે પ્રયત્નો કર્યા હતા, પણ તે સફળ ન થયો, આ બધી વાતો ફકત વાર્તાઓ પર આધારિત છે જેની કોઇ હકીકત નથી.

પણ એ વ્યાજબી બાબત છે કે આ પ્રખ્યાત રીવાયત થકી દાખલા આપીને ઘણી વેળાએ તાવીલ (ગુઢ સમજ) રજુ કરવામાં

આવી છે, જેમકે ઝુલમાતની તાવીલ છે અજ્ઞાનતા અને નાદાની, કેમકે આમાંજ મારફત છુપાયેલી હોય છે, આબેહયાતનો આશય મારફત છે અને ખીઝર (અ.સ.)નો અર્થ છે હાદીએ બરહક કે જે દરેક વખતે જગતમાં હાજર રહે છે, કારણ કે મારફતની હયાતીનું પાણી સીંચનાર, રહેનુમા તેજ છે અને મારફતજ સાચા અર્થમાં આબેહયાત છે કે જે મેળવવાથી રૂહાની રીતે મોમન હંમેશ માટે જીવંત (અમર) થઇ જાય છે નહિ કે જીસ્માની રીતે.

કોઇ નફ્સ મૌતની મજા ન માણે અને કોઇ જીસમ જે આં હઝરતથી પહેલા પણ હંમેશ માટે જીવંત રહે તે માટે કુરઆને હકીમ (૨૯:૫૭) અને (૨૧:૩૪)માં સખ્તાઇથી રદિયો આપવામાં આવેલ છે, પછી હઝરત ખીઝર (અ.સ.) અને હઝરત ઇસા (અ.સ.) અથવા અન્ય કોઇ જીસ્માની સ્થિતિમાં કેવી રીતે હંમેશ માટે જીવંત રહી શકે છે.

આજકાલ વિજ્ઞાન અને ટેકનોલોજીએ દીનની હકીકતોને સમજવામાં ઘણીજ આસાની પેદા કરી આપી છે, જેના થકી એ જાહેર થાય છે કે આ ધરતી (પૃથ્વી) ઉપર કયાંય પણ એવું કોઇ આબેહયાત નથી મળતું કે જેના પીવાથી માનવી હંમેશ માટે શારીરિક રીતે જીવંત રહી શકે. તો પછી હઝરત ખીઝર (અ.સ.) વિષે જીસમાની જીવનની રિવાયત તાવીલ વગર શી રીતે સત્ય સાબિત થઇ શકે છે.

## નબુવ્વત અને ઇમામત :

સવાલ ૨૯ : કોઇ પયગમ્બર અને ઇમામ વચ્ચે શું ફેર હોય છે?

જવાબ : નબુવ્વત અને ઇમામત એ એકજ સત્યની બે બાજુ છે અથવા એકજ નુરના બે પાસા છે જેથી બાતીનના બાતીનમાં તેમની વચ્ચે કોઇ ફરક નથી પરંતુ જાહેરમાં ફરક છે, અને તે પણ સદાય

નહિં, અમુક અમુક વખતે. આનો ખુલાસો એમ છે કે સમય બે વિભાગોમાં વહેંચાયેલો છે. એક નબુવ્વતનો યુગ અને બીજો ઇમામતનો યુગ. જેથી ફરીને જો નબુવ્વતનો સમય હોય તો કયારેક ઇમામ કોઇ ખાસ પયગમ્બરના રૂપમાં પણ હોઇ શકે છે, જે કયારેક કોઇ એવા પયગમ્બરના વ્યક્તિત્વમાં પણ હોય છે કે જેને બહુ ઓછા જણ જાણતા હોય છે અને કયારેક કોઇ (છુપા) અદ્રશ્ય એવા સંપુર્ણ (સર્વગુણ સંપન્ન) માનવીના રૂપમાં પણ, અને જો ઇમામતનો સમય છે તો ઉચ્ચતમ સ્થાને બિરાજનાર ઇમામ હઝરત પયગમ્બર (સ.અ.)ના વારસદાર તરીકે હોય છે, જેમકે આજના સમયમાં છે, અર્થાંત, નબુવ્વતના કાળમાં ઇમામતનું સ્થાન એકંદરે છુપું રહે છે અને ઇમામતના કાળમાં તે જાહેર થઇ રહે છે. પયગમ્બરનો હંમેશ રહેનાર ચમત્કાર એ હોય છે કે તે આસમાની પુસ્તક મેળવે છે અને તેના ઉતરવા (નાઝીલ થવા) વિષે વર્ણન કરે છે અને ઇમામનો ચમત્કાર એ છે કે તે આ પુસ્તકની રૂહાનીયત અને સ્પષ્ટતા શીખવે છે. રસુલ (સ.અ.) પોતાના વખતમાં ફક્ત તેઓને જ બોધ કરે છે જેઓ નબુવ્વત કબુલ કરીને એ બોધના વર્તુળમાં આવે છે જેમને આગળ ઉપર બોધવાનું ઇમામને સુપુર્દ કરી દયે છે અને ઇમામ તે લોકોનેજ હિદાયત આપે છે કે જેઓ તેની ઇમામતને કબુલ કરી તેના વર્તુળમાં આવી ચુકેલા હોય છે.

જે રીતે પયગમ્બર (સ.અ.) એક એવી વિદ્વતા સભર કિતાબ લાવ્યા કે જેના જાહેર તથા બાતુનમાં શરીયત, તરીકત, હકીકત અને મારફતનું જ્ઞાન રહેલું છે તે રીતે મહાન-તમ ઇમામ (અ.સ.) ઝમાનાની પ્રગતિ, અને સમયના બદલવાની સાથે સાથે કુરઆન તથા ઇસ્લામની કેળવણી માટે લોકોને આગળ વધારે છે અને સત્ય (સીધા) રસ્તા માટે દરેક ઠેકાણે તેઓનું માર્ગદર્શન કરે છે.

## હઝરત હસન :

સવાલ ૩૦ : હઝરત હસન (અ.સ.) પંજતન પાકના (પાંચમાંના) એક છે જે તો એક સર્વમાન્ય બાબત છે, તે સિવાય ઇસમાઇલી દ્રષ્ટિબિંદુથી હઝરત હસન (અ.સ.)નું શું સ્થાન છે?

જવાબ : સવાલ (૮)ના જવાબમાં જે રીતે આ વિષે ખુલાસાવાર ઉલ્લેખ થયેલ છે અને સવાલ (૪૨)ના જવાબમાં પણ આને ટુંકમાં વર્ણવેલ છે કે હઝરત હસન (અ.સ.) ઇમામ હતા પણ વણસ્થપાયેલા ઇમામ હતા, કેમકે સમય અને સ્થળની જરૂરત પ્રમાણે નુરે ઇમામત જુદા જુદા દરજ્જાઓમાં જાહેર થાય છે, દાખલા તરીકે ઇમામે મુકીમ (જે નાતીક યાને રસુલને કાયમ કરે છે) ઇમામે અસાસ (ઇમામતની બુનીયાદ) ઇમામે મુતીમ, ઇમામે મુસ્તકર (જેનાથી ઇમામોનો સીલસીલો ચાલે છે) અને ઇમામે મુસ્તવદા (જેની પાસે ઇમામત અમુક સમય માટે અમાનત હોય છે.) ઇમામે મુકીમ, ઇમામે અસાસ, ઇમામે મુતીમ, ઇમામે મુસ્તકર અને ઇમવદા. (અલ ઇમામત ફિલ ઇસ્લામ–પાના નંબર ૧૪૩માં તપાસી જુઓ)

ઇમામે મુસ્તવદા, ઇમામે મુસ્તકર સિવાય તેનાથી અલગ હોય છે જેની ઇમામત એક પેઢી અથવા અમુક પેઢીઓ પછી ઇમામે મુસ્તકરમાં પાછી ફરી જાય છે. આ રીતે હઝરત ઇબ્રાહિમ (અ.સ.) પછી હઝરત ઇસમાઇલ (અ.સ.) ઇમામે મુસ્તકીર હતા અને હઝરત ઇસ્હાક (અ.સ.) ઇમામે મુસ્તવદા હતા. જેની ઇમામત કેટલીયે પેઢીઓ પછી આં હઝરત (સ.અ.)ના વખતમાં ઇમામે મુસ્તકર તરફ પાછી વળી હતી.
(જુઓ અલ ઇમામત ફિલ ઇસ્લામ પાના નં. ૧૪૯, ૧૫૧, ૧૫૩, ૧૫૫)

## રસુલ (સ.અ.)ના વારસદારો :

સવાલ ૩૧ : અહેલે સુન્નત (સુન્નીઓ) જો ગદીરે ખુમના પ્રસંગને નાકબુલ કરે તો કોઇ શીયા એ વાત કઇ રીતે સાબિત કરી

શકે છે કે હઝરત અલી (અ.સ.)જ રસુલ (સ.અ.)ના સાચા વારસદાર અને હકદાર હતા ?

જવાબ : આ કોયડો કોઇ નવો નથી. આ મુળભુત અને મહત્વનાં વિષય ઉપર ઘણાજ પુસ્તકો લખાયા છે માટે તમો જાતે એ પુસ્તકોનું ધ્યાન સહિત મનન કરો. એમ છતાં તમારી ઉત્કટ ઇચ્છાની તુરતની જરૂરિયાત ખાતર અહીં પણ થોડિક વિગતો આપીએ છીએ કે :

(અ) કુરઆનમાં ફરમાવ્યા મુજબ ખુદાતઆલાએ આસમાની પુસ્તકના વારસદાર તરીકે ઇમામ અલી અને તેમના વંશમાંથી થનાર ઇમામો (અ.સ.)ને પસંદ ફરમાવેલ છે (૩૫:૩૨) જે મુજબ હઝરત રસુલ (સ.અ.)ના વારસ તેઓજ હોઇ શકે છે કે જેથી આં હઝરત (સ.અ.) પછી ખુદાની આ ઇચ્છાનો અમલી નમુનો બનીને તેઓ જગતમાં હંમેશા હૈયાત અને મૌજુદ રહે હકદાર મુસલમાન મોમીનોને સાચી રીતે હીદાયત અને માર્ગદર્શન આપે.

(બ) તમોએ સવાલમાં અણધારી રીતે (ઇન્કાર) "ના કબુલ" શબ્દનો ઉપયોગ કરેલો છે જેનો અર્થ ખાત્રીપુર્વકની દલીલને માન્ય ન રાખવી એમ થાય છે અને આ એક એવી દલીલ છે કે જેના લીધે તમારો સવાલ આપ મેળેજ ખતમ થઇ જાય છે અને વધુ કાંઇ પુછવાનો અવકાશ નથી રહેતો.

(ક) શરૂઆતથી અત્યાર પર્યંત હઝરત અલી (અ.સ.)ના વંશથી પાક ઇમામો (અ.સ.)નો ઇમામતનો સીલસીલો અને હિદાયતનું કામ જે રીતે ચાલુ છે અને ચાલતું રહ્યું છે, તે પોતેજ આ વાતની સૌથી મોટી અને સત્ય સાબિતી છે કે હઝરત રસુલ (સ.અ.)ની અહેલે બૈતજ તેમના સાચા વારસદાર છે અને આ પાક આસમાની વારસાના હકદાર આ માનવંત લોકોજ છે, કારણ કે ખુદાતઆલાનો હેતુજ એ છે કે જે રીતે હીદાયતનો બંદોબસ્ત મહાન પયગમ્બર (સ.અ.)ના સમયમાં ચાલતો રહેલો તેજ રીતે તે હંમેશા કાયમ રહે.

(ક) (હબલ્લિાહ) ખુદાની રસ્સી માટે અલી (અ.સ.) અને તેના વંશમાંથી આવનાર ઇમામો સિવાય અન્ય કયો સીલસીલો છે, જેમ કે કહેવામાં આવ્યું છે કે "ખુદાની રસ્સી કયારેય તુટતી નથી" (૩:૧૦૩) જે ખુદાનું નુર છે તે હરગીઝ બુઝાતું નથી (૬૧:૮) એક પવિત્ર સદાબહાર ઝાડની જેમ હંમેશા અને દરેક રૂતુમાં ફળ દેતું રહે, કારણ કે તેના મુળ મજબુત અને ડાળીઓ આકાશ સુધી ગયેલી છે. (૧૪:૨૪-૨૫)

(ઉલીલ અમ્ર) હુકમના માલિકની હેસિયતથી ખુદા અને રસુલ (સ.અ.)નું પ્રતિનીધીત્વ કરે કારણ કે દીની હિદાયતનું ઠેકાણું (મધ્યબિંદુ) સદા કાયમ રહે છે (૪:૫૯) અને તેના મારફત આલે ઇબ્રાહિમ (અ.સ.) તથા આલે મુહમ્મદ (સ.અ.)ની મહાનતા અને બુઝુર્ગી ટકી રહે કેમકે આસમાની પુસ્તક, હીકમત તથા (રૂહાની બાદશાહી) મહાન દેશના ઉચ્ચતમ સ્થાનનો વારસો કયામત સુધી ફક્ત આજ ખાનદાન પાસે રહેશે (૪:૫૪)."

## ઇમામ ઇસમાઇલ :

સવાલ ૩૨ : અમુક પુસ્તકના અમુક પાનાઓ ઉપર તેના લેખકે જણાવ્યું છે કે ઇમામ ઇસમાઇલ (અ.સ.) તેમના માનવંત પિતાશ્રી ઇમામ જાફર સાદિક (અ.સ.)ના જીવનકાળ દરમ્યાન જ વફાત પામ્યા હતા અને જનાબ મુસા કાઝીમ સાચા વારસદાર હતા. શું આપ કોઇ જવાબી દલીલો મારફત અમોને એ સાબિતી મેળવી આપી શકશો કે ઇમામ જાફર સાદિક (અ.સ.) પછી ઇમામ ઇસમાઇલ (અ.સ.) હયાત હતા અને ઇમામતના સાચા વારસ પણ તેઓજ હતા ?

જવાબ : વિરોધીઓનાં હોય એવા પુસ્તકોને મહત્વ આપવું એ બહુ મોટી નબળાઇ છે, પરંતુ જાણવા ખાતર સવાલ કરવા જરૂરી છે. કાયદો, પછી તે દીની હોય કે દુન્યવી, તેમાં દરેક વેળા એમ હોય છે કે

એક તરફ તો તે એવા મામુલી સવાલોથી સભર હોય છે કે જે હંમેશા એક જેવાજ હોય છે અને બીજી તરફ તેમાં દરેક વખતે ખાસ બનાવો અને સમજુતીઓ માટેની શકયતાઓ પણ હોય છે. કે જેથી જરૂરતની વેળાએ મુશ્કેલી ન નડે. "વજાહે દીન" નામના પુસ્તકના પહેલા ભાગના ૧૧મા કલામમાં ૧૧૨ નંબરના પાના ઉપર લખેલું છે કે શાહ ઇસમાઇલ (અ.સ.)ની ઇમામત તેમના પિતાશ્રીની હૈયાતીમાંજ મહમદ બિન ઇસમાઇલ (અ.સ.)માં બદલી થઇ ચુકી હતી. આનો અર્થ અમ થાય છે કે ઇમામ જાફર સાદિક (અ.સ.)એ સમય આવવાના ઘણા પહેલાથીજ ઇસમાઇલ (અ.સ.)ને ઇમામત અર્પણ કરી દીધી હતી અને ઇમામ ઇસમાઇલ (અ.સ.)એ પણ એમજ કર્યું હતું. એટલે કે તેમણે પોતાના માનવંત પિતાશ્રીની મોજુદગીમાંજ પોતાના સુપુત્ર મહમદ બિન ઇસમાઇલને ઇમામત અર્પણ (નસ) કરી દીધી હતી. આમ ઇતિહાસનો એ સવાલજ અંત પામી જાય છે કે ઇમામ ઇસમાઇલની વફાત કયારે થઇ હતી ? તેમના પિતાના જીવનકાળ દરમિયાન કે તે પછી ના કોઇક સમયે ? બહરહાલ, તે જે પણ હોય, ઇમામતનો ક્રમ તેમના ભાઇ થકી નહિં પણ ઇમામ ઇસમાઇલ થકીજ ચાલતો રહયો છે અને આજ પર્યંત, જયારે કે ઇમામત હઝરત ઇમામ ઇસમાઇલ (અ.સ.)ના વંશમાંથી ચાલતી આવી છે, એ વાત માનવી પડશે કે સચ્ચાઇ ઉપર ઇમામ ઇસમાઇલ (અ.સ.)જ હતા.

એ સાચું છે કે ઘણેભાગે ઇમામની શારીરિક ઝીંદગીના છેલ્લા દિવસો કે છેલ્લી પળોમાં ઇમામત બદલી થાય છે, પણ એ તો ફક્ત સત્તાની ફેરબદલીની વાત છે, ખરૂં જોતાં ભવિષ્યના ઇમામ રૂહાનીયત અને નુરાનીયતના મુકામો તો ઘણા જલદી પસાર કરી લ્યે છે કેમકે નુર કોઇ ભૌતિક (સ્થુળ) વસ્તુ નથી કે તે એકજ હસ્તીમાં મર્યાદિત થઇ રહે, પણ તે તો એકજ સમયે કેટલીય હસ્તીઓમાં મૌજુદ રહી શકે છે જેમકે પંજતન પાકનો દાખલો લઇએ, કે પાંચ માનવંત શરીરોમાંથી

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

નુર કોની અંદર હતું ? સૌમાંજને ! સત્તા કોની પાસે હતી ? એક પાસે, જે આં હઝરત (સ.અ.) હતા; આમ જાહેર થાય છે કે નુરે ઇમામતનો પ્રકાશ પિતા સિવાય પુત્ર અને પૌત્રમાં પણ પહોંચે છે, કેમકે નુર એકજ દિવસમાં એક ઇમામથી બીજા ઇમામ સુધી પસાર નથી થતું અને જે વસ્તુ તુરત બદલી થઇ શકે છે તે છે દીની હિદાયતનો અધિકાર (સત્તા).

કુરઆનમાં એ ઉલ્લેખ છે કે ખુદાના નુરને કોઇ બુઝાવી શકતું નથી પણ એનો એવો અર્થ કયારેય ન થઇ શકે કે કોઇ પયગમ્બર કે ઇમામને શહીદ કરવામાં નથી આવ્યા, પરંતુ એનો એમ અર્થ થાય છે કે એવો સમય આવે ત્યારે ખુદાવન્દતઆલા, જે રીતે પોતાના નુરની બદલી અન્ય હસ્તીમાં કરે છે, તે ભેદ એવો છે કે જેને દરેક વ્યક્તિ નથી સમજી શકતી, માટે સમયના જોખમોને જોતાં શાહ ઇસમાઇલ (અ.સ.)ની ઇમામત મોજીઝા તરીકે મહમદ બિન ઇસમાઇલ (અ.સ.)માં બદલી ગઇ હતી.

પુસ્તક "અસાસુલ તાવીલ"માં સય્યદના કાઝી નોમાન અને "વજહેદીન"માં પીર નાસર ખુશરૂ ફરમાવે છે કે હઝરત યાકુબ (અ.સ.)ની ઇમામત ઘણી વહેલી હઝરત યુસુફ (અ.સ.)માં બદલી થઇ ચુકી હતી જેનું કારણ યુસુફ (અ.સ.)ના ભાઇઓની દુશ્મની હતી. જેઓ નહોતા ઇચ્છતા કે તેમને મુકીને તેમના પિતા યુસુફ (અ.સ.)ને આ માટે પસંદ કરે.

હઝરત અલી (અ.સ.)ના શહીદ થવા પહેલાં હઝરત હસન (અ.સ.) અને હઝરત હુસેન (અ.સ.)માં નુરાનીયત અને ઇમામતની ખુબીઓ આવી ચુકી હતી. જેના વિષે પયગમ્બર (સ.અ.)એ ફરમાવ્યું હતું કે "હસન અને હુસેન, ગમે તો ઊભા હોય અથવા બેઠા હોય, બંને ઇમામ છે અને તેમના પિતા તેમનાથી ઉત્તમ છે." આજ રીતે હઝરત ઇમામ

હુસૈન (અ.સ.)ના શહીદ થવા પહેલાંજ ઇમામત હઝરત ઝૈનુલઆબેદીનને મળી ચુકી હતી, કારણ કે કુદરત સમયના દબાણના હિસાબે પોતાનું કાર્ય કરે છે. આમ આ હકીકત વધુ સારી રીતે પ્રકાશમાં આવે છે કે હઝરત ઇસમાઇલ (અ.સ.)ની ઇમામત, ઉપર જણાવ્યા મુજબના કારણે તેના વખત કરતાં જલ્દી મહમદ બિન ઇસમાઇલમાં બદલી થઇ ચુકી હતી.

## રૂહાની પ્રગતિ :

સવાલ ૩૪ : રૂહાની પ્રગતિની મુળ શરતો શું છે ? એક મોમન જો લાંબા સમયથી નીયમિતપણે ઇબાદત કરી રહયો છે છતાં પણ તેની કોઇ પ્રગતિ નથી થઇ તો આ પછાતપણાનું કારણ શું હોંઇ શકે છે ?

જવાબ : રૂહાની પ્રગતિની મુળ શરતો ઇમામે ઝમાન (અ.સ.)ની હકીકી અને સંપુર્ણપણે ફરમાનબરદારી છે, અને તે ઇલ્મ અને અમલ વડે થઇ શકે છે. મતલબ કે રૂહાની પ્રગતિની એક મુળ શરત દીની ઇલમ છે અને બીજી મુળ શરત નેક આમાલ છે. દીની ઇલમનો અર્થ છે "ઇલ્મુલ યકીન" એટલે કે એવું ઇલમ કે જેના થકી સઘળી શંકા કુશંકાઓ નાશ પામે છે અને સવાલો પોતે પોતે ખલાસ થઇ જાય છે અમલનો અર્થ છે કે આમાલ–કાર્યો એવા હોવા જોઇએ કે જે ઇમામે ઝમાનની મરજી મુજબના હોય જેથી રૂહાની પ્રગતિ થઇ શકે.

એક મોમન જો લાંબા સમય સુધી નીયમિતપણે ઇબાદત કરતો રહે તો તેની રૂહાની પ્રગતિ જરૂર થશે પણ અહીં મુશ્કેલી એ વાતની છે કે એવા એ મોમનને તમોએ જે ધોરણ વડે પરખ્યો છે તે તદન સામાન્ય ધોરણ છે, અર્થાંત જે ઇબાદતને તમો નીયમિતપણાની કહો છો તે તેમ છતાં પણ નીયમિતપણાની નથી કારણ કે તેમાં "ઇલ્મુલ યકીન"ની ઓછપ છે અને આમાલની ખામી છે વળી શકય છે કે "ઝીકર"ની રીતમાં પણ ફરક હોય. મારા પુસ્તક "ઝીકરે ઇલાહી"ને તમો વાંચો, કે

જેનું ઉર્દુથી અંગ્રેજીમાં મારા પરમ મિત્ર ફકીર મહમદ હુંઝાઇ તથા ઝેન રહીમ કાસમે ભાષાંતર કરેલ છે.

## હઝરત આદમ (અ.સ.)

સવાલ ૩૪: દુનિયામાં કેટલાં આદમ થઇ ચુકયા છે એ જણાવો.

જવાબ: સામાન્ય વાતો અને જાહેરી ઇલમને જોવામાં આવે તો એમજ જણાશે કે જાણે ફકત એકજ આદમ આ દુનિયા ઉપર આવ્યો હોય, પરંતુ ખુદાતઆલા તરફથી જ્યારે કોઇ હકીકી મોમનને હિકમત (સમજ) મળે છે ત્યારે તેને જણાય છે કે આદમને પેદા કરવાનો ફાયડો શું છે અને તેની હકીકત શું છે. તે સમજી લ્યે છે કે આદમ એક નથી પણ ઘણા છે બલ્કે અસંખ્ય છે. કેમકે આદમથી હેતુ છે તે સંપુર્ણ માનવનો કે જેના થકી માનવતા (ઇન્સાનીયત) અને મઝહબના એક નવા યુગનો આરંભ થાય છે, અને ખુદાતઆલાની આ પ્રાચીન (ઘણી પુરાણી) બાદશાહતમાં હંમેશા હંમેશા આવા યુગોનો ક્રમ ચાલતો રહયો છે, જેનો અર્થ છે કે આ વિશાળ કાયનાતમાં પૃથ્વી જેવા બીજા ઘણા ગ્રહો (ઘણી દુનિયા) બને છે અને મટી જાય છે અને દરેક દુનિયાની વયમાં કેટકેટલાં આદમોના યુગો વહી જાય છે.

## સુધારો—વધારો:

સવાલ ૩૫: આપણી પવિત્ર દુઆમાં સુધારો વધારો શા માટે કરવામાં આવ્યો? આ સવાલ ખાસ કરીને અમુક મુળભુત શબ્દોના વિષે છે.

જવાબ: ઇસ્લામ કુદરતી મઝહબ છે, જેથી તેનાં જાહેર અને બાતુનમાં એવી શકયતાઓ (એવા અવકાશ) રહેલા છે કે સમયની

બદલાતી હાલતો અને લોકોની જરૂરિયાતો મુજબ તેમાં વ્યાજબી સુધારાઓ કરવામાં આવે, જેથી સત્ય દીન ઉપર અમલ કરવામાં લોકોને કોઇ મુશ્કેલી ન નડે, જેમકે ખુદાતઆલાનું પવિત્ર ફરમાન છે કે "અલ્લાહ તમારા માટે સહેલાઇ ઇચ્છે છે, તે તમોને મુશ્કેલીમાં નાખવા નથી ઇચ્છતો." ૨:૧૮૫.

ખુદાવન્દતઆલાના આ પવિત્ર ફરમાન થકી એ બાબત સાફ તરી આવે છે કે તે મહેરબાની કરનાર, ક્યારેય એમ નથી ઇચ્છતો કે મઝહબની બાબતમાં કોઇ બિનજરૂરી સખ્તી અને મુશ્કેલીઓનો લોકોને સામનો કરવો પડે માટે તેણે પોતાની અગણિત રહેમતો વડે હાદીએ બરહકને દીનના કાર્યોમાં એ અધિકાર આપેલો છે કે જરૂરત પ્રમાણે જ્યાં અને જયારે યોગ્ય જણાય તેવા સુધારાઓ કરી લ્યે.

આ વિષે એક ચર્ચા બહુ યોગ્ય રહેશે કે સત્ય મઝહબ યાને ઇસ્લામ કેટલા સમયથી છે? આં હઝરત (સ.અ.)ના સમયથી બલ્કે અઝલથી, શું એ સત્ય છે કે હઝરત આદમ (અ.સ.)ના વખતથી આં હઝરત (સ.અ.)ના મુબારક સમય સુધી સાચો મઝહબ (ઇસ્લામ) જે રીતે ચાલતો આવ્યો છે તેમાં મુળભુત ખુબીઓ એ છે કે તેમાં બદલાતા સમયની સાથે સાથે સુધારાઓ થતા રહયા છે? જી હા, એ સત્ય છે. આ સુધારાઓ કેવી રીતે કરાતા હતા? તે એવી રીતે કે દીનના નીયમો બે પ્રકારના હોય છે જેમાંથી એકમાં સુધારાઓ માટે અવકાશ (જગ્યા) હોય છે અને બીજામાં નથી હોતી, તો જે નીયમોમાં સુધારા વધારા કરી શકાતા હોય તેમાંજ તેમ કરાય છે બીજામાં નહિં.

એ ખબર કેમ પડે કે દીનની અમુક બાબતોને બદલવાનો સમય થઇ ચુકયો છે? નબુવ્વતના વખતમાં જયારે એક પયગમ્બર પછી બીજા પયગમ્બર આવે છે અને ઇમામતના ઝમાનામાં જયારે એક ઇમામ પછી બીજા ઇમામ નીયુકત થાય છે ત્યારે એ જણાઇ આવે છે કે હવે દીનમાં

અમુક બાબતોમાં ધીમે ધીમે સુધારાઓની શકયતા છે. ખુદાના આ સિધ્ધાંતમાં ઘણું ડહાપણ (ઘણી ખુબીઓ) રહેલાં છે.

ઇબાદતની રીતો અને શરતો :

સવાલ ૩૬ : ઇબાદત અને ઝીકર કેવી રીતે થવા જોઇએ કે જેથી સફળતા મળે ?

જવાબ : (અ) નિસ્વાર્થ ભાવના અને સાચી મહોબ્બતની લાગણીઓ વડે પરિપુર્ણ (ભરપુર) થઇને એક બંદો ખાસ અને સામાન્ય ઇબાદત કરે જેથી રૂહાની પ્રગતિ થાય. જેમાં કોમ માટેની નેક ભાવનાઓ (શુભેચ્છાઓ) અને તેની સેવા એ જરૂરી શરત છે.

(બ) એ જરૂરી છે કે એક હકીકી મોમન સવાર અને સાંજ ગીરીયા વ ઝારી કરે અને પોતાના દરેક ગુનાહોની સારી રીતે તોબા કરે કારણ કે દિલમાં ગુનાહરૂપી કાટ જરા પણ રહી જાય તો ઇબાદત આગળ નથી વધી શકતી. મઝહબી ઇલમ વગર રૂહાની પ્રગતિ થવી શકય નથી.

(ક) મોમન બંદા માટે એ જરૂરી છે કે તેણે હંમેશા ઝીકરમાં રચ્યા રહેવું (ચાલુ રટણ કરતા રહેવું) જોઇએ કે જેથી ધીરે ધીરે તેનું દિલ પાક થાય અને ઇબાદત સફળ થાય, પરહેઝગારી ખુબજ જરૂરી છે.

(ડ) જો તમો ખાસ ઇબાદત વડે રૂહાની પ્રગતી કરવા ઇચ્છતા હો તો રાત્રીએ (ઇબાદતના) સમય પહેલા ઊઠીને ખુદાની હુઝુરમાં ખુબ ગળગળા થઇ અને ગીરીયા વ ઝારી કરો. અત્યંત નમ્રતાથી વારંવાર સીજદામાં જઇને દુઆઓ માંગો.

(ઇ) તમે પુરેપુરા પરહેઝગાર રહો યાને કે કુરઆનમાં જે કામ કરવા કહેવામાં આવ્યું છે તે ઉપર અમલ કરો અને જે કામ માટે

રોકવામાં આવેલ છે તેનાથી દુર રહો અને તે માટેની સહેલી રીત એ છે કે તમો તમારી જાહેરી ઇન્દ્રીયો અને બાતુની ઇન્દ્રીયોનો ખુદાતઆલાના હુકમ અને ફરમાન મુજબ ઉપયોગ કરો.

નોટ :- આ વિષે (મારા એક પુસ્તક) "ઝીકરે ઇલાહી"ને તપાસશો તો મદદકર્તા થઇ શકે છે.

## નુરાનીયતનો વખત :

સવાલ ૩૭ : ઇસ્મે આઝમના ઝીકર (રટણ) માટે કોઇ અન્ય વખત કરતાં સવારના ચારથી પાંચ વાગ્યા સુધીનો વખત શું કામ નક્કી કરવામા આવ્યો છે?

જવાબ : આ વખત એટલા માટે પસંદ કરેલો છે કે તેમાં ઓછામા ઓછી ચાર ઉત્તમતાઓ છે.

(૧) સવારનો આ વખત રાત્રીનો છેવટનો ભાગ છે અને દિવસના મુકાબલામાં શાંતિમય અને કામયાબ ઇબાદત માટે રાત્રિ વ્યાજબી અને યોગ્ય છે.

(૨) સવારનો વખત સાંજના વખત કરતાં વધુ સારો છે કારણ કે એક વખત સુઇને જાગવાથી મોમનનું દિલ અને મગજ દરેક રીતે ઇબાદત માટે સ્ફુર્તિમય અને તૈયાર થઇ જાય છે.

(૩) સવારે વહેલા જાગવામાં હકીકી દોસ્ત (ખુદા) તરફથી એક પરીક્ષા થાય છે કે તેનો મોમન દીદાર માટે કેટલીય હદ સુધી લાગણી રાખે છે.

(૪) આમાં કામની ઉત્તમતા અને વખતની બચતની ફિલસુફી પણ છે. રાત્રીનો છેવટનો ભાગ આ ખાસ ઇબાદત માટે રાખવામાં આવે જેથી

તે સામાન્ય ઇબાદતથી નઝદિક હોય, અને વળી આરામ માટે રાત્રીનો સમય તથા કામ માટે દિવસનો સમય પણ બચે. તે સિવાય આ ખાસ અને સામાન્ય ઇબાદતની શકિત મેળવ્યા પછી તુરતજ દિવસનું કામકાજ શરૂ કરવામાં આવે તો તે રૂહાની શકિતને લીધે કામકાજમાં મદદ મળે અને સારૂં કામ થાય.

## તૌહીદ :

સવાલ ૩૮ : સુરએ ઇખ્લાસમાં ખુદાતઆલાનું ફરમાન છે કે તે પવિત્ર (ઝાત) આ ભૌતિક જગતમાં નથી આવ્યો, આ વિષે તમો શું કાંઇ સ્પષ્ટતા કરશો ?

જવાબ : સુરએ ઇખ્લાસમાં ખુદાતઆલાની પાક ઝાત વિષે જે કાંઇ ફરમાવેલું છે તે તમોએ વાપરેલા છે તેવા શબ્દોમાં નથી. તે છતાં તમારો હેતુ ખુદાની એ મહાન અને પવિત્ર હસ્તીની વહેદાનીયત (તેના એક હોવા) વિષે સવાલ કરવાનો છે. મતલબ કે ઇલ્મે તૌહીદ વિષે તમે મુળભુત બાબતો જાણવા ઇચ્છો છો, તો આ સવાલનો સંપુર્ણ જવાબ મારા એક પુસ્તક "પંજ મકાલા નં. ૪" ના છેલ્લા ૨૪ પાનાઓમાં સમાયેલ છે, જેનું તમો મનન કરો.

હઝરત ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ (સલ્વાતુલા અલેહી)ના મુબારક ફરમાનોમાં માનવીની પોતાની ઓળખાણના અને ખુદાની ઓળખાણના ઘણા દાખલાઓની હકીકતો મૌજુદ છે અને આ વિષે છેલ્લી અને સૌથી શ્રેષ્ઠ કેળવણી છે "એક હકીકત"નું દ્રષ્ટિબિંદુ, કે જેને સમજવાથી ફકત તૌહીદ વિષેના દરેક સવાલો અંત પામે છે એટલુંજ નહિં પણ સાથેસાથે ઉચ્ચ દરજ્જાની અન્ય દરેક હકીકતો પણ સાફ તરી આવે છે અને સંપુર્ણપણે સંતોષ મળે છે.

"એક હકીકત"નું દ્રષ્ટિબિંદુ જો વ્યાજબી છે, તો તેનો અનુભવ સૌ પ્રથમ પોતાની જાતમાં નહિં પણ એક (સર્વગુણસંપન્ન) ઇન્સાને કામીલ ઉપર કરવો જોઇએ, કારણ કે એ એજ છે જે દરેક હકીકતોને શરૂઆતથી અંત સુધી, તેના એક થઇ જવા વિષેનો નમુનો છે એટલે કે હાદીએ બરહક (હાઝર ઇમામ) પોતેજ દરેક રૂહોના અનંત રીતે એક થઇ જવાના "એક હકીકત"ના રૂપે રહેલો છે અને તે પોતેજ તે માટેનો પ્રતિનીધી છે અને આ હકીકત તરફ લોકોને લઇ જવા માર્ગદર્શન આપે છે.

હુઝુરે અકરમ (સ.અ.)ના ઘણા વધુ સમાન, હઝરત ઇબ્રાહિમ (અ.સ.)ની ખુદાની ઓળખ બાબત તૌહીદ તથા ખુદાને સમજવા, સમજાવવા અને અમલ મારફત તેની પૈરવી કરવા વિષે કુરઆન અને ઇસ્લામમાં ઉત્તમ દાખલાઓ આપવામાં આવ્યા છે, "આપ (સ.અ.) એ ધોરણવાર સીતારાઓ પછી ચાંદને અને સુરજને રબ માન્યો, અને તેના પરિણામે આપ (સ.અ.) આ કાયનાતને પેદા કરનાર સુધી, તેની મારફત સુધી પહોંચી ગયા" (૬:૭૬થી ૭૯) આમાં હુદુદે દીનના વસીલા (મઝહબની મર્યાદાઓના પાલન) થકી ખુદાની વહેદત યાને કે "એક હકીકત" સુધી પહોંચી જવા વિષે ઇશારો આપેલ છે.

અગર તમો દુનિયાના મઝહબો અને ખુદ ઇસ્લામ (મઝહબ)ના ઇતિહાસને જુઓ તો એ સત્ય સામે આવશે કે જો કે ખુદાની વહેદાનીયત (એક હોવા પણુ) તો પોતાને સ્થાને હંમેશા એક જેવુંજ છે પણ તેની રજુઆત અને તેની જે સમજાણ આપવામાં આવી છે તેમાં પ્રગતિ થતી આવી છે અને ધીમે ધીમે સુંદરતા—ભવ્યતા આવી છે. આ નમુનો બિલકુલ હઝરત ઇબ્રાહીમ (અ.સ.)ના દાખલા જેવોજ છે કારણ કે દીન પણ (દરેક રીતે) સર્વાંગી રીતે એક સામાન્ય માણસ જેવો નથી પણ હઝરત ઇબ્રાહીમ (અ.સ.)ની માફક છે, માટે મઝહબની વય પસાર થતાં સાથે સાથે હકીકતો અને મારફતમાં પણ પ્રગતિ થવી જોઇએ.

## તસ્વીર :

**સવાલ ૩૯ : ઇમામ તો હાઝર અને મૌજુદ છે તો પછી જમાતખાનામાં તેમનો ફોટો શું કામ રાખવામાં આવે છે ? શું આ બુતપરસ્તી નથી ?**

જવાબ : આ સવાલનો પહેલો ભાગ તો તર્ક વિનાનો છે અને બીજો ભાગ વ્યાજબી છે. હવે આનો જવાબ એમ છે કે ઇમામની તસ્વીર (ફોટો) મુબારક બુતપરસ્તી હરગીઝ નથી કારણ કે ઇમામે ઝમાન ખુદાનું જીવંત ઇસ્મે આઝમ છે જે "હૈયાત અને કાયમ છે". અને તેનો ફોટો તે ઇસ્મે આઝમનો ઇશારો અને નીશાની છે. જેવી રીત "અલ્લાહ" ખુદાનું નામ છે અને શબ્દ "અલ્લાહ"માં આવતા અક્ષરો એટલે કે "અલીફ, લામ, લામ અને હે." એ કંઇ ખુદા તો નથી પણ ઇશારો અને નીશાની છે જેને લીધે ખુદાના નામની ઓળખ થાય છે, માટે ન તો અક્ષર નકામા છે કે નતો શબ્દ "અલ્લાહ", આજ પ્રમાણે ઇમામે બરહકનું મુબારક વ્યક્તિત્વ જે અર્થમાં ખુદાનું સર્વથી મોટું નામ છે તે રીતે તેમનો ફોટો સૌથી મોટો નકશ (લિખિત રૂપ) છે.

હજ કરવી એ ઇસ્લામની સાત પાયારૂપ ફરજોમાંની એક છે તેની રીતને જાહેરી દ્રષ્ટિકોણથી જોયું જાય તો તેમાં ઘણી બાબતો એવી છે કે બુતપરસ્તી જેવી લાગે છે. પણ હકીકતમાં તે એવી નથી કારણ કે ખુદા અને રસુલ (સ.અ.)એ તેમાં ઘણી ખુલાસાવાર ફિલસુફી રાખી છે.

કુરઆને હકીમની સુરાઓ ૨:૧૫૮ ૫:૨, ૨૨:૩૨, ૨૨:૩૬માં ખુદાની નીશાનીઓનો ઉલ્લેખ છે, જેમાં તે નીશાનીઓની ઇઝઝત કરવાને અને તેના માન જાળવવાને દીલની પરહેઝગારી કહેવામાં આવી છે, અને એ બાબત તદ્દન સ્પષ્ટ છે કે હઝરત પયગમ્બર (સ.અ.) તથા ઇમામ (અ.સ.)ની હસ્તી પોતેજ ખુદાની નીશાનીઓ છે અને જો એ વાત આમ ન હોત તો આં હઝરત એમ ફરમાન ન કરતે કે "જેણે મને

દીઠા તેણે ખુદાને દીઠા." તેઓ એમ ન ફરમાવતે કે હઝરત અલી (અ.સ.)ના ચહેરાની તરફ જોવું એક ઇબાદત છે. હુઝરત નબી સાહેબે એમ ફરમાન ન કર્યું હોત કે કુરઆન તરફ જોવું ઇબાદત છે અને ઇમામ તરફ જોવું ઇબાદત છે. તો આ ફરમાનો થકી જણાય છે કે પયગમ્બર અને ઇમામની પાક હસ્તી ખુદાની નીશાનીઓમાંથી છે માટે ઇમામે ઝમાનનો ફોટો માનને લાયક છે.

## તખ્લીક (ઉત્પત્તી)નો હેતુ :

**સવાલ ૪૦ : ખુદાતઆલાએ ઇન્સાનને શા માટે પેદા કર્યો ? આ દુનિયામાં ઇન્સાન કયા હેતુને પુરો કરે છે ?**

જવાબ : ૨૦ નંબરના સવાલમાં પણ આ બાબત આવી છે અને તેનો જવાબ પહેલા ભાગમાં અપાઇ ગયો છે. અહીં તેજ જવાબની કંઇક વધુ સમજણ આપીએ છીએ. રૂહ અને રૂહાનીયતની ઓળખ કે જે રબ્બુલઇઝઝતની મારફતનું સાધન છે, તે એક બેનમુન અને અનંત એવા છુપા ખજાના માફક છે. તેને જાણવું અને તેના સુધી પહોંચવું ઇન્સાન માટે બેહદ જરૂરી છે અને તે એ મહાન હેતુને પુર્ણ કરવા માટેજ દુનિયામાં આવ્યો છે. તો અગર તેણે પોતાની જાતની મારફતમાં ખુદાની મારફત મેળવી લીધી, તો તે અનંત અને અમર એવો છુપો ખજાનો તેને આપવામાં આવે છે નહિં તો નહિં, જેથી ઇન્સાનનો આ દુનિયામાં આવવાનો હેતુ ઉચ્ચજ છે.

અહીં જે હદીસે કુદસીની તરફ ઇશારો કરવામાં આવ્યો છે, તેને જો અક્કલ અને શાણપણથી વિચારવામાં આવે તો તેનું પરિણામ એ આવે કે તેની સામે એક છુપો ભેદ કે જે પરદામાં ઢંકાયેલો છે તે જાહેર થઇ જાય (ખુલ્લો પડી જાય) કે ખુદાનઆલાએ મોમાનોથી જેટલા વચન (કોલ) કીધેલા છે તેમાં સૌથી મહાન-તમ કોલ એજ છે કે જેનો

સંબંધ મારફતથી છે, કે જે શખ્સ ખુદાતઆલાને જે પ્રમાણે ઓળખવા જોઇએ તે પ્રમાણે ઓળખશે તો તેને પરવરદીગાર એક બેનમુન રૂહાની ખજાના રૂપે મળશે. મારફતની મહત્વતાનો અંદાજ આટલેથીજ આવી શકે છે અને આ થકીજ એ હકીકત પણ સમજાઇ શકે છે કે ઉત્પ-ત્તી (પેદા કરવા)નો હેતુ ખુદાવંદી ઉચ્ચ મારફતનો છે.

## કયામત અને આખરત :

સવાલ ૪૧ : કયામતનો દિવસ શું છે? અને જો મોત પછી બીજું જીવન છે તો તે જીવન કેવી રીતનું હશે? (કેવા પ્રમાણનું હશે?)

જવાબ: સવાલ નં. ૯, ૧૯ અને ૨૧ના જવાબમાં આ વિષે ઘણી સમજણ આપેલી છે અને અહીં પણ થોડું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે. ઇન્સાન આ દુનિયામાં બે પ્રકારનાં જીવન ગુજારે છે એક જીવન વિચાર—બુધ્ધિનું છે અને બીજું જીવન નાશવંત (અલગ થનારૂં) છે. બુધ્ધિના જીવનની પણ ત્રણ શાખાઓ છે અથવા એમ કહો કે તેની ત્રણ દુનિયાઓ છે. ફિકર અને વિચારની દુનિયા, સ્વપ્નાની દુનિયા અને રૂહાનીયતની દુનિયા અને બીજી તરફ આ ત્રણેની સામે નાશવંત જીવન છે જે ભૌતિક—જાહેર છે.

ફિકર (મનન) અને વિચાર (કલ્પના)ની દુનિયામાં મનુષ્યનું કેવી રીતનું જીવન હોય છે તે સમજવા માટે તમો થોડિવાર માટે તમારી જાહેરી ઇંદ્રીયોને ઉપયોગ કરવાનું છોડીને બાતુનની તરફ ધ્યાનમગ્ન થઇ જાઓ અને કોઇ સારા વિચારો—કલ્પનામાં ડુબી જાઓ મતલબ કે નિહાળવું, સાંભળવું, સુંઘવું, બોલવું, (ચાખવું) સ્પર્શ કરવું એ દરેક જાહેરી શકિતઓનો ઉપયોગ ન કરતાં પોતાના દીલો દિમાગની શકિતઓને કામમાં લાવો અને પોતાની જાતને ફિકર (મનન) અને વિચાર

ISW
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

(કલ્પના)ની અંદરજ મર્યાદિત કરી લ્યો (બંધ કરી દયો) પછી ખુબ ધ્યાનમગ્ન થઇને તમે પોતે અનુભવ કરીને બતાવો કે આ સ્થિતિમાં પણ એક જીવન નથી ? કે જે આ ભૌતિક (જાહેરી) જીવનથી જુદું અને અલગ છે ? અને જો તમે આવી પરિસ્થિતિની અસરને એક પ્રકારનું વિચારમય જીવન કબુલ કરો છો તો તે આ હકીકતની દલીલ થઇ, કે આ (જીસમ) શરીર મુકી દીધા પછી પણ માનવી કોઇ અન્ય રીતે જીવંત રહી શકે છે.

આજ પ્રમાણે સ્વપ્નનો દાખલો લઇ શકીએ કે જાહેરી જીવનથી એ જીવન પણ નીરાળું છે, જુદું છે અને જીસમાની મૌત પછી રૂહાની રીતે જીવંત રહેવા વિષેની એક સાબિતી છે જેથી કરીને એક સમજદાર માણસને સારી રીતે વિચારવું જોઇએ કે જ્યારે માણસ સ્વપ્નાઓની દુનિયામાં ચાલ્યો જાય છે ત્યારે તે પોતાને જાહેરી સ્થિતિમાં જુએ છે કે બાતુની સ્થિતિમાં ? તે કઇ આંખોથી જુએ છે જીસ્માની કે રૂહાની ? જીસમાની આંખો તો સુતી રહેલી હોય છે તે કેવા કાનથી સાંભળે છે ? સ્પષ્ટ છે કે નીંદરામય સ્થિતિમાં જીસમાની કાનો તો કામ નથી કરતા હોતા. સ્વપ્નામાં તે બોલે છે, શી રીતે ? આ જીભ તો તદ્દન ખામોશજ છે. સ્વપ્નામાં તે જયાં ચાલે છે તો જીસ્માની પગથી નથી ચાલતો, તે તો રૂહાની રીતે ચાલે છે, તો આ ઉપરથી એ બાબત સાફ જણાઇ રહે છે કે સઘળા માનવીઓ માટે રૂહાનીયતમાં પણ એક દુનિયા છે, જે આખરતના નામથી છે. જેમાં તેઓ ન ફક્ત જીસમ છોડી દીધા બાદ જીવંત રહી શકે છે પરંતુ આ (હાલની) જીંદગીમાં પણ થોડેક અંશે તે જીવનને જાણી અને અનુભવી શકે છે.

હવે રહયો સવાલ કયામતનો, તો તે રૂહાની પ્રગતિ માટે ક્રાંતિ (ઇન્કીલાબ) અને દીને હકની રૂહાની લડાઇના રૂપે છે જેની વિગતનો હવાલો આ જવાબના આરંભમાંજ આપેલો છે.

## જીસ્મો (શરીરો)નું બદલી થવું :

**સવાલ ૪૨ : મૌત પછી કોઇ જીંદગી છે? શું રૂહના માટે એ શકય છે કે એક પછી બીજા અનેક શરીરોમાં જીંદગી ગુજારે?**

જવાબ : મૌત પછીના જીવન માટે સવાલ નં. ૪૧ હેઠળ ઘણીય ચર્ચા થઇ છે, જેથી અહીં આ સવાલના ફકત બીજા ભાગનો જવાબ આપીએ છીએ, કે જે શરીરોના બદલી થવા વિષે છે, અમુક સ્પષ્ટ દલીલો સાબિતીરૂપે રજુ કરીએ છીએ.

દલીલ નં. ૧. એ ધ્યાનમાં રહે કે ખુદાની રૂહ અને ખુદાનું નુર એકજ વસ્તુ છે. હવે જયારે આં હઝરત ઉપર કુરઆન-પાક નાઝીલ થઇ રહ્યું (ઉતરી રહ્યું હતું) ત્યારે અલ્લાહતઆલાએ ફરમાવ્યું કે મારૂં નુર કયારેય બુઝાવાનું નથી, આનો અર્થ એમ થયો કે જે ખુદાઇ રૂહ હઝરત આદમ (અ.સ.)માં ફુંકવામાં આવી હતી તે અંબીયાઓ અને ઇમામોના વંશમાં જીસમ બ જીસમ ચાલી આવી છે. આ થકી સાબિત થાય છે કે લોકોની રૂહો પણ એક શરીરથી બીજા શરીરમાં બદલાતી રહે છે. કેમકે ખુદાઇ રૂહે પોતાની અમલી હીદાયતમાં આજ નમુનો રજુ કરેલ છે.

દલીલ નં. ૨. કુરઆનમાં આવ્યા મુજબ આપણે બની આદમ યાને કે આદમની ઔલાદ છીએ અને નુહ નબીની કિશ્તી જયારે તોફાનમાં તરી રહી હતી ત્યારે નુહના સાથીદારોની પુશ્તમાં આપણે રૂહની નાની નાની રજકણો રૂપે હતા (૧૭:૩) અને વંશ પરંપરાગત અહીં આવીને જાહેર થયા જેથી એ હકીકત છે કે રૂહ શરીર બદલી કરતી રહે છે.

દલીલ નં. ૩. કુરઆનમાં (૨૯:૬૪)ના ફરમાવ્યા મુજબ આખરતનું ઘર હૈયાત છે અને ઇન્સાન સર્વ પ્રથમ હૈયાત છે તે પછી હૈવાન

આવે છે, આમ એક બાબત સ્પષ્ટ થાય છે કે ઇન્સાન દુનિયામાં જાહેર થવા પહેલા પણ શરીરમાં હતો. અને હાલના શરીરને મુકીને જશે તે પછી પણ કોઇ શરીરમાં બદલી થશે પછી તે શરીર (સુક્ષ્મ હોય કે દર્શનીય), ઇન્સાની હોય કે હેવાની, પણ એ વાત ચોક્કસ છે કે રૂહ હંમેશા શરીરનો ઉપયોગ પહેરવેશની માફક કરતી રહે છે.

દલીલ નં. ૪. આપણું આ શરીર (૪૦) ચાલીસ દિવસોની અંદર ધીરેધીરે રજકણો રૂપે પીગળતાં સંપુર્ણપણે નાશ થઇ જાય છે અને તે સાથેજ નવી રજકણો મારફત તેટલાજ સમયમાં તે સંપુર્ણપણે બને પણ છે. આ પ્રમાણે આપણું આ શરીર વર્ષમાં નવ (૯) વખત બદલી થાય છે જેનો અંદાજ વાળ અને નખના વધવા ઉપરથી મેળવી શકાય છે કે આ શરીર કેવી રીતે એક તરફથી બનતું જાય છે અને બીજી તરફથી ઘસાતું જાય છે, આના થકી એ જણાઇ આવે છે કે માનવીનું શરીર હંમેશા બદલાતું રહે છે એટલે કે માણસ એ પછી બીજા શરીરો બદલતો રહે છે.

દલીલ નં. ૫. કુરઆન પાકમાં ઘણી જગ્યાઓ પર અને ખાસ કરીને સુરા યાસીન (૩૬:૩૬)માં છે કે ખુદાતઆલાએ દરેક વસ્તુને જોડીઓમાં એ રીતે પેદા કરેલી છે કે તે વગર તે વસ્તુ રહી નથી શકતી જેવી રીતે કે જીસ્મ અને રૂહ. આનો અર્થ એમ થયો કે જીસમ વગર રૂહ રહી નથી શકતી અને રૂહ વિના જીસમ ફના થઇ જાય છે, જેમ આપણે તે શરીરને જોઇએ છીએ કે જેમાંથી રૂહ નીકળી ચુકી હોય છે. આ કાયનાત (સંપુર્ણ જગત)ની હૈયાત રહેવાનું—કાયમ રહેવાનું કારણ એ છે કે તેની એક મહાન રૂહ છે કે જેને સર્વસ-ત્તાધીશ રૂહ અથવા "નફસે કુલ્લી" કહી શકાય, આ પ્રમાણે જાણી શકાય છે કે જીસમ વગર રૂહ રહેતી નથી બલ્કે તે તો એકમાંથી બીજા જીસમમાં જતી રહે છે.

દલીલ નં. ૬ : આપણી રૂહ માટે ત્રણ પ્રકારના શરીરો છે એક ખાકી (નાશવંત) જે અત્યારે છે, બીજું નુરાની છે અને ત્રીજું અનંત છે, આ બાબતોનો સંબંધ રૂહાની અનુભવથી પણ છે અને કુરઆનની સમજ થકી પણ (૧૬:૮૧) જેને લીધે (જાણી લ્યો કે) રૂહ સદા જીસમથી વળગી રહે છે.

## કિતાબે નાતિક અને કિતાબે સામિત :

(બોલતું પુસ્તક અને ખામોશ પુસ્તક)

સવાલ ૪૩ : હઝરત આદમ (અ.સ.)ના સમયથી લઇને આં હઝરત (સ.અ.)ના મુબારક સમય સુધીના અરસામાં જયારે પયગમ્બરોએ લોકોને અલ્લાહતઆલાના સંદેશાઓ સંભળાવ્યા અને તે પછી લોકોને હિદાયત કરવા ઇમામતનો ક્રમ શરૂ થનાર હતો તો પછી અલ્લાહતઆલાએ પયગમ્બરોની સાથે ખામોશ (સામિત) પુસ્તકો શું કામ મોકલ્યા ? જેમકે તૌરેત, ઝબુર, ઇન્જીલ અને કુરઆન.

જવાબ : એ જાણી લ્યો કે આસમાની પુસ્તક, પયગમ્બર અને ઇમામ (સઘળું મળીને) એક સંસ્થા છે, તે કંઇ જુદી જુદી એકબીજાથી વિરૂધ્ધ વસ્તુઓ નથી કે વિરોધ પેદા થવાના કારણે એ સવાલ ઊઠે કે "આ હોય અથવા તે" જયારે કે પુસ્તક એક સંદેશો છે, રસુલ તે સંદેશો લાવનાર છે અને ઇમામ તેના વારસદાર છે.

ખુદાતઆલાનો એ સંદેશો કે જે કોઇ પયગમ્બર ઉપર નાઝીલ થયેલ છે અને જે લોકોને પહોંચાડવામાં આવ્યો છે તે એક ખામોશ પુસ્તક સ્વરૂપે આવનાર જમાના માટે પણ મોજુદ હોવો જોઇએ જેથી કરીને લોકોને ન ફકત એ સાબીતી મળે કે જે વ્યકિત આ સંદેશો લાવી હતી તે ખરેખર (સત્ય) રસુલ હતા પણ સાથે સાથે તે સંદેશો શિખામણ તથા હિદાયત માટેનું સાધન બની રહે, કારણ કે ઇમામ જયાં

નુર તથા હુકમના માલિક હોય છે ત્યાં તેમને એ અધિકાર હોય છે કે તેઓ (આસમાની પુસ્તકની કેળવણી હેઠળ—તેના પ્રકાશમાં હીદાયત કરે) અથવા પોતે જાતે નુરાની હીદાયત કરે, કુરઆનમાં ૪:૫૪માં જણાવ્યા મુજબ "આલે ઇબ્રાહીમ (અ.સ.)ને અલ્લાહતઆલાએ પુસ્તક અને જ્ઞાન—ડહાપણ ઇનાયત કરેલ છે અને તેમને મહાન (રૂહાની) રાજય અર્પણ કરેલ છે." આનો અર્થ એમ થયો કે આલે ઇબ્રાહીમ કે જે પયગમ્બર હોય કે ઇમામ, તેઓની સાથે હંમેશા આસમાની પુસ્તક, જ્ઞાન અને રૂહાની રાજય મૌજુદ હોય છે.

જો ખામોશ પુસ્તક (કુરઆને સામિત) ન હોય તો પછી ખુદાના કયા કલામમાં કુરઆને નાતિકની તારીફ—વખાણ થઇ શકે, કુરઆન છે તેથીજ કુરાઅનનું નુર છે, કુરઆન છે તેથીજ કુરઆન શીખવનાર (શિક્ષક) છે, આજે તેઓનો મરતબો કુરઆનના મૌજુદ હોવાના કારણેજ ઉંચો છે કે જેઓ કુરઆનના બાતુની અર્થ એટલે કે તાવીલને (ઉંડાણના ભેદને) જાણે છે.

## ઇસ્મે આઝમ અને નબુવ્વત :

સવાલ ૪૪ : જો આપણે એમ માનીએ કે હઝરત અબુ તાલીબે આં હઝરત (સ.અ.)ને ઇસ્મે આઝમ આપ્યો હતો જેના થકી આપે (સ.અ.) ખાસ ઝીકર કર્યો (અને તેના પરિણામે હઝરત મહમદ મુસ્તફા (સ.અ.)ને નબુવ્વત મળી) તો શું તેનો એવો અર્થ ન થાય કે ઝીકર અને ઇબાદત થકી આં હઝરત (સ.અ.)એ પોતેજ નબુવ્વત મેળવી હતી? શું એ શકય નહોતું કે આવી ખાસ ઇબાદત વગરજ ખુદા આં હઝરતને પયગમ્બર બનાવતે?

જવાબ : (અ) જો કે દીને ઇસ્લામ આં હઝરત (સ.અ.)ના વખતમાંજ સંપુર્ણપણે જાહેર થયો પણ તેનો એ અર્થ નથી કે સાચો

મઝહબ (દીને હક) તે પહેલાં નહોતો, પરંતુ સત્ય તો એ છે કે સઘળા પયગમ્બરો અલૈહીમુસ્સલામે એકજ ખુદાના એકજ રસ્તા પર ચાલવાની શીખામણ, આમંત્રણ આપ્યા અને તે કુદરતી મઝહબ એટલે કે ઇસ્લામ મઝહબજ હતો. કુરઆને હકીમના સુરા ૪૨:૧૩ હઝરત નુહ (અ.સ.) તથા ૨૨:૭૮ હઝરત ઇબ્રાહિમ (અ.સ.)ના દીન તથા તેની શરીયત (જાહેરી ક્રિયા—રીત રસમ) વિષે જરા મનન કરો તો સ્પષ્ટપણે જણાશે કે નુરે ઇમામતનો મહાન દરજ્જો આં હઝરત (સ.અ.)ના વડવાઓમાં ક્રમેક્રમે ચાલુ હતો, અને તે મુજબ કુરઆનમાં ખુદાએ જેમ ફરમાવ્યું છે કે "ફકદ આતઇના આ ઇબ્રાહીમલ કિતાબ વલ હિકમત વ આતઇનાહીમ મુલ્કન અઝીમા" (૪:૫૪), અમોએ તો ઇબ્રાહીમના વંશજોને કિતાબ અને હિકમત (જ્ઞાન) આપ્યા છે અને તેઓને ઘણું મોટું રાજ્ય પણ આપેલું છે. એ જાણવું જરૂરી છે કે ઇબ્રાહિમ (અ.સ.)ની આલ (વંશજો)ની બે શાખાઓ છે. એક હઝરત ઇસમાઇલ (અ.સ.) થકી અને બીજી હઝરત ઇસ્હાક (અ.સ.) થકી અને મજકુર આયાતે કરીમામાં જે કંઇ ફરમાવેલું છે તેનો સંબંધ આ બંને ખાનદાનોથી છે.

(બ) ઉપર મુજબના વર્ણન થકી એ હકીકત સ્પષ્ટ થઇ જાય છે કે હઝરત ઇબ્રાહિમ (અ.સ.) અને હઝરત ઇસમાઇલ (અ.સ.)ની દુઆ પ્રમાણે ખુદા પાકે આલે ઇબ્રાહિમની બંને શાખાઓની ખાસ વ્યક્તિઓને માનીતા (પસંદ કરેલા) ફરમાવ્યા છે. (૨:૨૭—૨૮), જે થકી ઇસમાઇલીઓની એજ માન્યતા છે કે હઝરત અબુ તાલિબ (અ.સ.) પોતાના સમયમાં ઇમામે મુકીમ તરીકે હતા અને તેઓ એ કારણેજ આં હઝરત (સ.અ.)ની દરેક બાબતોમાં તરફેણ કરતા હતા. ("અલ ઇમામત ફિલ ઇસ્લામ" પુસ્તકનું પાનુ ૧૫૫ વાંચી જુઓ).

(ક) હવે સવાલ છે કે હુઝુરે અકરમ (સ.અ.) નબુવ્વત મળ્યા

પહેલાં ઝીકર અને ઇબાદત કરતા હતા કે નહિં ? જો કરતા હતા તો કયા મઝહબ મુજબ ? શું તેઓ ઉપર બાળપણમાં કે યુવાનીમાંજ વહી આવવી શરૂ થઇ ચુકી હતી કે પછી તેમને જાહેરી રીતે પણ કોઇ શીખવનાર હતું ? અને જો કહેવામાં આવે કે નબુવ્વતની શરૂઆતથી પહેલા આપ હઝરત (સ.અ.) ઉપર કોઇ વહી નહોતી ઉતરી અને નતો આપ (સ.અ.)ને જાહેરીમાં દીન શીખવનાર કોઇ હતું, પરંતુ આપે. પોતે પોતેજ ખુદાની ઇબાદત શરૂ કરી હતી, તો પછી આપ હઝરત (સ.અ.)ના સુંદર ચારીત્રય અને પાક સુન્નત ઉપર અમલ કરવાનો એમ અર્થ થઇ શકે કે દરેક જણાએ (જેઓ આમ કરે છે) કોઇ પણ માર્ગદર્શકની હિદાયત વગર એમજ કર્યે જવું જોઇએ, અને તેના પરિણામે એ એક એવી માન્યતા—એવું દ્રષ્ટિબિંદુ હશે કે જેના થકી સઘળા પયગમ્બરોનો દુનિયામાં આવવાનો હેતુ નકામો અને અકારણ સાબિત થશે.

(ક) જો અકકલ અને બુધ્ધિથી વિચાર કરવામાં આવે તો તમારા સવાલનો આનાથી વિશેષ સુંદર જવાબ બીજો નહિ હોય કે જે આં હઝરત (સ.અ.)ની પુરી જીંદગી અને કાર્યને નમુનારૂપે કુરઆને શરીફમાં ફરમાવ્યું છે કે :

"લકદ કાનલકુમ ફી રસુલિલ્લાહી ઉસ્વા તુ હસનહ
લીમન કાન યરજુલ્લાહ વલ યૌમલ આખિર
વઝીકરલ્લાહ કસીરન" (૩૩:૨૧)

"તમારા માટે એટલે કે એવી વ્યકિત માટે કે જેઓ અલ્લાહ અને આખરતના દિવસ પર ભરોસો રાખે છે અને ખુબજ પ્રમાણમાં ખુદાનો ઝીકર કરે છે, એક ઉમદા નમુનારૂપે રસુલિલ્લાહ મૌજુદ હતા." મજકુર આયાતે મુબારકનો એ અર્થ થાય છે કે હુઝુરે અકરમ (સ.અ.) ન ફકત

નબુવ્વત દરમીયાન પોતાની પાક ઝીંદગીને ઉમ્મત તે ઉપર અમલ કરે એ માટે ઉમદા નમુનો બનાવેલ હતી પણ તેથી (નબુવ્વતથી) પહેલા પણ આપ (સ.અ.)ની જીંદગી ઇન્સાનીયત અને દીનદારીના દરેક ઉચ્ચ અને મહાન ગુણોથી ભરપુર હતી અને કેમ નહોય ? કેમકે આપ (સ.અ.) દરેક પયગમ્બરોના સરદાર, મહાનતમ રચના (ઉત્પ-તી)ના ૬૮:૪ માલિક અને સુંદર કાર્યોના નમુના માફક હતા.

(ઇ) પયગમ્બરે ખુદાની પાક જીંદગી શું એ રીતે લોકો માટે સુંદર નમુનો અને ઉ-તમ દાખલો થઇ શકતી હતી કે આપની પવિત્ર ઝાતે જે ચાલીસ (૪૦) વર્ષોની ઉમર સુધી ઇન્સાની અને ચારી૭યના ગુણો સિવાય દીની ખુબીઓને બની શકતા દરેક પ્રયાસો વડે પ્રકાશિત કર્યા તે ન કરતે. મઝહબ અને રૂહાનીયતના એ તબકકાઓ (કે જેનો અમલ કરીને) પસાર કરવાના હોય છે તે નબુવ્વતથી પહેલા ન કર્યા હોતે અને પછી અચાનકજ નબુવ્વતના દરજ્જાનું માન મેળવી લેતે ? કે પછી એ દ્રષ્ટિકોણજ યોગ્ય છે કે, આં હઝરત શરૂઆતથી જ હઝરત ઇબ્રાહિમ (અ.સ.)ના બતાવેલા રસ્તા પર અમલ કરતા હતા, અલ્લાહતઆલા તથા આખરતના દિવસ ઉપર ઇમાન રાખતા હતા અને વધુ પ્રમાણમાં ઇબાદત—ઝીકર કર્યા કરતા હતા ? આપણે જો એમ કહીએ કે ઇસ્મે આઝમ અને ઝીકર—ઇબાદતના પ્રતાપે આં હઝરત (સ.અ.)ને મજકુર મહાન-તમ દરજ્જો મળ્યો હતો, તો એના થકી ખુદાની રહેમતને નાકબુલ કરવાની (મોઢું ફેરવવાની) વાત નથી, કારણ કે આપની રૂહાની પ્રગતિના દરેક (માધ્યમો) રસ્તાઓ ખુદાતઆલાની રહેમત થકી આવેલા છે અને આપણે જો એમ કહીએ તો તે (યકીન પૈદા કરે એવું ઇલ્મ) હકીકત છે. આ દ્રષ્ટિકોણ (માન્યતા) સિવાય, પયગમ્બરે બરહકની પવિત્ર જીંદગીથી આપણે કઇ રીતે ઉદાહરણ મેળવી શકીએ અને આશા રાખી શકીએ કે ઝીકર—બંદગી થકી રૂહાની પ્રગતી થઇ શકે છે.

## બે શા માટે ?

સવાલ ૪૫ : "એક હકીકત" અને "નુરે વાહિદ" (એક નુર) આ બંને માન્યતાઓની વચ્ચે એ સમજવું મુશ્કીલ થઇ પડયું છે કે કોને માનવું ? જયારે કે આપ જાતે પણ એ ફરમાવી રહયા છો કે નુર એકજ છે, અને એજ દલીલ (તર્ક બુધ્ધિ)ના આધારે એ સવાલ પણ છે કે બે પાક પુસ્તકો એટલે કે ખામોશ પુસ્તક અને બોલતું પુસ્તક, તેની શું જરૂરત છે જયારે કે બે નહિં પણ ફકત એકજ પુસ્તક પુરતું હોવાની માન્યતાને કબુલી લેવામાં આવી છે ?

જવાબ : જી હા, (ખુદાનું) નુર તો એકજ છે. તેજ "નુરે વાહિદ" અને "એક હકીકીત" છે કેમકે નુર કે જે સંપુર્ણ (શકિત અને ગુણ વાળું) છે તે એકજ (કુલ) છે અને સઘળી હકીકતોની હકીકત યાને કે "એક હકીકત" એ તેનાથી અલગ નથી અને એ રીતે "નુરે વાહિદ" અને "એક હકીકત"ની માન્યતાને જુદા જુદા કહીને ઉદ્દભવનાર સવાલજ ખતમ થઇ જાય છે કારણ કે "તૌહિદ"નું દ્રષ્ટિબિંદુ (અર્થ) ફકત એકજ થઇ શકે છે બે હરગીઝ નથી થઇ શકતાં.

(MONO REALISM) એક હકીકત તથા "નુરે વાહિદ" બંનેનો અર્થ એકજ છે અને તે દ્રષ્ટિબિંદુ પણ એકજ છે, અલગ અલગ નથી, કારણ કે હકીકતનો અર્થજ બુધ્ધિ અને શાણપણું તથા જ્ઞાન અને ડહાપણનું નુર, અને કોઇ પણ શાણો (અકકલમંદ) માનવી હકીકત અને નુરને પરસ્પર વિરોધી નથી કહી શકતો.

બીજો સવાલ બે પુસ્તકો વિષે છે, યાને કે પુછવામાં આવ્યું છે કે જયાં બોલી શકનાર પુસ્તકનું વજુદ મૌજુદ છે ત્યાં ખામોશ પુસ્તકની શું જરૂર છે ? અને પહેલો સવાલ બીજા સવાલ માટે દલીલકર્તા (તાર્કિક) છે એટલે બંને લગભગ સરખા છે, જે વાત જો કે વ્યાજબી

નથી કારણ કે પહેલા સવાલમાં એક વસ્તુના બે જુદા જુદા નામો છે અને બીજામાં બે અલગ અલગ વસ્તુઓ છે. તેમ છતાં સવાલનો ટુંકાણમાં એ જવાબ છે કે બોલતું અને ખામોશ બંને પુસ્તકોનું હોવું વ્યાજબી છે. તેઓ ફકત જાહેરી રીતે બે છે પણ બાતુનમાં તો તે એકજ છે કે જેથી એક તો હાદીએ બરહક અને નુર હોય અને બીજું પુસ્તક, જેના વિષે કુરઆનમાં પણ ખુલાસો છે.

## દીની મજલીસો :

સવાલ ૪૬ : એક સીધો સાદો ઇસ્માઇલી કે જે ઇમાનદાર છે, તે પોતાના ઇમાન થકી દીનનો ઘણો ફાયદો મેળવી શકે છે, એ વાત શું વ્યાજબી છે? તો પછી દીનની જુદી જુદી મજલીસોમાં ભાગ લેવાનો શો અર્થ?

જવાબ : જી હા, એ વ્યાજબી છે કે અગર એક સાદો સીધો ઇસમાઇલી પોતાના મઝહબ ઉપર સંપુર્ણ ઇમાન રાખે છે અને તેની દરેક વાતો ઉપર અમલ કરે છે તો તે નજાત માટેનો હકદાર છે અને તેની સાથે સાથે જો તે "ઇલ્મુલ યકીન" (યકીન પેદા કરે એવું ઇલ્મ) પણ મેળવી લ્યે છે તો તે ફરીશ્તો પણ બની શકે છે. અહીં મઝહબની જુદી જુદી મજલીસોમાં ભાગ લેવાનો હેતુ દીનની દરેક વાતો ઉપર અમલ કરવાનો છે.

આ સવાલ પાછળ એક હેતુ જણાઇ રહયો છે. અને તે એ છે કે આજકાલ ભૌતિક—દુન્યવી જ્ઞાન ઘણું છે અને તેને મેળવ્યા પછી આપણા અમુક નવયુવાનોને મઝહબની અમુક રસમો ઉપર ટીકા કરવાનો વિચાર પેદા થાય છે. જો કે વિચાર ખોટો છે કેમકે ફકત જાહેરી અને દુન્યવી જ્ઞાનની કસોટી દ્વારા (ઇમાન) વિશ્વાસની પરખ ન કરવી જોઇએ. ઇમાનના ભેદ સમજવા માટે દીની ઇલ્મની જરૂરત છે.

## ખુદી અથવા અના (સ્વજાત) :

સવાલ ૪૭ : આપે જણાવ્યું છે કે ઇન્સાની શરીરમાં અનેક રૂહો રહે છે, તો એ ઉપરથી સવાલ પૈદા થાય છે કે આવી સ્થિતિમાં મનુષ્યની ખુદી અથવા અના (પોતાપણું) કે જેને તે "હું" કહે છે તે શું વસ્તુ છે? શું તે એક અલગ રૂહ છે કે પછી તમામ રૂહોનું મિશ્રણ છે?

જવાબ : આ એક ફાયદામંદ સવાલ છે કેમકે આમાં ખુદી અને જાત ઓળખાણ (પોતાને ઓળખવા)ની મહત્વની વાતો આવી શકે છે. તો એ જાણવું જરૂરી છે કે ખુદી અને અના કે જેને માનવી "હું" કહે છે ઇન્સાની (વજુદ) હસ્તીમાં એક બેમિસાલ હકીકત છે કેમકે તે નતો એક અલગ રૂહ છે અને ન તો સઘળી રૂહોનું મિશ્રણ છે પરંતુ તે એ તમામ રૂહો અને શક્તિઓનું એકીકરણ છે, કે જે ઇન્સાની હસ્તીમાં રહેલું છે અને આ (એક હોવું) એકપણું કે જે ઇન્સાનની ખુદીની હેસીયતથી તેમાં રહેલું છે તે ખુદાના એક હોવાનો દાખલો (મિસાલ) છે અથવા એમ કહીએ કે આ "એક હકીકત" (MONOREALISM) જેવું છે.

જેવી રીતે એક (સફળ) કામ્યાબ રાજયમાં વ્યક્તિઓ (રાજય કર્તાઓ) આવતા જતા રહે છે પરંતુ કાયદા તથા કારભાર (હકુમત) તો કાયમ રહે છે એજ રીતે મનુષ્યમાં રૂહો અને શક્તિઓ આવતી જતી રહે છે પણ તેની અના એટલે કે તેની હસ્તીના રજકણોનું એકપણું તો તેજ રહે છે જે પહેલાં પણ કયારેક હતું, અને ઇલમ તથા ઇંદ્રીય જ્ઞાન (સમજ શક્તિ) હંમેશા રૂહાની રજકણોમાં બદલી થતા રહે છે.

## સત્તા અને મુકદ્દર (નસીબ) :

સવાલ ૪૮ : મનુષ્યનું સત્તાધીશ થવું અથવા મજબુર થવું, તે દરમ્યાન જે સવાલ ઉત્પન્ન થાય છે તે કુરઆનમાં કેવી રીતે ઉકેલવામાં આવ્યો છે?

જવાબ: આ વાતો કુરઆનના પ્રકાશમાંજ છે અને તેને સમજવું જોઇએ. પ્રાણી (સૃષ્ટિ)નાં ત્રણ પ્રકાર છે. ફરિશ્તા, ઇન્સાન અને હૈવાન. ફરિશ્તાઓ ફકત અકકલ રાખે છે. હૈવાન ફકત મન (લાગણી) ધરાવે છે. અને ઇન્સાન અક્કલ તથા લાગણી બંને ધરાવે છે.

જયારે ફરિશ્તાને ફકત અકકલ આપવામાં આવી છે તો તેનો અર્થ એમ થયો કે તે નેકી કરવા માટે મજબુર છે અને જયાં હેવાનને ફકત નફસ (લાગણી) આપેલી છે તો સ્પષ્ટ છે કે તે બુરાઇઓ ઉપર મજબુર છે અને જે રીતે ઇન્સાનને અકકલ તથા નફસ બંને મળેલા છે તો તેનો અર્થ એમ થયો કે તે ફરિશ્તા તથા હેવાનની વચ્ચે છે જેથી તે અકકલની માંગણી મુજબ નેકી પણ કરી શકે છે અને નફસની ઇચ્છા પ્રમાણે બુરાઇ પણ કરી શકે છે. હવે એ બંને વસ્તુઓની વચ્ચે, તેમાંથી કોઇ એકની પસંદગી કરવી તેને સત્તા (અધિકાર) કહે છે, આ ઉપરથી જણાય છે કે ઇન્સાન સત્તાધિશ છે.

ઇન્સાન સત્તાધિશ છે પણ એક મર્યાદિત પ્રમાણમાં (વર્તુળમાં) તેની સત્તા ફકત એ શકિતઓના ઉપયોગ પુરતીજ છે કે જે તેને અર્પણ કરવામાં આવી છે, અને એ પણ છે કે તેની સત્તાની મર્યાદા વિશાળથી વધુ વિશાળ થઇ શકે છે અને એટલે સુધી કે તેની સત્તામર્યાદા ખુદાની સત્તાથી મળીને એક થઇ જાય, જેનો અર્થ થાય છે ભરોસો.

કુરઆનમાં ફરમાવેલું છે કે "ખુદાતઆલા કોઇ જાન (જીવ)ને તેની શકિતઓ કરતા વધારે તકલીફ નથી આપતો." (૨:૨૮૬) પછી ફરમાવ્યું છે કે "અને અમોએ તેને (નેકી અને બદીના) બંને રસ્તાઓ દેખાડી દીધા છે" (૯૦:૧૦). વળી ફરમાવેલું છે કે "બલ્કે ઇન્સાન (દરેક સપાટી ઉપર) પોતાની જાતને જુએ છે" (૭૫:૧૪) આ ફરમાનોથી જણાય છે કે ઇન્સાન મજબુર નથી પણ સત્તાધિશ છે, કેમકે "વિસ્તાર (મર્યાદા)"નો ઇશારો બુધ્ધિની અને મનની શકિતઓની સત્તામર્યાદા

તરફ છે અને તકલીફોનો અર્થ છે ખુદાવન્દી હુકમોનો વિસ્તાર. અર્થાંત દરેક ઇન્સાનની સત્તા મર્યાદા તેની બુધ્ધિ પ્રમાણે તથા જ્ઞાન વિષેની હેસીયત મુજબ હોય છે તેમજ જવાબદારીઓ પણ તે મુજબજ નાખવામાં આવે છે અને ભલાઇ તથા બુરાઇના બંને રસ્તાઓ માણસની સામે છે તો તેનો અર્થ પણ સત્તા છે, મજબુરી નહિં. જો મજબુરીનો હેતુ હોત તો ફકત એકજ રસ્તો નકકી કરવામાં આવ્યો હોત જેમકે ફરિશ્તાઓ તથા હેવાનોના માટે એક એક રસ્તો દેખાડેલ છે, ઇન્સાનમા પોતાની જાતને જોઇ શકવાની શકિતઓ રહેલી છે અને પોતાના આમાલ થકી તે પોતાને જોઇ પણ શકે છે તો તેના થકી સ્પષ્ટ થાય છે કે તે નેકી અને બદી બંનેના આરંભ અને (પરિણામ) અંતને સારી રીતે જાણે છે અને બંનેમાંથી કોઇ એકને પસંદ કરીને તે ઉપર અમલ કરી શકે છે અને આનોજ અર્થ છે સત્તા.

બીજી બાજુએ નસીબ એટલે કે તકદીર અથવા કિસ્મતની વાત આવે છે જો કે આ બાબતો કુરઆનમાં નથી, તેમ છતાં "તકદીર કે કિસમતમાં જે કંઇ છે તેજ થશે" એ માન્યતા યોગ્ય નથી. કેમકે સ્પષ્ટ દલીલો મારફત જણાવી દેવાયું છે કે ઇન્સાન મજબુર નથી પણ તે ચારિત્ર્ય, દીન અને (ખુદાના) હુકમના વિસ્તારની અંદર રહીને કરવામાં આવતા કામ માટે આઝાદ અને સત્તાધિશ છે જેથી કીસ્મત—નસીબ અને તકદીરની વાત આપ મેળેજ ખતમ થઇ જાય છે.

## સલવાત :

સવાલ ૪૯ : સલવાતનો ખરો અર્થ અથવા તેની તાવિલ (સમજણ) જણાવો, કેમકે જયારે કુરઆનના ફરમાન મુજબ (૨૧:૧૦૭) મહંમદ રસુલુલ્લાહ (સ.અ.) પોતેજ સઘળી દુનિયાઓ માટે રહેમતનું મુળ છે તો આં હઝરત (સ.અ.) ઉપર રહેમત નાઝીલ કરવાની ભલામણ કરવી એ કેમ યોગ્ય હોઇ શકે?

જવાબ : આ સવાલ બહુ પહેલા અમુક મિત્રોએ પુછેલો અને તેમને જે રીતે જવાબ લખી આપેલો તે "પંજ મકાલા નં. ૪" નામના પુસ્તકના પાના નંબર ૨૭ થી ૨૯ પર છે, ઉપરાંત "વજહે દીન" નામના પુસ્તકના ભાગ બીજામાં કલામ નંબર ૫૦ તથા "ફીલ્સુફીએ દુઆ"ના પાના ૬૫ થી ૬૯ માં જોઇ જુઓ ઉપરાંત પહેલાં ભાગમાં સવાલ નંબર ૧૩ ને પણ જોઇ જાઓ.

## હાઝર ઇમામ :

સવાલ નં. ૫૦ હાઝર ઇમામ શું છે ? તેમનો ઉચ્ચથી ઉચ્ચ-તર દરજ્જો શું છે ? અને તે વિષે કુરઆનમાં શું ફરમાવેલું છે ?

જવાબ : હાઝર ઇમામ ખુદાતઆલાનો ઇસ્મે આઝમ છે. તે ખુદાનો ચહેરો છે તે ખુદાનું નુર અને દેખાવ (દ્રશ્ય) છે તે તેનો ખલીફા છે અને પ્રતિનીધી છે. તેનો લકબ "અમીરૂલ મોમીનીન" છે તેનો દરજ્જો ઉલીલ અમ્ર (હુકમના માલિક)નો છે. તેની શાન હૈયુલ કૈયુમ (હયાત અને કાયમ) છે. તેનું રાજ્ય આલમે બાતુન તથા રૂહાનીયત છે, ઇલમ અને હિકમત તેની મહેરબાની, હકીકી મહોબ્બત તેનું ઇનામ, રૂહાની રોશની તેનો મોજીઝો છે. તે સત્ય છે તેની સાબિતી એ છે કે તે હંમેશા જાહેર–હાઝીર અને મૌજુદ રહે છે, તેનું જાહેરી નુર છે તે સફળ માર્ગદર્શન અને તેનો રસ્તો સીધો–સત્યનો રસ્તો છે. તેનો ધર્મ કુદરતી ધર્મ છે, તેના માર્ગદર્શન પ્રમાણે ચાલવાનું પરિણામ (રૂહાની) મલાયકોની દુનિયાની સલ્તનત છે અને તેની ઓળખાણના બદલામાં મારફતનો તાજ છે.

હાઝર ઇમામ વિષે આપ પહેલા ભાગમાં સવાલ નંબર ૧૦ના જવાબને પણ વાંચો અને "ઇમામ શનાસી"ના ત્રણે ભાગોને પણ નજર સમક્ષ રાખો.

★

# સો સવાલ

## ભાગ ૩જો


લેખક :

અલ્લામા નસીરૂદ્દીન નસીર હુંઝાઇ

ગુજરાતી ભાષાંતકાર :

અકબર હબીબ રાજન



ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity



પ્રકાશક :

ખાનાએ હીકમત–ઇદારાએ આરીફ

૧૭ બી, નુર વીલા.

૨૬૯ ગાર્ડન વેસ્ટ,

કરાંચી ૩, પાકિસ્તાન.

# સો સવાલ -- ભાગ ત્રીજો

## અનુક્રમણિકા


| સવાલ નંબર | વિષય | | | પાનું સવાલ |
|---|---|---|---|---|
| — | આરંભ શરૂઆત | ... | ... | ૧ |
| ૫૧. | તસ્બીહના દાણાં | ... | ... | ૫ |
| ૫૨. | ઇસ્મે આઝમ | ... | ... | ૫ |
| ૫૩. | મઝહબ અને વિજ્ઞાન | ... | ... | ૬ |
| ૫૪. | હકીકી મોમીન | ... | ... | ૭ |
| ૫૫. | હિન્દુ મઝહબ | ... | ... | ૮ |
| ૫૬. | સીરાતે મુસ્તકીમ | ... | ... | ૯ |
| ૫૭. | નાંદીની હીકમત | ... | ... | ૧૦ |
| ૫૮. | નાદે અલી | ... | ... | ૧૧ |
| ૫૯. | તાજ્જુબ છે | ... | ... | ૧૧ |
| ૬૦. | ઇન્સાની હકીકત | ... | ... | ૧૨ |
| ૬૧. | નીયાઝ અને ફરિશ્તા | ... | ... | ૧૩ |
| ૬૨. | તકીયો | ... | ... | ૧૪ |
| ૬૩. | નુરે વાહીદ (એકજ નુર) | ... | ... | ૧૫ |
| ૬૪. | આરીફનો દરજ્જો | ... | ... | ૧૭ |
| ૬૫. | આ ફરક શા માટે? | ... | ... | ૧૯ |
| ૬૬. | દુનિયામાં તકલીફો શા માટે | ... | ... | ૨૨ |
| ૬૭. | શરીયત | ... | ... | ૨૬ |
| ૬૮. | ઇમામત અને સ્ત્રી | ... | ... | ૨૬ |
| ૬૯. | મારફતનું સ્થાન | ... | ... | ૨૮ |
| ૭૦. | ઇસમાઇલી જમાત | ... | ... | ૨૯ |
| ૭૧. | મૃત્યુ પામેલાઓ માટે કપડા | | ... | ૩૦ |
| ૭૨. | ઇમામનો અર્થ | ... | ... | ૩૧ |
| ૭૩. | પીરો–મુર્શીદ | ... | ... | ૩૨ |
| ૭૪. | ઇમામ શબ્દનો કોઇ અન્ય શબ્દ | | ... | ૩૩ |
| ૭૫. | બિન ઇસમાઇલી | ... | ... | ૩૪ |


ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

## આરંભ – શરૂઆત

અય ખુદાવંદે બરહક ! અય સર્વશક્તિમાન! તું પોતાની અપાર રહેમત થકી મુજ તુચ્છ બંદાને, તારી ઓળખ તથા શુકરગુઝારી માટેની નેક હિદાયત તથા શક્તિ અર્પણ કર જેના થકી નિર્બળ શબ્દો વડે સાચા અને અમલી અર્થમાં તારા મહાન–પાક દીનની જાહેરી અને બાતુની ન્યામતો માટે કંઇક આભારી થઇ શકાય. અય પાલનહારા, મોમીનોની રૂહો ઉપર રાત્રી–દિવસ તારી મહેરબાનીઓની જે વર્ષા થઇ રહી છે તે કેટલી આશ્ચર્યકારક છે અને તારી અમીદ્રષ્ટિની અસર કેવી મોજીઝા ભરેલી છે.

મારા માલિક ! નમ્રતા અને આજીઝીની ગુપ્ત દોલત વડે મને માલામાલ કર, પોતાની લીઝઝત ભરપુર મહોબ્બતની છેવટની મંઝીલમાં મને એક શાંતિપુર્ણ અને રાહત ભરપુર જગ્યા અર્પણ કર અને મારફતના છુપા ખજાનાનો દરવાજો ખોલી દે જેથી તારી અનંત કૃપાઓની શુક્ર ગુઝારીમાં મશગુલ થઇને હું દુનિયાના દુઃખોને સંપુર્ણપણે ભુલાવી દઉં.

અલહમ્દુલિલ્લાહ ! કે હવે "સો સવાલ"નો ત્રીજો ભાગ પણ સંપુર્ણ થઇ ગયો અને ઇન્શાઅલ્લાહ બહુજ જલ્દી ચોથો ભાગ પણ પુર્ણ થવાનો છે, મને વિશ્વાસ છે કે મારા પુસ્તકોમાં સો સવાલનું પુસ્તક ઘણુંજ મહત્વ ધરાવનારૂં હશે, કારણ કે આમાં ઉત્તર અમેરિકા જેવા મહાન દેશની મહાન જમાતના ચુંટેલા સવાલોના સાબિતી સભર અને સંતોષજનક જવાબો મૌજુદ છે.

હકીકી ઇલમનો એ મજબુત અને સોનેરી સિધ્ધાંત સદાને માટે યાદ રહે કે કોઇ પણ સવાલનો જવાબ અગર સાચી રીતે અપાય છે

અને તેમાં વ્યાજબી તર્ક, જ્ઞાન અને બુધ્ધિનો પ્રકાશ ભરપુર છે, ડહાપણ તથા સમજણ છે અને તે રૂહાની માર્ગદર્શન મુજબ (જવાબ) અપાયેલો છે તો તેના થકી ફકત સંબંધિત (પુછાયેલો) એકજ સવાલ ઉકેલાય છે એમ નથી પરંતુ વિદ્વાનો તથા બુધ્ધિમાનો તે જવાબમાંથી અન્ય કેટલાય કોયડાઓનો ઉકેલ મેળવી લ્યે છે. માટે સો સવાલના આ પુસ્તક માટેનો મારો દાવો તદ્દન વ્યાજબી છે અને તેમાં જરાય ભુલ ભરેલું નથી કે આમાં હકીકતમાં હજારો સવાલોના જવાબ મૌજુદ છે કારણ કે હકીકી જ્ઞાનની કલ્પના એક એવા ઝાડ જેવી છે કે જેનું થડ એક છે, તેની જાડી ડાળીઓ થોડિક છે અને તે ઝાડ ડાળીઓ મારફત ફેલાતું ગયું છે, એક ઝાડની આ પ્રમાણેની ગોઠવણીના જેવીજ સ્થિતી જ્ઞાનની પણ છે. અગર જો થડ તથા જાડી ડાળીઓ જેવા મજબુત અને અસલીયતના જ્ઞાન દ્વારા જવાબ મેળવવામાં આવે તો સવાલોની અનેકાનેક ડાળીઓ પોતે પોતેજ ઉકેલ પામી જાય છે.

આ સત્યની એક મિસાલ એ છે કે બુધ્ધિમાન (જ્ઞાની) પાસે સિધ્ધાંતિક રીતે સવાલો એકબીજામાં મળી જાય છે. આની સાબિતી તમને ત્યારે મળશે કે જયારે કોઇ વિદ્વાન માણસ તરફથી ઘણા બધા સવાલોનું લીસ્ટ તમારી પાસે આવી જાય. અગર તમો તેને ધ્યાનપુર્વક જોશો તો જણાશે કે તેણે બેધ્યાનીમાં કયારેક એકજ સવાલને કેટલીય રીતે રજુ કર્યો છે જે ખરૂં જોતા તે. એકજ સવાલ છે.

બહરહાલ "સો સવાલ"ના પુસ્તકમાં જે કંઇ પણ જ્ઞાન તથા જાણકારીની ખુબીઓ છે તે સઘળી મારા ધણી અને માલિક ઇમામે ઝમાન સલ્વાતુલા અલૈહી વસ્સલામની છે કે જે નુરે હિદાયતનો પાયો છે અને ઇલ્મ તથા (હિકમત) બુધ્ધિનો વસીલો છે, અને જો આમાં કંઇ ખામીઓ (ભુલ) છે તો તે મારા પોતાના કારણે છે કારણ કે હું (માલાની) મહેરબાની વગર કંઇજ નથી.

ખાનાએ હિકમત તથા ભેગા મળેલાં મારા મિત્રો—ચાહકો, એ ખુદાવંદની તરફથી એક ખુબજ મોટી મદદ છે. પરવરદીગારે આલમના લાખ લાખ શુકર છે કે આ મહાન સંસ્થા થકી અમો અનંત જ્ઞાન જેવી પાક પાકીઝા ખિદમત માટે પ્રયત્નશીલ છીએ અને ઇન્શાઅલ્લાહ અમારી બન્ને દુનિયાઓની ખુશીઓ આમાંજ છે.

અમારા બાહોશ અને કદરને પાત્ર મેમ્બરો એ હકીકતથી જાણકાર છે કે ઇલમ (જ્ઞાન) સિવાય દુનિયાની કોઇ એવી દોલત નથી કે જે જરાય ઓછી થયા વગર દરેકને મળી (પહોંચી) શકે અને જેના ખર્ચ કરવામાં વધુ અને વધુ સવાબ થાય. ખરેખર ફકત ઇલમજ એવું ધન છે જે અનંત અને અવિનાશી છે.

હકીકી ઇલ્મના પ્રકાશને ફેલાવવામાં ન ફકત મોમીનો અને મુસ્લીમોને ફાયદો થઇ શકે છે પરંતુ આનાથી સઘળી માનવજાતની માનસિક મુંઝવણો પણ દુર થઇ શકે છે, જેના માટે જગતના મોટા મોટા વર્ગો રીસર્ચ (સંશોધન) કરી રહયા છે, અને આગળ ચાલતાં ઊચ્ચ કક્ષા ઉપર આ સંશોધનો થનાર છે.

હવે વિજ્ઞાનની પ્રગતીના પરિણામે આ પૃથ્વીનું અંતર (છેટાપણું) સકોચાઇ સંકોચાઇને ન હોવાના બરાબર થઇ ગયું છે છેટે છેટેના દેશો એકબીજાની બહુજ નજદીક થઇ ગયા છે અને દુનિયાવાળાઓ દરેક એકબીજાને નવીન પ્રકાશમાં ઓળખવા ઇચ્છે છે, તો આવી સ્થિતિમાં શું અમારે ખામોશ બેસવું જોઇએ ? જગતની દરેક કોમ પાસે કંઇને કંઇ વધારે અને ખાસ એવી ભૌતિક વસ્તુઓ હોય છે જેમકે સોનુ, ચાંદી વિગેરે અને એવી વસ્તુઓને કોમી ભંડોળ તરીકે લેખવામાં આવે છે અને તે થકી દુન્યવી બાબતોનો ફાયદો ઉઠાવવામાં આવે છે, પરંતુ આપણી જમાત પાસે જે ખાસ અને મહાન વસ્તુ છે તે ભૌતિક નથી રૂહાની છે, તે હકીકી જ્ઞાન છે જેને નુરાની હિદાયત પણ કહે છે, આ

જ્ઞાન અને હિદાયત આપણું સૌથી મોટું ભંડોળ છે (પુંજી છે) જેથી એ જરૂરી છે કે તે તરફ આપણે વધુ અને વધુ ધ્યાન આપીએ અને તેનાથી ફાયદો ઉઠાવીએ તથા ફાયદો પહોંચાડીએ.

દુઆ (કરીએ છીએ) કે ઉમેદો પુરી કરનાર એ સર્વશક્તિમાન, જ્ઞાન માટેની ખિદમતના કાર્યમાં શામેલ થનારને દીન અને દુનિયાના નેક હેતુઓમાં સફળ બનાવે ! આ દુઆ ફકત જીભના બનાવેલા શબ્દોમાંજ મર્યાદિત નથી પરંતુ અંતરાત્માના ઉત્તમ અરમાનોમાં પણ છે. દુઆ છે કે આ પુસ્તકના દરેક વિષય દરેક પેરેગ્રાફ, દરેક વાકય, દરેક શબ્દ અને દરેક અક્ષર પોતાનાં અસ્તીત્વ થકી દુઆ કરે કે ઇલાહી ! તું પોતાની અપાર રહેમત થકી એ મિત્રોને બન્ને જગતની સફળતા અને ઉન્નતિ અતા કરે કે જેમણે આ સદાબહાર ગુલશનને આબાદ કરવામાં ભાગ લીધો છે. આમીન, અય રબ્બુલ આલમીન ! !

ફકત નાચીઝ બંદો
નસીરૂદ્દીન નસીર હુંઝાઇ
લેખક

૫-૮-૧૯૭૮

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

## બિસ્મિલ્લાહિર્રહેમાનિર્રહીમ

### તસ્બીહના દાણા :

સવાલ ૫૧ : આપણે તસ્બીહના નવ્વાણુ (૯૯) દાણા શું કામ રાખીએ છીએ અને તેમાં ૩૩, ૩૩ના ત્રણ ભાગ શા માટે છે?

જવાબ : તસ્બીહના દાણા દરઅસલ સો હોય છે અને પુરી તસ્બીહમાં ૩૩, ૩૩ ના ત્રણ ભાગ એ માટે બનાવેલા છે કે આલમે ઇસ્લામમાં બીબી ફાતમાની તસ્બીહ ઘણું મહત્વ ધરાવે છે, અને તે છે ૩૩ વાર અલ્લાહો અકબર, ૩૩ વખત સુબ્હાનઅલ્લાહ, ૩૩ વખત અલહમ્દુલિલ્લાહ અને એક વખત લાઇલા હા ઇલ્લલ્લાહ તો આ તસ્બીહના પ્રમાણે દાણા ગોઠવવામાં આવ્યા છે જે ૩૩ + ૩૩ + ૩૩ + ૧ = ૧૦૦ દાણા થાય છે. આ માટે પુસ્તક "દુઆઇમ અલ ઇસ્લામ" ભાગ પહેલો પાનું ૨૦૩ (અરબી)ને તપાસી જુઓ.

### ઇસ્મે આઝમ :

સવાલ ૫૨ : શું ઇસ્મે આઝમ વગર કોઇને મુક્તિ મળી શકે છે? શું ઇસ્મે આઝમ લેવું જરૂરી છે?

જવાબ : (અ) જ્યાં ઇસ્મે આઝમના અર્થમાં ઇમામે ઝમાન પોતે છે ત્યાં ખુદાતઆલાના આ જીવંત અને અતી માનવંત નામ વગર મુક્તિ (નજાત) અશક્ય છે. અને જ્યાં ઇસ્મે આઝમનો અર્થ બોલવા માટેનું કોઇ નામ છે ત્યાં એવા નામ વગર પણ નજાત મળી શકે છે કારણ કે આવા શબ્દ થકી બનેલા માનવંત નામના રટણ કરવાથી તથા તેમાં સફળતા મળવાથી તે ફક્ત એક ઉચ્ચ સ્થાન એટલે કે વધારાનો મરતબો માત્ર છે.

(બ) શબ્દના બનેલા ઇસ્મે આઝમ વગર જો કોઇ મુક્તિ ન થાતી હોત તો ઇમામ એવા માનવંત નામને પોતાના મુરીદો માટે ફરજિયાત અને જરૂરી ઠરાવતે, દરેક જણ જાણે છે કે એમ નથી પરંતુ ખાસ ઇબાદત રૂહાનીની વધુ પ્રગતિ માટે છે.

(ક) હારે બુઝુર્ગ (મોટું કામ) એવા ઇસમાઇલીઓ માટે જરૂરી છે કે જેઓ ઇમામે ઝમાનના રૂહાની મોજીઝાઓ જોવાની ઇચ્છા ધરાવે છે અથવા આ કામ તે (શિક્ષકો)ને જોઇએ કે જે રૂહાની જ્ઞાન મેળવવા માટેની કાબેલીયત મેળવી ચુકયા હોય.

## મઝહબ અને વિજ્ઞાન :

સવાલ ૫૩ : વિજ્ઞાન અને મઝહબના વિષે : (૧) જો એક શખ્સ સંપુર્ણપણે વિજ્ઞાનને માનતો હોય તો શું એ શકય છે કે તેને એજ મારફત હાંસિલ થાય કે જે મઝહબને માનવા થકી થાય છે ?

(૨) મંઝીલે મકસદ સુધી પહોંચવા માટે વિજ્ઞાન અને મઝહબ બન્નેમાં આટલા સખત અનુભવોની જરૂરત શું કામ છે ?

જવાબ: જો એક માણસ મઝહબને મુકી દઇને સંપુર્ણપણે વિજ્ઞાનને માને છે તો તે મારફતને મેળવવામાં હરગીઝ સફળ નથી થઇ શકતો, તે ફકત વિજ્ઞાનમાં સફળ થઇ શકે છે કારણ કે મારફત દીનની છેલ્લી બાબત છે જે રૂહ અને ખુદાની ઓળખાણને કહે છે અને વિજ્ઞાન એવા ડહાપણનું નામ છે કે જે ભૌતિક અને શારીરિક શોધખોળ અને ઓળખાણને લગતું છે, વિજ્ઞાનનેજ સંપુર્ણપણે માનવાથી કોઇને ખુદા મળી જાતે અને મારફત મળી જાતે તો આજે જગતની તે સઘળી ભૌતિકવાદી કોમો ખુદા પરસ્ત બની જાત, કે જેઓ વિજ્ઞાનના ક્ષેત્રમાં ઘણે ભાગે સફળ રહી છે, પરંતુ સૌ જાણે છે કે સત્ય એવું નથી.

હા, એમાં કોઇ શંકા નથી કે સાચો મઝહબ અને યોગ્ય વિજ્ઞાન એકબીજાની વિરૂધ્ધ નથી, એક છે. આનો અર્થ એમ થયો કે સાચા મઝહબના વસીલાથી રૂહ અને ખુદાને ઓળખી લેવામાં આવે અને યોગ્ય વિજ્ઞાન મારફત ભૌતિક અને શરીરની હકીક્તોની તપાસ તથા અભ્યાસ કરવામાં આવે, જેથી ઇન્સાન બંને જગતની સઘળી નેઅમતોને મેળવે અને સફળતા તથા જીત મેળવે.

મઝહબ અને વિજ્ઞાનનો એક થવાનો મુળ અર્થ એ છે કે જયારે એક નસીબવંત ઇન્સાનને ખરી હકીકત તથા દીનની સંપુર્ણ જાણ થઇ જાય છે ત્યારે તે અસલ વિજ્ઞાનને (સ્વભાવિક) કુદરતી મઝહબ સમાન જુએ છે, તેમાં સાચા દીનની સાફ સાબિતીઓ તથા પ્રકાશિત દલીલો મૌજુદ હોય છે અને એ સઘળી હકીકતોનું જ્ઞાન દીનની ઓળખાણ થકીજ શકય છે.

હવે રહયો બીજો સવાલ: મંઝીલે મકસદ સુધી પહોંચવા માટે વિજ્ઞાન અને મઝહબ બન્નેમાં આટલા સખત અનુભવોની જરૂરત શું કામ છે? આનો જવાબ એ છે કે મંઝીલે મકસદ જેને તમોએ કબુલજ કરી લીધેલ છે ઘણીજ દુર છે જેના માટે સખત મહેનતની જરૂરત છે અને બન્ને સ્વરૂપોમાં તે છેલ્લી મંઝીલ એટલી બધી આરામદાયક છે કે ત્યાંસુધી પહોંચવા માટે જેટલા પણ મહેનતવાળા અનુભવો કરવામાં આવે ઓછા છે કારણ કે મંઝીલે મકસદ ઘણીજ મહાન વસ્તુ છે.

## હકીકી મોમીન :

સવાલ ૫૪ : હકીકી મોમનની નીશાનીઓ શું હોય છે?

જવાબ : હકીકી મોમનની નીશાનીઓ કુરઆનથી બહાર નથી અને તે સંપુર્ણ ઇમાન તથા સત્ય આમાલ છે, સંપુર્ણ ઇમાનનો અર્થ

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

છે ખુદા અને રસુલ પછી હૈયાત અને હાઝર ઇમામ ઉપર ઇમાન લાવવું તથા દીલોજાનથી તે વિષે કબુલાત કરવી અને સત્ય આમાલોનો અર્થ છે આ ત્રણ દરજ્જાઓના હુકમ તથા ફરમાન ઉપર અમલ કરવો.

મોમનની નીશાનીઓને જો વિસ્તારપુર્વક જોવી હોય તો "પીર પંદીયાત જવાંમર્દી" પુસ્તકને સામે રાખો કારણ કે આ પુછવામાં આવેલ સ્થિતિની ઘણી રીતો છે પરંતુ અર્થ એકજ છે.

આપણે એમ પણ કહી શકીએ છીએ કે હકીકી મોમનની નીશાનીઓ ઇમામે ઝમાનની મહોબ્બત તથા ફરમાનબરદારી છે, જેમાં દીનની સઘળી ખુબીઓ સમાઇ જાય છે અને કોઇ વસ્તુ તેનાથી અલગ (બહાર) નથી.

## હિન્દુ મઝહબ :

સવાલ ૫૫ : અહીં મારા એક નિકટના મિત્રે અમુક હિન્દુ બુઝુર્ગોના નામ લઇને પુછયું છે કે તે ફિલસુફીના બારામાં તમારો શું ખયાલ છે ?

જવાબ : મારા અતીશય વહાલા મિત્ર ! તમોએ સૌ પ્રથમ ઇસમાઇલી મઝહબની ઊંડાણપુર્વક તપાસ કેમ નથી કીધી ? પછી ઇસ્લામ મઝહબ અને છેવટમાં જગતના મઝહબોની તપાસ કરી હોત જેથી તમોને આવા બિનજરૂરી સવાલો કરવાનું મહત્વ ન જણાયું હોત અને ઇસમાઇલી મઝહબની હકીકત તથા સચ્ચાઇ ખબર પડી જાતે. મારો એ હેતુ હરગીઝ નથી કે સવાલોજ ન કરવામાં આવે પરંતુ મારૂં કહેવાનું એમ છે કે જો બિન ઇસમાઇલીપણા વિષે એવો કોઇ સવાલ કરવો હોય તો તે માટે યા તો ઇસલામના જુદા જુદા મઝહબો તરફ દ્રષ્ટિ કરવામાં આવે અથવા તો જગતના સઘળા મઝહબો તરફ અને ફકત હિન્દુ

મઝહબના બુઝુર્ગોની ફિલસુફીને આટલું મહત્વ શા માટે આપીએ? જયારે કે હિન્દુ મઝહબ મતભેદો અને ઝઘડાઓથી ભરેલો, જુનો પુરાણો મઝહબ છે.

## સીરાતે મુસ્તકીમ :

સવાલ ૫૬ : અગર આપણો મઝહબ સાચો છે અને તે આપણને શીરાતે મુસ્તકીમ પર ચલાવીને ખુદા સાથે મેળવી આપે છે તો લોકોને તેની દાવત તથા તબ્લીગ શા માટે કરવામાં નથી આવતી, જેથી મઝહબના મતભેદો તથા ઝઘડાઓનો અંત લાવવામાં મદદ મળે અને શુભેચ્છાઓની ફરજ બજામણી થાય?

જવાબ : (અ) કુરઆન તથા ઇસ્લામની જે દાવત છે તે હીકમતની ભાષામાં ઇસમાઇલીયતની દાવત છે, જે હઝરત રસુલુલ્લાહના ઝમાનાથી કયામત સુધી દુનિયામાં ચાલુ રહેશે. હવે સાચા દીનની આ અમલી દાવતને કબુલ કરીને કુરઆન શીખવાડનાર (ઝમાનાના ઇમામ)ની સામે જવું (તેની આગળ રજુ થવું) લોકોનીજ જવાબદારી છે.

(બ) ઇસ્લામ અને ઇસમાઇલીયત જયારે લોકોની દ્રષ્ટિથી છુપાં નથી અને હંમેશા તેઓ આને દલીલબાજીનો વિષય બનાવી લ્યે છે તો પછી દાવતનો અર્થ શું? તેઓ અગર આજે ઇસમાઇલી મઝહબને ખરો માને છે તો શું કાલે કયામતના દિવસે તેઓ એ બહાનું પણ કરી શકશે કે તેઓ દુનિયામાં આ મઝહબથી બેખબર હતા?

(ક) એ સિવાય અમારા પીરો અને બુઝુર્ગોએ પોતપોતાના વખતમાં ઇમામે ઝમાનના હુકમ અને ફરમાન મુજબ ભરપુર અમલી કોશીષ પણ કરી છે યાને કે ઘણા લોકોને સાચા મઝહબથી જાણકાર કરી દીધા છે જેનો ખરો હેતુ હતો કે વિરોધીના હુમલાથી મઝહબને બચાવવો અને તેને મજબુત કરવો, દાવતના વિષે લોકોથી દલીલો કરવાનો ન હતો.

(ડ) હદીસ છે કે : તૌબાનો દરવાજો બંદા માટે કયારેય બંધ નથી થતો, એટલે સુધી કે સુર્ય પશ્ચિમથી ઊગી નીકળે, યાદ રહે કે લોકોના માટે તૌબાનો દરવાજો એ દાવતે હક છે કે જે કયામત નઝદીક આવતા બંધ થઇ જશે.

(ઇ) આ સવાલનો જો એવો અર્થ હોય કે ઇસમાઇલી મઝહબની દરેકે દરેક ખુબીઓ ઇલમ તથા અમલ મારફત લોકો સમક્ષ જાહેર શું કામ નથી કરવામાં આવતી, કે જેથી ઇસ્લામની હકીકી હિદાયત જાહેર થઇ જાય તો તેનો જવાબ એ છે કે સાચા દીનની સઘળી ખુબીઓનો સાર ઇમામે ઝમાન છે અને તે દુનિયાવાળાઓની સામે જાહેર અને હાજર છે, તે પછી કઇ એવી બાબત છે કે જે છુપી રહી જાય છે.

## નાંદીની હિકમત :

સવાલ ૫૭: આપણે જમાતખાનામાં નાંદી શું કામ લાવીએ છીએ? શું એ વ્યાજબી નથી કે આપણે વસ્તુઓના બદલે રોકડ આપીએ ?

જવાબ : જો કે આ માટે રોકડની પરવાનગી પણ થઇ શકે છે પરંતુ નાંદીની હિકમત (ભેદ) એ છે કે ખુદાના ઘરમાં આ લાવવાથી મોમન બંદા તરફથી અદબ, માન અને આજીઝીની (લાગણી) જાહેર થાય છે કે જે થકી શુધ્ધભાવ ભરેલી ગુલામીની સાબિતી મળે છે, અને સાથે સાથે આનાથી કંઇક જરૂરતમંદોની જરૂરત પણ પુરી થઇ જાય છે માટે આમાં ન ફકત વ્યકિતગત રીતે દીનદારીની મોટાઇ સમાયેલી છે પરંતુ જમાતી રીતે પણ આ કામ થકી બરકત થાય છે.

અર્વાચિન (હાલના) વખતના અમુક ભણેલા ગણેલા નવયુવાનો નાંદી જેવી રસમથી શરમ શા માટે અનુભવે છે? શું એ માટે કે તેઓ ખુદાના ઘરમાં ખરીદ અને વેચાણના મામલાને પસંદ નથી કરતા? જો બૈયત પણ જાનની ખરીદ અને વેચાણની કીયા છે અને કુરઆનમાં

મોમીનોના જાન અને માલનો અલ્લાહતઆલા સાથે વેપાર (સોદો) થઇ ગયાનો ઉલ્લેખ છે. (૯:૧૧૧) તો પછી આવો શુધ્ધ દીની અને પવિત્ર વેપાર (સોદો) ખુદાના ઘરમાં ન થાય તો કયાં થવો જોઇએ.

નાદે અલી :

સવાલ ૫૮ : "નાદે અલી"નો શું અર્થ છે?

જવાબ : નાદે અલી અને તેનો અનુવાદ નીચે મુજબ છેઃ-

"નાદે અલીય્યન મઝ્હરલ અજાઇબ
તજીદહુ ઔનનલકા ફિન્નવાઇબ
કુલ્લુ હમ્મીન વ ગમ્મીન સંયજલી
બિ વિલાયતક યા અલી, યા અલી."

અલીને સાદ કર (પોકાર) જે (ખુદાની) અજાયાબીનું જાહેર રૂપ છે, તું તેને મુસીબતોમાં તારો મદદગાર મેળવીશ, તે દરેક તકલીફ અને ગમનો નાશ કરી દેશે, પોતાની વિલાયતની પવિત્રતા અને (મોટાઇ) થકી અય અલી—અય અલી.

તાજ્જુબ છે :

સવાલ ૫૯: અલ્લાહ શા માટે છે?

જવાબ : એમાં કોઇ શંકા નથી કે સવાલો જુદી જુદી રીતના હોય છે, સારા નરસા, યોગ્ય અયોગ્ય અને અનોખા નીરાળા પણ આ સવાલ સૌથી અજબ છે, આમાં તાજ્જુબી આ માટે નથી કે ખુદાતઆલાની હસ્તીને ના કબુલ કરવામાં આવી છે પણ અજબ વાત તો એ છે કે એમ કહેવામાં આવ્યું કે "ખુદા છે પણ શા માટે?"

આમાં અમને અજાયબીનું ખાસ કારણ એ છે કે જ્યારે ખુદાના અસ્તીત્વને માની લીધું તો ફરજીયાત રીતે એને એ સઘળા ગુણો સહિત માનવામાં આવે છે કે જે તેના માટે વર્ણવવામાં આવે છે, તો પછી "અલ્લાહ શા માટે છે?"નો સવાલ અંત પામી જવો જોઇએ, જ્યારે કે ખુદાના દરેક ગુણમાં આનો સંપુર્ણ જવાબ મૌજુદ છે. જેમકે અલ્લાહ એ માટે છે કે તે સર્જણહાર છે, એ માટે છે કે તે રોજી આપનાર છે, એ માટે છે કે તે માલિક (બાદશાહ) છે, એ માટે છે કે તે પાલનહાર છે એ માટે છે કે તે દયાળુ છે, વિગેરે.

મતલબ એ કે ખુદાતઆલાના સો નામોમાંથી દરેક નામ ખુદાની હસ્તીની જરૂરિયાત તથા મહત્વતાની એક પ્રકાશિત દલીલ છે, જે લોકો ખુદાની હસ્તી વિષે માની લ્યે છે (ખાતરી કરી લ્યે છે) તેઓ સર્વ પ્રથમ આ ફિલસુફીને સારી રીતે સમજે છે કે "ખુદાતઆલાને શા માટે હોવું જોઇએ ?"

## ઇન્સાની હકીકત :

સવાલ ૬૦ : આપણે શરૂઆતમાં ખુદાતઆલાથી શા માટે અલગ અથવા જુદા થઇ ગયા ? તેના કારણ અને હેતુ શું છે ?

જવાબ : આ વિષયમાં તમારી જાણમાં જે પણ વાતો આવી ગઇ છે તે દીની શિક્ષણની પ્રાથમિક વાતો છે, અને સત્ય વાત તો એ છે કે આપણે આપણી મુળ હસ્તીમાં (આપણા અસલ અહમમાં) ખુદાથી જુદા નથી થયા અને આ સૌથી મોટો ખુદાઇ ભેદ છે કે ઇન્સાનની સૌથી ઉંચી હકીકત, દીવ્ય હસ્તી, પોતાના અસલ મુકામથી નીચે નથી આવી પરંતુ તેનો એક પડછાયો અહીં સુધી આવ્યો છે, પડછાયાનો મતલબ છે નીચલા દરજ્જાની ખુદી (જાત.)

સૌથી પહેલા એ જોવું છે કે ઇન્સાન શું છે. પ્રણાલિકાગત

જગત પ્રમાણે તે એક શરીર છે, (આલમે અર્વાહ) રૂહાની જગતમાં તે એક રૂહ છે, અકલની દુનિયામાં તે એક અકલ છે અને સત્ય હકીકતોના જગતમાં તે એક હકીકત છે, આપણે સત્ય હકીકતોના જગતને એકતાનું જગત પણ કહી શકીએ છીએ. આથી સાફ જણાય છે કે ઇન્સાનની ઉચ્ચ-તમ હકીકત (અઝલ) પ્રારંભમાં જેવી હતી, હાલ પણ તેવીજ છે કેમ કે એકતાથી એકતા જુદી નથી પડતી અને નતો સચ્ચાઇ (હકીકત)થી સચ્ચાઇજ અલગ થઇ શકે છે.

આનો અર્થ એમ થયો કે (મોનોરીયલીઝમ) એકતાની હકીકતનું દ્રષ્ટિબિંદુ સાચું છે, જેના પ્રમાણે જોવાથી જણાય છે કે ઇન્સાનનું પોતાપણું ઓછામાં ઓછા બે તબકકાઓમાં છે, એક તબકકો નીચો છે જે જાહેરી અને શારીરિક હસ્તી છે અને બીજો તબકકો ઊચ્ચ છે જે દીવ્ય જાતિ અને ખુદાની હકીકત છે જે હંમેશા અસલ મુકામ ઉપર કાયમ છે. આમ ઇન્સાન પોતાની જાહેરી શખ્સીયત (વ્યક્તિત્વ) થકી આ દુનિયામાં આવ્યો છે પરંતુ હકીકતમાં તે એકતાના (અલ્લાહ)ના જગતમાં છે.

## નીયાઝ અને ફરિશ્તા :

સવાલ ૬૧ : એમ માનવામાં આવે છે કે નીયાઝ એટલે કે આમેશફા ટાણે ત્યાં અમુક ફરીશ્તા હાજર હોય છે, શું આ માન્યતા વ્યાજબી છે ?

જવાબ : જી હા, બિલ્કુલ વ્યાજબી છે, તમે ઇલ્મુલ યકીન (વિશ્વાસનીય જ્ઞાન)ના પ્રકાશમાં ફરીશ્તાઓના વજુદ (હસ્તી) અને તેમના કાર્યોની હકીકતને ખુબીઓ સહીત સમજી લ્યો તો જણાશે કે જે જગ્યા ઉપર ઇબાદત, બંદગી તથા અકીદાઓ (વિશ્વાસ)નો અમલ થાય છે, ત્યાં અલ્લાહતઆલાની રહેમતના ફરીશ્તા સદા હાજર હોય છે અને જ્યાં નુરે ઇલાહી હોય છે ત્યાં ફરીશ્તા પણ મૌજુદ હોય છે.

તકીયો :

સવાલ ૬૨ : ઇસાઇઓ અગર પોતાના દીનની દરેક વાતોને જાહેર કરી શકે છે તો આપણે આપણા દીનની વાતો અને અકીદાઓને શા માટે જાહેર અને પ્રગટ નથી કરી શકતા ?

જવાબ (અ) જે રીત ઇસાઇઓ અપનાવે આપણે પણ તે રીતે કરીએ અને એમ કરવામાં આપણે ઇસ્લામના મુળભુત સિધ્ધાંતોને ન જોઇએ એવું શા માટે જરૂરી હોવું જોઇએ ?

(બ) આપણે અમુક માન્યતાઓમાં તકીયો કરીને કામ લેવાની જરૂરત છે, તકીયો આપણો દીન છે, આપણા ઇમામોનો દીન છે અને તે રસુલે બરહક (સ.અ.)નો દીન છે જે ઇસ્લામ છે.

(ક) કુરઆન તથા સુન્નત અને તથા પવિત્ર ઇમામોની દ્રષ્ટાંતરૂપ ઝીંદગીમાં થોડું વિચારી જોઇએ તો જણાશે કે દીને ઇસ્લામની ઘણી બાબતોમાં તકીયાનો સિધ્ધાંત ફાયદામંદ છે અને તકીયો કરવો સારૂં છે કારણ કે તેમાં સર્વ પ્રકારની સલામતી છે.


(ડ) ઇસ્લામ કુદરતી મઝહબ છે જેથી તેનો કાયદો એ કાયનાત અને મોજુદગીનો કાયદો છે અને તે એ છે કે દરેક વસ્તુ તથા દરેક મખ્લુકને જગ્યા જગ્યાઓના ભય (ખતરા)થી બચાવવાની યુક્તિઓ રચાયેલી છે જેથી તકીયાનો મતલબ છે કે દીનની એવી બાબતોને જાહેર ન કરવી કે જેના લીધે મોમીનોને ભય ઊભો થતો હોય અને ઇમામના મુરીદોને નકામી તકલીફ પહોંચતી હોય.

(ઇ) આપણે આપણા વર્તન અને વાણીને ઇમામે ઝમાનના પવિત્ર હુકમ તથા ફરમાનના સાંચામાં ઢાળવા જોઇએ નહિ કે ફકત અનુકરણ (નકલ) કરવા ખાતર બીજાઓની તરફ જોવું જોઇએ જયારે કે આપણી પાસે નુરે હિદાયત મૌજુદ છે, જે કોઇ બીજા પાસે નથી.

(ક) શરૂઆતથી લઇને હમણાં લગી આપણા ભાઇઓ તથા બહેનોના એવા જે જે સવાલો આવ્યા હોય કે જેનું પ્રમાણ ઇસમાઇલી ન હોય એવી માન્યતાનું છે, તો તે સવાલોજ મુળથી ખોટા છે મતલબ કે પારકાઓની કોઇ માન્યતાને જોઇને એ પુછે કે "ફલાણા મઝહબમાં આ છે, આપણા પાસે એમ કેમ નથી" તે હરગીઝ વ્યાજબી નથી, જેનું કારણ ઉપર જણાવેલ છે.

## નુરે વાહીદ (એકજ નૂર):

સવાલ ૬૩ : પવિત્ર કુરઆન ખુદાઇ નુર છે અને હાઝર ઇમામ પણ એજ પ્રમાણે છે, પરંતુ નુર વહેંચાય (બે ભાગ થાય) એવું શકય નથી, તો આપણી પાસે બે નુર કેમ થયા ?




જવાબ : તમારા સવાલનો જે વ્યાજબી ભાગ હતો તે મેં અહીં લખી દીધો છે અને તેમાંજ તમારો હેતુ પણ આવી ગયો છે અને બીજા શબ્દો અવ્યવસ્થિત હતા માટે તમને છોડી દીધા છે, અને આ સવાલનો જવાબ ઉપર પ્રમાણેની આકૃતિ મુજબ છે.

ISW IS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

આ એક ચમત્કારિક આકૃતિ છે, જે ખાસ રીતે (નીમણુંક પામેલી) સરખે ભાગે વહેંચાયેલી વસ્તુમાંથી છે અને આમાં જોવાથી ઇલ્મો હિકમતના ઘણા મુળભુત સિધ્ધાંતોની ખબર પડે છે, માટે આનાથી એ હકીકત સાફ રીતે જણાઇ આવે છે કે નુર સદાકાળ માટે એકજ છે, તે પવિત્ર કુરઆન તથા ઇમામે ઝમાન (અ.સ.)ની વચ્ચે છે જેથી તે બન્ને પાક હસ્તીઓ (એટલે કે કુરઆન તથા ઇમામ)ની અંદર સામાન્ય છે.

જો કે નુર એક રીતે તો કુરઆને પાક તથા ઇમામે બરહકમાં સામાન્ય છે પરંતુ બીજી રીતે નુરનો વધુ અને વધુ સંબંધ હૈયાત અને હાઝર ઇમામથી છે કારણ કે નુર બોલે છે અને તે એક જીવંત રૂહ છે અને તે ઇમામતનીજ રૂહ છે અને ઇમામનુંજ નુર છે, જેમકે અલ્લાહ ફરમાવે છે કે :

"કદ જાઅ કુમ્મીનલ્લાહી નુરૂન વ કિતાબુ મ્મુબિન" (૫:૧૫) તમારી પાસે અલ્લાહની તરફથી નુર અને જાહેર પુસ્તક આવી ચુકયા છે." આ ફરમાને ખુદાવન્દીથી જાહેર થાય છે કે નુર હકીકતમાં પયગમ્બર (સ.અ.) અને ઇમામ (અ.સ.) છે અને જાહેર પુસ્તક કુરઆન છે. અગર કુરઆન પોતેજ નુર હોત તો તેને "કીતાબુમ્મુબીન" કહીને નુરનો અલગ ઉલ્લેખ કરવામાં ન આવતે.

આ વર્ણનનો ખુલાસો એ છે કે કુરઆન કીતાબેમ્મુબીન (જાહેર પુસ્તક) છે અને ઇમામે ઝમાન નુર, કારણ કે નુર એકજ છે બે નહિં. અને આપણે જો કુરઆનને પણ નુર કહેવા ઇચ્છીએ છીએ તો તે એ અર્થમાં વ્યાજબી છે કે કુરઆનની જીવંત રૂહ ઇમામમાં રહે છે અને ઇમામમાંજ બોલી શકે છે નહિંતો નહિં. આકૃતિમાં ખુબ ધ્યાનથી જોઇને આ અર્થને સમજો.

આરીફનો દરજ્જો :

સવાલ ૬૪ : અગર એક માણસ મારફતના ઊંડાણમાં (ઉચ્ચ સ્થાને) પહોંચે છે અને તે નુરને મેળવી લ્યે છે અને તે કોઇ પીર, પયગમ્બર અને કુરઆન સમો થઇ જાય છે તો શું તે એ સમયે અનલહક (હું ખુદા છું) કહી શકે છે કે નહિં ? અગર તે આ છેવટના દરજ્જા સુધી પહોંચી શકે છે તો તેનો ઇમામ સાથે શું સંબંધ હોય છે ? એમાં એજ ખુદાઇ નુર હોવા છતાં કે જે ઇમામમાં છે. તે પોતાને ઇમામ તરીકે જાહેર નથી કરી શકતો પરંતુ તે (નુર થકી) એવાજ દરજ્જો ધરાવે છે જેમ ઇમામ અથવા પયગમ્બરનો હોય તો તે પોતાની ઇમામતની જાહેરાત કેમ નથી કરી શકતો, ફકત એ માટે જ ને કે તે નુરાની કુટુંબ (ઇમામતના ખાનદાન)માં નથી જનમ્યો. અને જો એમજ બને છે તો આ કયાંનો ઇન્સાફ થયો, જ્યારે કે ખુદાતઆલા પવિત્ર અને રહેમાન તથા રહીમ તથા આદીલ (ઇન્સાફ કરનાર) છે તો પછી આ બંને જાહેર સ્વરૂપોની વચ્ચે આ તફાવતભર્યો વર્તાવ શું કામ રાખવામાં આવ્યો છે ?

જવાબ : એ સાચું છે કે એક હકીકી મોમન હાદીએ બરહકના માર્ગદર્શનના પ્રકાશમાં મારફતની કમાલીયતને પહોંચે છે અને એ પણ સાચું છે કે તે નુરને મેળવી લ્યે છે પણ નુરની અસલમાં વાસલ થઇ જાય છે નહિં કે તેનાથી અલગ અને જુદો કોઇ નુર મેળવે છે કેમકે નુર વ્હેંચાતો નથી, જેમકે સવાલ ૬૩માં આ માટેની આકૃતિ આપેલી છે. એ પણ હકીકત છે કે પીર પયગમ્બરની રૂહાનીયતને અનુસરતા (તેની પાછળ ચાલતાં) આગળ અને આગળ ચાલ્યો જાય છે અને એમાં કોઇ શંકા નથી કે આ દરમ્યાન કુરઆનની સંપુર્ણ રૂહાનીયતને પણ મેળવી લ્યે છે પરંતુ એ તમે કઇ રીતે કહી શકો છો કે રાડો પાડી પાડીને “અનલહક”નો સાદ દેવો એ પણ આ સંબંધેનો એક

જરૂરી ચમત્કાર છે, જો કે આ શબ્દો મનસુર હલ્લાજની પોતાની (વ્યક્તિગત) લાગણીનું પરિણામ છે, તમો સઘળા મારફતમાં પહોચનારા (આરીફ)ની મારફતને ફકત એજ અનલ હકના ધોરણે પરખવાની કોશીષ ન કરો પરંતુ એકંદરે જ્ઞાન અને તેની માહિતી (જાણકારી)ને જુઓ.

આરીફનો (પવીત્ર માનવીનો) ઇમામથી એ સંબંધ હોય છે કે તે ઇમામના નુરથી મળી જાય (વાસલ થઇ જાય) છે. તેમાં એજ ખુદાઇ નુર, ઇમામથી અલગ નથી હોતો પરંતુ તે ખુદાના નુરથી (જે ઇમામમાં છે.) ઇમામનાજ (વસીલા થકી), મારફત જઇ મળે છે, આમાં કોઇ બીજું નુર કયાંથી આવ્યું અથવા અસલ નુર બે વિભાગોમાં કયારે વહેંચાયું કે જેના કારણે એ આરીફ દાવો કરે કે તે પણ એક ઇમામ બની ગયો છે? સવાલનો આ ભાગ બચ્ચા જેવો (અપરીપકવ) છે. તમો સારી રીતે વિચારો કે લોખંડનો એક ટુકડો આગમાં રહીને આગ બની શકે છે તો એનો એ અર્થ હરગીઝ નથી કે તે આગથી અલગ થઇને પણ એવો દાવો કરે કે હું આગ છું, એ દાવો વ્યાજબી નથી કારણ કે અગર તે લોખંડ આગ છે તો તે આગ થકી છે આગના વસીલાથી છે અને આગની અંદર રહીને આગ હોવાનો દાવો કરે એ વ્યાજબી છે.

બીજું દ્રષ્ટાંત એ ગરીબ માણસ જેવું છે કે જે બાદશાહનો મિત્ર બની જાય છે, ધીમેધીમે બાદશાહ રાજ્યના સઘળા ભેદો તેની આગળ ખોલી દે છે, જેનો હેતુ તેને ભેદી બનાવવાનો છે ન કે તેને બાદશાહીના સિંહાસને બેસાડવાનો, આ સ્થિતિમાં જો તે ગરીબ માણસ એક જુદો રાજા બનવાની ઇચ્છા કરે છે તો તે તદ્દન ખોટી છે. અગર એ વિચારે છે કે તે બાદશાહનો એટલો નઝદિકનો મિત્ર બની ગયો છે કે જાણે કે તે બાદશાહની જાન છે. અને બાદશાહ તેનું એક રૂપ છે, તો આ

ગરીબ શખ્સ એમ કલ્પના કરી શકે છે કે બાદશાહની રૂહમાં મળીને બાદશાહ બની ગયો છે પણ એમ ન વિચારે કે બાદશાહથી અલગ તે કોઇ બાદશાહ બની ગયો છે.

## આ ફરક શા માટે ?

સવાલ ૬૫ : કહેવાય છે કે (સીરાતે મુસ્તકીમ) સીધા રસ્તા ઉપર અમુક લોકો આગળ છે અને કંઇક પાછળ છે, પરંતુ ખુદા પાસે સઘળા બચ્ચાઓ બરાબર છે તો પછી કંઇક લોકો બીજાઓથી પાછળ શું કામ ?

મઝહબી માન્યતાઓ બાળપણમાંજ મજબુત થઇ જાય છે અને એક માણસ ૧૮–૨૫ વર્ષની ઉમર કરતા પહેલાંજ મઝહબને તેની ઊંડી તપાસ વગર અપનાવી લ્યે છે. પછી સમય અને સંજોગ ચાલ્યા જાય છે અને તે પોતાના મઝહબને બદલાવી નથી શકતો કારણ કે તેને વિશ્વાસ હોય છે કે પોતે જે મઝહબને અનુસરે છે તેજ સત્ય છે. આવી સ્થિતિમાં તેને રૂહાની (આઝાબ) તકલીફ શા માટે મળવો જોઇએ જ્યારે કે તેણે તે લોકોના કહેવા ઉપર અમલ કર્યો જેઓને વિશ્વાસ હતો કે તેઓ સાચા છે ?

જવાબ : હા ! બરાબર છે કે કુરઆન અને હદીસ તથા અકકલ અને તર્કની દ્રષ્ટિએ અમુક લોકો સીરાતે મુસ્તકીમ ઉપર આગળ છે અને કંઇક લોકો પાછળ, કારણ કે દીન અગર ખુદાની તરફ ચાલીને તેની નઝદિક થવા અને નજાતની મંઝીલ મેળવવા માટેનો રસ્તો છે તો જરૂરી છે કે તેના પરિણામે કંઇક લોકો આગળ વધી જાય અને કંઇક પાછળ રહી જાય અને અમુક ભુલા પડી (ભટકી) જાય.

જ્યારે તમો કબુલ કરો છો કે દીને હક (સાચો ધર્મ)ની મિસાલ સાચા માર્ગ તરીકે આપી છે તે તદ્દન બરાબર છે તો પછી તમો દીનના રસ્તા (સીરાતે મુસ્તકીમ)ની જરૂરિયાત તથા પરિણામને કેવી

રીતે ભુલી શકો છો, અને તે એ છે કે દરેક દરેક મઝહબવાળા એજ રસ્તાના મુસાફરો છે. પણ કેમકે તેઓ હાદીએ બરહકની ઓળખ, ફરમાનબરદારી, મુસાફરીનો સામાન તથા દરેક રીતની તૈયારીને જોતાં એક સરખા અને બરાબર નથી તે માટે આ મઝહબી મુસાફરોમાંથી કંઇક તો આગળની મંઝીલો પર પહોંચી ગયા છે અને કંઇક પાછળ છે અને કંઇક ભટકી ગયા છે.

એ જાણી લ્યો કે ફરિશ્તાને નફસ (મન) નથી ફકત અકકલ આપવામાં આવી છે, હૈવાનને અકકલ નથી ફકત નફસ આપવામાં આવેલ છે અને ઇન્સાનને મજકુર બન્ને મખ્લુક (જીવંત વસ્તુઓ)ની વચ્ચે સમજીને, કસોટી અને આઝમાઇશ રૂપે તેને બંને શકિતઓ અર્પણ કરેલી છે અર્થાંત ઇન્સાનમાં અકકલ પણ છે અને નફસ પણ, અને આ જાણીતી હકીકત એટલી પ્રખ્યાત અને મશ્હુર છે કે તેને કોઇ હરગીઝ નકારી શકતો નથી. ઇલ્મ તથા અમલના આ મેદાનમા જ્યાં ઇન્સાનની કસોટી કરવાનો હેતુ હતો અને જે માટે તે અકકલ અને નફસની બે વિરોધાભાસી શકિતઓ આપવામાં આવી તો તેની સાથે સાથે રહેમતે ખુદાવન્દી એ જરૂરી લેખ્યું કે ઇન્સાનને એક ત્રીજી શકિત પણ બક્ષવામાં આવે કે જેના થકી અકકલ અને નફસ બંને ઉપર રાજ્ય કરી શકે, તે શકિત સંકલ્પ (નિર્ધાર) એટલે કે અધિકારની હતી, અને અહીં સંકલ્પ તથા અધિકારનો અર્થ છે કે અકકલ તથા નફસની ફરમાઇશો (ઇચ્છાઓ)માંથી કોઇએક ને ચાહવું યા પસંદ કરવું. અગર ઇન્સાનને પોતાના ઇલ્મ તથા અમલ માટેનો અધિકાર ન મળ્યો હોત તો કસોટી અને આઝમાઇશનો પ્રશ્ન ખલાસ થઇ જાતે અને તેની (ઇન્સાનની) અંદર એ વિરોધાભાસી શકિતઓનું હોવું અર્થહીન થઇને રહી જાતે.

જયારે ઇન્સાનના અધિકાર અને કસોટી પુરવાર થયા તો તેના પરિણામો પણ જરૂરી થઇ ગયા અને આ સર્વ કાંઇ એ માટે છે

કે ઇન્સાન ન ફકત સઘળા હૈવાનો (પ્રાણીઓ) ઉપર રાજ્ય કરે પરંતુ તે ફરિશ્તાઓ કરતાં પણ ઉચ્ચ અને ઉત્તમ પુરવાર થાય. દુન્યવી રીતે પણ કોઇની વારંવાર પરિક્ષા કરવાનું કારણ એજ હોય છે કે તેને ઊચ્ચસ્થાન અને ઉત્તમતા મળે અને તેને આગળ અને આગળ વધારવામાં આવે પરંતુ આ પરંપરામાં ઘણા લોકો નાસીપાસ પણ થઇ જાય છે.

સઘળા ઇન્સાનોની મિસાલ જયાં ખુદાના બાલબચ્ચાં જેવી છે તો તે ફકત એટલા પુરતીજ થઇ શકે છે કે અલ્લાહતઆલા એક પિતાસમાન બલ્કે તેથી પણ વધીને ઘણીજ વધારે, લોકોની ભલાઇ અને સારૂં ઇચ્છે છે. હવે જયારે તમોએ પોતેજ બાપ—દિકરાના સિધ્ધાંતને કબુલી લીધો છે તો પછી સિધ્ધાંતથી હટીને કયારેય વાત ન કરજો, અને તે એ કે કોઇ બાપના સઘળા બચ્ચા જ્ઞાન અને બુધ્ધિ તથા હુકમ અને ફરમાનબરદારીમાં એક જેવા પાબન્દ તો નથી થઇ શકતા, કંઇક ફરમ ન માનનારા હોય છે અને કંઇક નાફરમાની કરનારા અને એ જરૂરી બાબત છે કે બાપ અમુક બચ્ચાઓથી રાજી રહે અને અમુકથી નારાઝ, અને ખુદા જેમ એક મહેરબાન અને દયાળુ પિતા તરીકે એવું નથી ઇચ્છતો કે લોકો કુદરતના કાયદાઓની વિરૂધ્ધ જાય તેમ તે લોકોના ખોટા કાર્યોની સજા થકી પણ ખુશ નથી પરંતુ કુદરતનો નીયમ કે જે સ્વયંસંચાલિત (ઓટોમેટિક) પ્રકારનો છે, દરેક રીતના આમાલનો બદલો પોતે પોતેજ આપતો રહે છે.

તમારૂં એમ સમજવું તદન ખોટું છે કે "મઝહબી માન્યતાઓ બાળપણમાંજ મજબુત થઇ જાય છે" જયારે કે માન્યતા એતો ઇમાનની શરૂઆતનુ નામ છે અને મજબુત ઇમાનનો અર્થ ઇમાને કામિલ (સંપુર્ણ વિશ્વાસ) છે. આનો અર્થ એમ થાય છે કે માન્યતાઓની સુધારણા અને ઇમાનને ઠીક કરવા માટેની મુદત મૌતનો સમય આવવા સુધીની હોય છે, કારણ કે બાળપણની માન્યતાનું મુળ મર્યાદિત બાબતો પર રચાએલું હોય

છે અને અકકલ તથા બુધ્ધિના મજબુત થવા પછી તેમાં સંશોધનની જરૂરિયાત પેદા થાય છે, તો આજ કારણ છે કે કુરઆને હકીમે સઘળી વાતો તથા સઘળા કાર્યોમાં મનન તથા ચિંતન માટે ભાર આપેલો છે, દીને ઇસ્લામની આ હિકમતભરેલી એ દાવત છે કે જે મર્યાદિત (સ્થિતિ)થી લઇને સંશોધન કરવા તરફ આવવા માટે નીય્યત કરેલી છે.

આ સવાલમાં એકજ અર્થને અલગ શબ્દોમાં દોહરાવવામાં (પુનઃરૂચ્ચાર કરવામાં) આવ્યો છે. દાખલા તરીકે એમ કહેવું કે "જયારે કે તેણે એવા લોકોના કહેવા પર અમલ કર્યો કે જેમને વિશ્વાસ હતો કે તેઓ સાચા છે." તમો પોતેજ જરા વિચારો કે શું આપણે આ વાતને સાચી માનીએ કે લોકોની એક સામાન્ય વાતને કે દુનિયાના સઘળા મઝહબોવાળા પોતપોતાની દ્રષ્ટિ (માન્યતાઓ) ઉપર સાચા છે, અને અગર લોકોનું એમ કહેવું કોઇ દલીલ છે તો પછી સઘળા મઝહબો હકક પર છે, પરંતુ એ વાત શકય નથી.

## દુનિયામાં તકલીફો શા માટે ?

સવાલ ૬૬ : પાક ખુદા જયારે રહેમાનો રહીમ (દયાળુ) અને જવ્વાદો કરીમ (કૃપાળુ) છે તો પછી આ દુનિયામાં ઘણીબધી એવી તકલીફો શા માટે છે ? બચ્ચાઓમાં ગરીબાઇ તથા મજબુરી શા માટે છે ? અને લડાઇઓનું અસ્તીત્વમાં હોવું શા માટે છે ?

જવાબ : (અ) અલ્લાહતઆલાના ગુણાવંતા નામોના જેટલાં વખાણ અને વર્ણન કરવામાં આવે તેટલા ઓછા છે કેમકે સઘળું ખુદાઇ જ્ઞાન તથા હિકમત અને સઘળા કુદરતના નીયમો ખુદાના નામોમાં છે જેની વિગત પાક કુરઆને શરીફ છે, અને માનવ જગતમાં જે રીતની તકલીફો જોવામાં આવે છે તે ખુદાની (પાક) હસ્તી અને તેની

ખુબીઓનો અસ્વીકાર નથી કરતી અને નતો તે કુરઆનની હિકમતના વિરૂધ્ધ છે.

(બ) તમોએ પુખ્તવયના મનુષ્યોને મુકીને માસુમ બચ્ચાઓની ગરીબાઇ, મજબુરી અને બિમારીનો સવાલ એ માટે ઉઠાવ્યો છે કે જેથી અમો મોટાઓના વિષે એમ કહીને જવાબને ટાળી જ દઇએ કે આ તેમના ગુનાહોની શીક્ષા (સજા) છે, જ્યારે કે નાના નાના બાળકો બે-ગુનાહ (નિષ્પાપી) હોતા હોય છે. તો તમારૂં આમ પુછવું વ્યાજબી છે પરંતુ યાદ રાખો કે તકલીફો (મુસીબતો) દરેક વખતે ગુનાહોના લીધે નથી આવતી, તે ઘણીવાર આ સિવાયની કોઇ અન્ય બાબત (યોગ્યતા-યુકિત) કારણે પણ હોય છે. અંબીયા અલયહિમુસ્સલામના પવિત્ર જીવન ઉપર વિચાર કરો, શું તે માનવંત (હસ્તીઓ) નાના બચ્ચાઓ કરતાં પણ વધુ પાક અને પવિત્ર નહિ હતા? શું તેઓને (નઉઝોબિલ્લાહ) પાછલા જનમના ખરાબ કામોની શીક્ષા મળી રહી હતી? મનુષ્યોમાં તેઓએ સૌથી વધારે તકલીફો અને મુસીબતો શા માટે ઉઠાવી? આ પ્રકરણ ઉપર ખુબ ચિંતન કરવું જોઇએ.

(ક) એ પણ યાદ રાખો કે કુરઆનની હિકમત મુજબ એકજ વસ્તુના કેટલાંય નામો હોઇ શકે છે જેમકે દુન્યવી રીતે કોઇ પાસેથી કોઇ રોકડ અને વસ્તુ (ચીજ) લેવાનું નામ દંડ (જુરમાનો) પણ થઇ શકે છે અને ભેટ (ઇનામ) પણ થઇ શકે છે અને આ બાબત (લેણ-દેણ) જેમની વચ્ચે થાય અને જે વ્યકિતઓને આની ખબર હોય તેઓજ પુરી રીતે તે જાણી શકે કે જે કંઇ લેવામાં આવ્યું તે ભેટ સ્વરૂપે હતું કે દંડ સ્વરૂપે, આજ રીતે કોઇ તકલીફ અને મુસીબત ન ફકત સજા (શીક્ષા)જ હોઇ શકે છે બલ્કે અમુક સ્થતિમાં (કયારેક) તે બંદગી અને કુરબાની પણ થઇ શકે છે.

(ડ) બન્ને જગતનો કોઇ બાદશાહ છે અને તેજ ખુદા છે. તેનીજ

બાદશાહી અને ખુદાઇમાં આ સઘળું છે અને હોવું જોઇએ અને જો હિકમતની દ્રષ્ટિએ જોયું જાય તો જણાશે કે નતો બિમારી અને તકલીફો નકામાં (અકારણ) છે અને નતો એ લડાઇઓ કે જે કુદરતી રીતે થયા કરે છે પરંતુ આનો અર્થ ક્યારેય એમ નથી કે બિમારીનો ઇલાજ ન કરવામાં આવે, તકલીફોને દુર કરવા માટે અકકલ અને શાણપણથી કામ ન લેવું અને લડાઇઓને દરેક વખતે ઇબાદત લેખવામાં આવે, પરંતુ ઘણી ખરી તકલીફોને ખતમ (નાશ) કરવા માટે પ્રયત્નો જરૂરી છે અને જો શકય ન હોય તો તેને કુદરતી લેખીને સમજી લેવાનું કે આમાંજ હિકમત અને યોગ્યતા રહેલી છે.

(ઇ) માનવ જીવન એક અજીબો ગરીબ હસ્તી છે અને તેના કેટકેટલા પાસા છે, કારણ કે ઇન્સાન ન ફકત પોતે પોતાની અંદર જીવંત છે પણ તે અન્યોમાં પણ જીવે છે, તે જો કે મર્યાદિત દ્રષ્ટિમાં અંગત અને વ્યક્તિગત રીતે જીંદગી વિતાવતો હોય છે અને દરેક રીતે તેના વિચારો અને ચિંતાઓ (ધારણાઓ), વાણી અને વર્તનોની એક નાનકડી અલગ દુનિયા છે જેનો હિસાબ કિતાબ નોખું અને અંગત પ્રકારનું હોય છે, તે છતાં એ સત્યને પણ કોઇ નકારી નથી શકતું તેની એક ઘરગથ્થુ અને કૌટુંબિક જીંદગી પણ છે જેની સ્થિતિ એવી છે કે ક્યારેક તો તે કુટુંબના માણસો થકી તકલીફ ઉપાડે છે અને ક્યારેક તેઓના કારણે શાંતિ (રાહત) પામે છે. અને તેમાં આશ્ચર્ય શું હામ થવું જોઇએ કારણ કે એ તો ખાનદાનની (કુટુંબની) એકતા અને અખંડતા છે અને ઘરની વ્યક્તિઓ એકબીજાના (અંગ–ઉપાંગો) અવયવ અને ભાગ સમાન છે, આજ મિસાલ હિકમતવાળાઓની નજીક ઇન્સાનની તે જીંદગીની પણ છે જે તે ગામડા, શહેર અને દેશવાસીઓની સાથે મળીને પસાર કરે છે જેનો અર્થ એમ થાય છે કે તે (ઇન્સાન) દરેક પ્રકારની સામુહિક (ભેગા થઇને વિતાવનારી) જીંદગીના કાયદાઓથી જુદો (સગપણ વગરનો) અને નિસ્વાર્થ નથી રહી શકતો અને નતો તે પોતા

દેશ અને લોકોની એકંદર ભલાઇ (સારાઇ) કે બુરાઇના પરિણામો અને અસરથી જુદો થઇ શકે છે.

(ઊ) આજ રીતે દરેક ઇમાની માણસની (મોમીન)ની એક જમાતી અને મઝહબી જીંદગી પણ છે અને દરેક પ્રકારના લોકોની સૌથી છેવટની અને સૌથી મહાન જીંદગી તે છે જેમાં ઇચ્છા કે અનીચ્છાએ (મરજી કે ના મરજીથી) સઘળા લોકોને વળવુંજ છે (૩:૮૩) અને તે એવી સંપુર્ણ જીંદગી છે કે જેમાં શરૂઆતથી અનંત (અઝલથી અબદ) સુધી પ્રાણી (ઉત્પતિ પામેલા જીવો) એકજ છે (૫૬:૪૯-૫૦) માટે ખુદાનું ફરમાન છે કેઃ-

મા ખલકકુમ વ લા બાઅસુકુમ ઇલ્લા કન્ફસીંવ અહદ (૩૧:૨૮) તમો દરેકને (અઝલ-શરૂઆતમાં) પૈદા કરવું અને (અબદમાં-અનંતમાં) જીવતા કરવું એક જાન (એટલે કે નફસે કુલ્લી)ની માફક છે, એટલે કે તમો સઘળા એક રૂહ (રૂહે કુલ્લી)માં એકજ છો અને જો તમે પોતાની અંદર (ચશ્મે યકીન) વિશ્વાસની દ્રષ્ટિ પૈદા કરશો તો જોશો કે તમે રૂહનું ફકત એક ટીપું (કતરા) હોવા છતાં એક જાન (નફસે કુલ્લી)ના સમુદ્રમાં કેવી રીતે એક છો.

ઊપર મુજબની વિગતોનો ખુલાસો, તેનો અર્થ એ થયો કે દીની અને દુન્યવી રીતે માણસની વ્યકિતગત તથા દરેક પ્રકારની સામુહિક જીંદગીના કાર્યો (સાહસો)ની પુર્ણતા તકલીફો વગર અશકય છે કેમ કે દુનિયા અને આખરતમાં ઇન્સાનના માટે સૌથી વધારે આનંદ અને સૌથી મોટું અભિમાન (ગર્વ) એ વાતમાં છે કે તે ખુદાના માર્ગમાં સખતથી સખત મહેનત-મુશ્કેલીઓ સહન કરે અને તેની (ખુદાની) મખ્લુકના માટે મોટી મોટી કુરબાનીઓ અર્પણ કરવામાં આવે એ માટે કે, જો કે ખુદાને ન ઓળખવાની ગંભીર સજા પોતાની જગ્યાએ હક છે છતાં છેવટમાં એક એવો સમય પણ આવનાર

છે કે જેમાં દરેક મઝહબના લોકો ખુદાની અપાર રહેમતમાં એકઠા મળનારા છે.

## શરીયત :

સવાલ ૬૭ : શું એ વાત સાચી છે કે જ્યારે કોઇ માણસ તરીકત અથવા હકીકતની મંઝીલમાં પહોંચે છે તો શરીયતથી આઝાદ (છુટો) થઇ જાય છે ?

જવાબ : ના, ના એ વાત સાચી નથી સંપુર્ણપણે શરીયતને છોડી આપવું ક્યાંય નથી કેમકે દીનની દરેક વસ્તુની રચના (ઉત્પતી) શરીયત, તરીકત, હકીકત અને મારફતના ચાર મુળ તત્વોથી છે. પણ એ વાત જરૂર છે કે અગર કોઇ વસ્તુમાં શરીયતનું તત્વ વધારે હોય તો બીજીમાં તરીકતનું તત્વ વધી જાય છે, ત્રીજીમાં હકીકતનું અને ચોથીમાં મારફતનું પાસુ વધારે હોય છે, આ પ્રકારની સમજુતી માટે તમો મારા એક પુસ્તક "આઠ સવાલના જવાબ"ના છેવટમાં જુઓ.

## ઇમામત અને સ્ત્રી :

સવાલ ૬૮ : એનું શું કારણ અથવા એની શું મતલબ (તાવીલ) છે કે અંબીયા અને ઇમામો (અ.સ.) હમેશા પુરૂષોમાંથી થયા છે અને કોઇ પણ સમયમાં કોઇ સ્ત્રીને નબુવ્વતના મરતબાથી કે ઇમામતના દરજ્જાથી બિરદાવવામાં નથી આવી.

જવાબ : (સવાલને લગતા બિલકુલ જવાબ દેતા પહેલાં દીને ઇસ્લામમાં સ્ત્રીને માટે જે સ્થાન છે તે તરફ કંઇક ઇશારા આપીએ છીએ કે આ વાત તે સર્વમાન્ય હકીકતોમાંની છે કે જેના વિષે કોઇ શંકાજ નથી કે એ સ્ત્રીજ હતી કે જેણે માનનીય અંબીયાઓ અને મહાન ઇમામો અલૈહીમુસ્સલામને જન્મ દીધો. તેણેજ આ પાક અને

પવીત્ર હસ્તીઓની જીસ્માની અને નીતી વિષેની કેળવણી અને ઉછેરની પવિત્ર ફરજો બજાવી, અને તેણેજ જગતભરની માતાઓમાંથી એક શ્રેષ્ઠ-તમ માતાની હેસીયતથી તે સંપુર્ણ મનુષ્યો (કામીલ ઇન્સાનો)ને કે જેઓ આગળ ચાલીને લોકોના માર્ગદર્શક અને હાથ ઝાલનારા થનાર હતા, (તમને) પોતાની પવિત્ર ગોદમાં ઉપાડીને અતીશય વાત્સલ્ય અને પ્રેમથી છાતી સરસા ચાંપ્યા,

કેટલી ખુશનસીબ અને ઉચ્ચ મરતબા વાળી હતી એ બુઝુર્ગ અને માનનીય માતાઓ જેમની ઔલાદોમાંથી કોઇ પયગમ્બર અથવા ઝમાનાનો ઇમામ થયો. તે સ્ત્રીઓ પણ કેટલી બધી નેકબખ્ત (નસીબદાર અને ખુદાવન્તાઆલાની પસંદગી પામેલી હતી, જેમને પયગમ્બરો અથવા ઇમામોની જીવનસંગીની બનવાનું ઉ-તમોત્તમ સદભાગ્ય સાંપડેલું હતું અને તેઓ માનવંતની બહેનો અને દીકરીઓ ઉપર પણ પરવરદીગારે આલમની કેટલી મોટી રહેમત, દયા અને ઉપકાર હતા કે તેઓ આસમાની ઇલ્મ ધરાવનાર અને હિકમતના ઉદભવસ્થાન (ઇમામો અને પયગમ્બરો)ની ખુબજ નજીક રહેતી હતી.

એક ફાયદામંદ સલાહ એ છે કે તમો પોતેજ કુરઆને હકીમના એ ફરમાનોનું જરા ધ્યાનપુર્વક મનન કરો કે જે હઝરત મુસા (અ.સ.)ની માનવંત માતા અને હઝરત ઇસા (અ.સ.)ની મમતાળુ માતા (બીબી મરીયમ)ના વિષે છે કે સ્ત્રીજાતી ઉપર વહી ઊતરવાનું કેવી રીતે શકય બન્યું અને તેઓથી ફરીશ્તાઓએ કેવી રીતે વાત કરી, જેથી તમોને (ઇસ્લામ) કુદરતી મઝહબમાં સ્ત્રીના સ્થાન અને રૂહાની પ્રગતીનો ખ્યાલ આવી શકે.

આલમે ઇસ્લામમાં પવિત્ર અહેલે બૈત એટલે કે પંજતન પાક સલ્વાતુલા અલૈહીમની મહાનતા અને બુઝુર્ગી તથા પવિત્રતા અને પાકીઝગી એક સર્વમાન્ય હકીકત છે જેના વિષે કોઇ પણ નેક મુસલમાનને

અણુ જેટલી પણ શંકા નથી અને સૌ જાણે છે કે પાક પંજતનમાંથી એક ઉમદા મુલ્યવાન વ્યક્તિ સ્ત્રી પણ છે જેનું મુબારક નામ ફાતમા ઝહરા અને લકબ ખાતુને જન્નત છે, જેઓ (સલ્વાતુલ્લા અલૈહા) પવીત્ર જગતના નુરના જાહેર થવા (ઝહુરાત)ના એ ભવ્ય નમુના અને ખુદાવન્દની રચના (જગત)ની સુંદરતાનો એવો પવિત્ર-તમ અરીસો હતી જે કોઇ ઔલીયાઇ દરજ્જાની કરામત ધરાવનારી સ્ત્રીની જીસમાની અને માનવ સ્વભાવમાં શકય હોય જેથી તેની મારફત (જ્ઞાન) થકી દીનદાર, પાક અને ફરીશ્તા જેવા ગુણો ધરાવતી સ્ત્રીઓને વ્યાજબી પ્રોત્સાહન મળી શકે,

ઉપર મુજબની ઘણી ખુબીઓ અને ઉ-તમ ગુણો છતાં કોઇ પસંદગી પામેલી સ્ત્રી નબુવ્વત અથવા ઇમામતના ભવ્ય-તમ સ્થાન પર આવી નથી શકી જેનું કારણ જાહેરી નહિં પણ તાવીલી (ગુઢાર્થવાળી) છે અને તે નીચે મુજબ છે:

(અ) પયગમ્બર, ઇમામ અને શીક્ષક રૂહાની પુરૂષો છે અને (ઉમ્મત) અનુયાયી, મુરીદ અને ચેલા રૂહાની સ્ત્રીઓ છે જેથી અગર કોઇ પુરૂષના હોવા છતાં કોઇ સ્ત્રી પણ પયગમ્બર કે ઇમામ હોતે તો તેનો ખુલાસો—ગુઢાર્થ (નઉઝબિલ્લાહ) એમ થયો હોતે કે પયગમ્બર ઉમ્મતની ઇતાઅત (તાબેદારી) કરે, ઇમામ મુરીદના ફરમાન માને અને શિક્ષક ચેલાથી ઇલમ હાંસલ કરે, તો આ વાત તો કુદરતના કાનુનથી વિરૂધ્ધની થઇ, જેથી કરીને કોઇ સ્ત્રી પયગમ્બર કે ઇમામ નથી થઇ. આ માટે તમો સો સવાલ ભાગ ચોથામાં સવાલ નંબર અથવા વિષય ૯૭ને પણ વાંચો.

## (મારફતનું સ્થાન) :

સવાલ ૬૯ : એક માણસ મારફતના સ્થાને કયારે પહોંચે છે ? જીવનમાંજ કે મરી ગયા પછી ?

જવાબ : (અ) ઇન્સાનનો દુનિયામાં આવવાનો સૌથી મોટા હેતુ ઇબાદત અને મારફત છે, તો એ હેતુ આ દુનિયામાંજ પુરો થઇ જવો જોઇએ, ન કે મરવા પછી બીજી દુનિયામાં, કેમકે આ મેદાને અમલમાં મુળ કસોટી એજ છે કે ઇન્સાનની બંદગી તથા ઓળખાણનો અંદાજો કરવામાં આવે.

(બ) કુરઆને હકીમમાં ફરમાન છે કે જે કોઇ આ દુનિયામાં અંધ હશે તે આખરતમાં પણ અંધ રહેશે અને તે બહુ મોટી ગુમરાહીનું પરિણામ હશે (૧૭:૭૨) આ ઇશારો ખુદાની ઓળખ અને રૂહની ઓળખ તરફ છે જેને મારફત કહે છે.

આનાથી એ મતલબ સારૂં જણાઇ આવે છે કે મુળ મારફત દુન્યવી ઝીંદગીમાંજ શકય છે.

## ઇસમાઇલી જમાત :

સવાલ : આપણે જરૂરત આવી પડતા અન્યોને આપણો મઝહબ કેવી રીતે સમજાવીએ ? આપણે આપણી જમાતમાં બિન ઇસમાઇલીઓને શું કામ આવવા નથી દેતા, જયારે કે બીજાઓ એમ નથી કરતા ?

જવાબ : આપણે મોઢાથી, ઝબાન થકી કેટલા લોકોને સમજાવી શકીશું અને કેવી રીતે સમજાવીશું, જયાં સુધી કે આપણી પાસે આપણા મઝહબના પુરતા પુસ્તકો નહિં હશે જેવી રીતે કે બીજાઓના પુસ્તકો હોય છે, માટે એ જરૂરી છે કે આપણી પાસે જુદા જુદા વિષયોના પુસ્તકોનો જથ્થો હાજર હોય જેથી ધીરેધીરે દીનની ઓળખ થાય, સવાલો ખતમ થઇ જાય અને શંકાકુશંકાઓનો અંત આવી જાય, જાહેર વાત છે કે પુસ્તકો થકી જે કામ થશે તે મોઢાથી – ઝબાનથી નહિ થઇ શકશે. આ સિવાય પુસ્તકનાજ પ્રકાશમાં આપણે કોઇને પોતાના મઝહબની બહેતર રીતે મૌખિક ઓળખાણ કરાવી શકીએ છીએ અને પુસ્તકો વગર કંઇ પણ નથી શઇ શકતું.

બીજા સવાલનો જવાબ એ છે કે બિન–ઇસમાઇલીઓને આપણા ખાસ મઝહબી વિભાગમાં (આપણી જમાતમાં) આવવાની પરવાનગી એ માટે નથી કે આપણો મઝહબ બાતુની, રૂહાની અને તાવીલી છે, જેથી એને સમજવું દરેક જણના માટે (વશમાં નથી) શકય નથી. આ મઝહબની સઘળી ખુબીઓ ભેદોમાં છુપાએલી છે કેમકે આમાં વધુમાં વધુ હકીકત અને મારફતના ભેદની કેળવણી છે માટે આપણી માન્યતાઓ અને રિવાજોમાં ભળી જવાથી બિન ઇસમાઇલીઓને કોઇ ફાયદો નથી અને નતો તેથી અમને કોઇ ફાયદો છે.

ઇસમાઇલીયત સિવાયના જે પણ મઝહબો છે તે બાતુની રૂહાની અને તાવીલી નથી. તે તો જાહેરી છે અને જે વસ્તુ જાહેરી હોય તે સહુની નજરમાં હોય છે જેથી તેની ઓળખ મુશ્કેલ નથી હોતી, આસાન હોય છે પરંતુ ઇસમાઇલી મઝહબની હકીકત અને હિકમત સૌથી મોટી મુશ્કેલી છે.

આ વિષે એક સ્પષ્ટ સાબિતી એ છે કે ખુદાતઆલાની હસ્તી અને વહેદાનીય્યતને (એક હોવા બાબત) કબુલ કરવું લોકો માટે સહેલું છે પણ આં હઝરતની નબુવ્વત અને રીસાલત પર ઇમાન લઇ આવવું તેના પ્રમાણમાં અઘરૂં છે, વળી મુહમ્મદ રસુલુલ્લાહની રીસાલતને માનવું સહેલું છે પણ અલી (અ.સ.)ની વીલાયત અને ઇમામતને કબુલ કરવું મુશ્કેલ છે, એજ રીતે ઇમામત અને ઇસમાઇલી મઝહબ વિષે જેમ જેમ આપણે ભુતકાળથી વર્તમાન તરફ આવીએ છીએ તેમ તેમ આ હકીકી મઝહબ લોકોને માટે અઘરો જણાઇ આવે છે, જેના જુદાં જુદાં કારણો છે.

## મૃત્યુ પામેલાઓ માટે કપડા :

સવાલ ૭૧ : મૃત્યુ પામેલાઓના હકમાં જે કપડા અને સુફરો આપવામાં આવે છે તેનો શું ખુલાસો હોય છે? શું એક રૂહાની (મૃત

માનવી) પોતાના સગાવ્હાલાઓથી મુલાકાત કરી શકે છે જેઓ કે તેનાથી પહેલાં મરી ચુકયા હતા ?

જવાબ: આ માન્યતા અને રસમ છે અને મૃત્યુ પામેલાઓને સવાબ પહોંચાડવાની એક રીત છે, પણ એનો એવો અર્થ હરગીઝ નથી કે તે રૂહાની (મૃત માનવી)ને કપડા અને ખાવાની વસ્તુઓની જરૂરત હોય છે પણ આ એક એવું દાન (ખેરાત) છે જે સહેલાઇથી મળી શકતી અને તૈયાર વસ્તુથી અપાય છે અને મૃત્યુ પામેલ મોમીનની રૂહના હકમાં સવાબ માટે દુઆ કરવામાં આવે છે.

હા ! નજાત (મુક્તિ) મેળવવાની હાલતમાં મોમન પોતાના સગા-સંબંધીથી મળી શકે છે, પછી તે જીવતા હોય કે મરેલા સૌને જોઇ શકે છે કેમકે ત્યાં રૂહાનીય્યત છે અને રૂહાનીય્યતમાં સર્વકાંઇ શકય છે કેમકે (તે) દરેકની રૂહ સર્વ ઠેકાણે હાજર છે.

## ઇમામનો અર્થ :

સવાલ ૭૨ : ઇમામનો શું અર્થ થાય છે, જ્યારે કે આપણા પોતાના પુસ્તકોમાં આનો અર્થ રૂહાની પેશ્વા છે ?

જવાબ : ઇમામ શબ્દનો શાબ્દિક (શબ્દકોશ મુજબનો) અર્થ થાય છે સરદાર, પેશ્વા એટલે કે જેનું અનુસરણ (પૈરવી) કરવામાં આવે. ઇમામનો અર્થ રસ્તો પણ છે, તમો કુરઆને પાકની ૧૫:૭૯માં આ શબ્દનો આ અર્થ જોઇ શકો છો. ઇમામ રસ્તો છે તો કેવો ? (સીરાતે-મુસ્તકીમ) સીધો રસ્તો, જેમકે કાઝી નોઅમાન "અસાસુલ તાવીલ"ના પાના ૬૧-૬૨ ઉપર ફરમાવે છે:-

> "અને સીરાતનો શાબ્દિક અર્થ રસ્તો છે માટે અહીં ઇમામની મિસાલ રસ્તાથી આપી છે કેમકે જે માણસ રસ્તાથી

વળગી રહે તો તે કદી પણ ગુમરાહ નથી થતો અને તે મુજબજ જે શખ્સ ઇમામ સાથે સંબંધ રાખે તો તે હરગીઝ ગુમરાહ નથી થતો અને અહીં રસ્તાનો અર્થ ઇમામ છે નકે તે જમીનનો રસ્તો જેના ઉપર ચાલવામાં આવે છે."

## પીરો–મુર્શીદ :

સવાલ ૭૩ : શું કોઇ જાહેરી ગુરૂ (મુર્શીદ)ની જરૂરત હોય છે ?

જવાબ તમોએ એક અધુરો સવાલ રજુ કર્યો છે, એટલે તેમાં એ સ્પષ્ટ નથી કે સવાલ ઇમામની મહત્વતા વિષે છે કે પીર અને શિક્ષકની જરૂરત વિષે. બહરહાલ, અમો બન્ને સ્થિતિનું વર્ણન કરીએ છીએ કે અગર "ગુરૂ"થી તમારો હેતુ ઇમામ છે તો જવાબ છે કે "ઇમામનું હોવું હંમેશા અને દરેક હાલતમાં બેહદ જરૂરી છે, કેમકે ઇમામે ઝમાન વગર સીરાતેમુસ્તકીમની હિદાયત શકય નથી" અને અગર તમો "ગુરૂ"નો અર્થ ઇમામ પછીના કોઇ દરજ્જાનો કરો છો તો તે પણ જરૂરી છે.

આ પુસ્તકમાં જગ્યા જગ્યાએ ઇમામે ઝમાન (અ.સ.)ની મહત્વતા અને જરૂરીયાતનો ઉલ્લેખ આવેલો છે અને આ મુબારક અને પવિત્ર હસ્તી થકી દીનને જે રહેમતો અને બરકતો મળે છે તે બાબત હકીકી ઇસમાઇલીઓને કોઇ શંકા નથી, પણ આ સવાલ જરૂરી છે કે હાલના ઝમાનામાં ઇમામ પછી યાને ઇમામના હાથ નીચે શિક્ષકો, વાએઝીનો અને જ્ઞાનીઓની જરૂરત છે કે નહિં ? અને આ (હેતુના) બાબતની પ્રાપ્તી માટે ઇસમાઇલીયતના જગતમાં ઇમામ તરફથી મોટી મોટી સંસ્થાઓ ચાલી રહી છે કે નહિ? તો ચોકકસ તેનો જવાબ હકારમાં મળશે તો પછી આનો અર્થ એ થયો કે આ જમાતી સંસ્થાઓજ, અને આ વ્યકિતઓજ આપણા ભુતકાળના હુજજત, દાઇઓ અને પીરોના

ISW Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

વારસદાર છે. નામ અને ટાઇટલ કંઇ પણ હોય પણ કામ અને ઇલ્મી ખિદમતની ફરજ એજ છે જે પહેલાં હતી. પહેલાંની જેમ આજે પણ ઇલ્મી અને રૂહાની પ્રગતીના દરવાજા સંપુર્ણપણે ખુલ્લાં છે.

અગર તમો હઝરત મૌલાના ઇમામ સુલતાન મુહમ્મદ શાહ સલ્વાતુલ્લા અલૈહીના તે સઘળા મુબારક ફરમાનોને સામે રાખો કે જે હકીકી મોમીનોની ઇલમી અને રૂહાની પ્રગતી વિષેના છે તો તમોને કોઇ ટાઇટલ વગર પણ પીરોની જેમ આગળ વધવા અને કામ કરવાની ભરપુર હિમ્મત–જોશ ઉદ્દભવશે.

## ઇમામ શબ્દનો કોઇ અન્ય શબ્દ :

**સવાલ ૭૪:** શું વેદની ફિલ્સુફીમાં ઇમામનો કોઇ સમાન–અર્થી (એવાજ કોઇ શબ્દ) છે ?

**જવાબ :** એ જાણી લ્યો કે શબ્દો અલગ છે અને શબ્દ પ્રયોગ (કહેવત) અલગ છે, જેથી ઇમામ શબ્દના મૌખિક (શાબ્દિક) અર્થ માટે ફકત વેદની ફિલ્સુફીમાં નહિં પરંતુ દરેક મઝહબ અને દરેક ભાષામાં સમાન અર્થના શબ્દો મળે છે પરંતુ "ઇમામ"નો શબ્દ પ્રયોગ દીને હક સિવાય કયાંય નથી. એનું કારણ ખુદાના પુરાણા દીનમાં નુરે ઇમામતની મોજુદગી છે, કે જયાં ઇમામ હતા ત્યાં એક ખાસ વાત પ્રચલિત બની છે અને બીજા લોકો જયાં સુધી ઇમામતની કલ્પના અને માન્યતા નથી ધરાવતા ત્યાં સુધી આ વાતને સમજીને કઇ રીતે કબુલ કરી શકતા હતા ? કેમકે આ બાબત તો જયાં ઇમામની હસ્તી હોય ત્યાંજ થઇ શકે છે.

દાખલા તરીકે રસુલ શબ્દના મૌખિક (શબ્દકોશ મુજબના) અને પ્રચલિત (કહેવત મુજબના) બે અર્થો થાય છે, તો એનો મૌખિક અર્થ છે એલચી કે જે કાસદ, સંદેશા પહોંચનારના માટે બનેલો છે અને

રસુલનો પ્રચલિત અર્થ છે તે સંપુર્ણ ઇન્સાન કે જે ખુદાના તરફથી મોકલવામાં આવ્યો હોય એટલે કે પયગમ્બર કે જે પુસ્તક પણ લાવે. હવે રસુલનો જે શાબ્દિક અર્થ છે તે તો દરેક કોમ અને દરેક દેશમાં વપરાય છે પણ રસુલ માટેની પ્રચલિત વાત જે છે તે ન ફક્ત તે કોમમાં મળે છે જેમની તરફ ખુદા તરફથી ક્યારેય કોઇ પયગમ્બર આવ્યો હોય પણ તેથી વિરૂધ્ધ જે લોકો ખુદાની હસ્તીને માનતા નથી તેઓ તો કોઇ પયગમ્બર અને દીનને પણ સ્વીકારતા નથી માટે તેઓ પાસે રસુલનો પ્રચલિત અર્થ મોજુદ નથી.

આ રીતે ઇમામનો પ્રચલિત અર્થ તમામ અર્થો સહિત ફક્ત તેજ કોમમાં છે જેમાં ચોક્કસ ઇમામ આવતા રહયા છે માટે એ કબુલવું પડશે કે વેદની ફિલ્સુફીમાં આવી કોઇ વાત (કોઇ શબ્દ) નથી પણ હા. એ વાત જરૂર છે કે ઇમામે બરહક (અ.સ.)ની સામાન્ય બાતુની હીદાયતના કારભાર મુજબ દરેક મઝહબમાં કોઇ પેશ્વા હોય છે જે તે મઝહબની સપાટી મુજબ લોકોનું માર્ગદર્શન કરે છે કેમકે દુનિયાના બાર ખંડમાં ઇમામે આલી મુકામની તરફથી (૨૪) ચોવીસ રાત્રી અને દિવસના હુજ્જત નિયુક્ત (મુકર્રર) કરેલા હોય છે.

## બિન ઇસમાઇલી :

સવાલ ૭૫ : અગર એક બિન ઇસમાઇલી રૂહાનીયતના સૌથી ઊંચા દરજાને મેળવી શકે છે તો પછી ઇમામની જરૂરત શું છે?

જવાબ : તમોએ સવાલમાં જે શકયતાનો નિર્દેશ કર્યો છે તેનું દ્રષ્ટાંત યા તેની દલીલ રજુ નથી કરી જેથી આ સવાલમાં તાર્કિક રીતે ભુલ પણ છે કે તમોએ ફક્ત એક બિનઇસમાઇલી તરફ ઇશારો કર્યો છે અને નજાત માટે કે રૂહાની ઊંચાઇ માટે ફક્ત એકજ શખ્સને લીધો છે કે જે પણ અજાણ્યો છે.

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

અગર આ ઇશારા થકી તમારો હેતુ મનસુર હલ્લાજ જેવી વ્યક્તિ હોય તો તે માટે તમારે ઇતિહાસિક રીતે સંશોધન કરવાની જરૂરત છે કે તે ઇસમાઇલી હતો, અને જો તેને ફક્ત સુફી માનવામાં આવે તો તે હાલતમાં પણ તે ઇમામની સર્વવ્યાપક હિદાયતથી મુક્ત (અલગ) નથી થઇ શકતો કેમકે ઇમામે આલી મુકામના તરફથી આ દુનિયામાં બાર રાત્રીના અને બાર દિવસના હુજ્જત નિયુક્ત કરેલા છે, જેના વસીલા (દરમ્યાનગીરી) થકી ઇમામની હિદાયત દુનિયાવાળાઓને ઘોરણવાર (તબક્કાવાર) મળતી રહે છે અને તસવ્વુફમાં માનનારા તો પોતેજ ઇસમાઇલીઓની ખુબ નજિક છે.

જ્યારે આપણે માનીએ છીએ કે હીદાયતના કામના વિષે ઇમામે બરહક (અ.સ.) ખુદા અને રસુલ (સ.અ.)ના ખલીફા છે અને પ્રતિનીધી છે તો એ પણ માનવું જોઇએ કે જે રીતે ખુદા રબ્બુલ આલમીન અને રસુલ રહેમતુલ્લીલ આલમીન છે તેજ રીતે ઇમામે ઝમાન સઘળા દુનિયાવાળાઓ માટે હિદાયતનું ઉદ્દભવસ્થાન છે, પરંતુ દુનિયાના મઝહબો અને મઝહબવાળાઓ પણ જુદા જુદા દરજાઓ ઉપર છે જેથી ઇમામની હીદાયત સઘળા મઝહબને અને સઘળી વ્યક્તિને સ્થિતિ મુજબ મળ્યા કરે છે.

દરેક વસ્તુને મુળથી જોવા, સાંભળવા અને સમજવાની કોશીષ કરવામાં આવે અને સમજી જવાય કે ખુદા વગર જગત નથી, પયગમ્બર વગર દીન નથી અને ઇમામેઝમાન વગર હીદાયત નથી અને અગર ઇમામેઝમાન વગર હીદાયત મેળવી શકાતી હોત તો રસુલ (સ.અ.) પછી કોઇ વારસદારની જરૂરત ન હોત. જો આ વાત સાચી છે કે રસુલે મુસ્તફા (સ.અ.)નો વારસદાર જરૂર છે તો જોવું પડશે કે તે ક્યાં છે અને કોણ છે? સ્પષ્ટ છે કે આવો સાચો (બરહક) વારસદાર ઇમામે ઝમાનજ છે તેજ દરેક સમયમાં ઇમામત અને ખીલાફતના સઘળા ગુણો સહીત હાજર અને મૌજુદ છે.

★

# સો સવાલ

## ભાગ ૪થો

લેખક :
અલ્લામા નસીરૂદ્દીન નસીર હુંઝાઇ

ગુજરાતી ભાષાંતકાર :
અકબર હબીબ રાજન

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

પ્રકાશક :
ખાનાએ હીકમત—ઇદારાએ આરીફ
૧૭ બી, નુર વીલા.
૨૬૯ ગાર્ડન વેસ્ટ,
કરાંચી ૩, પાકિસ્તાન.

# સો સવાલ – ભાગ ચોથો

## અનુક્રમણિકા


| સવાલ નંબર | વિષય | પાનુ નંબર |
|---|---|---|
| – | બે બોલ ... ... | ૧ |
| ૭૬. | મેરાજની હકીકત ... ... | ૬ |
| ૭૭. | અલ–કીતાબ ... ... | ૮ |
| ૭૮. | સૌથી મોટો ગુનાહ ... ... | ૯ |
| ૭૯. | ફરીશ્તા ... ... | ૧૧ |
| ૮૦. | વિલાયતે અલી ... ... | ૧૨ |
| ૮૧. | લા–મકાન ... ... | ૧૭ |
| ૮૨. | અસાસ (અ.સ.) અને સામત ... | ૧૯ |
| ૮૩. | હઝરત ઇમરાન ... ... | ૧૯ |
| ૮૪. | સુલેમાન પયગમ્બર ... ... | ૨૨ |
| ૮૫. | આસમાની પુસ્તકો ... ... | ૨૪ |
| ૮૬. | ઇમામનો દીદાર ... ... | ૨૮ |
| ૮૭. | ખાનાએ કાબા ... ... | ૩૦ |
| ૮૮. | યુસુફનો કુર્તો ... ... | ૩૨ |
| ૮૯. | દુઆની શીસ્ત (આદાબે દુઆ) ... | ૩૪ |
| ૯૦. | હુંઝાઇ ગીનાન ... ... | ૩૬ |
| ૯૧. | ઇમામતની કલ્પના ... ... | ૩૭ |
| ૯૨. | થોડાંક ઇશારાઓ ... ... | ૪૦ |
| ૯૩. | સાત આસમાન અને સાત જમીન ... | ૪૨ |
| ૯૪. | અલીનું ઇમાન લાવવું ... ... | ૪૩ |
| ૯૫. | મૈયત પર છાંટો ... ... | ૪૬ |
| ૯૬. | એહલે નજાત ... ... | ૪૭ |
| ૯૭. | સ્ત્રી અને ઇમામત ... ... | ૫૦ |
| ૯૮. | ઇમામની શાદી (વિવાહ) ... ... | ૫૩ |
| ૯૯. | કુરબાની ... ... | ૫૬ |
| ૧૦૦. | ઇમામ અને કુરબાની ... ... | ૫૯ |

બિસ્મિલ્લાહિર્રહેમાનિર્રહીમ

# બે બોલ

### આભાર—દર્શન :

પરવરદીગારે આલમીનની તૌફિક અને ઇનાયત થકી "સો—સવાલ"નું આ પુસ્તક સંપુર્ણ થઇ ચુકયું છે અને અલ્લાહતઆલાની રહેમત તથા ન્યામતોનો પાડ માનવાની સાથે ચોથા ભાગની પ્રસ્તાવના લખતી વેળા બેહદ આનંદ અને ખુશી થઇ રહી છે. પરંતુ હૃદય બોલી ઊઠે છે કે કાશ આ અદના અને નાચીઝ બંદાથી ખુદાવંદે કરીમના એ મહાન અહેસાનો અને ઇનામોનું આભારદર્શન જેવું કરવું જોઇએ એવું થઇ શકતે.

### માર્ગદર્શન અને મદદ :

મારા ખુદાવંદે બરહક ! મારા માલિક અને મૌલા ! પરિસ્થિતિની હકીકત હરગીઝ તારી જાણથી છુપાએલી નથી કે અગર તારી પવિત્ર હિદાયત દીનની ઓળખાણ માટેની આ મંઝીલે મકસુદ તરફ માર્ગદર્શન અને મદદ ન કરતે અને સમયની સાથે સાથે તારી રહેમત ન હોતે તો મારા જેવા અશકત અને નિઃસહાયની મર્યાદા કયાં અને હેતુ પામવાની વાત કયાં ? કેમકે તારા આધાર વગર આ કઠણ રસ્તામાં પગ ડગમગી જાય છે અને તારી રૂહાની સહાય વગર (દીલ અને દીમાગ) મન અને મગજ ઉપર નિરવતા છવાઇ જાય છે.

### શોધખોળની ભાવના અને ખાત્રીનો શોખ :

પ્રીય મિત્રો ! શું તમોએ કયારેય એ બાબત વિષે વિચાર કર્યો છે કે મનુષ્યના સ્વભાવમાં હંમેશા શોધખોળની ભાવના અને ખાત્રીનો શોખ શું કામ મળી આવે છે અને તે દરેક વખતે ધરતી અને આકાશની અજાયબીઓ અને નવાઇ પમાડનારી ચીજોને એક એક

કરીને પુરી એકાગ્રતાથી જોવા અને જાણવા ઇચ્છે છે? મનુષ્યને આ નિમંત્રણ શા કારણે દેવામાં આવ્યું છે કે તે કુરઆન ઉપરાંત (આકાશ અને પાતાળ) આત્મા અને મનની નીશાનીઓમાં પણ (શોધખોળ) મનન અને ચિંતન કરે? આનું મુળ કારણ શું છે કે માનવીને હરવા ફરવાનું ગમે છે અને તેથી ખુશી મળે છે? એમાં કયો ભેદ છુપાએલો છે કે તમને કુદરતી દ્રશ્યો નીહાળવામાં મિઠાશ અને સ્વાદનો અનુભવ થાય છે? એની પાછળનો રૂહાની ભેદ શું છે અથવા તેમાં કઇ હિકમત છે કે તમે બગીચા કે ફુલવાડીમાંના દ્રશ્યો નીહાળીને આનંદી અને ખુશહાલ બની જાઓ છો? એ કઇ તાકાત છે કે જે ન ફકત નાના નાના બાળકોનેજ પરંતુ મોટા મોટાઓને પણ પુછવા, સવાલો કરવા, તપાસ કરવા અને જાણવા માટે પ્રેરે છે? અને આ સઘળી સ્થિતિને આંખો સમક્ષ રાખવાથી એમ શા માટે લાગે છે કે જાણે મનુષ્ય (સઘળા બહાનાઓ હેઠળ) કોઇ પણ હાલતે પોતાની ગુમાવી દીધેલી મિલ્કત–દૌલત પાછી મેળવવાની શોધમાં લાગેલો છે?

## આ કોયડાઓનો જવાબ:

ઉપર મુજબના સવાલોનો એકંદર અને એકજ જવાબ એ છે કે આ પ્રકારની ઘણી ઇન્સાની ખુબીઓ, શક્તિઓ અને ઉમંગોની પાછળ ખુદાની કુદરત પોતેજ મૌજુદ છે અને કામ કરી રહી છે અને એજ મનુષ્યને હર પળે એવી ઇચ્છા જગાડતી રહે છે કે તે જગતની ચીજોને અને જાહેર કુદરતની બાતુની હકીકતો તથા તેમાંથી ઝાતે સુબ્હાન (પાક હસ્તી)ના છુપાયેલા ભેદો(નું જ્ઞાન) મેળવે. કે જેથી તે સઘળી ગુપ્ત બાતુનીયતના થકી રબ્બુલ ઇઝઝતની મારફત મળે કેમકે મારફતમાં અમર ઝીંદગી અને અનંત મુક્તિ છે, અને તેમાંજ અનંતતાની અમર (સલ્તનત) બાદશાહી છે, અને અનંત તે છે કે જેમાં ભુતકાળ અને ભવિષ્યકાળ વગર અમર અને અજર નેઅમતો સદાય હાજર અને મૌજુદ હોય છે

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

અને એ સત્ય વસ્તુ છે કે હાદીએ બરહક અલૈહીસ્સલમની નુરાની હિદાયત વગર આ મહાન રહસ્યને કોઇ નથી સમજી શકતું.

## હિદાયતનો વસીલો :

આ પ્રસ્તાવનાનો ખુલાસો એ છે કે અકકલ અને જ્ઞાન તથા ઇલ્મ અને હિકમતની અવીચલ સંપત્તીથી ફકત એવા લોકોજ માલામાલ થઇ શકે છે જેઓ કુદરતના રહસ્યો અને જગતની (ઉત્પતીની) નીશાનીઓ સમજવાનું માધ્યમ (વસીલો) શોધે છે. અને તે માધ્યમ (વસીલો) રસુલ (સ.અ.)ના વારસદાર છે, જે જાહેરી તથા બાતુની હિદાયતના મુળ છે (ઉદ્દભવસ્થાન છે.) સીધા રસ્તાના દેખાડનાર એ (હાદી)ની પાછળ ચાલવામાંજ જીવન તથા જગતના ભેદો તેમજ આસમાની પુસ્તકના રહસ્યો છતાં થઇ જાય છે અને તે રહસ્યોમાંજ ખુદી અને ખુદાઇની મારફત તથા ઓળખાણના અમુલ્ય ખજાનાઓ છુપાવેલા છે, જેથી ખુદાના એ ખાસ (બંદાઓ) તે અતી ગુપ્ત ખજાનાઓને મેળવીને પોતાની દીવ્ય હસ્તીની અમર અને અનંત હકીકતને ઓળખી લ્યે, તે હકીકત એવી અનોખી અને નીરાળી ભવ્યતાવાળી છે કે જે કયારેય સચ્ચાઇની સત્યતાથી અલગી નથી થઇ અને નતો કયારેય અલગ થઇ શકે છે.

## પોતાની ઓળખ તથા ખુદાની ઓળખ :

હા એ સત્ય વાત છે કે પોતાની ઓળખ અને ખુદાની ઓળખનું જ્ઞાન અતીશય ખાસ (બાબત) છે જે આસમાની પુસ્તક અને ધરતીના પુસ્તકના રહસ્યો યાને કે ભેદોમાં છુપાયેલું છે. આ પુસ્તકોમાં એક સારાંશ (સંક્ષિપ્ત) છે અને બીજું (પૃથ્થકરણ) સાફ સમજણ પડે તેવું છે અને એક ત્રીજું પુસ્તક પણ છે જે જીવંત અને બોલતું છે, એ જાત (સ્વ) અથવા નફ્સનું પુસ્તક છે, એને રૂહનું પુસ્તક પણ કહે છે અને તેની શાનમાં ફરમાવેલું છે કે "કદ અફ્લહ મન ઝકકાહા (૯૧/૯")

(જેણે જાન (રૂહ)ને પાક રાખ્યું તે તો સફળ થયો) નફસ અને રૂહની પવિત્રતા અને પાકીઝગી એ માટે જરૂરી છે કે તે પોતાની મુળ સ્થિતિ (અસલ હાલત)માં એક ચમત્કારિક અરીસો છે જેને સત્યતાવાળો અરીસો કહેવો જોઇએ કારણ કે તેમાંજ આયાતે રહેમાન પોતાની પુરી ચમકદમક અને અસલ ઝળકાટ સહિત (પરીવર્તન પામે છે) પાછી વળે છે, પછી તે કુરઆનની આયત હો અથવા તો શારીરિક જગતની હો.

## પ્રિય મિત્રો માટે આભાર—દર્શન :

છેવટે હું મારા "ખાના એ હિકમત"ના પરોપકારી અને માનનીય અમલદારો અને મેમ્બરોનો અતીશય કદરદાની સહિત આભાર વ્યકત કરૂં છું કે એ માનવંત સાહેબોએ આ સંસ્થાના ઇલ્મના હેતુને આગળ ધપાવવા અને વહાલી જમાતની નિરંતર (સદા માટેની) સેવા કરવા માટે પ્રકાર પ્રકારની તકલીફો અને કષ્ટો સહન કર્યાં છે અને પોતાના જીવનનો અતી સુંદર અને ઘણો સમય કે જે ઝીંદગીને અતી પ્રીય છે, તે વ્યવહવારૂ (અમલી) ખીદમત માટે ત્યાગની અતી ઉમદા લાગણી સહીત અર્પણ કર્યો છે. આ મારા એ પ્રીય મિત્રો છે જેઓ એક શીસ્તબધ્ધ સંસ્થાના સ્વરૂપમાં રાત દિવસ સખત મહેનત અને અત્યંત ખંતપુર્વક કાર્ય કરે છે. આ રૂહાની મિત્રો સિવાય કરાચી, રાવલપીન્ડી, ચિત્રાલ, ગીલગીટ અને હુંઝામાં પણ ઘણા ચાહકો એવા છે કે જેમને ન ફકત જ્ઞાન મેળવવાનોજ જબરદસ્ત શોખ છે પણ તેની સાથે સાથે તેઓ જ્ઞાન—ઇલ્મની સેવા કરવામાં પણ રસ ધરાવે છે.

મારા પરમ મિત્ર જનાબ ડોકટર ફકીર મહમદ હુંઝાઇ સાહેબની ઝવેરાત સમી મુલ્યવાન સલાહો. મોતીના વરસાદ સમી મહેરબાનીઓ અને પર્વત સમાં પીઠબળનો જેટલો આભાર વ્યકત કરૂં ઓછો છે, મને એવા અપુર્વ શબ્દો નથી જડતા કે જેના ઉપયોગ થકી હું મારા મિત્રનાં મહાન ઉપકારનો આભાર વ્યકત કરૂં હું અતીશય સુધ્ધભાવના અને પ્રેમમય શબ્દોમાં, કદરદાની અને ભાવમય સ્થિતિમાં કેનેડાની ઇસમાઇલીઆ એસોસીએશનના નેકનામ "ઇસ્ટર્ન કેનેડા રીજનલ કમિટી" અને ત્યાંની

પ્રીય જમાતનો આભારી છું કે તેઓએ અમોને જ્ઞાન–ઇલ્મની સેવાની એક અત્યંત સુંદર તક અર્પણ કરી. આ વિષે એ અમુક ફિરિશ્તાના ગુણોવાળા કુટુંબોની શુધ્ધ મહેમાનનવાઝી અને અનુપમ સેવાનો આભાર વ્યક્ત કરવો અમારા ઉપર અત્યંત ખાસ પ્રકાર વાજબ ઠરે છે, કે જેમના બરકતવંતા ઘરોમાં અમારા માટે ન ફકત આરામનો ઉમદા પ્રબંધ હતો પણ સાથોસાથ એક સફાઇદાર ઓફિસ અને એક મીટીંગ રૂમ પણ અલગ કરી આપેલ હતો જેથી અમે પોતાને સારી રીતે તૈયાર કરીને આજુબાજુનાં ઇલાકાની જમાતોની મુસાફરીએ જઇ શકીએ અને બીજા કલાકોમા ઘેર બેસીને ઇચ્છા ધરાવનાર વ્યકિતઓ સાથે મઝહબી વાતોચીતો કરીએ. અમો ઇન્શાઅલ્લાહ એ પ્રીય મિત્રોના રૂણી, આભારી અને તેમના માટે દુઆ માંગતા રહીશું અને તેમના ઉચ્ચ સંસ્કાર, મઝહબી ગુણો અને ફરીશ્તા જેવી ખુબીઓને કયારેય વિસારશું નહિં.

હવે હું એ લેખનકાર્ય તથા ઇલ્મી સહકાર તરફ વળીશ જે ત્યાં અંગ્રેજી તથા ફ્રેંચમાં મારા અમુક પુસ્તકોને બદલાવવા અને ટાઇપીંગનું કામ કરવાના સ્વરૂપે મળેલ છે. આ બાબતસર હું નેક વિચારોવાળી, રૂહાની કલ્પનામય અને નમ્રતાભરી દુઆઓમાં, ધરતી પરના એ ફરિશ્તાઓને વારંવાર યાદ કરૂં છું કે જેમની લેખન સહાય મુજ ગરીબ માનવી (યાચક)ની હિમ્મત વધારવાનું કારણ બની, જે માટે મારી અત્યંત નમ્રભાવની દુઆઓ છે કે ઓ રબ્બુલ ઇઝઝત, એ સર્વે હકીકી દીનદારોને તારી મનગમતી અને પસંદગી પામેલા બંદાઓની અસરકારક દુઆઓ મળે, ખુદાવંદ! એમને બન્ને જગતની ખુશીઓ, સલામતી અને સફળતા અર્પણ કર! તેમને જીંદગી અને ઉમરની અત્યંત સુંદર સંપન્તિ અર્પણ કરીને વધુને વધુ ઇલમી અને દીની ખીદમત કરવા માટે શકિત અર્પણ કરજે! અને તેમની સઘળી નેક ઉમેદો પુરી કરજે! આમીન યા રબ્બલ આલમીન!

નાચીઝ બંદો :
નસીરૂદ્દીન નસીર હુંઝાઇ

૨૧ રમઝાનુલ મુબારક ૧૩૯૮
૨૬ ઓગષ્ટ ૧૯૭૮

Institute for Spiritual Wisdom and Luminous Science

# બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

## મેરાજની હકીકત :

**સવાલ ૭૬ :** હુઝુરે અકરમ (સ.અ.)ની મેરાજ શારીરિક રીતે થઇ હતી કે રૂહાની સ્થિતિમાં? વળી એ પણ જણાવો કે આપ હઝરત (સ.અ.)ને મસ્જીદે અક્સા તરફ લઇ જવાનું જરૂરી શા માટે થયું? ખુદાતઆલાના તરફથી રસુલે બરહક (સ.અ.)ને જે મોજીઝાઓ (ચમત્કારો) બતાવવાનું નક્કી હતું (કબુલ રાખેલ હતું) તે મસ્જીદે હરામ (ખાના-એ-કાબા)માં શા માટે ન બતાવાયા અને મસ્જીદે અક્સામાં દેખાડયા ગયા?

**જવાબ :** (અ) મેરાજ બાતુની અને રૂહાનીયતમાં ઊંચે ચઢવાની સ્થિતિને જાહેર કરવાનું નામ છે જે ઝીકર અને ઇબાદતનું પરિણામ છે, ખુદાવંદની નીકટતા (નજિકપણું) રૂહાની રીતે છે ન કે જીસમાની રીતે. ઉચ્ચ (ઊંચાઇની) દુનિયાથી હેતુ છે રૂહાનીયતની દુનિયા, જે લા-મકાન (ઇશ્વરપણા)ની સ્થિતિમાં મળે છે.

(બ) જ્યારે અલ્લાહતઆલા આસમાન અને ઝમીનમાં નથી સમાતો (અને) ફકત મોમીન બંદાના દીલમાં સમાય છે તો પછી આ અંતઃકરણના રહેઠાણ (ઘર)ને પસંદ કર્યા પછી અન્ય કોઇ રહેઠાણનો સવાલજ ઉદ્દભવી શકતો નથી અને એ સઘળી કુરઆનની આયાતો તાવીલી (ગુઢાર્થવાળી) છે એમ કબુલ થાય છે જેમાં ખુદાના આસમાન પર રહેવા વિષે કહેવામાં આવ્યું છે અને તેનું ચોકકસ પરિણામ એ નીકળે છે કે ઇસ્લામમાં સર્વ પ્રથમ અને સૌથી વધુ પ્રકાશમાં આપ હઝરત (સ.અ.)એ દીલના રહેઠાણ (આકાશ)ના મોજીઝા અને વિચિત્ર અનુભવો (અજાયબાત)નો અનુભવ કર્યો હતો અને મેરાજ એજ સ્થિતિમાં અનુભવાઇ હતી.

(ક) તમારો બીજો સવાલ એ ફરમાનને લગતો છે જે સુરા બની ઇસરાઇલ (૧૭)ના આરંભમાં છે, જેમાં હુઝુરે નુર (સ.અ.)ને મેરાજના સંબંધે મસ્જીદે હરામથી મસ્જીદે અકસા તરફ લઇ જવાની વાત આવેલી છે, તો એ જાણવું જરૂરી છે કે કુરઆનના પ્રમાણસર મસ્જીદના બે અર્થ છે, પહેલા અર્થ મુજબ સીજદો કરવાની જગા જેનો અર્થ મસ્જીદ અને ઇબાદતની જગાજ છે બીજો અર્થ છે ઝીકર અને ઇબાદત. આ શબ્દ સુરે આરફા (૭)ની આયાત (૩૧)ના ફરમાનમાં આવેલ છે, જે મુજબ મસ્જીદે હરામ એટલે કે ગૌરવવાળું મહાન નામ એમ હેતુ છે જે આપ હઝરત (સ.અ.)ને શરૂ શરૂમાં આપવામાં આવેલ હતું અને મસ્જીદે અકસાનો અર્થ છે એ રૂહાનીયતની ઊંચાઇ અને આગળ પડતી પ્રગતીનું ચમત્કારિક મહાન નામ કે જે આપ (સ.અ.)ને પછીથી એટલે રૂહાની મેરાજ વખતે બતાવવામાં આવ્યું, એજ અર્થમાં આ ખુદાની બંદગી (ઝીક્રે ઇલાહી) મસ્જીદે અકસા કહેવાણું જેમાં રૂહાનીયત અને નુરાનીયતના ભરપુર ચમત્કારો છુપાયેલા હતા.

(ડ) ઇસ્મે આઝમના તાવીલી (ગુઢાર્થવાળી) બાબત પાછળ નબુવ્વત અને ઇમામતના દરજ્જાઓ છુપાએલા હોય છે, માટે આવશ્યકતા (અગત્યતા)ના ઊંડાણમાં ઇસ્માઇલીયતની જુદા જુદા (તાવીલ) ગુઢાર્થવાળી બાબતો એકબીજામાં ભળી જાય છે અને સમજદારો (અકકલવાળાઓ) માટે આની વચ્ચે કોઇ વિરોધાભાસ નથી હોતો, મારો હેતુ છે કે "વજએ દીન"માં મસ્જીદે હરામની જે તાવીલ (ગુઢાઅર્થ) બતાવવામાં આવેલ છે તેનાથી આ તાવીલ મુળ રીતે (અગત્યતાની રીતે) જુદી નથી.

નોટઃ મેરાજ વિષે વધુ વિગત માટે મારા એક પુસ્તક "મેરાજે દીન"નું વાંચન–મનન ફાયદામંદ રહેશે જેનું અંગ્રેજીમાં ભાષાંતર થઇ ચુકયું છે. આ ભાષાંતર મારા પરમમિત્ર ડોકટર ફકીરમહમદ હુંઝાઇ સાહેબનું છે.

અલ—કીતાબ :

સવાલ ૭૭: એ વિશ્વાસ તો છે કે ખુદા એક છે પણ એ બાબતનો ખુલાસો જોઇએ કે દીન પણ એક છે અને ખુદાની કીતાબ પણ એક છે.

જવાબ : (અ) જયારે તમોએ એ હકીકતને વિશ્વાસપુર્વક માની કે ખુદા એક છે, તો એ બાબત પણ ખાત્રીપુર્વકની છે કે અલ્લાહનો દીન અને તેની કીતાબ એક છે, કેમકે ખુદાવંદતાઅલાની આદત અને પ્રણાલીકા તથા કાયદો એક જ છે અને દીન એ ઇલાહી કાયદાનું બીજું નામ છે. એજ હકીકત આસમાની પુસ્તકની પણ છે કે તે સાચા દીનનું રૂહાની અને દસ્તાવેજી (લેખિત) સ્વરૂપ છે જેથી તે એકજ દીનથી અલગ નથી.

(બ) કુરઆનના ફરમાનોમાં સ્થળે સ્થળે એ હકીકતનો ઉલ્લેખ છે કે આસમાની પુસ્તક મુળભુત રીતે (અસલમાં) એક છે. કુદરતી દીન યાને કે ઇસ્લામ, આરંભથી અંત સુધી એક છે અને અંબીયા તથા ઇંમામો અલૈહીમુસ્સલમ પણ એકજ જીવની જેમ એકજ છે.

(ક) કુરઆને હકીમમાં ફરમાવવામાં આવ્યું છે કે (પહેલાં) દરેક જણ એકજ ઉમ્મત હતા પછી ખુદાએ ખુશખબરી દેનારા અને ડરાવનારા પયગમ્બરોને મોકલ્યા અને તેમની સાથે સત્ય પુસ્તક પણ નાઝીલ (રજુ) કર્યું જેથી જે વાતોમાં લોકો લડતા—ઝઘડતા હતા (ખુદાનું પુસ્તક) ફેંસલો કરી આપે. ૨/૨૧૩.

આ પવિત્ર આયાતના પ્રકાશમાં જોવાથી જણાય છે કે, જો કે જાહેરી રીતે આસમાની પુસ્તકો ઘણા છે પરંતુ મુળભુત રીતે એકજ પુસ્તક છે જેના આ અલગ અલગ ભાષાઓમાં જુદા જુદા સ્વરૂપ છે, અને તેમના રજુ થવા, અર્થ કાઢવા (તન્ઝીલ અને તાવીલ) બાબતસર

એ એકજ પુસ્તક દરેક અંબીયા–રસુલમાં એકસરખા પ્રમાણની છે. આથી હેતુ સાફ જણાઇ આવે છે કે જયારે ખુદાનું પુસ્તક એક છે અને અંબીયા તથા ઇમામો અલૈહીસ્સલમનો હેતુ એક છે તો સાચો દીન (દીને–હક્ક) પણ શરૂઆતથી લઇને આખર સુધી એકજ છે.

## સૌથી મોટો ગુનોહ :

સવાલ : ૭૮ સૌથી મોટો ગુનો કયો છે કે જે માફ ન થઇ શકે? વિગતવાર જણાવી દેવો.

જવાબ સૌથી મોટો ગુનો શીર્ક (અલ્લાહની માન્યતામાં અન્યને શામિલ કરવું) છે કે જે માફ નથી થઇ શકતો, જેમકે અલ્લાહનું પવિત્ર ફરમાન છે કે "ખુદા બેશક તેને માફ નથી કરતો કે તેનો કોઇ ભાગીદાર બનાવવામાં આવે, હા, તે સિવાય જે ગુનો હોય તેને ઇચ્છે તો બક્ષી આપે અને (ખુદા માફ કરે) જેણે કોઇને ખુદાનો ભાગીદાર બનાવ્યો. તે તો બસ ભટકીને ઘણે દુર જઇ પડયો ૪:૧૧૬" સારી રીત જાણી લ્યો કે જેમ શીર્ક સૌથી મોટો ગુનો છે તેજ રીતે તેનાથી બચીને ખુદાની ઓળખ અને એક ખુદાને માનવાનો રસ્તો અખત્યાર કરવો ઘણો મોટો સવાબ છે. જેથી અગર આ બન્ને વાતો સામાન્ય અને સમજી શકાય તેવી હોત જેમકે લોકોનું માનવું છે અને શીર્ક તથા ખુદાના એકજ હોવાની બાબતમાં ભેદ ન હોત તો દરેકે દરેક સહેલાઇથી નજાત મેળવી શક્તે અને કોઇ ગુમરાહ ન થઇ જાત સૌ જાણે છે (જાહેર છે) કે આમ નથી પણ આ બન્ને વાતોમાં કંઇક ભેદ [રાઝ] છે.

મજકુર આયતે કરીમામાં તપાસ કરતાં જણાય છે કે શીર્કનું પરીણામ ઘણી દુરની ગુમરાહી રૂપે નીકળે છે અને એ મુજબ સીરતે મુસ્તકીમ [સીધો રસ્તો] તથા હાદીએ બરહક [સાચો હિદાયત કરનાર]ની કલ્પના સામે આવે છે. કેમકે ગુમરાહી એ કોઇ વ્યકિતની એ હાલત

ISW Institute for Spiritual Wisdom and Luminous Science

અને સ્થિતિનું નામ છે જે સીધા રસ્તા તથા ઝમાનાના હાદીથી દુર થઇ જવાને લીધે તેના ઉપર વીતે છે. આ રીતે એક તરફ એમ જણાયું કે શીર્ક એ ગુમરાહીનું એક કારણ છે અને બીજી તરફ એ કે તૌહીદ [ખુદાનું એક હોવું] અને હિદાયત સીધાં [સાચા] રસ્તા અને સમયનો માર્ગદર્શકથી જુદા નથી.

હવે જોવું હશે કે દીનમાં ખુદાની મારફત એટલે કે ઓળખાણ સર્વમાન્ય છે કે નહિં? જાહેરી વાત છે કે કોઇ મુસલમાન આ આજ્ઞા (આ સત્ય)ને નકારી નથી શકતો કેમકે ઇસ્લામ સીરાતે મુસ્તકીમ (સીધો રસ્તો) છે એટલે કે દીન ખુદાની (હાજરીમાં) રૂબરૂ જવાનો રસ્તો છે અને એ રસ્તાના ચાર સ્થળો (તબકકાઓ) છે જે શરીયત, તરીકત, હકીકત અને મારફત છે આ તબકકાઓમાં છેલ્લી મંઝીલ મારફત એજ અર્થમાં છે કે દીનના રસ્તાના સઘળા અંતરો (છેટા પણું) પાર કરીને પછીજ ખુદાની ઓળખ મળી જાય છે અને જ્યારે ખુદાને આ રીતે ઓળખી લેવામાં આવે છે ત્યારે શીર્ક કે જે સૌથી મોટો ગુનો અને સર્વથી વધુ દુરની ગુમરાહી છે. તેનાથી છુટકારો મળે છે એ સિવાય નહિં આજ કારણ છે જે મેં શરૂઆતમાં જણાવેલું કે આ બન્ને વાતો એટલે કે શીર્ક અને (તૌહિદ) ખુદાનું એક હોવું એ એવી નથી જેવી કે તેઓ વિષે લોકોનો ખ્યાલ છે.

જ્યારે ખુદા અને રસુલ (સ.અ.)ના નીયુકત કરેલા હાદીની હિદાયત (માર્ગદર્શન)ના પ્રકાશમાં મારફતનું મળવું બરહક (ચોકકસ) છે અને અહ્લાહતઆલાની હકીકી તૌહીદ (એક હોવું) (તે) મારફત પછીનું છે તો મોમીનો પર વાજબ છે કે તે સદા ખુદાની ઓળખ માટેના જ્ઞાન માટે તત્પર રહે.

આ સિવાય શીર્કના બારામાં પ્રખ્યાત હકીમ હઝરત પીર નાસીર ખુશરૂના જગતમાં જાણીતા પુસ્તક "વજએ દીન"ના ૪૩માં કલામમાં

જુઓ તેઓના માનનીય વચનોનો ખુલાસો એ છે કે ઇમામે બરહક અલૈહિમુસ્સલમને ઠેકાણે કોઇ અન્યને ઇમામ કબુલ રાખવો, તાવીલ મુજબ (મારફતના ખુલાસાની નજરે) શીર્ક કહેવાય છે, નહિં તો ખુદાને ખુદા કબુલ કરી લીધા પછી કોઇ માનવી શીર્કની કલ્પના નથી કરી શકતો.

ફરીશ્તા :

સવાલ ૭૯ : ફરીશ્તા કેવા પ્રકારની મખ્લુકનું નામ છે ? અને તેની ખાસીયત (ગુણ) શું છે?

જવાબ: (અ) ફરીશ્તા રૂહાની અને નુરાની મખ્લુકનું નામ છે; તે સંપુર્ણ માનવ (ઇન્સાન) તથા હકીકી મોમીનોની પાક રૂહોની હેસીયતથી હોતા હોય છે, એ મુજબ અમુક વેળાએ કુરઆને હકીમમાં ઉચ્ચ દરજ્જાની જીસ્માનીઓને પણ ફરીશ્તા કહેલા છે. તમો કુરઆને પાકના ૬:૯, ૧૭:૯૫, ૪૩:૬૦ના ફરમાનોને ખુબ ધ્યાનપુર્વક જુઓ.

(બ) ફરીશ્તાના મુળ ગુણ (ખુસુસીયત) એ છે કે: તેઓ ઇબાદતમાં મોટાઇ નથી કરતા એટલે કે તેઓમાં ઉચ્ચતમ–છેવટના દરજ્જા સુધી પહોંચ્યા છતાં આજીઝી અને નમ્રતાની સ્થિતિ મૌજુદ હોય છે, તેઓ ઝીકર અને ઇબાદત કરતાં થાકતા નથી, રાત–દિવસ ખુદાતઆલાની તસ્બીહ કાઢયા કરે છે અને સુસ્તી નથી કરતા. આ ગુણો રૂહાની ફરીશ્તાઓ ઉપરાંત જીસ્માની ફરીશ્તાઓમાં પણ શકય છે. ૨૦:૧૯ અને ૨૦ એથી આગળ (વધુમાં) ફરીશ્તાઓની એક ખાસીયત ફરમાનબરદારી અને ખુદાનો ડર રાખવાની છે ૧૬:૫૦

(ક) મહાન ફરીશ્તાઓની એક ખાસ પ્રશંસાપાત્ર વાત–તેઓનો એક ખાસ ગુણ મારફતનું ઇલમ છે અને તેઓને આ કારણેજ (આકાશના) મહાન તખ્તને ઉઠાવનારા હોવાનો દરજ્જો મળેલો છે કેમકે રબ્બુલ ઇઝઝતનું અર્શે અઝીમ (મહાન તખ્ત) અકકલ, જ્ઞાન, ઇલ્મ અને મારફતનુંજ છે માટે જે ફરીશ્તાઓએ એ તખ્તને (આકાશને) ઉઠાવેલું છે તેઓ કહે છે કેઃ

"રબ્બના વસીઅત કુલ્લ શય્યીનર્હમતીંવ ઇલ્મ" ૪૦:૭

"એ અમારા પરવરદીગાર ! તારી રહેમતો અને તારૂં જ્ઞાન સર્વ વસ્તુઓ ઉપર ફેલાયેલું (ઢંકાયેલું) છે." આનો અર્થ એ છે કે એ મહાન તખ્તને ઉઠાવનારાઓ ઇલમના નુર અને મારફતના પ્રકાશમાં જાતે આ સત્યને અનુભવે છે કે જાહેર અને બાતુનની સર્વ વસ્તુઓ રહેમત અને ઇલ્મના ઘેરા (વર્તુળ)માંથી બહાર (અલગ) નથી. આ થકી તે મહાન ફરીશ્તાઓની ઇલ્મી ઉચ્ચતા અને મહાનતા સાબીત થઇ જાય છે કે તેઓ બન્ને દુનિયાની સઘળી વસ્તુઓને એક સરખી રીતે જુએ છે.

(૬) એ એક સત્ય છે કે "મહાન તખ્તને ઉઠાવનારા" થકી હેતુ આં હઝરત (સ.અ.) અને તેમના પછી તેમના વારસદારો એટલે કે પાક ઇમામો (અ.સ.) છે. આ માટે તમો ઇચ્છો તો આ હેતુની વધારે તપાસ ખાતર કુરઆનનો શીઆી અનુવાદ, હાંસીયા તથા તફસીરમાં "અર્શ"ના વિષયને તપાસી શકો છો.

## વિલાયતે અલી. (અ.સ.) :

**સવાલ ૮૦:** હઝરત અલી (અ.સ.)ની વિલાયત મોમીન માટે કેમ કરીને જરૂરી હોઇ શકે છે ? શું કુરઆન અને હદીસથી આની કોઇ સાબિતી મળી શકે છે ?

**જવાબ :** (અ) હઝરત મૌલાના અલી (અ.સ.)ની વિલાયત અને દોસ્તીની જરૂરત અને વિશિષ્ટતા એ માટે છે કે આપની વિલાયત ખુદા અને રસુલની વિલાયત છે, કેમકે આપ ખુદાના હુકમ થકી પયગમ્બરે અકરમ (સ.અ.) પછી ઉલીલ અમર છે.

(બ) હઝરત મુર્તઝા અલી (અ.સ.) રસુલુલ્લાહ (સ.અ.)ના હકીકી વારસદાર અને ઇમામે બરહક છે, માટે તેમની વિલાયત, મોહબ્બત, દોસ્તી અને તાબેદારી ફરજ છે.

(ક) કુરઆને હકીમમાં ફરમાવેલું છે કે "અય રસુલ, તે લોકોને કહી દો કે અગર તમે ખુદાને દોસ્ત રાખો છો તો મારી પૈરવી (તાબેદારી) કરો, ખુદા (પણ) તમને દોસ્ત રાખશે ૩:૩૧" માટે ખુદાના આ ફરમાન પ્રમાણે જ્યારે અલ્લાહતઆલાની તાબેદારી અને મહોબ્બત સીધી રીતે નથી પણ આડકતરી રીતે છે એટલે કે આં હઝરતના મારફત શકય છે તો પછી એમાં શું શંકા હોઇ શકે છે કે તદ્દન એજ પ્રમાણે પયગમ્બરે ખુદાની તાબેદારી અને મહોબ્બત અલી (અ.સ.) મારફત મેળવી શકાય છે,

(ડ) અલ્લાહતઆલાનું પાક ફરમાન છે કે

"ઇન્નમા વલીય્યકુમ વલ્લાહુ વ રસુલહુ વલ્લઝીન આમનુ
અલ્લઝીન યકીમુનસ્સલાત વ યુનઝઝકાત વ હુમ શરાન ૫:૫૫

"(અય ઇમાનવાળાઓ) તમારા માલિક, સરપરસ્ત બસ આજ છે, ખુદા અને તેના રસુલ (સ.અ.) અને મોમીનો કે જેઓ નિયમીત રીતે નમાઝ અદા કરે છે અને રૂકુની સ્થિતિમાં ઝકાત આપે છે."

આ આયતમાં વિલાયતના ત્રણે દરજ્જાઓનું વર્ણન એક સાથે એ માટે ફરમાવવામાં આવ્યું છે કે તે દરજ્જાઓ મુળ એકજ છે એટલે કે અલ્લાહતઆલાની વિલાયત પયગમ્બર (સ.અ.) મારફત છે અને આં હઝરતની વિલાયત અલી (અ.સ.)ના વસીલાથી છે. જેમ તાબેદારી ત્રણ દરજ્જાઓમાં છે, અલ્લાહની તાબેદારી, રસુલ (સ.અ.)ની તાબેદારી અને ઉલીલ અમરની તાબેદારી ૪:૫૯, પરંતુ આ તાબેદારીઓ હકીકતમાં એકજ છે·

(ય) આ વિશ્વાસપાત્ર રીવાયત પ્રચલિત છે કે ઊપર મુજબની આયત મૌલા અલીની શાનમા નાઝીલ થઇ છે, કેમકે રૂકુની સ્થિતિમાં

ઝકાત ફકત અમીરૂલ મોમમીન (અ.સ.) એજ એક સવાલ કરનાર (પોકાર કરનાર)ને આપી હતી. તમો આ માટે સંબંધિત પુસ્તકોમાં તપાસી જુઓ હવે રહયો કોઇકનો એ સવાલ કે ઉપર મુજબની આયાત હઝરત અલી (અ.સ.)ની શાનમાં છે તો ખુદા અને રસુલ પછી જેમની વિલાયતનો ઉલ્લેખ છે તે બહુવચનમાં શા માટે છે? એટલે કે એ ગુણ અલી (અ.સ.)ના છે તો પછી તે શું કામ એક વચનમાં નથી આવ્યા?

આનો પહેલો જવાબ એ છે કે મજકુર આયતમાં જે લોકોને વિલાયતની દોરવણી આપવામાં આવી છે તે તો સઘળા મુસલમાન અને મોમનીન છે અને ખુદા અને રસુલ પછી જે માનવંત લોકોની વિલાયત ફરજ લેખાવવામાં આવી છે તે સરવે મુસલમાનો અને મોમીનોથી ખાસ અને અનન્ય હોઇ અલગ છે માટે આ કુરઆનની દોરવણી થકી એક તો એ જણાયું કે અહીં તે સામાન્ય પ્રકારની મહોબ્બત તથા દોસ્તીની વાત નથી જે એક મુસ્લીમને બીજા મુસ્લીમ સાથે હોવી જોઇએ. અને બીજી તરફ એ ખબર પડી કે ઇમાનના ઉચ્ચતમ દરજ્જા (દરજ્જાએ કમાલ) ઉપર અમુક પસંદગી પામેલી વ્યકિતઓ છે કે જેમની વિલાયત ઇસ્લામમાં માનનારા તમામ લોકો ઉપર ફરજ છે.

બીજો જવાબ એ છે કે નમાઝના દરમિયાન રૂકુની સ્થિતિમાં હઝરત સલ્લમની નઝદિક રહેનારા અસ્હાબોમાંથી કોઇકે (પોકાર કરનાર) માંગનારને ઝકાત નથી આપી પરંતુ હઝરત અલી (અ.સ.) એ આપી છે. અને આ એક અર્થસુચક ઘટના છે માટે એ સાબિત થાય છે કે આ આયત હ. અલી (અ.સ.)ની શાનમાં છે અને પયગમ્બરે અકરમ (સ,અ.) પછી હ. અલી (અ.સ.)ની વિલાયત સર્વમાન્ય છે અને હ. અલી (અ.સ.) ઉલીલ અમર હોવા વિષે—તેની સાબિતીમાં એક નહિં પરંતુ ઘણી આયતો કુરઆની તથા હદીસમાં આવી છે માટે અહીં સવાલ એ રીતે હોવો જોઇએ કે "મજકુર આયતે મુકદ્દસમાં અલી

મુર્તઝા (અ.સ.)નો પવિત્ર ઉલ્લેખ જાણે એકથી વધારે હસ્તી હોય તે રીતે કરવામાં શું હિકમત છુપાયેલ છે ? અને તે એક વ્યકિત તરીકે કેમ નથી?" જેથી તેનો જવાબ નીચે મુજબ આપવામા આવે.

(૧) આજ તો કુરઆની હિકમતનું એક ખાસ મહત્વ છે કે યોગ્ય જગ્યાએ એક વ્યકિતના વર્ણનમાં ઘણીબધી વ્યકિતઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. માટે અલ્લાહતઆલાએ પોતાની પુખ્ત (પરીપકવ) હિકમતથી હઝરત અલી (અ.સ.)ના કાર્યને તેમના વંશમાં આવનારા સઘળા બરહક ઇમામો (અ.સ.)ના કાર્ય તરીકે ઓળખાવ્યું છે જેથી જ્ઞાનીઓ (અકકલવાળાઓ) માટે એ સત્ય જાહેર થઇ જાય કે પવિત્ર ઇમામો દરેક દરેક ન ફકત વિલાયતના મરતબામાં એકજ રૂહ મુજબ સંગઠિત છે પરંતુ તે માનવંતો, હિદાયતના કામમાં પણ હમેશા એક છે. તે આજ કારણ છે કે મજકુર આયતમાં અમીરૂલ મોમનીન અલી (અ.સ.)ના ગુણને બહુવચનમાં વર્ણવવામાં આવ્યું છે.

(૩) ફરમાવવામાં આવેલું છે કે :

"ઇન્ન ઇબરાહીમ કાન ઉમ્મતન કાતન લીલ્લાહહી ખલીફા વ લમ યકુમીનલ મુશરકીન" ૧૬:૧૨૦.

"એમાં શંકાજ નથી કે ઇબ્રાહીમ ખુદાની એક ફરમાંબરદાર જમાત (એટલે કે એક તાબેદાર [ફરમાબરદાર] કોમ તરીકે) હતા જે બાતિલથી દુર રહીને ચાહતા હતા અને મુશરીકોમાંથી (હરગીઝ) ન હતા." તો અહીં પણ તેજ સત્ય છે કે હઝરત ઇબ્રાહીમ (અ.સ.)નું કાર્ય ઇબ્રાહીમની આલના સઘળા અંબીયા તથા ઇમામોનું કાર્ય હતું કેમ કે આપ તે સર્વેના વડવા હતા અને આપનો મરતબો તેજ પયગમ્બરો અને ઇમામોના ક્રમમાં (વંશમાં) કયામત સુધી કાયમ રહેનાર હતો, જેમ કે કુરઆને પાકની ૪:૫૪ આયતના ફરમાન મુજબ જાહેર છે.

(૩) આ વિષે એક સામાન્ય ઉદાહરણ નજર સામે રહે કે કુરઆને હકીમ ભુતકાળ તથા વર્તમાન કાળના કાફરોને કેમ એક ગણે છે, જયારે કે તેમના ગુનાહોની રીત એકજ છે, જે માટે ફરમાવવામાં આવેલું છે કે "અય રસુલ (સ.અ.) તેઓથી એ તો પુછો કે તમો અગર ઇમાનદાર છો તો પછી કેમ ભુતકાળમાં ખુદાના પયગમ્બરોની હત્યા કરતા હતા. ૨:૯૧.

ચોખ્ખી વાત છે કે મજકુર આયતે કરીમા પ્રમાણે જે લોકોએ ભુતકાળમાં ખુદાના અમુક પયગમ્બરોની હત્યા કરી હતી તેઓ તો રસુલુલ્લાહ (સ.અ.) વખતમાં પોતે મૌજુદ નથી, કેમકે તેઓ તો ઘણા વહેલા આ જગતથી ચાલ્યા ગયા હતા, પરંતુ તેમના જેવાજ વિચારો અને ઉદ્દેશ ધરાવનારા તેમના વારસદારો એટલે કે તદ્દન તેમના જેવાજ કાફરો મૌજુદ હતા, માટે સઘળા આગલા અને પાછલા કાફરોને એક ગણીને ફરમાવવામાં આવ્યું છે કે તમોએ અંબીયાની શા માટે હત્યા કરી.

(૪) અલી અને અલીના વંશજોમાંના સઘળા ઇમામો સલ્વાતુલ્લા અલૈહીમની વિલાયત વિષે આ કુરઆનની દલીલો પછી ઇરશાદે નબવીની તરફ ધ્યાન દોરવવામાં આવે છે કે આ બારામાં આં હઝરત (સ.અ.)ના ઘણા ફરમાનો છે જેના થકી એવણ સાહેબોની વિલાયતની સાક્ષી મળે છે પરંતુ અહીં સો સવાલના વિષયમાં કોઇ પણ જવાબને હદથી વધારે ભાર નથી આપવો માટે અહીં ફકત એકજ અતી મહત્વતાવાળી હદીસ પર સંતોષ માની લેવામાં આવે છે કે આપ હઝરતે ફરમાવ્યું છે કે:

" હું અલી (અ.સ.)થી છું.

અને

અલી (અ.સ.) મારાથી છે."

જો અકકલ અને સમજદારીની દ્રષ્ટિથી જોવામાં આવે તો એ સત્ય સાફ તરી આવશે કે હ. નબી (સ.અ.)ના આ ફરમાનમાં દરેક રીતે બહુજ મહાન અર્થ રહેલો છે. અને તે એ રીતે આપ હઝરત (સ.અ.)થી અલી (અ.સ.) હોવાનો એ અર્થ છે કે અકકલ અને સમજદારી, જ્ઞાન અને હિકમત તથા ઉન્નતીને દોરવણીના સર્વે ભંડારો અલી (અ.સ.)ને નબી (સ.અ.) થકી મળેલા હતા અને પછી અલી (અ.સ.)થી આં હઝરતના હોવાનો મતલબ એ છે કે હઝરત સલ્લમનું પવિત્ર નુર મૌલા અલી (અ.સ.)માં બદલી થયું અને આલે મુહમ્મદ [અ.સ.] અને ઔલાદે અલી [અ.સ.]ના ઇમામતના ક્રમમાં એ નુર સદા માટે જીવંત પ્રકાશિત છે.

## લા—મકાન : (હાજર ન હોય એવી સ્થીતી—હાલત)

સવાલ ૮૧: લા મકાન ક્યાં છે? તે શું વસ્તુ છે? તેની હાલત અને હકીકત શું છે? વિસ્તૃત રીતે બતાવો.

જવાબ તમારા સવાલનું પહેલું વાકય ખોટું છે જેમાં તમોએ પુછ્યું છે કે લા મકાન કયાં છે, જ્યારે કે લા મકાન (મકાન નહિં) એક મકાન વગરની હાલત છે. તે લા મકાન એ માટે છે કે મકાનના ગુણથી વિરૂધ્ધ છે, બાકી સવાલ ઠીક છે.

જેવી રીતે ભૌતિક પદાર્થ તથા શરીર મકાનની અંદર છે બલ્કે આ વસ્તુ પોતેજ મકાન છે એ રીતે જે ભૌતિક નથી એવી વસ્તુ એટલે કે રૂહ અને તેની કલ્પના લા મકાન છે માટે રૂહાની દુનિયા એ લા મકાન છે જેનો અનુભવ ન ફકત મરણ પછી થઇ શકે છે પરંતુ હૈયાતીમાં પણ તે શકય છે.

જેમ શરીરથી મકાન જુદું નથી થઇ શકતું પરંતુ શરીર અને મકાન એકજ ચીજ છે એજ રીતે સમય (કાળ) પણ શરીરના હલન

ચલન થકી ઉત્પન્ન થાય છે, તો અગર આ કાયનાત ન હોય તો એવી સ્થિતિમાં ન ફકત શરીરની હસ્તી મટી જાય પરંતુ મકાન અને ઝમાન (સમય–કાળ) પણ ખતમ થઇ જાય. આમ સાફ બાબત છે કે મકાન અને કાળનો સંબંધ શરીરથી છે અને રૂહ જે રીતે લામકાન છે તેજ રીતે લાઝમાન (કાળ વગરનું) પણ છે,

અકકલવાળા લોકોને લા મકાનની હકીકત સમજવા માટે એક સામાન્ય દાખલો છે. તે છે સ્વપ્નની દુનિયા; કેમકે ઇન્સાન જયારે સ્વપ્નું જુએ છે તો તે એ માટે કયાંય પણ જતો નથી પરંતુ લા મકાનની હાલતમાં હોય છે, એટલે કે તે પોતાના રૂહની તરફ ધ્યાન મગ્ન હોય છે જયારે કે રૂહ પોતે લા મકાન છે, તો તે વખતે એ લા મકાનની સઘળી વસ્તુઓ ભૌતિકતા વગરની મળે છે, આમ એ જણાઇ શકે છે કે રૂહાની જગતમાં અને અસલ લા મકાનમાં ભૌતિક (સામાન્ય નજરેથી દેખાતી) વસ્તુઓ એ રીતે નથી હોતી કે જે રીતે તે આ જગતમાં છે, પરંતુ હા ! તેની અસર એટલે કે તેના રૂહાની સ્વરૂપો મૌજુદ હોય છે. જે રીતે સ્વપ્નમા દરેક વસ્તુઓ શરીરને ત્યજી દઇને પોતાની રૂહાની સ્થિતિમાં હાજર હોય છે.

સર્વમાન્ય ધારણા મુજબ અસલ લા મકાનનો મતલબ જેને નફસે કુલ્લી કહેવામાં આવે છે તે છે. તેજ રૂહાની જગત અને આખરત છે. તેમાંજ સઘળી રૂહાની પ્રકારની વસ્તુઓ મૌજુદ છે જન્નત પણ તેમાંજ છે. એ જગત જીવંત અને શાણપણનું છે.

અમે જણાવેલું કે રૂહ જે રીતે લા મકાન છે તેજ રીતે લા ઝમાન પણ છે અને એનો અર્થ એ છે કે રૂહાની જગતની દરેક વસ્તુ ઝમાના (કાળ)ના બંધનથી ઊંચી છે કે જયાં ન કોઇ ભુતકાળ છે અને ન કોઇ ભવિષ્ય કાળ છે, સમયની જે કોઇ હાલત છે તે વર્તમાન જેવી છે, તે માટે કહેવું જોઇએ કે ત્યાં સમય વહેતો નથી એકજ સ્થિતી રહે છે.

## અસાસ (અ.સ.) અને સામત :

**સવાલ ૮૨ : અસાસ (અ.સ.) અને સામતનો શું અર્થ થાય છે? અને તે કેટલા હોય છે? સમજણપુર્વક બતાવો.**

જવાબ: અસાસનો શાબ્દિક અર્થ છે (પાયો) મુળ અને ઇસમાઇલી વિચારસરણીમાં અસાસ (અ.સ.) તે ઇમામને કહે છે જે કોઇ રસુલે નાતીકનો વસી તથા વારસદાર હોય છે અને ત્યાંથીજ ઇમામતના એક યુગનો આરંભ થાય છે અને સામત પણ એજ અસાસને કહે છે, તે એવા સંબંધમાં કે તે રસુલે નાતીક (એટલે કે આકાશી પુસ્તક તથા શરીયતની સમજણ આપનાર પયગમ્બર)ની હાજરીમાં ખામોશ રહે છે પરંતુ એજ અસાસ પછીથી [કિતાબે-સામત] ખામોશ પુસ્તકના સંબંધમાં (કીતાબે-નાતીક) બોલતા પુસ્તક તરીકે ગણાય છે.

હઝરત આદમ [અ.સ,]ના પ્રથમ અસાસ મૌલાના હાબિલ (અ.સ.) હતા જ્યારે તેમને કાબિલે શહીદ કરી દીધા તો મૌલાના શીશ [અ.સ.] અસાસ નીયુકત થયા. હઝરત નુહ [અ.સ.]ના અસાસ મૌલાના સામ (અ.સ.) હઝરત ઇબ્રાહીમ [અ.સ.]ના મૌલાના ઇસમાઇલ [અ.સ.], હઝરત મુસા [અ.સ.]ના પ્રથમ મૌલાના હારૂન [અ.સ.] અને તેમના અવસાન પછી મૌલાના યુશઅ બિનનુન [અ.સ.] અસાસ થયા. હઝરત ઇસા [અ.સ.]ના અસાસ શમ્ઉન [અ.સ.] હતા અને હઝરત મહમ્મદ [સ.અ.]ના મૌલાના અલી મુર્તઝા [અ.સ.] આ ૭ નાતીકોના આ ૭ અસાસ થયા.

## હઝરત ઇમરાન :

**સવાલ ૮૩ : તમો સમજણ પાડો કે તે ઇમરાન કયા છે જેની આલની પવિત્રતા વિષે કુરઆને પાકમાં ઉલ્લેખ કરેલો છે જ્યારે કે ઇમરાન એકથી વધુ છે?**

જવાબ : તમારો સવાલ આયતે ઇસ્તફાના સંબંધમાં છે અને તે એ છે કે "બેશક ખુદાએ આદમ (અ.સ.) અને નુહ (અ.સ.) અને ઇબ્રાહીમ (અ.સ.)ના વંશ તથા ઇમરાન (અ.સ.)ના વંશને સઘળી દુનિયાથી પવિત્ર કર્યા છે." (૩:૩૩)

તમારો આ સવાલ યોગ્ય અને વાજબી છે કેમકે આ ઇમરાનના વિષે વિરોધાભાસ મળે છે, જ્યારે કે આ વિષયમાં ઇમરાન, કેટલાય છે જેમકે (૧) ઇમરાન જે હઝરત મુસા (અ.સ.)ના પિતા હતા (૨) ઇમરાન બીન માસાન જે મુસા (અ.સ.)ના સમયમાં છઠ્ઠા ઇમામ હતા. (૩) ઇમરાન (બીબી મરિયમના પિતા) (૪) ઇમરાન (હાશમ બિન અબ્દ મુનાફ) અને (૫) ઇમરાન હઝરત અબુતાલિબ અલૈહીસ્સલામ. કારણ કે આ આયતે કરીમાની અંદર બુઝુર્ગ અંબીયાઓ તથા મહાન ઇમામો વિષે હિદાયતની પસંદગીનો ઉલ્લેખ છે અને સાફ બાબત છે કે હિદાયતની જરૂરત કયામત સુધી રહેવાની છે માટે સમગ્ર વખત (કાળ)ને ચાર ભાગોમાં વહેંચીને ફરમાવવામાં આવ્યું છે કે આ જગત અને સમય ખુદાની હિદાયતથી કયારેય ખાલી નથી રહયા અને ન કયારેય ખાલી રહેશે; જે માટે ખુદાતઆલાએ સર્વ પ્રથમ દુનિયાવાળાઓમાંથી હઝરત આદમ (અ.સ.) અને તેના વંશમાંના વારસદારોની પસંદગી કરી જેથી તેઓ પોતાના વખતમાં લોકોને હિદાયત અને માર્ગદર્શન કરે, પછી એજ રીતે હઝરત નુહ (અ.સ.) અને તેના સંબંધિત વારસદારોને, તે પછી હઝરત ઇબ્રાહીમ (અ.સ.) અને તેમની આલને અને છેવટે હઝરત ઇમરાન એટલે કે અબુ તાલિબ [અ.સ.]ને અને તેમની પવિત્ર આલને પસંદ કર્યા કે જેથી હિદાયતના ફાયદાથી દુનિયા કોઇ દિવસ ખાલી ન હોય અને કયામત સુધી આ ક્રમ ચાલતો રહે અને અસ્તિત્વમાં રહે.

અગર આપણે આથી ઉલ્ટું, આયતે ઇસ્તીફામાં મજકુર ઇમરાન તરીકે મુસા (અ.સ.)ના પિતા અથવા ઇસા (અ.સ.)ના નાનાને ગણીએ

તો આ વાત હરગીઝ વ્યાજબી નહીં હોય. એક તો એ માટે કે પસંદગી અને નીયુક્તિનો આ ક્રમ અને વાત [કીસ્સો] આં હઝરતના પવિત્ર ખાનદાનથી જુદો અને ઘણો વહેલો અંત પામી જશે, જો કે આ ચાર પસંદગી પામેલા માનવંતોમાંથી છેવટનો શખ્સ પયગમ્બરોના સરદાર હ. મુહમ્મદ મુસ્તુફા [સ.અ.]ના કુટુંબ [વંશ]માંથી હોવા જોઇએ. બીજું કારણ એ છે કે જયારે હિદાયતના કામના ખુદાવંદતઆલાના આ પ્રોગ્રામથી એ પ્રગટ છે કે પુરા વખતને (સમયને) ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે અને એજ રીતે આ વખતમાં હિદાયતનો જે ક્રમ કાયમત સુધી બાકી રહેનાર અને ચાલતો રહેવાનો છે તેના પણ ચાર ભાગ કરવામાં આવ્યા છે અને એ વિષયમાં સઘળા વિભાગની શરૂઆતમાં એક મહાન હસ્તી તરફ ઇશારો કરવામાં આવ્યો છે તો પછી એ કેમ શકય છે કે હિદાયતનો ચોથો અને છેલ્લો ક્રમ ફકત (અંબીયાએ બની ઇસરાઇલ) બની ઇસરાઇલના પયગમ્બરો સુધી મર્યાદિત હોય અને આ સમગ્ર આયાતમાં હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહી વઆલેહી વસ્સલ્લમના ખાનદાનનો કોઇ ઉલ્લેખ ન હોય.

અગર કોઇ માણસ એમ કહે છે કે હુઝુરે અકરમ (સ.અ.) તથા આપના પવિત્ર ખાનદાનનો પવિત્ર ઉલ્લેખ એટલે કે તેમને પસંદ કરેલા છે તેવી બાબત આલે ઇબ્રાહીમ (અ.સ )ની સાથેસાથે આવી ચુકયો છે તો હું જવાબ દઇશ કે જો આ વાતજ તમારી એક માત્ર દલીલ છે તો બની ઇસરાઇલ મુજબનો કોઇ ઇમરાન આ ઇમરાન નથી હોઇ શકતો જેની આલની પસંદગીનો અહીં ઉલ્લેખ છે. તો પછી સ્પષ્ટપણે સવાલ પુછનારનો સવાલજ બરાબર નથી અને આં હઝરત (સ.અ.)નું આલે ઇબ્રાહિમથી હોવું એ બાબતમાં જરા પણ શંકા નથી પણ અહીં પસંદ થવા વિષે પસંદગી થઇ છે,

હવે વ્યાજબી છે કે હઝરત અબુ તાલિબ અલૈહીસ્સલ્લમની

મહાનતા અને બુઝુર્ગી વિષે કંઇક વર્ણન કરવામાં આવે, માટે એ જાણવું જોઇએ કે ઇસમાઇલીય્યતના દ્રષ્ટિકોણ પ્રમાણે નુરે ઇમામતની જાહેરાત (ઝહુર) સમય અને કાળના ભાગો તથા તબકકાઓમાં થાય છે જેમકે ઇમામે મુકીમ, ઇમામે અસાસ, ઇમામે મુતીમ, ઇમામે મુસ્તકર તથા ઇમામે મુસ્તવદા, અને આ દરજજાઓમાંથી મહાન દરજજો ઇમામે મુકીમનો છે.

તમો ઇચ્છો તો આ વિષય માટે "અલામા મુતફીલ અલ ઇસ્લામ "પુસ્તકના પાના નંબર ૧૪૩ને જુઓ. એજ પુસ્તકના પાના નંબર ૧૪૫, ૧૪૭, ૧૪૯, ૧૫૧, ૧૫૩ અને ૧૫૫ ઉપર લખેલું છે કે કે હ. આદમ (અ.સ.)ના ઝમાનાના ઇમામે મુકીમ મૌલાના હુનીદ અલેહીસ્સલમ હતા, હ. નુહ (અ.સ.)ના વખતમાં મૌલાના હુદ (અ.સ.) હ. ઇબ્રાહીમ (અ.સ.)ના સમયમાં મૌલાના તારહ (અ.સ.) હ. મુસા (અ.સ.)ની સાથે મૌલાના ઉદ (અ.સ.), હ. ઇસા (અ.સ.)ના માટે મૌલાના ખઝીમા (અ.સ.) અને આં હઝરત (સ.અ.)ના માટે ઇમામે મુકીમ હઝરત ઇમરાન હતા એટલે અબુ તાલિબ. આમાંથી દરેક ઇમામે મુકીમે પોતાના વખતના પયગમ્બરે નાતિકને રૂહાની જ્ઞાન (તાલીમ)થી શણગારીને તૈયાર કર્યા. ઇમામે મુકીમના અર્થને ધ્યાનપુર્વક જોવામાં આવે.

## સુલેમાન પયગમ્બર :

સવાલ ૮૪: કહેવામાં આવે છે કે હઝરત સુલેમાન અલેહીસ્સલમને એક એવી ચમત્કારિક વીંટી આપવામાં આવી હતી કે જેના કારણે આપ (અ.સ.) જીન અને ઇન્સાનો તથા જંગલી જાનવરો અને પક્ષીઓ ઉપર રાજય કરતા હતા અને આપનું સીંહાસન હવા પર ચાલતું હતું આ વાતો કેટલી હદે ખરી છે ?

જવાબ : (અ) આ દરેકે દરેક વાતો સાચી છે પરંતુ તાવીલી સ્વરૂપે અને તે એ કે વીંટીનો મતલબ છે ઇસ્મે આઝમ કે જે ન ફકત

હઝરત સુલેમાન અલૈહિસ્સલમને મળેલું હતું બલ્કે સઘળા પયગમ્બરો અને સઘળા ઇમામ પાસે તે હોય છે. જીન તથા ઇન્સાનો વગેરે ઉપર રાજ્ય કરવું અને હવા ઉપર સિંહાસનનું સાલવું રૂહાનીયતમાં હતું નકે જાહેરમાં અને દરેક પયગમ્બરો તથા ઇમામોની રૂહાનીયત આવી અજાયબીઓથી ભરપુર હોય છે.

(બ) (૨:૨૮૫)માં કુરઆને હકીમનો ઇશારો એ છે કે મોટા મોટા પયગમ્બરો તથા ઇમામોની રૂહાનીયતમાં કોઇ ફરક નથી હોતો બલ્કે તેમની રૂહાનીઓ એક જેવીજ હોતી હોય છે, અગર એમ ન હોત તો તેઓ એકબીજાના મરતબાથી બેખબર હોત અને મારફતના અલગ અલગ ટુકડા હોત અને કોઇ એકની પણ રૂહાનીયત તથા મારફત પરીપુર્ણ ન હોત.

(ક) અંબીયાઓ તથા ઇમામો અલૈહિમુસ્સલમ તો રૂહાનીયતના શાહેનશાહ હોતા હોય છે તેમની સમગ્ર અને સંપુર્ણ રૂહાનીયતના વિષે કોઇ અકકલમંદ–જ્ઞાનીને શું શંકા હોઇ શકે છે? આપણે ફકત એક હકીકી મોમનની રૂહાનીયતનો ઉલ્લેખ કરીશું, કે જે ન તો કોઇ પયગમ્બર છે કે ન તો કોઇ ઇમામ પરંતુ તે સીરાતે મુસ્તકીમનો એક મુસાફર હતો, તેણે મારફતની કમાલીયતના દરજ્જાને મેળવી લીધો કેમકે અંબીયાઓ અને ઇમામો પછી મારફત મોમીન માટે હાજર છે. હવે તમો પોતે અંદાજો લગાવો કે આ મોમીનની સમગ્ર અને સંપુર્ણ મારફતનો શું અર્થ થાય છે? મારફત ઓળખને કહે છે અને ઓળખ અનુભવો (observations)નું પરિણામ હોય છે, પછી સવાલ છે કે તે (મોમીને) ભગતે જે મારફત મેળવી તેની સીમા (હદ) શું છે અને તે હદમાં કેનીકેની મારફત આવી ગઇ અને કઇ મારફત બાકી રહી ગઇ. સ્પષ્ટ છે કે જ્યારે આ મારફત સંપુર્ણ છે તો પછી કોઇ મારફત તેની બહાર નથી રહી.

(ક) આ વર્ણનનો ઇશારો એમ છે કે પયગમ્બરો અને ઇમામોની રૂહાનીયત બીજે ક્યાંય નથી તે ફકત અને ફકત સીરાતે મુસ્તકીમ પર આવેલી છે, માટે જે મોમન સંપુર્ણપણે તેના ઉપર ચાલે છે, તે એ સઘળી રૂહાની બાબતોને દીલની આંખોથી જુએ છે કે જેનો સંબંધ એક સંપુર્ણ ઇન્સાન સાથે છે અને પરીપુર્ણ મારફતનો આજ અર્થ છે.

(ઇ) આ સિધ્ધાંત યાદ રાખજો કે રૂહાનીયત દરઅસલ પોતાની (અખંડિતતામાં) પુર્ણતામાં એકજ છે પરંતુ હિકમતની જરૂરિયાત મુજબ અંબીયા અલૈહીમુસ્સલમના એક જેવાજ મોજીઝાઓને સ્પષ્ટ (ખુલ્લાં) કરવા માટે જુદી જુદી વ્યાખ્યાઓ (સમજુતીઓ) કરવામાં આવી છે, જેને લીધે જાહેરીમાં એમ લાગે છે કે જાણે હઝરત આદમ (અ.સ.)નેજ ફરીશ્તાઓએ સીજદો કર્યો હતો, કીશ્તી (વહાણ) ફકત હઝરત નુહનીજ હતી. હઝરત ઇબ્રાહીમ (અ,સ.) માટેજ આગને બાગ બનાવાઇ હતી, લાઠીનો મોજીઝો ફકત હઝરત મુસા (અ.સ.)નો હતો, હઝરત ઇસા (અ.સ,) સિવાય કોઇ બીજું મરેલાંને જીવતા નહોતું કરી શકતું અને મએરાજના પ્રસંગનો સંબંધ ફકત આં હઝરત (સ.અ.)થી હતો. જો કે આમ નથી બલ્કે રૂહાનીયત એકજ હોતી હોય છે અને સઘળા મોજીઝા મુળમાં એકજ છે પરંતુ તેની સમજુતી (સાથેની રજુઆત) અલગ અલગ છે

## આસમાની પુસ્તકો :

સવાલ ૮૫ : આ આસમાની પુસ્તકોના શાબ્દિક અને (તાવીલી) ગુઢ અર્થ શું હોય છેઃ સહફ, તૌરાત, ઝબુર અને ઇન્જીલ ?

જવાબ : [અ] સહફ, સહીફાનું બહુવચન છે અને સહીફાનો મુળ અર્થ આ શબ્દોમાં મૌજુદ છે "અસ્સહીફુ" [રૂએ ઝમીન—ધરતી] "અસ્સહીફતુ" (ફેલાયેલી વસ્તુ) "સહીફતુલ વજા" (ચહેરાનો ફેલાવો) "અસ્સહફત" (મોટો પ્યાલો, ફેલાયેલો પહોળો પ્યાલો) ચોકકસપણે આ ફેલાવા અને પહોળાપણાના સંબંધે સહીફાનો અર્થ લખેલી વસ્તુ એટલે

કે કાગળ–પાનુ [પેજ] થયો અને સુહફના ગુઢ અર્થને (તાવીલી અર્થ) ફેલાયેલી વસ્તુ તથા લખેલા પાનાઓના મતલબ થકી જોતાં "રૂહ તથા રૂહાનીયતના સંપુર્ણ વાક્યો" થાય છે, જેમાંથી પ્રત્યેક વાકય એક મહાન અને પવિત્ર રૂહાની પાનું છે જેની જાહેરી તથા ગુઢ [તાવીલી] પહોળાઇ (વિસ્તાર) ઘણી વધારે છે.

(બ) તૌરાતનો શાબ્દિક અર્થ થાય છે બે શબ્દો, (બે–વાતો) એકના પ્રમાણે આ (તૌરાત) શબ્દ "તૌરહ"ને અરબી બનાવી લેવાયો છે અને તૌરહનો હિબ્રુ ભાષામાં અર્થ થાય છે શરીયત અને હુકમ, તૌરાત તેનું બહુવચન છે જેનો અર્થ થાય છે હુકમો અને શરીયતો.

બીજી વાત મુજબ આ શબ્દ "વરઇ"થી લીધેલો છે અને એનો સાર જોઇએ તો તેમાં છુપાવું અને જાહેર થવું એમ બન્ને અર્થો તેમાં મળે છે જેમકે નીચે મુજબના શબ્દોથી આ અર્થ સ્પષ્ટ થાય છે,

"હત્તા તવારતુ બીલ હિજાબી" ૩૮:૩૨ (એટલે સુધી કે પુરામાં છુપાઇ ગયો,) "યુવારીયી" ૫:૩૧ (છુપાવ્યા) "અન્નારલ્લતી તુવરૂન" ૫૬:૭૧ (એ આગ જેને તમો પ્રગટ (પ્રકાશીત) કરો છો) "ફલમુઇય્યાત કદ્હન" (એ ઘોડા જેના ચાલવાથી (ટાપ મારવાથી) આગના તણખા નીકળે છે) હદીસમાં છે કે "અનન્નબી સલ્લી અલ્લા અલૈહિ વ આલેહી વસલ્લમ કાન અઝા અરા વ ગઝવન વર્રઇ બગઇરીહી" (કે આં હઝરત જ્યારે કોઇ (ગઝવા) લડાઇ માટે જતા તો "તૌરીય"થી કામ લેતા હતા," અને તૌરીય એટલે કે અસલ વાતને છુપાવીને તેને કોઇ બીજી રીતે જાહેર કરવામાં આવે, તે એ પ્રમાણે કે ખોટું પણ ન જણાય અને અસલ હેતુ પ્રગટ ન થવા પામે) "વરાયીઝઝન્દુ" (ચકમકથી આગ નીકળી) "વર્રાઇ તૌરીયહ" (છુપાવવું, દેખાડવું.)

મજકુર ઉદાહરણો થકી એ વાત ચોકકસ થઇ જાય છે કે તૌરાતનો અર્થ ઝાહેર અને બાતુન છે, એટલે કે હઝરત મુસાનું આસમાની પુસ્તક

ન ફક્ત જાહેરીમાં હતું પરંતુ તે બાતુનમાં પણ મૌજુદ હતું અને તૌરાતનું જે બાતુની પાસુ હતું તેમાંજ હિદાયત અને નુર હતા જેમકે ખુદાવંદતઆલાનું ફરમાન છે કેઃ

"અમે તૌરેત નાઝીલ કરી જેમાં હિદાયત અને નુર છે." ૫:૪૪

(ક) 'ઝબુર' પુસ્તકને કહે છે જેમકે "અઝઝબુર" (લખવું) "મીઝબરૂન" (કલમ) "ઝબીરૂન" (લખાણ) "ઝીબરજ ઝુબુઉર" (પુસ્તક જ્ઞાન) "ઝબુર, મઝબુઉર" લખેલી વસ્તુ–પુસ્તક એનું બહુવચન "ઝુબુરૂન" છે. કેટલાંકનુ કહેવું છે કે ઝબુર, ખુદાઇ પુસ્તકોમાંની દરેક એ પુસ્તકને કહે છે, જેના વિષે માહિતી અઘરી હોય (જેને જાણવું મુશ્કેલ હોય) અને કેટલાંક કહે છે કે ઝબુર એ પુસ્તકનું નામ છે જે ફકત "હીકમે અકલીય" (જ્ઞાનની હિકમતો) ઉપર આધારિત હોય અને તેમા શરીયતોના હુકમો ન હોય અને ખુદાઇ પુસ્તક દરેક એ પુસ્તકને ગણવામાં આવે છે કે જે (આવા) હુકમો તથા હિકમતો બંને ઉપર આધારિત હોય, આની દલીલ એ છે કે હઝરત દાઉદ અલૈહીસ્સલમની ઝબુરમાં કોઇ શરીયતનો હુકમ નથી.

આના થકી એ જણાય છે કે ઝબુર એવું આસમાની પુસ્તક છે કે જેનો પરિચય અને માહિતી મુશ્કેલ છે કેમકે તેમાં (અકલી હિકમતો) જ્ઞાનની હિકમતો ઉપર જોર દેવામાં આવ્યું છે અને આ સંબંધની સૌથી મુળભુત બાબત એ છે કે ઝબુરમાં ખુદી અને ખુદાઇના મહાન ભેદ છુપાયેલા હતા અને અલ્લાહતઆલાએ પોતાની સંપુર્ણ કુદરત થકી હઝરત દાઉદ (અ.સ.)ને ઝબુર એ રીતે આપી કે રૂહાની અને નુરાની શકિતઓ હેઠળ આપ (અ.સ.)ના દિલ અને વિચારો (મગજ શકિત) થકી આપનીજ ઝબાન દ્વારા આ પુસ્તકને આસમાની પુસ્તક લેખવામાં આવ્યું અને આ કામમાં મારફતના ઘણા ભેદો છુપાયેલા છે. આ હકીકત વિષે કુરઆને હકીમમાં ફરમાન છે કે "બની ઇસરાઇલમાંથી જે

લોકો કાફર થઇ ગયા તેઓ ઉપર દાઊદ (અ.સ.) અને ઇસા ઇબ્ને મરીયમ (અ.સ.)ની ઝબાન વડે લાનત આપવામાં આવી છે, તે એ કારણે કે આ લોકોએ નાફરમાની કરી અને હદથી વધી જતા હતા ૫:૭૮" આ ફરમાને ખુદાવંદીથી કેટલીયે ગુપ્ત વાતો (હીકમતો) બહાર આવે છે. સર્વ પ્રથમ એ કે હઝરત દાઊદ અલૈહીસ્સલમ પોતાના વખતમાં ખુદાની બોલવાવાળી ઝબાન હતા, જેથી એજ ખુદાઇ ઝબાનને માટે કયારેય એ વ્યાજબી ન હોય કે તે ફક્ત નાફરમાન લોકો પર લાનત મોકલવા માટેજ નીયુક્ત થયા હોય ઉલ્ટું હોવું એમ જોઇએ કે બીજી તરફથી ફરમાન–બરદારો ઉપર રહેમત પણ તેના થકીજ હોય ચોક્કસપણે હાદીએ બરહક કે જે "ખુદાની ઝબાન"નો મહાન મરતબો ધરાવે છે તે એવાજ હોય છે જેથી એ જાહેર થયું કે ઝબુર હઝરત દાઉદની ઝબાન વડે કહેવડાવવામાં આવી છે.

(ક) ઇન્જીલ વિષે કેટલાંક શબ્દોના સંગ્રહમાં માનનારા લોકોનું કહેવું છે આ શબ્દને યુનાની ભાષાના "ઇવન્જીલુન્" શબ્દથી અરબી બનાવવામાં આવ્યો છે, જેનો અર્થ "ખુશીઓવાળી ખબર" અથવા સારા સમાચાર થાય છે. અમુક લોકો આને અરબી વિષય અનુસાર 'નજલ' એ રીતે લખે છે અને આ 'નજલ'ના આમ તો ઘણા અર્થ છે પરંતુ અમુક લોકોના જણાવ્યા મુજબ ખરૂં એજ છે કે "અલ ઇન્જીલું, એ નજલ્તુ અશય્યી"થી છે જેનો અર્થ છે "મે આ વસ્તુને જાહેર કરી દીધી" અને તેનો ભાવાર્થમાં વળી એજ વાત છે કે જે તૌરાત માટે છે અને તે એ છે કે 'આસમાની પુસ્તકના એક જાહેર અને બાતન (પાસા) હોય છે, જેમકે કુરઆને હકીમમાં ફરમાવેલું છે કે "અને ખુદાએ તમારા ઉપર પોતાની જાહેરી અને બાતુની ન્યામતો પુર્ણ કરી દીધી છે. ૩૧:૨૦ તો પછી ઇન્જીલ જ્યાં સુધી આસમાની પુસ્તકરૂપે કોઇ શબ્દોમાં– અક્ષરોમાં રૂપાંતર પામ્યા વગરની પોતાની અસલ સ્થિતિમાં હતું ત્યાર સુધી તેના જાહેર અને બાતુનમાં અલ્લાહતઆલાની ન્યામતો હોવા બાબત

કોઇ દીનદારને શું શંકા હોઇ શકે છે, કારણ કે રબ્બુલ આલમીનની મહાન ન્યામતો તો ઇલ્મ અને હિકમતનાજ સ્વરૂપમાં હોતી હોય છે. એ માટે ફરમાવવામાં આવ્યું છે કે "અને (અય મરીયમ) ખુદા આ (ઇસા (અ.સ.)ને પુસ્તકનું જ્ઞાન તથા હિકમત અને તૌરાત તથા ઇન્જીલ શીખવી દેશે" ૩:૪૮ અહીં એ સત્ય જાહેર છે કે પરવરદીગારે આલમના તરફથી આ સઘળી કેળવણી (જ્ઞાન) હઝરત ઇસા (અ.સ.)ને ફકત બાતુની અને રૂહાની રીતે મળેલી હતી કેમકે આપને (રૂહુલ કુદસ) ખુદાપાકની સહાય રૂહાનીયતના (વસીલા) થકી મળતી રહી હતી.

## ઇમામનો દીદાર :

સવાલ ૮૬ : ઇસમાઇલી મઝહબમાં ઇમામે ઝમાન (અ.સ.)ના જાહેરી દીદારની આટલી બધી મહત્વતા કેમ છે ? તેમાં શું ફઝીલત છે ?

જવાબ : (અ) જ્યારે પયગમ્બર બરહક (સ.અ.) ખુદાના ખલીફા છે અને ઇમામે ઝમાન રસુલ (સ.અ.)ના ખલીફા છે, તો પછી ઇમામના પવિત્ર દીદાર આં હઝરત (સ.અ.)નો દીદાર છે અને હુઝુરે અકરમ (સ.અ.)નો દીદાર ખુદાતઆલાનો દીદાર છે.

(બ) જે હઝરત (સાહેબો)ના હુકમ અને ફરમાનની તાબેદારી પવિત્ર અલ્લાહની તાબેદારી હોય તો તેમનો દીદાર પણ અલ્લાહતઆલાના દીદારના (પ્રતીનીધીના) બરાબર હોય છે. કુરઆનમાં હુકમ અને તાબેદારી (અમર વ ઇતાઅત)ના વિષયને તમો ધ્યાનથી વાંચો.

(ક) સૈય્યદના કાઝી નોમાને પુસ્તક "અલ હુમ્મા ફી આદાબે ઇતબાઇલ અઇમ્મા"ના પાના નંબર ૪૬ ઉપર આ મુબારક હદીસ ટાંકી છે કે "અલ નઝરૂ ઇલા વજ્હીલ ઇમામ ઇબાદતહુન, વલનઝરૂ ઇલલ મસહફી ઇબાદતહુન"

અર્થ : ઇમામના ચહેરા તરફ જોવું ઇબાદત છે અને કુરઆન તરફ જોવું ઇબાદત છે. જાહેર છે કે અકીદત (ભાવ) અને મહોબ્બતથી ઇમામ અને કુરઆન તરફ જોવામાં ઇબાદત છે.

(ડ) કુરઆને હકીમમા ફરમાન છે કે કયામતના દિવસે મોમીનોને અલ્લાહતઆલાનો દીદાર થશે, પરંતુ સવાલ એ છે કે આ પવિત્ર દીદાર કઇ રીતે થશે ? કેમકે તે પાક હસ્તી અવર્ણનીય તથા આંખોથી ન દેખાય તેવી છે, તો એનો જવાબ છે કે એ આલીશાન દીદાર પયગમ્બર (સ.અ.) તથા ઇમામ (અ.સ.)ના પવિત્ર (ચહેરા) સ્વરૂપમાં થશે એ માટે કે ઇન્સાને કામીલ (પરીપુર્ણ માનવી)નું સ્વરૂપ રહેમાન (ખુદા)નું સ્વરૂપ (ચહેરો) હોવાનું કહેવાયું છે.

(ઢ) આ દ્રષ્ટાંત પ્રખ્યાત છે કે આદમ (અ.સ.)ને .(જે પોતાના સમયના પરીપુર્ણ માનવી હતા.) રહેમાનના (ચહેરા) સ્વરૂપ ઉપરથી બનાવવામાં આવ્યા છે, જેનો અર્થ એ થયો કે હઝરત આદમ (અ.સ.) અને તેમના પહેલાના પરીપુર્ણ માનવીઓના સ્વરૂપને (ચહેરાને) ખુદાના ચહેરાનો દરજ્જો આપવામાં આવ્યો છે અને તેનો અર્થ એમ નથી કે કોઇ મનુષ્યની જેમ રહેમાનનું કોઇ ખાસ સ્વરૂપ (ચહેરો) હતો જેના પ્રમાણે આદમને બનાવવામા આવ્યા.

(ણ) કુરઆનમાં ફરમાન છે કે ખુદાતઆલાએ પોતાની રૂહ આદમમાં ફુંકી દીધી, આનો અર્થ એમ હરગીઝ નથી કે ખુદાની પોતાની કોઇ રૂહ છે, તે તો સર્વ વસ્તુઓથી ઉચ્ચ અને બેપરવા (બેનીયાઝ) છે. તો પછી તેનો અર્થ એમ છે કે આદમથી પહેલાં જે પયગમ્બર અને ઇમામ હતા તેમની રૂહ ખુદાના પ્રતિનીધીત્વના હિસાબે જાણે કે ખુદાની રૂહ હતી, એજ રૂહ આદમમાં ફુંકવામા આવી હતી.

(ઝ) હઝરત ઇસા (અ.સ.)ને રૂહુલ્લાહ કહેવામાં આવે છે, પણ એ

હકીકત જાણવી જોઇએ કે દરેક પયગમ્બર અને દરેક ઇમામ રૂહુલ્લાહ છે, એજ રીતે તે પ્રત્યેક પયગમ્બર અને પ્રત્યેક ઇમામ ખુદાનો ચહેરો પણ છે. અને તેઓનો દીદાર ખુદાનો દીદાર છે.

(હ) આ સઘળી વાતો થકી એ હકીકતની સાબિતી મળી રહે છે કે નુરે ઇલાહીના જાહેર સ્વરૂપના દીદારનું ઘણું મોટું મહત્વ છે અને તેમાં ઘણી મોટી ફઝીલત (બરકત) છે, જેથી ખુશજ (બરકતવંતા) મુબારક (શુભ) છે તે માનનીય લોકો જેમને ઇમામે ઝમાન (અ.સ.)ના જાહેરી દીદાર અને બાતુની દીદારનો શોખ અને લાગણી (જઝબો) મળ્યા છે.

## ખાનાએ કાબા :

સવાલ ૮૭ : ખાનાએ કાબા કયા અર્થમાં ખુદાનું ઘર કહેવાય છે ? જયારે કે તે એક શારીરિક (જાહેરી) મકાન છે અને અલ્લાહતઆલા તો મકાન તથા લા મકાનથી ઉચ્ચ તથા બેનીયાઝ છે ? અને કીબ્લા તરફ મોઢું રાખવાનો મરમ (ભેદ) શું છે ?

જવાબ (અ) ખાનાએ કાબા અલ્લાહ પાકનું ઘર એ રીતે છે કે રબ્બુલ ઇઝઝતે પોતેજ કુરઆને હકીમમાં ફરમાવેલું છે કે આ મારૂં ઘર છે, માટે આ મુબારક અને પવિત્ર સ્થળના ખુદાના ઘર હોવા વિષે કશી શંકા નથી.

(બ) ચોકકસપણે એ પાક જાત (હસ્તી) પોતે મકાન તથા લા મકાનથી ઉચ્ચ અને બેનીયાઝ છે પરંતુ "બૈતુલ્લાહ"ના આ દ્રષ્ટાંતમાં ખુદાની ઓળખાણની જે હિકમતો છુપાયેલી છે તે એટલી મહાન તથા એટલી બધી ઉચ્ચ કક્ષાની અને ઊંચી છે કે તેને જાણવાથી મોમીનને ખુદા મળી જાય છે. મુકિતના આ ભેદોને જાણવું એવું છે કે જાણે

સાચા અર્થના ખુદાના ઘરમાં દાખલ થઇ જવું માટે આ પાક જગ્યા આ અર્થમાં ખુદાનું ઘર છે.

(ક) ખાનાએ કાબાનો સૌથી મોટો ભેદ, અસલ ઇશારો તથા મુળ ખુબી એ છે કે તે ખુદાના હકીકી (સાચા) અને આબાદ (હર્યાભર્યા) ઘરની મિસાલ છે જે જીવંત તથા ઇલ્મો હિકમતનું મુળ (ઉદ્દભવસ્થાન) છે અને ઉન્નતી તથા માર્ગદર્શન (હિદાયત)નું કેન્દ્ર (સેન્ટર) છે. જેમાં વસી રહેલું ખુદાનું નુર ઝગમગી રહયું છે (પ્રકાશી રહયું છે) અને અહીંથીજ ખુદાની મારફત એટલે કે ઓળખાણ મળે છે અને તે સઘળી વસ્તુઓ મળે છે જે અલ્લાહના હકીકી ઘરથી મળનાર છે, ખુદાનું એવું ઘર નબુવ્વતના કાળમાં પયગમ્બરે અકરમ સલ્લીઅલ્લાહ અલૈહી વ આલૈહી વ સલ્લમ હતા અને આપ (સ.અ.) પછી દરેક (ઝમાના) વખતમાં તે વખતના ઇમામ અલૈહીસ્સલામને એ દરજ્જોમળેલ છે.

(ડ) હદીસે કુદસીમાં ફરમાવેલું છે કે અલ્લાહતઆલાને નતો આસમાન પોતાની અંદર સમાવી શકે છે અને નતો ધરતી પરંતુ ફકત મોમન બંદાનું દીલજ તેને સમાવી લ્યે છે. આ ફરમાન થકી બે હકીકતો પ્રકાશિત થઇને સામે આવે છે એક તો એ કે જયારે હકતઆલા આસમાન અને ઝમીનમાં નથી સમાતો તો તે અર્શ તથા ખાનાએ કાબામાં પણ નથી સમાતો અને બીજી એ કે અગર તે કોઇ મોમનના દિલમાં સમાય છે તો સૌથી પહેલાં તે મોમીનોના સરદાર અને પરીપુર્ણ માનવી એટલે કે ઇમામે બરહકના પાક અને પવિત્ર દીલમાં જરૂર અને ખાત્રીપુર્વક સમાઇ જાય છે. આ થકી એ મતલબ સાફ રીતે પ્રગટ થાય છે કે ખરા અર્થમાં પરીપુર્ણ માનવીજ ખુદાનું તે ઘર છે જેમાં ખુદાતઆલાનું સર્વસ્વ મૌજુદ છે.

(ઇ) ખાનાએ કાબા જયારે આવા અર્થમાં ઇમામની તાવીલી (ભેદવાળી) મિસાલ છે અને ઇમામે ઝમાન તેનું સ્વરૂપ છે તો તેનો અર્થ એ છે કે જે રીતે શરીયત મુજબ ખુદાનું ઘર જાહેરી કીબ્લો છે

તેજ રીતે તેનું હકીકી ઘર બાતુની કીબ્લો છે માટે શરીયતના હુકમ મુજબ ખાનાએ કાબા તરફ મોઢું રાખવાની તાવીલ (ભેદ) એ છે કે હકીકતની રૂએ બાતુની કીબ્લા તરફ ધ્યાન આપવું જોઇએ અને તે બાતુની કીબ્લો ઇમામે ઝમાન સલ્વાતુલ્લા અલૈહી છે.

## યુસુફનો કુર્તો :

સવાલ ૮૭: આપ અમોને હઝરત યુસુફ અલૈહીસ્સલમના ખમીસ વિષે કંઇક સુંદર વાતો સમજાવો કે તે શું વસ્તુ હતી? શું તે ખરેખર કોઇ જાહેરી સામાન્ય કુરતો હતો કે પછી બહેસ્તનો કોઇ પહેરવેશ હતો.

જવાબ : એ જાણી લેવું જોઇએ કે હઝરત યાકુબ અલૈહીસ્સલમ પોતાના સમયમાં (ઇમામે મુસ્તવદા) હતા અને જેમને કુરઆનના દ્રષ્ટાંતથી જણાય છે કે હઝરત યુયુફ અલૈહીસ્સલમે બાળપણમાં એક સ્વપ્ન જોયું હતું કે અગીયાર (૧૧) સીતારાઓ, સુરજ અને ચંદ્ર આપને સીજદો કરી રહયા હતા, જેનો અર્થ (તાવીલ) છે કે બહુજ જલદી અને સમયથી વહેલાસર એટલે કે માનવંત પિતાની હૈયાતીમાંજ ઇમામતનો મરતબો તેમને મળનાર હતો. આપને અગીયાર સીતારાઓ સીજદો કરવાનું કારણ—તેનો અર્થ એ હતો કે કુલ બાર (૧૨) હુજ્જતોમાંથી એક હુજ્જત આપ પોતે હતા માટે એ અગીયારે આપની તાબેદારી કરી એટલે કે આપ તેઓ સઘળા હુજ્જતોથી આગળ વધી ગયા, પછી ચંદ્રએ સીજદો કર્યો એટલે બાબ (દરવાજો) (હુજ્જતે આઝમ)એ તાબેદારી કરી અને છેવટમાં સુરજે સીજદો કર્યો એટલે કે પાછલા ઇમામે નુરે ઇમામત પોતાના ફરઝંદને આપી અને તેના (અખત્યાર) હુકમ (સતા)ને માન્ય રાખ્યો. આ થઇ એ તાવીલ કે જે હઝરત યુસુફને અગીયાર સીતારાઓ, ચંદ્ર તથા સુરજના સીજદા કરવા વિષે છે.

સારી રીતે યાદ રાખો કે યુસુફ અલૈહીસ્સલમના ખમીસનો મતલબ (હેતુ) પવિત્ર શરીર છે. અમોએ અમારા લખાણોમાં ઘણી જગ્યાએ

પવિત્ર શરીરનો ઉલ્લેખ કર્યો છે, પવિત્ર શરીર (જીસ્મે લતીફ) હકીકતમાં ઇમામે ઝમાનનુંજ છે, જે સઘળા જાહેરી અને બાતુની ચમત્કારો (મોજીઝાઓ)નું કેન્દ્ર છે તે અત્યંત નાના નાના (સુક્ષ્મ) અસંખ્ય નુરાની અણુઓ ઉપર આધારિત છે, તેના અણું અણું જીવંત તથા બોલતી રૂહ છે. આ ચમત્કારિક ખમીસ (પહેરણ) ઇચ્છે તો પરીપુર્ણ ઇન્સાનના સ્વરૂપમાં એકત્ર થઇ જાય છે પરંતુ ઘણેભાગે અણુઓ સ્વરૂપે તે વિખરાયેલ રહે છે. પવિત્ર શરીરના ઘણા નામો છે અને તેનું એક નામ છે "જુસ્સાએ ઇબ્દાઇયા" જુસ્સા શરીરને કહે છે અને ઇબ્દાઇયા તેના પેદા કરવાને કહે છે જેમાં (તખ્લીક) રચના કરવાની માફક કોઇ સમય નથી લાગતો કેમકે તે "કુન ફી કુન"નું સ્થાન છે. ઇબ્દા ફકત હુકમ થકીજ જાહેરમાં આવી જાય છે જેથી પવિત્ર શરીર એ જુસ્સાએ ઇબ્દાઇયા છે એટલે કે દરેક પ્રકારની ચમત્કાર માટેની ખુબીઓથી ભરપુર.

કુરઆની હિકમતની ભાષાથી પ્રગટ થાય છે કે હઝરત યાકુબ (અ.સ.) ઝમાનાના ઇમામના નુરાની દીદાર માટે એક અરસાથી રડયા કરતા હતા અને તેથી તેમની આંખો સફેદ સફેદ થઇ ગઇ હતી, આની તાવીલ એ છે કે તેમની બાતુની આંખો સામે દીદાર વગર સફેદ પ્રકાશ હતો, અને તેમના ચહેરા ઉપર જયારે યુસુફ (અ.સ.)નું પહેરણ નાખવામાં આવ્યું તો તેઓ દેખતા થઇ ગયા એટલે કે જયારે ઇમામે ઝમાનનો નુરાની ચહેરો (દેખાવ) પવિત્ર શરીર તેમની સામે આવ્યું તો તેમણે તેનો દીદાર મેળવી લીધો.

અગર આપણે આ (તાવીલ ભર્યા) અર્થ સુચક હીકમત સિવાય આ દ્રષ્ટાંત અને રીવાયતના જાહેરી પાસા ઉપર નજર રાખીએ તો આનો અર્થ એ થશે કે (નઉઝબિલ્લાહ) અંબીયાઓ (પયગમ્બરો) તથા ઇમામો એલૈહિમસ્સલામ પણ સામાન્ય માનવીની માફક પોતાની ઔલાદની શારીરિક જુદાઇ (વિયોગ) માટે રડી રડીને દ્રષ્ટિ (આંખો)

ખોઇ બેસે છે અને અગર એ બાબત યોગ્ય હોય તો તેઓ માનવંત સાહેબો જગતના માનવીઓનું માર્ગદર્શન કેવી રીતે કરી શકે છે. આ રીતે સાફ જણાઇ આવે છે કે અસલ બાબત તાવીલમાં છુપાયેલી છે અને તે એ રીતે છે જેમકે ઉપર વર્ણવામાં આવી છે.

## દુઆની શીસ્ત (આદાબે દુઆ) :

સવાલ ૮૯: શું તમો દુઆની શીસ્ત વિષે જુદીજુદી સ્થિતિઓના બારામાં કંઇ સમજણ પાડશો ?

જવાબ: દુઆ દરમ્યાન આપણે જે રીતે બંને હથેળીઓને ખોલીને હાથ ઊંચા કરીએ છીએ તે આપણી તરફથી ખુદાની હુઝુરમાં પોતાની મોહતાજી જાહેર કરવાની નીશાની છે.

દુઆના દરેક ભાગના અંતમાં સીજદો કરવો એ વાતની નીશાની છે કે મોમન બંદો ખુબજ નમ્ર છે, વળી આનો અર્થ છે કે આ ખાકસાર બંદો માટીમાંથી બનાવવામાં આવ્યો છે અને શારીરિક રીતે માટીમાં જનાર છે અને તેની તાવીલ એ પણ છે કે હઝરત પયગમ્બરના વખતમાં પયગમ્બર (સ.અ.)ની તાબેદારી જરૂરી છે અને ઇમામના વખતમાં ઇમામે ઝમાનની તાબેદારી જરૂરી છે કારણ કે સીજદાની તાવીલ છે, પયગમ્બર તથા ઇમામની તાબેદારી (પુસ્તક "વજહેદીન"ની તાવીલોને તપાસો.)

જ્યારે પવિત્ર દુઆ પોતાના સઘળા ભાગ સહીત પુર્ણ થઇ જાય છે ત્યારે છેલ્લા સીજદાથી પહેલે "શાહ દીદાર" કહેતાં હાથ મિલાવીએ છીએ, જેનો અર્થ છે ઇમામે ઝમાનનો દીદાર, કે જે ખુદાના દીદારનું જાહેરી સ્વરૂપ છે અને આ શાહ દીદાર જમણી અને ડાબી તરફના સાથીઓની સાથે એ માટે કરવામાં આવે છે કે દીની બાદશાહના પવિત્ર દીદારની કલ્પના નબુવ્વતના વખતમાં પણ હતી અને ઇમામતના

ઝમાનામાં પણ. જેથી જમણી બાજુનો ઇશારો છે પયગમ્બર અને ડાબી બાજુનો અર્થ છે ઇમામ. વળી આ બંને તરફના "શાહ દીદાર"માં હીકમતની ભાષામાં એમ ફરમાવવામાં આવ્યું છે કે તમે દીનના શહેનશાહના બાતુની તથા જાહેરી દીદાર બન્નેને માનો અને બંનેને મેળવો, જેમાં જમણી તરફની તાવીલ છે બાતુન કે જે પયગમ્બરનો મરતબો છે અને ડાબી તરફની તાવીલ છે જાહેર કે જે ઇમામનો દરજ્જો છે.

આ પછી મોમીનો શહાદતનો કલમો પડતા પડતા જમણા હાથથી એ ઇશારો કરે છે કે રૂહ અને મન (રૂહાની અને જીસમાની જગત) બંને સાક્ષી રહે કે તે અલ્લાહતઆલાની ખુદાઇ હઝરત મહમદ (સ.અ.)ની નબુવ્વત તથા રીસાલત અને હઝરત મૌલાના અલી (અ.સ.)ની વિલાયત (મૈત્રી–નઝદિકી) તથા ઇમામતના સત્ય હોવા વિષે સાક્ષી આપી રહયો છે, કેમકે આ ક્રિયામાં જમીનને અડવું આકાશ (આફાક)ને સાક્ષી બનાવવા સમાન છે અને ચહેરા ઉપર હાથ ફેરવવું મન (નફ્સ)ના જગતને સાક્ષી બનાવવા જેવું છે. જેમકે કુરઆને હકીમ (૧૮:૫૧)માં આનો ઇશારો મળે છે.

વળી આની તાવીલ પણ એ છે કે મોમન બંદાએ દુનિયામાં આવીને ખુદા, રસુલ (સ.અ.) તથા ઇમામે બરહક (અ.સ.)ને કબુલ કર્યા છે અને પછી આ કબુલાત મુજબ અમલ કરીને દીન અને દુનિયાની બરકતો તથા ફાયદાઓ ઇચ્છનાર બન્યો, કેમકે જમીનને અડવાનો ઇશારો દુનિયામા આવવા તરફનો છે અને મોઢા પર હાથ ફેરવવાનો અર્થ છે બરકતો તથા ફાયદાઓની ઇચ્છા કરવી.

છેવટમાં જમણી અને ડાબી બાજુમાં "હૈ ઝીંદા" "કાયમ પાયા" કહેવામાં આવે છે જેની મહાન હિકમત એ છે કે કુરઆન (૨:૨૫૫)માં અલ્લાહતઆલાના બે સૌથી મહાન (મોટા) નામોની ઓળખાણ–વખાણ તથા સમજણ આપેલી છે જે "અલ હૈયુલ કૈય્યુમ" છે, જેના વિષે અહીં

હિકમતની ભાષામાં એમ કહેવામાં આવ્યું છે કે ખુદાવંદતઆલાનું એ મહાન નામ કે જે "અલહૈય્ય" કહેવાય છે, દુનિયામાં હૈયાત તથા હાજર અને મૌજુદ છે અને "અલ કૈય્યુમ" જે ખુદાનું બીજું મહાન નામ છે તે પણ હંમેશા દુનિયામાં મૌજુદ છે અને હિકમતના આ બંને ઇશારાઓ ઇમામે ઝમાન સલ્વાતુલા અલૈહીની તરફ છે.

## હુંઝાઇ ગીનાન :

સવાલ ૯૦ : અહીં તો પીરોના ગીનાન બોલવામાં આવે છે પરંતુ હું એ જાણવા ઇચ્છું છું કે હુંઝામાં કઇ ભાષાના ગીનાન બોલવામાં આવે છે ? શું ત્યાં હુંઝાઇ ભાષામાં ગીનાન બોલાય છે ?

જવાબ : હુંઝામાં પહેલાં સઘળા ગીનાન મુનકબ્બત, કસીદા વગેરે નામથી ફારસી ભાષામાં બોલવામાં આવતા હતા પરંતુ આજકાલ આ ગીનાનો ઘણેભાગે હુંઝાઇ ભાષામાં બોલાય છે અને આ પ્રણાલીકા હુંઝા સિવાય ગીલગીટના એ સ્થળોમાં પણ ચાલી રહી છે કે જયા હુંઝાથી આવીને ઇસમાઇલી આબાદ થયા છે.

જો કે જુની, હીન્દુસ્તાનમાં થયેલી (મઝહબી) દાવતના હિસાબે એ જમાતો માટે આ એક શાનદાર તથા સફળ રીવાયત (રીત) રહી છે કે ફક્ત પીરોનાજ રચેલાં કલામને ગીનાન તરીકે બોલવામાં આવે, પરંતુ જે દેશોમાં પીર નાસર ખુશરૂની દાવત ફુલીફાલી હતી ત્યાં આવી કોઇ ખાસીયત નથી પરંતુ ઇમામ તથા મઝહબની શાનમાં જે પણ ઉમદા તથા સમજી શકાય તેવી કવીતા હોય તે જમાતખાનામાં 'મુનકીબત' (પ્રશંસા) તરીકે અથવા ગીનાન તરીકે બોલાય છે.

મારો એ વાત પર પુરેપુરો વિશ્વાસ છે કે ઉપર મુજબની બંને પ્રકારની રીવાયતો ઇમામે બરહક (અ:સ.)ની નજરે પસંદ પામેલી છે

અને કબુલ છે અને તેમાં ઘણી હિકમતો છુપાયેલી છે જેના ખુલાસા આ સો સવાલની હદથી બહાર છે.

## ઇમામતની કલ્પના :

સવાલ ૯૧ : શું આપ ઇસમાઇલી દ્રષ્ટિકોણથી ઇમામતની કલ્પના તથા ઇમામના ચરિત્ર વિષે કંઇ સમજણ પાડશો ? આ સિવાય એ પણ સમજાવો કે સામાન્ય રીતે ઇસમાઇલી હોવાનો અર્થ શું છે ?

જવાબ : (અ) અહીં ત્રણ સવાલ કરવામાં આવ્યા છે, પણ તેની અસલીયત એકજ છે, માટે જાણી લ્યો કે ઇસ્લામ દીનમાં ઇમામત એ ખુદાઇ ખીલાફતનું બીજું નામ છે, માટે ઇમામતની કલ્પના એ ખીલાફતની કલ્પના છે, જેના વિષે કુરઆનમાં સ્પષ્ટ રીતે ફરમાવવામાં આવ્યું છે, જે મુજબ પોતે હઝરત આદમ અલૈહીસ્સલમની ખીલાફતજ ઇમામત હતી, કેમકે આ બંને શબ્દોના સાંકેતિક અર્થ એક છે અને તેનો હેતુ પણ એકજ છે, તે એ પ્રમાણે કે હકીકતમાં જે વ્યક્તિ ખુદાનો નાયબ અથવા વારસદાર (ખલીફા) હોય છે, ફક્ત તેજ વ્યક્તિ લોકોની સરદાર અને પેશવા (ઇમામ) થઇ શકે છે.

(બ) હઝરત આદમ અલૈહીસ્સલમ પોતાના સમયમાં ખલીફા હતા અને લોકોના ઇમામ અને આ બંને સંજ્ઞાઓનો અર્થ એકજ છે. આજ રીતે હઝરત ઇબ્રાહીમ અલૈહીસ્સલમ પોતાના વખતમાં લોકોના ઇમામ હતા અને ખુદાના ખલીફા. શું તમો કુરઆન પાકમાં નથી જોતાં કે આદમ (અ.સ.)ને ખલીફા તથા ઇબ્રાહિમ (અ.સ.)ને ઇમામ કહેવામાં આવ્યા છે જેનો ઇશારો એ છે કે જે રીતે ઇબ્રાહિમ (અ.સ.)માં ખુદાનું પ્રતિનીધીત્વ (ખીલાફત) અને લોકોની પેશવાઇ (ઇમામત) એક છે એજ રીતે માની લેવું જોઇએ કે આદમ (અ.સ.)માં પણ આ બન્ને નામ એટલે કે ખીલાફત અને ઇમામત એક છે.

(ક) અગર હઝરત આદમ (અ.સ.) અને હઝરત નુહ (અ.સ.) પોતપોતાના વખતમાં, ખુદાની નઝદિક રહેતા લોકોના સરદાર એટલે કે ઇમામ ન હોત તો અલ્લાહતઆલાએ (જેમકે કુરઆને હકીમ ૩:૩૩માં છે) તેમને મુસ્તફા એટલે કે પસંદગી પામેલા ન બનાવત. આપને જાણવું જોઇએ કે ખુદાવંદતઆલા લોકોમાંથી જેને પસંદ કરે છે તેજ લોકોનો સરદાર એટલે કે ઇમામ થાય છે કેમકે ઇમામનો અર્થ સરદાર છે અને સરદાર તેજ થાય છે કે જે હકીકતમા પસંદ થયેલો હોવો જોઇએ.

(ઢ) શું તમે વિચારતા નથી કે જ્યારે આપણે સામાન્ય રીતે ઇમામ (અ.સ.)ને આં હઝરત (સ.અ.)ના વારસદાર માનીએ છીએ અને ઇમામતને પયગમ્બરી પછીની બાબત ગણીએ છીએ તો આ પ્રકારે પણ તેનો તાર્કિક સાર એજ બને છે કે ઇમામ (અ.સ.) રસુલના ખલીફા છે અને રસુલ (સ.અ.) ખુદાના ખલીફા છે તો પછી ઇમામ પયગમ્બર થકી ખુદાના ખલીફા થયા અને ઇમામત એ ખુદાની ખીલાફત થઇ, જેથી એ હકીકત સ્પષ્ટ છે કે ઇમામતની કલ્પના અસલમાં ખુદાઇ ખીલાફત છે.

(ઇ) ફરીશ્તાઓએ જે ફીસાદ અને ખુનરેજીની આગમવાણી કરતાં હ. આદમ (અ.સ.)ની ખીલાફત માટે વિરોધ કર્યો હતો, તેમાં એ લડાઇઓ તરફ ઇશારો હતો કે જે હક અને બાતીલ એટલે કે ખુદાના ખલીફા અને તેના વિરોધીઓ વચ્ચે ઉદ્દભવીને કયામત સુધી ચાલનાર હતી. આથી સ્પષ્ટ છે કે આ વિરોધ પાછળ હિકમતની નજરે જોતાં એમ કહેવામાં આવ્યું છે કે આદમ (અ.સ.)નો એ ખીલાફત તથા ઇમામતનો મરતબો દુનિયામાં કયામત સુધી ચાલતો રહેવાનો છે, (બાકી રહેવાનો છે.) અને ખીલાફત તથા ઇમામત વિષેના કાયદામાં ઝઘડા અને ખુનરેજીનું પ્રથમ દ્રષ્ટાંત પોતે હઝરત આદમ (અ.સ.)ના

સમયમાં સામે આવ્યું. તમો કુરઆનમાં (૫:૩૬ અને ૩૭) હાબીલ તથા કાબિલનો કીસ્સો વાંચો, ઇમામ હાબીલ અલૈહિસ્સલમ હક પર હતા અને કાબિલ બાતીલ પર. પરંતુ કાબિલે હ. હાબીલને શહીદ કરી દીધા તે છતાં હકનો વિજય અને બાતીલનો પરાજય થયો, તે એ રીતે કે હક એટલે નુર કે જે ઇમામ હાબીલ (અ.સ.)માં પ્રકાશિત હતું, તે ખુદાના હુકમથી હ. શીશ અલૈહિસ્સલમમાં બદલી થયું હતું અને સદા માટે જીવંત અને બાકી રહયું જયારે કાબિલ કે જે અંધકાર, નિસ્તેજપણું અને બાતિલ (તર્કટ)ની પ્રતિમા (મુર્તિ) હતો તે હાબીલ (અ.સ.)ના પવિત્ર નુર પર કબ્જો ન મેળવી શકયો અને ન તો તેને ઓલવી (બુઝાવી) શકયો બલ્કે સ્વર્ગ (જન્નત)માંથી શાપિત થયેલો (હાંકી કઢાયેલો) અને લાનતનો હકદાર ઠર્યો.

(ઊ) હવે આપણે માનવંત—ઉચ્ચતમ હસ્તિ—પવિત્ર ઇમામના કાર્ય વિષે કંઇક ટુંકમાં વર્ણન કરીએ, સમય અને દુનિયાની બદલાતી સ્થિતિ પ્રમાણે ઇમામના જુદા જુદા મરતબાઓ હોય છે, જેમ કે ઇમામે મુકીમ, ઇમામે અસાસ, ઇમામે મુતીમ, ઇમામે મુસ્તકર અને ઇમામે મુસ્તવદા, તે મુજબ તેઓમાંથી દરેક દરજ્જાના ઇમામ (અ.સ.)નુ કામ જાહેરી રીતે અલગ અલગ હોતું હોય છે જેના ઊંડાણમાં જવા માટે અહીં શકયતા નથી. ટુંકમાં એટલું કે અગર નબુવ્વતનો યુગ છે તો ઇમામ (અ.સ.) અમુક વેળાએ પોતાની ઇમામત દરમ્યાન પયગમ્બરીનો દરજ્જો પણ રાખે છે પણ ઇમામતના યુગમાં એટલે કે છેલ્લાં નબી હઝરત મહમદ (સ.અ.) પછી આવું નથી થતું બલ્કે તે ફક્ત રસુલના ખલીફા તરીકે હોય છે અને દરેક સ્થિતિમાં એટલે સીધી રીતે હોય અથવા રસુલ (સ.અ.)ના મારફત હોય જેમકે ઊપર ઉલ્લેખ કરવામાં આવ્યો, ઇમામ (અ.સ.) ખુદાના ખલીફાનો મહાન દરજ્જો ધરાવે છે, જેનો અર્થ છે કે ઇમામે બરહક (અ.સ.) દીનના કામમાં જાહેરી તથા બાતુની હિદાયતમાં સાહેબે અમર (હુકમના માલિક) તરીકે સ્વતંત્ર અને વાલી હોય છે.

(ય) હવે સવાલનો છેલ્લો ભાગ આવે છે કે સામાન્ય રીતે ઇસમાઇલી હોવાનો શું અર્થ હોય છે? જેનો ટુંકાણમાં એ જવાબ છે કે ઇસ્માઇલી અક એવા મુસલમાન અને મોમનનું નામ છે કે જે ખુદા, રસુલ અને ઉલીલ અમ્ર એટલે કે પવિત્ર ઇમામના હુકમ, ફરમાન પ્રમાણે કુરઆન તથા ઇસ્લામ ઉપર અમલ કરે છે (૪:૫૯) તે વિશ્વાસ રાખે છે કે રસુલ (સ.અ.)ના ખલીફા એટલે કે ઇમામે ઝમાન (અ.સ.) કે જેઓ નુરે હિદાયત છે, તે આ જગતમાં હંમેશા હાજર અને મૌજુદ છે અને તેમની મુબારક હસ્તી વગર દીનનું કામ નથી ચાલી શકતું (૫૭:૨૮) તેનું મજબુત ઇમાન છે કે વખતના ઇમામ ન ફકત કુરઆનના નુર છે (૫:૧૫) અને (હિદાયત દેનાર) શિક્ષકની હેસીયતથી છે. (૨:૧૫૦–૧૫૧) બલ્કે તે પોતે બોલતું કુરઆન પણ છે, (૪૫:૨૯)

## થોડાંક ઇશારાઓ :

**સવાલ ૯૨ :** આ કામોની તાવિલ (સમજણ) શું છે? (અ) શાહ દીદાર કરવું (બ) હાથને જમીન પર ઘસીને પછી મોઢા પર ફેરવવું (ક) જમણી–ડાબી બાજુએ 'હૈઝીંદા,' 'કાયમ પાયા' કહેવું? (ડ) અગર બ-તી બાળવી અને (ય) મીણ બ-તી બાળી રાખવી?

**જવાબ :** તમારા સવાલના ભાગ અ. બ અને ક ની સમજણ સવાલ ૮૯માં વર્ણવેલી છે. હવે અહીં ફકત 'અગરબ-તી' અને મીણ બ-તી વિષે કંઇક સમજુતી આપવામાં આવે અગર બ-તી બાળવાનો હેતુ જાહેરીમાં એ છે કે તેની સુવાસથી જમાત અને રૂહાની મહેફીલનું વાતાવરણ ખુશનુમા થાય છે અને ખુદાના ઘરનું વાતાવરણ ગંદી હવાથી પાક અને સાફ તથા ગમી જાય તેવું (પસંદ આવે તેવું) થઇ જાય છે, અને આની બાતુની હિકમત એ છે કે મોમન બંદો પોતાની સંપતી, શરીર અને મગજ (મન–વિચારો)ને કુરબાન કરીને બીજાઓને માટે આરામ અને ખુશી મેળવી આપે, જેવી રીતે કે અગર

બ-તી પોતાની હસ્તિની કુરબાની આપીને મજલીસમાં બેઠેલાઓના દિલ તથા દીમાગ (મન)ને ભીનું અને તાજું કરી દે છે.

સુવાસ (ખુશ્બુ) એક એવી ઉમદા, ફાયદામંદ અને મીઠી વસ્તુ છે, (પવિત્ર વસ્તુ છે) કે જેને સઘળા પસંદ કરે છે અને એ વિષે સૌથી મોટી વાત એ છે કે આં હઝરત સલ્લી અલ્લાહ અલેહી વ આલેહી વસલ્લમને પોતાને સુવાસ બહુજ પસંદ હતી, કેમકે આમાં શારીરિક રાહત તથા લીજ્જત સિવાય હિકમતના મહાન ઇશારાઓ પણ રહેલા છે. (ખુશ્બુ) સુવાસ એક પદાર્થ તરીકે (જોવામાં) કંઇ વધારે તો નથી હોતી પણ તે ઘણા લોકોને ખુશ કરી શકે છે એજ રીતે મોમનનું થોડું બોલવું અને અમલ કે જે નેક હોય, સઘળાને ખુશ કરી દીયે છે અને નેક વાણી તથા કાર્યોની સુવાસ પુરી દુનિયામાં ફેલાઇને કાયમ રહે છે અને ક્યારેય ખતમ નથી થતી.

મહાન કામ, પ્રગતી તથા ખિદમત કોઇ પણ જમાત તરફથી હોય કે વ્યકિત તરફથી, બગીચાની સુવાસની માફક છે, અને તેની કિર્તી ફેલાવનારા લોકો એ હવાની માફક છે કે જે બાગ–બગીચાની સુવાસને લઇને આજુબાજુમાં ફેલાઇ જાય છે અને નજિકમાં તથા આજુબાજુમાં રહેનારા લોકોના મગજને તાજાં બનાવી દે છે. એક મામુલી અગરબ-તીની નાનકડી કુરબાની કેટલાં માનવીઓ માટે પુરતી હોય છે. તે તો બળી બળીને ફના થઇ જાય છે પરંતુ તેની સુવાસની લાગણી તથા અસર કેટલાંય મગજમાં બાકી રહી જાય છે. આમાંથી પાઠ મળે છે કે કોઇ વસ્તુના ફના થઇ જવામાં એ મતલબ હરગીઝ નથી કે તે બિલ્કુલ નાશ પામી કે નાબુદ થઇ જાય છે બલ્કે ફનાનો અર્થ છે કે તેમાંની વસ્તુ એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં બદલાઇ જાય છે.

આવાજ ઇશારા મીણબ-તીના બળીને પ્રકાશિત થવામાં પણ છે, અને તેમાંથી એક તો એ કે જેવી રીતે અમુકજ વસ્તુના

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

બળવાથી સુવાસ મળે છે અથવા પ્રકાશ પેદા થાય છે અને દરેક વસ્તુ-ઓમાં આ ગુણ નથી હોતો, એવીજ રીતે હકીકી મોમનમાંજ છે કે જેમની કુરબાનીઓ મઝહબી અને રૂહાની રીતે સ્વીકાર્ય અને ફાયદામંદ સાબિત થઇ શકે છે, અને ફકત એજ વ્યક્તિઓમાં કે જેઓ પોતાની જાતને નુરાનીયતમાં ફના કરી શકે છે, જેમ મીણબ-તી પોતાને ફના કરીને પ્રકાશ બની જાય છે,

## સાત આસમાન અને સાત જમીન :

સવાલ : ૯૩: સાત આસમાન અને સાત જમીનનો શું અર્થ થાય છે ?

જવાબ : તમારો આ સવાલ કુરઆને પાકની આયત ૬૫:૧૨ હેઠળનો છે, માટે જાણી લ્યો કે રૂહાની અને જાહેરી જ્ઞાનની નવી શોધ મુજબ સુરજ આ કાયનાતના મહાન વર્તુળની બિલ્કુલ વચમાં આવેલો છે અને તેની આજુબાજુ અગર ચઉદ કાલ્પનિક વર્તુળો રહેલા છે કે જે ડુંગળીના પડ કે પરદાની જેમ બહારની તરફ મોટેથી મોટા અને અંદરની તરફ નાનેથી નાના છે જેમાંથી બહારના સાત વર્તુળો આસમાન અને અંદરના સાત વર્તુળો જમીન કહેવાય છે અને તેમની કાયનાતી આસમાન અને કાયનાતી જમીન કહેવા જોઇએ. અન્ય આસમાન તથા જમીન ગ્રહ–તારાઓ છે, તે એ રીતે કે આ કાયનાતની અંદર જેટલાં ગ્રહો તથા સીતારાઓ છે તે ભૌતિક શરીર, રૂહ તથા જીવન (ઝીંદગી)ની ઊંચાઇ તથા વિકાસ મુજબ કુલ ચઉદ (૧૪) દરજ્જાઓમાં વહેંચાયેલા છે તેમાંથી ઉપરના સાત આસમાનના દરજ્જા અને નીચેના સાત જમીનના દરજ્જા સમાન છે.

આ સિવાય સાત નાતિક રૂહાનીયતના સાત આસમાન છે અને તેઓના સાત અસાસ સાત જમીન છે, આ મતલબ માટે તાવીલના પુસ્તકો જુઓ. બીજી રીતે જોતાં સાત ઇમામ અને તેમના સાત હુજ્જત

રૂહાનીયતના આસમાન અને જમીન છે. વળી વ્યક્તિગત રૂહાનીયતના ચઉદ તબકકા (પગથીયા છે) જેમાંના શરૂઆતના સાત તબકકાઓ જમીન જેવા છે અને પછીના સાત તબકકાઓ આસમાન જેવા છે.

## અલીનું ઇમાન લાવવું :

સવાલ ૯૪ : અમુક પુસ્તકોમાં હઝરત અલી (અ.સ.)ના ઇમાન લાવવા વિષે વર્ણન કરવામાં આવ્યું છે, એનો શું અર્થ થાય છે? શું (નઉઝબિલ્લાહ) હ. અલી (અ.સ.) શરૂ શરૂમાં બિન મુસ્લીમ હતા? જો એવી કંઇ વાત છે તો શું કોઇ પયગમ્બર કે કોઇ ઇમામ બિન મુસ્લીમ પણ હોઇ શકે છે?

જવાબ : તમારો સવાલ ઘણો મહત્વનો અને ફાયદામંદ છે, કેમકે આના જવાબમાં ઇમાન, નબુવ્વતનો મરતબો અને ઇમામતના દરજ્જાની વાતો આવી છે. ઇમાન લાવવાની જુદી જુદી રીતો (પ્રકાર) હોય છે, જેમકે કોઇ કાફરનું ડર (બિક)ના કારણે ઇમાન લાવવું અથવા દુન્યવી ફાયદાની લાલચ થકી ઇમાન લાવવું અથવા સત્ય વસ્તુ સમજીને ઇમાન લાવવું. અને એક એવા મોમનનું ઇમાન લાવવું કે જે પહેલેથીજ મોમન હતો. અહીં એમ કહેવું જોઇએ કે ઇમાન લાવનારની સ્થિતિ અને દરજ્જાઓ એક જેવા નથી હોતા, કારણ કે ઇમાન લાવવાના ઘણા અર્થ છે જેમકે ભરોસો કરવો. કબુલ કરવું, ટેકો આપવો વગેરે.

કુરઆને હકીમમાં ફરમાન છે કે "જયારે ખુદાએ પયગમ્બરોથી કબુલાત લીધી કે અમો તમોને જે કંઇ કિતાબ અને હિકમત આપીએ તે પછી તમારી પાસે કોઇ રસુલ આવે અને જે કિતાબ તમારી પાસે છે તેને ટેકો આપે તો તમે જરૂર તેના ઉપર ઇમાન લાવજો અને જરૂર તેની મદદ કરજો" (અને) ખુદાએ ફરમાવ્યું "શું તમોએ કબુલાત કરી

લીધી ? અને એ વાતો ઉપર જે પર અમોએ તમારાથી કબુલાત લીધી, તમોએ મારો (હુકમનો) બોજ ઉપાડી લીધો ?" સઘળાએ અરજ કરી "અમોએ કબુલ કર્યું"" ૩:૮૧.

મજકુર કુરઆની શિક્ષણ થકી એ અર્થ સ્પષ્ટપણે જાહેર થાય છે કે ખુદાના હુકમથી દરેક અંબીયા એક બીજા ઉપર ઇમાન લાવે છે, પણ એનો અર્થ એવો હરગીઝ નથી કે તેઓ પોતાના સમયમાં અથવા પોતા તરફથી દીનદાર નથી હોતા અને પોતાની મેળે દીન અને ઇમાન મેળવી નથી શકતા, બલ્કે આનો એવો અર્થ છે કે દરેક પયગમ્બર આવનારા નબીને બરહક માને છે અને પાછલા (થઇ ગયેલા) પયમ્બરને ટેકો આપે છે જેથી અંબીયાની દાવતને મજબુતી મળે અને લોકોનું માર્ગદર્શન યોગ્ય રીતે થાય કારણ કે આવા સમયમાં ઘણે ભાગે લોકો ગુમરાહ થઇ જાય છે જે સમયે એક પયગમ્બર પછી બીજો પયગમ્બર આવે છે.

સુરા સફ (૬૧)ની આયત ૬ માં ઉપર જણાવેલ હુકમે ખુદાવન્દીના અમલનો એક ઉમદા નમુનો મોજુદ છે કે હઝરત ઇસા (અ.સ.)એ બની ઇસરાઇલને સંબોધતાં ફરમાવ્યું કે "અય બની ઇસરાઇલ હું તમારી પાસે અલ્લાહ તરફથી મોકલેલો આવ્યો છું અને મારાથી પહેલા જે તૌરેત (આવી ચુકી) છે હું તેને ટેકો આપનારો છું અને મારા પછી જે એક રસુલ આવનાર છે જેનું (મુબારક) નામ અહમદ હશે, હું તેની ખુશખબરી આપનારો છું." (૬૧:૬)

એક હકીકી મોમન અંબીયાના વર્ણનના પ્રકાશમાં પ્રથમ ઇમામોની ઘણી હકીકતો સમજી શકે છે, જેથી એ હકીકત છે કે મૌલા અલી (અ.સ.) જે રીતે હઝરતે રસુલ (સ.અ.) પર ઇમાન લાવ્યા તે ઉચ્ચ કક્ષાનું હતું મતલબ કે આપ (અ.સ.) એ રસુલે ખુદાને બરહક ગણ્યા અને હુઝુર (સ.અ.)ની નબુવ્વત તથા રીસાલતને ટેકો આપ્યો. જો કે

મિલ્લતે ઇબ્રાહીમી (ઇબ્રાહીમી કોમ) નો દીવો ઇમામ હઝરત અબુતાલીબના ઘરમાં રોશન હતો.

જયારે ખુદાતઆલાએ પોતાના નુરના વખાણ કરતાં ફરમાવ્યું કે "તે તો નુરન અલા નુર છે." એટલે કે એક દીવાથી બીજો દીવો રોશન કરાવાય છે. તો સવાલ ઉદ્દભવે છે કે આપ હઝરત સલ્લામના મુબારક વ્યકિતત્વના દીવાને કયા નઝદિકતમ દીવા વડે રોશન કરવામાં આવ્યું? અમારી પાસે બસ આજ એક અટલ જવાબ છે હઝરત અબુ તાલીબ (અ.સ.)જ પોતાના સમયમાં મૌજુદ ઇમામ હતા.

તમો સુરહ નીસાની આયત ૧૩૬ ને ખુબ મનન પુર્વક તપાસો કે મુસલમાનોના ઇમામ લાવવા પછી પણ અલ્લાહતઆલાનું એ ફરમાન થએલું છે કે "યા અય્યુહલ્લઝીના આમનુ, આમીનુ" (અય ઇમાન લાવનારાઓ તમો ઇમાન લાવો.) સ્પષ્ટપણે આ ઇમાન કાફરોના ઇમાન લાવવા જેવું નથી કે જેમાં નકાર પછી કબુલાત થાય છે પણ તેની વિરૂધ્ધ અહીં તો ઇમાન લાવ્યા પછી પણ ઇમાન લાવવાની વાત છે. અને આ હુકમનાં જો કે શબ્દ "ઇમાન" એકજ છે પણ જે લોકોને ઇમાનની તરક્કી જોઇએ તે લોકો તો (સીરાતે મુસ્તકીમ) સીધા રસ્તાના તબક્કામાં છે જેને લીધે ઇમાન લાવવાનો જે હુકમ આપવામાં આવ્યો છે તેની સમજુતી એક સરખી નથી હોતી બલ્કે તેની સમજુતી ઇમાનના જુદાજુદા દરજજાઓને લગતી હોય છે કારણ કે ઇમામના વિષયમાં લોકો એક જેવા નથી હોઇ શકતા. ઇમાન તો સીરાતે મુસ્તકીમના પ્રારંભથી લઇને અંત સુધી ડગલે ડગલે વધતું ચાલ્યું જાય છે અને જયાં મારફત ઉચ્ચ દરજજા (દરજાએ કમાલ) પર પહોંચે છે ત્યાં ઇમાન પણ પોતાની સર્વોચ્ચ કક્ષામાં પહોંચે છે.

ખુલાસો એ થાય છે કે હઝરત મૌલાના મુર્તુઝા અલી (અ.સ.) રસુલે ખુદા પર જે ઇમાન લાવ્યા તે નુરે મારફતના પ્રકાશમાં હતું આપે

હઝરત રસુલ સલ્લમને ખુદાના પયગમ્બર માન્યા, તેમની કબુલાત કરી અને ટેકો આપ્યો એ રીતે કે જે રીતે હઝરત હારૂન હઝરત મુસા પર ઇમાન લાવ્યા હતા અને તેમની નબુવ્વતની કબુલાત કરી અને ટેકો આપ્યો હતો, જેનું વર્ણન આ વિષય પર પહેલે આવી ગયું છે.

## મૈયત પર છાંટો :

સવાલ ૯૫ : (અ) શું મરી જવા પછી ફરી જીવંત થવાનું છે ? (બ) શું બહેશ્ત અને દોઝખ ખરેખર મૌજુદ છે ? (ક) જ્યારે મુખી સાહેબ તમને મર્યા પછી છાંટો આપે છે અને મુખીના આ કામથી તમારા સઘળા ગુનાહ બક્ષાઇ જાય છે તો પછી તમારે જીવન દરમ્યાન સારા કૃત્યો કરવાની શું જરૂરત છે ?

જવાબ : (અ) જી હાં. મરવા પછી ફરીથી જીવંત થવાનું એક કુરઆની હકીકત છે, જે ઉપર એક મુસ્લીમ હોવા થકી ઇમાન રાખવું જોઇએ. (બ) હા ! બહેશ્ત અને દોઝખનું હોવું પણ સત્ય છે અને તેને નકારનાર કાફર છે.

(ક) અગર મુખી સાહેબ અમુક જગ્યાઓ ઉપર મૈયત પર છાંટો નાખે છે તો એ એક સામાન્ય માન્યતા મુજબ છે અને મામુલી રસમ છે કોઇ સિધ્ધાંતિક બાબત નથી. અગર આ કોઇ સિધ્ધાંતિક બાબત હોત તો ખુદા, રસુલ અને પવિત્ર ઇમામોના હુકમમાં આ બાબત કોઇ તાકીદ કરનાર હુકમ હોત પણ એવું નથી.

એમાં કોઇ શંકા નથી કે મઝહબી રસમ અને અકીદામાં પણ એક મસ્લેહત તથા હિકમત છે, પણ તેનો ફાયદો ફક્ત એવા લોકોનેજ મળે છે જે મોમન પરહેઝગાર અને નેક છે અને જે લોકો આ સિવાયના છે તેમને મૌત પછીની રસમ યા માન્યતા કોઇ નજાત નથી અપાવી શકતી.

ISW
Ls
Institute for
Spiritual Wisdom
and
Luminous Science
Knowledge for a united humanity

છાંટો અમારા મઝહબમાં એક ઉમદા માન્યતા છે, માન્યતા—(ભરોસા)ની શુભ પરિણામ રૂપી અસર મોમનની હૈયાતીમાંજ વધુમાં વધુ કામ કરી શકે છે અને મરી જવા પછી તેની કોઇ ખાસ માનસિકતા નથી એટલે કે તે આ કામ થકી નતો ગફલતની નિંદ્રામાંથી જાગૃત થઇ શકે છે અને ન તો તૌબા કરી શકે છે. જયારે કે ઝીંદગી દરમ્યાન છાંટાનો આ હેતુ પાર પાડી શકાયું હોત. પરંતુ હા! આનો ફાયદો ફકત એટલોજ છે કે જયારે ઘણા બધા મોમનની માન્યતાની રૂએ સમજે છે અને આશા રાખે છે કે આ ગુજરનાર મોમનના હકમાં આ અમલ ફાયદામંદ છે તો તેઓની આ માન્યતા એક દુઆ સ્વરૂપી બની જાય છે.

## એહલે નજાત :

સવાલ ૯૬ : શું એક બિન ઇસમાઇલી માટે નજાત મેળવવી અને ખુદાતઆલાથી વાસલ થઇ જવું શકય છે? અગર નહીં તો શા માટે જગતના આટલા બધા લોકોને મુકીને ફકત એક અત્યંત નાની સંખ્યાને નજાતનો હક મળેલ છે જયારે કે અલ્લાહતઆલાનો કાનુન અદલો ઇન્સાફના ગુણોથી ભરપુર છે?

જવાબ : તમોને અમો સહેલી રીતથી સમજાવવા માટે આ સવાલના ત્રણ ભાગ કરીએ છીએ અને તે એ રીતે કે :

(૧) દીને ઇસ્લામમાં નજાતનો વસીલો શું છે?

(૨) અંબીયા અલૈહીમુસ્સલમનની દાવતે હકના કારણે થોડા લોકોને નજાત મળી કે સર્વે લોકોને?

(૩) ખુદાઇ અદલો ઇન્સાફની હકીકત શું છે?

તો આમાં પહેલા સવાલનો જવાબ એ છે કે દીને ઇસ્લામમાં નજાતનો વસીલો હઝરત મહમ્મદ રસુલ સલ્લલ્લાહુ અલૈહી સલમ છે

અને રસુલ પછી આપના પવિત્ર અહેલેબૈત (અ.સ.)ને એજ દરજ્જા ઉપર બિરાજમાન છે અને અહેલેબૈતથી મતલબ ઇમામ છે. જેમ (અહાદીસે મસનવી પાના ૧૬૬) ઇરશાદે નબવી છે કે "મારા અહેલે-બૈતની મિસાલ નુહના સફીના જેવી છે. જે તેમાં સવાર થઇ ગયો તેણે નજાત મેળવી લીધી અને જેણે વિરોધ કર્યો તે ડુબી ગયો (ગર્ક થયો)"

હવે જયારે પયગમ્બર અકરમ પછી નજાતના વસીલા હુઝુરે અનવર (અ.સ.)ના અહેલેબૈત (સલ્વાતુલા અલૈહિમ) છે તો સ્પષ્ટ છે કે તાબેદારી અને ફરમાન બરદારીના પરિણામે નજાત ફક્ત એવાજ લોકોને માટે ખાસ કરી દીધેલ છે જેઓ ઇમામને માને છે, કે રસુલ (સ.અ.)ના અહેલેબૈતનો અર્થ આ ઇમામે ઝમાનજ છે કેમકે પયગમ્બરે ખુદાનું એ ઘર જે ઇલ્મો હિકમત સભર હતું હવે હાઝર ઇમામ થકીજ, તેમની હિદાયતને કારણે આબાદ છે, એ માટે કે "અહેલેબૈત"નો આ હિકમત ભરેલ શબ્દ પોતાની અંદર જે જે અર્થો ધરાવે છે તે છે "આપ હઝરત (સ.અ.)ના રૂહાની અને નુરાની રીતે નઝદિક રહેનારા, ઇલ્મો હિકમત અને રૂશદો હિદાયતમાં આપના પ્રતિનીધી, વંશજ અને ઉલીલ અમ્ર છે જેમની (ઇતાઅત) તાબેદારી ખુદા રસુલ (સ.અ.)ની તાબેદારી પછી ફરજ છે."

બીજો સવાલ છે કે શું અંબીયા અલૈહીમુસ્સલામની દાવતે હક્કના પરિણામે થોડાંકજ લોકોને નજાત મળી છે કે સર્વેને? આનો જવાબ સ્પષ્ટ અને સારૂ છે કે દાવતે અંબીયાના પરિણામે થોડાંકજ લોકોને નજાત મલી છે અને ઘણા લોકો દાવતે હક કબુલ ન કરવાને લીધે નજાતના વસીલાથી દુર રહયા છે જેનું વિગતવાર વર્ણન કુરઆને હકીમમાં આવેલ છે. હવે આનાથી અસલ સવાલના જવાબને સમજવું સરળ થઇ ગયું કે દરેક ઝમાનામાં નજાત મેળવનારા ફક્ત એજ લોકો થઇ શકયા છે જેઓ ઝમાનામાં હાદીએ બરહક્કની તાબેદારી કરે છે.

ત્રીજો અને છેવટનો સવાલ હતો કે ખુદાના અદલો ઇન્સાફની હકીકત શું છે? આનો જવાબ એ છે કે અલ્લાહતઆલાનો કાનુન અવ્વલમા પણ અને આખરમાં પણ અદલો ઇન્સાફના ગુણોથી સભર છે કારણ કે દુનિયાને ખુદાએ પોતાના કાનુન મુજબ કોઇ પર સમયે નુરે હિદાયતથી ખાલી નથી રાખી. આનો અર્થ એમ થયો કે અલ્લાહતઆલાએ દુનિયાવાળાઓને ન તો નબુવ્વતના સમયમાં હિદાયતથી દુર રાખ્યા કે નતો ઇમામતના સમયમાં, તો જેમણે હિદાયતના આ વહેણને ઓળખી લીધો તેમને આ હિદાયતના વહાણમાં જગા મળી અને તેઓ નજાત પામવાવાળાઓમાંથી થયા અને જે લોકો હાદીએ બરહકથી ફરી ગયા તેઓ નજાતની કિસ્તીથી દુર થઇને ઝલાલતના તુફાનમાં ડુબીને અંત પામ્યા, અગર ઇસ્લામ દીન (કુદરતી) સ્વાભાવિક (વસ્તુ) છે તો તેમાં જે કંઇ પણ બનશે તે હંમેશા સ્વાભાવિક કાનુનના પ્રમાણેજ બનશે. અને તે એ છે કે આ જગતમાં જે વસ્તુ ઊચ્ચ અને વખાણવા લાયક છે તે પ્રમાણ અને સંખ્યામાં ઓછી હોય છે અને તેની સામે જે વસ્તુ નીચ અને ઓછી કિંમતવાળી છે તે ઘણી વધુ હોય છે જેના ઉદાહરણ કુદરતના સિધ્ધાંતમાં સર્વે જગ્યાએ મળી શકે છે. આ રીતે તમો મખ્લુકાતમાં વનસ્પતી, જીવાત, જાનવરો તથા ઇન્સાનોના બંધારણ કે વર્ગીકરણમાં ધ્યાનથી જોવામાં આવે કે કઇ રીતે વનસ્પતીથી જીવાત અને જીવાતથી જાનવર અને છેવટે ઇન્સાન બને છે અને આ શારીરિક રચના વિષે જોવામાં આવે તો જણાશે કે વસ્તુઓ નીચેના સ્તરે વધુ અને ઊપરના સ્તરે ઓછી થતી ચાલી જાય છે. આનો અર્થ એવો થાય છે કે અગર જગતમાં નજાત મેળવનારાઓ બીજાઓ કરતાં ઘણીજ ઓછી સંખ્યામાં છે તો એ કુદરતના કાનુનની વિરૂધ્ધ નથી પણ તેના મુજબ જ છે.

મખ્લુકામાં ઉચ્ચતા અને પ્રગતીનો બીજો દાખલો એ છે કે અગર ખેતરમાં કે બાગમાં ઘાસ ઊગાડવામાં આવે છે તો એનો અર્થ એમ

નથી કે જમીનની સઘળી માટી ઘાસ બની જશે, એજ રીતે એ પણ શકય નથી કે ગાય જેટલું ઘાસ ખાય છે તેટલુંજ દુધ પૈદા થાય આ પણ ઇન્સાફથી દુરની વાત છે કે સઘળું દુધ માનવીજ ઉપાડી લે અને બિચારા વાછરડાને માટે કંઇ પણ ન મુકે વળી મલાઇ કંઇ સઘળા દુધની તો નથી બનતી અને એ પણ સ્પષ્ટ છે કે મલાઇમાંથી માખણ (પ્રમાણસર) ઓછું હોય છે, સર્વે જાણે છે કે માખણનું ઘી બનાવવામાં આવતા તે વધુ ઘટી જાય છે. જયારે ઘી માં તળવા માટે ખાવાની કોઇ ચીજ નાખો તો ઘી નો એક વધુ ભાગ બળી જાય છે અથવા ઊડી જાય છે, જયારે ઇન્સાન ઘીમાં તળેલી એ ચીજ ખાય છે તો તે ઘીમાંથી થોડીક શકિત બને છે અને તેમાંથી ખુબજ થોડી શકિત ફાયદામંદ સાબિત થઇ શકે છે. આજ કુદરતનો સિધ્ધાંત છે અને દીનનું પણ એ પ્રમાણેજ છે કે વિશ્વાસ અને માન્યતા તથા જ્ઞાન અને માર્ગદર્શનમાં લોકોની પહોંચ મુજબ દરજ્જાઓ નકકી થયેલ છે અને એ દરજ્જાઓમાં ઊપરથી ઊપર લોકોની સંખ્યા ઘટતી જાય છે.

## સ્ત્રી અને ઇમામત :

**સવાલ ૯૭: કોઇ સ્ત્રી કેમ ઇમામ નથી બની શકતી ?**

જવાબ : આ કોયડો "સો સવાલ" સંબંધે બે વાર અમારી સામે આવ્યો છે, કેમકે આ સવાલ ખુબ રસપ્રદ અને પરિણામ લાવનાર છે માટે આનો જવાબ પણ બેવાર લખીએ છીએ.

કોઇ મિત્રે ન જાણે સમજી વિચારીને કે આકસ્મિકપણે બહુજ અજબ તર્ક સાથે આ સવાલ કર્યો છે, કેમકે દરેક બુધ્ધિમાન માટે આ બંને સવાલોમાં ઘણો ફરક છે. એક સવાલ એ કે સ્ત્રી શું કામ ઇમામ નથી બની શકતી? જેનો અર્થ એ થાય છે કે ખાસ અને સામાન્ય સઘળી સ્ત્રીઓમાંથી કોઇ પણ એકને ઇમામત શું કામ નથી મળતી ? અને એ શા માટે હંમેશા પુરૂષોનેજ મળે છે ! આનો અર્થ એ થાય

છે કે દરેક પુરૂષ માટે એ શક્ય છે કે તે ઇમામ બને. જ્યારે કે તેની સામે દરેક સ્ત્રીઓ આ ઉચ્ચ મરતબાથી દુર રહે છે, જો કે આ સવાલ આ રીતે વ્યાજબી નથી.

બીજો સવાલ એ છે કે "કયારેય કોઇ ઇમામની કોઇ દીકરી કેમ ઇમામ નથી બની શકતી?" અથવા એમ કહેવું જોઇએ કે "ઇમામતના ખાનદાનમાંથી કોઇ સ્ત્રીને કેમ ઇમામત નથી મુળી શકતી?" આ સવાલ આ રીતે એ માટે હોવો જોઇએ કે ઇમામતની ઊચ્ચ ગાદી એવી નથી કે તેને કોઇ પણ મેળવી શકે પણ તે એક ખાસ કુટુંબમાં છે અને તે કુટુંબ રસુલ (સ.અ.)નું છે.

તો હવે આપણે મજકુર બે પ્રકારના સવાલોમાંથી બીજાના જવાબને લખીએ છીએ.

(અ) કુરઆનના સિધ્ધાંત મુજબ પિતાની છોડેલી સંપતિમાંથી પુત્રને માટે બે ભાગ અને પુત્રીને માટે એક ભાગ છે, જે પરથી સ્પષ્ટ છે કે સ્ત્રીથી પુરૂષ ઉચ્ચતર છે માટે ઇમામતની ગાદીનો વારસ ઇમામનો પુત્રજ હોતો હોય છે અને ન કે પુત્રી.

(બ) શાને ઇમામતના સત્ય હોવાની સાબિતીરૂપે આ પણ અલ્લાહતઆલાનો એક જબરદસ્ત ચમત્કાર છે અને સુરએ કૌસર સિવાય અન્ય ઘણી કુરઆની આયાતમાં એની કબુલાત થાય છે કે "ઇમામો" એટલે કે આલે મહમદ (અ.સ.)ના વંશમાં ઇમામતની ગાદીના વારસ બનવા માટે સદાય પુત્રનું અવતરવું કુદરતી હુકમ છે, અને એ વાત બિલકુલ અશકય છે કે ઇમામે બરહકનો કોઇ પુત્ર ન હોવાને કારણે પુત્રીને ઇમામત દેવામાં આવે.

(ક) ઇમામતનો સિધ્ધાંત ઘણી વાતોમાં નબુવ્વતનાજ સિધ્ધાંત જેવો છે જે મુજબ સ્ત્રીઓમાંથી કોઇ સ્ત્રી પયગમ્બર નથી થઇ તો કોઇ ઇમામઝાદી પણ ઇમામ નથી થઇ શકતી,

(ડ) ઇસ્લામ દીન કુદરતી (સ્વભાવિક) છે અને કુદરતના સિધ્ધાંત મુજબ પુરૂષની સામે સ્ત્રી ઘણી રીતે કમજોર અને મજબુર છે, દાખલા તરીકે મહીનો આવવો, ગર્ભધારણ, સુવાવડ વગેરે, આ સ્થિતિઓ એવી છે કે જેમાં સ્ત્રીનું કાર્ય કરવાનું વર્તુળ ઘણુંજ પ્રતિબંધિત થઇ જાય છે જેને લીધે શારીરિક રીતે સ્ત્રી ઇમામતની ગાદી પર નથી બિરાજી શકતી.

(ઇ) જયારે સ્ત્રીઓની એક જમાત હોય છે અને તેઓ માટે શરીઅત મુજબ નમાઝ પઢાવવા માટે કોઇ પુરૂષ નથી હોતો તો શરીયતનો હુકમ છે કે એવી સ્થિતિમા એક લાયક (કાબેલ) સ્ત્રી દરેક સ્ત્રીઓની ઇમામત કરે, તે આગલી હરોળમાં રહે અને કોઇ નમાઝ પડાવનાર પુરૂષ પ્રમાણે સૌથી અલગ થઇને આગળ ન રહે, જેનો તાવીલ (બાતુન)માં ઇસારો થાય છે કે નબુવ્વતના ખાનદાનમાં અને ઇમામની પુત્રીઓ, જો કે જાહેરી મરતબામાં નબુવ્વત અને ઇમામતની વારસ નથી બની શકતી છતાં બાતુનમાં નુરે હિદાયતના કેન્દ્ર દ્વારા જોડેલ છે.

(ઊ) પુરૂષો અને સ્ત્રીઓમાંથી જેટલા ઇમામના મુરીદો છે તે સઘળા ઇમામે આલી મુકામની પુત્રીઓ સમાન છે, કારણ કે દીનની સંપતિમાં તેમનો ફકત એકજ ભાગ નક્કી કરાએલ છે અને તે છે બાતુનમાં ઇમામે બરહકના નુર સુધી પહોંચવું કારણ કે મુરીદ ઇમામે ઝમાનની ફકત રૂહાની ઔલાદ છે પણ ઇમામે ઝમાનનો જે ફરઝંદ જાંનશીન થનાર છે તે સઘળી રીતે ઝમાનાના ઇમામનો પુત્ર છે જેથી તેના માટે દીનની સંપત્તિમાં બે ભાગ નક્કી કરેલ છે કે તે જાહેરીમાં પણ અને બાતુનમાં પણ ઇમામના નુરનો વારસ થઇ જાય છે કારણ કે તે રૂહાની તથા જીસમાની બન્ને પ્રકારે ઇમામે બરહકના ફરઝંદ છે, તો આજ કારણ છે કે સ્ત્રીની ઇમામત શરીઅતની રૂએ હરોળમાંજ સમાએલી તથા પ્રતિબંધિત હોય છે અને પુરૂષની ઇમામતની જેમ આગળ

નીકળીને જાહેર નથી થતી અને આ પરિસ્થિતી નુરે ઇમામતના બાતુની મરતબાની દલીલ છે જેને રૂહાની રીતે ઇમામના સઘળા મુરીદ પોતપોતાની લાયકાત મુજબ મેળવી શકે છે.

(એ) સુરએ નીસાની આયાત ૩૪માં ફરમાન છે કે "પુરૂષ હાકેમ છે સ્ત્રીઓ ઉપર, એ કારણે કે અલ્લાહતઆલાએ અમુક ને અમુક ઉપર ઊચ્ચ મરતબો આપેલ છે. ૪:૩૪ કુરઆનના આ સિધ્ધાંત થકી એ હકીકત જાહેર થાય છે કે સ્ત્રીનું ઇમામ બનવું અશકય છે કારણ કે ઇમામને હાકેમ અને ઉચ્ચ મરતબાવાળા હોવાનું હોય છે અને ન કે તેના ઉપર કોઇ હુકમ કરે અથવા નીચલા મરતબાવાળો હોય.

## ઇમામની શાદી (વિવાહ) :

સવાલ ૯૮ : ઘણા લોકો કહે છે કે ઇમામ બરહક કોઇ ઇસમાઇલી છોકરી સાથે એ માટે વિવાહ નથી કરતાં કે મુરીદની પુત્રીઓ આપની રૂહાની પુત્રીઓની હૈસીયત રાખે છે અને કોઇ પણ રહેનુમા પોતાની રૂહાની પુત્રી સાથે વિવાહ નથી કરી શકતા, શું આ વાત સત્ય છે ?

જવાબ : આ વાત તદ્દન ખોટી છે અને તેને સત્યથી દુર સુધીનો પણ સંબંધ નથી કે ઇમામ અલૈહીમુસ્સલમને ઇસમાઇલી છોકરી સાથે નીકાહ કરવા વાજબ નથી. અગર કોઇ શખ્સ આ કાયદાને સંપુર્ણ સમજુતી સાથે જાણવા માગે તો તે ઇસમાઇલી ફીકહના પુસ્તક "દાયમે ઇસલામ"ના પાના "નીકાહ"ને જોઇ લ્યે, સુન્નતે રસુલે મકબુલ (સ.અ.વ.) અને પવિત્ર ઇમામો (અ.સ.)ના એકંદર કૃત્યો પર દ્રષ્ટિ કરે જેથી તેને ખબર પડે કે આ સંબંધે મુળભુત બાબત શું છે.

અહીં સર્વ પ્રથમ એ જાણવું જરૂરી છે કે ઇસ્લામમાં નીકાહ અને હલાલનું એક વર્તુળ નક્કી કરેલું છે અને તેમાં એ સઘળી સ્ત્રીઓ વિશે જણાવેલું છે જેમાંથી કોઇ એકની પસંદગી નીકાહ માટે

કોઇ મુસલમાન કરી શકે છે. હવે જો એક શખ્સ પોતાની સમજ અને દ્રષ્ટિ મુજબ હલાલના એ વર્તુળમાંની કોઇ સ્ત્રીથી નીકાહ કરે છે તો કોઇ જાણ કઇ રીતે એ માન્યતા બાંધી શકે છે કે જેણે જે કંઇ નીકાહ કીધી બસ તેજ તેના માટે હલાલ હતું ?

તો અગર ઇમામ બરહક (અ.સ.) કયારેક ઇસમાઇલી કુટુંબોને છોડીને કોઇ અન્ય કુટુંબની છોકરી સાથે વિવાહ કરે છે તો એ ઇમામે આલી મુકામની મરજી એ અખત્યારના વર્તુળ અને પસંદગી અંદર છે જે ઇસ્લામિક સિધ્ધાંતે નક્કી કરેલ છે અને જેનું વર્ણન આગળ કરી દીધું છે.

ન જાણે આ વાત કયાંથી પૈદા થઇ કે "ઇમામ પોતાના મુરીદની કોઇ છોકરી સાથે નિકાહ નથી કરી શકતા કારણ કે તે તો ઇમામની રૂહાની દીકરીની હૈસીયતથી છે." જો કે કોઇ પણ પયગમ્બર, ઇમામ, પીર અને મુરશીદ માટે આવા નીકાહ કયારેય પ્રતિબંધિત નહોતા થયા કેમકે તે સંબંધ રૂહાની છે અને આ નીકાહ શારીરિક છે, રૂહાનીયત અલગ છે અને જીસમાનીયત અલગ.

હઝરત નુહ અને હઝરત લુત (અ.સ.) સિવાયના બાકી સઘળા અંબીયાઓની પત્નીઓ મુસલમાન દીનદાર અને પોતપોતાના ધણીની રૂહાની પુત્રીઓની હૈસીયતથી હતી અને દરેક ઇમામોની પત્નીઓની પણ એજ હૈસીયત રહયા કરતી હોય છે. આજ દ્રષ્ટાંત હઝરત મૌલાના શાહ કરીમ અલ હુસે"ની હાઝર ઇમામની માનવંત ઘરવાળીની પણ છે.

વધુ ખુલાસો એમ છે કે જે વિવાહનું અહીં વર્ણન થઇ રહયું છે તે શારીરિક વિવાહ છે અને જે અર્થમાં ઇસમાઇલી છોકરીઓ ઇમામની પુત્રીઓ ગણાવાય છે તે તો રૂહ અને રૂહાનીયતની વાતો છે પછી જીસમાની વિવાહ અને નીકાહ કઇ રીતે રૂહાની પુત્રીઓથી

ગેરવાજબી અને પ્રતિબંધિત થઇ શકે છે જયારે કે દરેક સ્થિતિમાં ઇમામની પત્ની આપ મેળે રૂહાની પુત્રી બની જાય છે અને જયારે કે અમે દરેકની પત્ની અમારી રૂહાની બહેનો હોય છે.

કેટલાક લોકોએ ભુલથી એ વિચાર્યું હશે કે જયારે ઇમામ કોઇ બિન ઇસમાઇલી કુટુંબની છોકરી સાથે વિવાહ કરે છે તો તેનો મકસદ એ છે કે તે પાક ઇમામની બેગમ સાહેબા બિન ઇસમાઇલીજ રહે. પણ એ વિચાર તદ્દન ખોટો છે કારણ કે ઇમામની બેગમ વિવાહથી પહેલાં અથવા પછી ઇસ્માઇલીયતનો સ્વીકાર કરી લ્યે છે અને આપ મેળેજ ઇમામે બરહક સલ્વાતુલ્લા અલૈહીની રૂહાની પુત્રી થઇ જાય છે અને સત્ય વાત એ છે કે હઝરત બેગમ સલીમા સાહેબા વિષે પણ આજ માન્યતા રાખવામાં આવે કારણ કે તેઓ ઇસમાઇલીયતની દ્રષ્ટિ મુજબ ઇમામે ઝમાનના નુરાની ખાનદાનમાંથી છે.

આપ હઝરત સલ્લીઅલ્લાહ અલૈહી વ આલેહી વ સલ્લમે મૌલાના મુર્તઝા અલી અલૈહીસ્સલામને ફરમાવ્યું કે "અય અલી હું અને તમે મોમનીન (અને મોમનાત)ના માં અને બાપ છીએ" રસુલે બરહક (સ.અ.)ના આ ફરમાનથી સ્પષ્ટ થાય છે કે આપ હુઝુરની માનવંત પત્નીઓ આપની રૂહાની પુત્રીઓમાંથી હતી અને હઝરત ફાતમા ઝોહરા (અ.સ.) પણ મૌલા અલી મુશ્કીલકુશા માટે રૂહાનીયતમાં આવીજ હેસીયત ધરાવતી હતી. આ રીતે સર્વે ઝમાનાના ઇમામ........ સઘળા મોમીનો અને મોમીનાતના માં-બાપનો દરજ્જો ધરાવે છે અને એ ફકત રૂહાની દ્રષ્ટિથી છે ન કે જીસ્માની દ્રષ્ટિથી. આ વર્ણનથી એ હકીકત સંપુર્ણપણે જાહેર થઇ જાય છે કે જયારે પણ ઇમામ કોઇ બિન ઇસમાઇલી કુટુંબમાંની છોકરીથી વિવાહ કરે છે તો તેનો હેતુ એવો હરગીઝ નથી થતો કે તે શરીઅતની રૂએ કોઇ મુરીદની દીકરીથી નીકાહ નથી કરી શકતા. બલ્કે ઇમામે આલી વકારના આ હિકમત સભર કાર્યમાં મુરીદો

સિવાય આલમે ઇસલામ અને જગતના માનવીઓ માટે પણ ઘણી બધી ફાયદામંદ બાબતો છુપાયેલી હોય છે જેને જ્ઞાનીઓ સિવાય કોઇ નથી સમજી શકતા અને તેનો ખુલાસો આ જવાબમાં જરૂરી નથી.

## કુરબાની :

**સવાલ ૯૯ :** કુરઆનમાં હઝરત ઇબ્રાહીમ (અ.સ,)ના કોઇ ફરઝંદની કુરબાનીનો કીસ્સો છે? હઝરત ઇસમાઇલ (અ.સ.) કે હઝરત ઇસ્હાકનો? એ જણાવો કે આમાં શું હિકમત છે?

**જવાબ :** કુરઆન પાકની સુરા ૩૭ આયત ૯૯ થી ૧૦૭માં હઝરત ઇસમાઇલ (અ.સ.)ની કુરબાનીનું વર્ણન કરવામાં આવ્યું છે. આ કુરઆનની તન્ઝીલ (નાઝલ થવા) પુરતી વાત છે જ્યારે કુરબાનીની તાવીલ (બાતુની અર્થ)માં હ. ઇસમાઇલ (અ.સ.) અને હ. ઇસ્હાક (અ.સ.) બંને આ મહાન પરીક્ષામાં શામેલ છે. આનો ખુલાસો નીચે મુજબ છે :

(અ) અલ્લાહતઆલાએ હઝરત ઇબ્રાહિમ ખલીલ (અ.સ.)ને એ હુકમ આપ્યો હતો કે તે પોતાના વહાલા ફરઝંદ હઝરત ઇસમાઇલ (અ.સ.)ને ખુદાની રાહમાં કુરબાન (ઝુબેહ) કરી દેયે અને ખુદાના આ ફરમાનના પાલન માટે મહાન પિતા પુત્રે એકબીજાની રજા અને મરજીથી તૈયારી કરી અને હઝરત ઇસમાઇલ (અ.સ.)ની મુબારક ગરદન પર માનનીય પિતાની ધારદાર છુરી ફરવા લાગી પણ પરવરદીગારે આલમે આ અજોડ જીસમાની કુરબાનીને રૂહાની કુરબાનીના સ્વરૂપમાં બદલી નાખી.

(બ) ખુદાનું ફરમાન છે કે: "અને અમોએ આના બદલામાં એક મહાન કુરબાની આપી" એટલે કે તેની વ્યક્તિત તરીકેની કુરબાની રૂહાની કુરબાનીના સ્વરૂપમાં બદલાઇ ગઇ કેમકે "ઝુબ્હે અઝીમ"નો અર્થ રૂહાની કુરબાની છે જે શારીરિક કુરબાનીથી ઘણી મોટી છે અને

રૂહાની કુરબાનીનો ટુંકમાં અર્થ એવો છે કે હઝરત ઇસમાઇલ અલૈહિસ્સલામ પાસે ઇમામતનું વચન લેવામાં આવ્યું અને તેનો ખુલાસો એ છે કે હઝરત ઇસમાઇલને જુદા જુદા પ્રકારની સખત રૂહાની કસોટીઓમાંથી પસાર થવું પડયું અને તેમણે રૂહાનીયતની સઘળી મંઝીલોમાં એક એક કુરબાની રજુ કરી જેથી ઇમામનમાં સબરનો અર્થ દરેક પ્રકારે યોગ્ય હોય જેમકે કુરઆન શરીફમાં ફરમાવ્યું છે કે "અને અમોએ તેમાંથી ઇમામો બનાવ્યા જે અમારા હુકમ પ્રમાણે માર્ગદર્શન કર્યા કરતા હતા જ્યારે કે તેઓ સબરમાં સંપુર્ણ હતા." ૩૨:૨૪

(ક) કહેવાય છે કે હઝરત ઇસમાઇલના બદલે જે દુમ્બાને કુરબાન કરવામાં આવ્યો હતો તેજ દુમ્બો "ઝુબ્હે અઝીમ" મહાન કુરબાની છે, પણ અકકલ અને સમજદારીથી જોઇએ તો હઝરત ઇસમાઇલથી એક દુમ્બો કઇ રીતે મહાન થઇ શકે છે, માટે "મહાન કુરબાની" રૂહાની કુરબાની એમ અર્થ છે, કે જે હઝરત ઇસમાઇલ સિવાય હઝરત ઇસહાક (અ.સ.)એ પણ રજુ કરી હતી કેમકે તેઓ બન્ને બુઝુર્ગો કમવાર ઇમામ મુસ્તકર અને ઇમામે મુસ્તવદા હતા અને દરેક ઇમામ આ મહાન રૂહાની કુરબાની પછીજ ઇમામતના દરજ્જા ઉપર બિરાજમાન થાય છે.

(ડ) હઝરત ઇસમાઇલ (અ.સ.)ની વ્યક્તિગત કુરબાની કરતાં રૂહાનીયતની કુરબાની એ માટે ઘણીજ મહાન છે કે આપ (અ.સ.)ના પાક વંશમાંથી સરવરે અંબીયા હઝરત મહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલૈહીવ આલેહી વસ્સલમ પૈદા થયા અને આપ હઝરતની જાહેરી તથા બાતુની કુરબાનીઓની બરકતથી દીને ઇસ્લામ જાહેર અને કાયમ થયો.

(ઇ) અગર હ. ઇસમાઇલની કુરબાની ફકત વ્યકિત તરીકેના હદમાંજ હોત મતલબ કે તેમને તે વખતે કુરબાન કરી દેવાયા હોત, જે માટે તેઓ તૈયાર પણ હતા તો એ અસંખ્ય રૂહાની કુરબાનીઓ ન હોત જે

તેમણે એ પછી જીવંત હોવા થકી રજુ કરી અને તેમના પછી વંશમાં આવનાર બરહક ઇમામોએ પુરી કરી અને ઇમામતની સાથે સાથે કયામત સુધી આ કુરબાનીઓ ચાલતી રહેવાની છે. માટે ખુદાવંદતઆલાએ શારીરિક કુરબાનીને રૂહાની કુરબાની સ્વરૂપે બદલી કરતી વેળા મહાન પિતા પુત્ર પર ન ફક્ત ઉપકાર કર્યો પણ સાથે સાથે સવાબમાં પણ અત્યંત—બેહદપણે વધારો કરી આપ્યો અને આ અર્થમાંજ રૂહાની કુરબાની એ મહાન કુરબાનીનું નામ છે.

(ઊ) યાદ રહે કે લોકો માટે શારીરિક કુરબાની એટલે કે શહાદત ઘણી મોટી વસ્તુ છે કારણ કે તેઓ રૂહાની કુરબાની સુધી પહોચી નથી શકતા કે જે અંબીયાઓ ઇમામો તથા ઊચ્ચ દરજ્જાના મોમનીનો માટે ખાસ છે, અને ખુદાની નઝદિક રૂહાની કુરબાની ઘણીજ ઊચ્ચ લેખાય છે.

(એ) "વજહે દીન" જે પીર નાસીર ખુશરૂનું ઉચ્ચતમ તાવીલી પુસ્તક છે તેમા જયાં જયાં ઝુબેહ અને કુરબાનીનો ઉલ્લેખ છે ત્યાં ખુબ ધ્યાનથી જોવામાં આવે તો એ સત્ય પ્રકાશિત થાશે કે આ બંને શબ્દોની તાવીલ શું છે અને કઇ રીતે નાતિકની કુરબાની અસાસ છે? કયા અર્થમાં અસાસની કુરબાની ઇમામ છે? કયા પ્રકારે ઇમામની કુરબાની હુજ્જત છે? અને કયા સ્વરૂપમાં હુજ્જતની કુરબાની દાઇ?

(હ) દરેક વેળા નાતીક પોતાના કુટુંબની એક નઝદિકની વ્યકિત પાસેથી અસાસ તરીકેનું વચન લ્યે છે અને એ વચન બાતુની સ્વરૂપે કુરબાનીના કોઇ જાનવરને કુરબાન (ઝુબેહ) કરવા જેવું હોય છે, અને તે પોતાનો વારસ (જાનશીન) નિયુકત કરે છે જેથી તે ઉમ્મતના મોમનીનને ખુદાની નઝદિક કરી દયે. આજ રીતે અસાસ પોતાના વારસ પાસે ઇમામતનું વચન લ્યે છે અને પોતાના પછી અલ્લાહની નઝદિકીનું સાધન બનાવી લ્યે છે અને ઇમામે હુજ્જતની કુરબાની રજુ કરે છે અર્થાંત તેનાથી વચન લઇને અને રૂહાની દૌલતથી માલામાલ કરીને ઇલ્મે

હિકમતના ઉદ્દભવસ્થાન બનાવે છે જેથી તે ખુદાના સાચા બંદાઓ માટે છુટકારાનું સાધન થાય અને એજ રીતે હુજ્જત પોતાના દરજ્જા પ્રમાણે દાઇની કુરબાની રજુ કરે છે. આ છે હદુદે દીનની કુરબાનીઓ, કે જે દરેક દરજ્જાની કુરબાનીની હદમાંથી તે હદ છે જે તેના પરિણામ રૂપે છે.

(જ) હઝરત ઇસમાઇલની કુરબાનીના કિસ્સામાં એ હિકમત પણ છે કે જો કે રૂહાની કુરબાનીજ દરેક પ્રકારે ઉચ્ચ છે પરંતુ જીસ્માની (ભૌતિક) કુરબાની વગર એ કાર્ય અશક્ય છે કે કોઇ વ્યકિત રૂહાનીયતની મહાન કુરબાનીના દરજ્જા પર બિરાજી શકે માટે દરેક અકકલવાળો મોમન મહાન કુરબાની કરતાં પહેલાં પોતાની અંદર જાહેરી, જીસ્માની કુરબાનીની આદત નાખે છે જેથી તે આ વસીલાથી સૌથી મહાન કુરબાની દેવા માટે સમર્થ થઇ શકે.

## ઇમામ અને કુરબાની:

સવાલ ૧૦૦: તમોએ એક સવાલના જવાબમાં ઇમામની કુરબાની વિષે કહયું છે. પણ ઇમામ ઉપર કઇ રીતે કુરબાની જરૂરી થઇ શકે છે જ્યારે કે તે ખુદાના નુરનું ઝાહેરી સ્વરૂપ છે? શું નુર આ કુરબાનીથી અલગ નથી? શું નુરમાં પ્રગતી અને વધારાની શકયતા છે?

જવાબ: (અ) યાદ રાખો કે ઇમામ અને ઇમામતમાં બે વસ્તુઓ ખાસ છે, તે છે વ્યકિત અને નુર, હવે બરાબર સમજી લ્યો કે વ્યકિતની બે બાજુ છે એક જાહેરી અને બીજી બાતુની અને એજ રીતે નુરની પણ બે બાજુ છે એક એ જેનો સંબંધ (અઝલ) જગતની ઉત્પત્તી પહેલાંથી છે અને બીજી એ કે જેનો સંબંધ વ્યકિતના બાતુનથી છે જેથી કુરબાનીની ખરા અર્થમાં જરૂરત ઇમામના વ્યકિતત્વના જાહેર અને બાતુન પર થાય છે, આ રીતે એક પ્રકારે નુર પર કુરબાની જરૂરી નથી હોતી પણ બીજી રીતે નુરની પણ કુરબાની થતી રહે છે.

(બ) આપણી સામે અંબીયાઓ અને ઇમામો (સલ્વાતુ અલૈહિમ)ની શારીરિર કુરબાનીઓના દાખલાઓ મૌજુદ છે જેની દલીલથી આપણે વિશ્વાસ કરી શકીએ છીએ કે દરેક પયગમ્બર અને દરેક ઇમામની મુબારક હસ્તી જાહેરી અને બાતુની કુરબાનીનું ઉદ્દભવસ્થાન હોય છે,

(ક) સૈયદુશ્શોહદા હઝરત ઇમામ હુસેન અલૈહીસ્સલમ એ ખુદાના હુકમ અને હકીકત ખાતર પોતાની પવિત્ર જાતની કુરબાની આપી. આ થકી બે હકીકતો જાહેર થઇને આપણી સામે આવે છે. એક તો એ કે હઝરત ઇસમાઇલની કુરબાની કંઇ દેખાવ પુરતી નહિં હતી પણ શક્ય હતું કે તેઓ બિલ્કુલ (ઝુબ્હ) કુરબાન થઇ જાત અને બીજી હકીકત એ છે કે ઇમામ પોતાની જાહેરી અને બાતુની બાજુઓ થકી કુરબાનીથી અલગ નથી પરંતુ હા! નુર થકી તેઓ આનાથી અલગ છે,

(ડ) નુરની (શરૂઆત) અઝલવાળી બાજુ કાર્ય કરનાર નથી. ખામોશ છે પરંતુ જે નુરની બાજુ (ઇન્સાને કામિલ) સંપુર્ણ માનવી (ઇમામ)ના બાતુનથી સંબંધિત છે તેજ પુરી રીતે કાર્ય કરે છે. જે રીતે એક બળતા દીવાની જ્યોત કાર્ય કરનાર હોય છે અને સતત પ્રકાશ પર પ્રકાશ પાથરતી જાય છે પરંતુ તે પ્રકાશ કે જે ઘરની સાફ—સફેદ દિવાલ ઉપર દેખાય છે તે ખામોશ છે, આ દાખલામાં દીવાની બળી રહેલી જ્યોત નુરની તે બાજુ સમાન છે જે ઇમામની બાતુનમાં છે જ્યારે કે દીવાલની સ્તર ઉપરનો પ્રકાશ કે જે ખામોશ છે તે નુરની એ બાજુ છે જે અઝલ તરફ છે.

(ઇ) અઝલનું સ્પષ્ટ અને પ્રકાશિત સ્વરૂપ પણ ઇમામે ઝમાનનાજ નુરના પ્રકાશમાં શક્ય છે. આજ કારણ છે કે મેં અહીં ઇમામના નુરની બીજી બાજુ (કાર્ય કરનાર)ની ઉપમા જ્યોતથી આપી છે અને તેના અઝલ નુરની ઉપમા દીવાલ ઉપર પડતા શાંત પ્રકાશથી આપી છે.

(૬) અમે જણાવેલ હતું કે એક રીતે જોવામાં આવે તો નુરની પણ કુરબાની થાય છે અને સત્ય વાત તો એ છે કે નુરની કુરબાનીઓ સૌથી મહાન છે, સુરજ વિષે ખુબ ધ્યાનથી વિચારો, કયારથી તે મૌજુદ છે ? અને કયા સુધી કાયમ રહેવાનો છે? અને અંદાજો લગાવો કે (ભૌતિક) જાહેરી નુર (પ્રકાશ)નું આ મુળ સ્થાન સર્વ પ્રકારે કઇ રીતે આ કાયનાતની અગણિત હદોને પોતાના ઉતમ–તાજા પ્રકાશ વડે ભરી દયે છે. આ ભૌતિક નુરની કુરબાનીઓનો દાખલો છે અને રૂહાની નુરની કુરબાનીઓ તો આથી કંઇક ગણી વધારે છે.

## સમાપ્ત

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

ISW
LS
Institute for
Spiritual Wisdom
and
Luminous Science
Knowledge for a united humanity

મુદ્રણસ્થાન :
પ્લેટીનમ પ્રિન્સ પ્રિન્ટર્સ
૨૧, હમીદ મંઝીલ, રતન તલાવ, કરાચી.